
સોમેશ્વર - વિરચિત

# ઉલ્લાઘરાઘવ : એક અધ્યયન


લેખિકા

ડૉ. વિભૂતિ વિ. ભટ્ટ

क श्रेणि लाभ महोत्सवे । श्रीसोमेश्वरदेवस्य गातुमुत्साम्यती यशः ॥४७॥
पुरं पुरम् । अणहिल्लपुरं नाम धाम श्रेयःश्रियामिह ॥४८॥ कृतहारानुकारि
तेन ब्रतीभूय त्रायमाणं कलेरिव ॥४९॥ अनेकानोकहच्छन्नाच्छत्या सन्नावना
व प्रतिभासते ॥५०॥ चंद्रशालासुशालानां रेवतीनां निशासुखे यत्र वक्त्रश्रि
॥५१॥ कुत्रापि स्फुलिनिर्घोषैः क्वचिन्मंगलगीतिभिः बंदिकोलाहलैः क्वापि यत्स
मया यत्र तुषारेणैव भूषिता रचिता जतेनैव । राजते सौधपद्धतिः ॥५२॥ दत्त

સોમેશ્વરદેવ વિરચિત

# ઉલ્લાઘરાઘવ એક અધ્યયન

લેખિકા : વિભૂતિ વિક્રમ ભટ્ટ

એમ. એ., પીએચ. ડી.

મ્યુઝિયમ-ઇન-ચાર્જ

ભો. જે. વિદ્યાભવન, અમદાવાદ-૯.

વિભૂતિ વ. ભટ્ટ, ૩, મહાદેવનગર સોસાયટી, અમદાવાદ-૧૪.

* ઉલ્લાઘરાઘવ : એક અધ્યયન
ડૉ. વિભૂતિ વિ. ભટ્ટ
* ULLAGHARAGHAVA EK ADHYAYANA
(by Dr. Vibhuti V. Bhatt)

* લેખિકા તથા પ્રકાશિકા :
ડૉ. વિભૂતિ વિક્રમ ભટ્ટ
૩, મહાદેવનગર કૉ. ઓ. હા. સોસાયટી,
સ્ટેડિયમ રોડ, અમદાવાદ–૩૮૦ ૦૧૪.

* પ્રથમ આવૃત્તિ
ફેબ્રુઆરી, ૧૯૮૯

* પ્રત : ૭૫૦

ગુજરાત સાહિત્ય અકાદમી,
ગુજરાત રાજ્યની આર્થિક સહાયથી પ્રકાશિત

* કિંમત રૂ. ૩૨–૦૦

* વિતરણ કેન્દ્ર : (૧) ૩, મહાદેવનગર સોસાયટી, સ્ટેડિયમ રોડ,
અમદાવાદ–૩૮૦ ૦૧૪.

* મુદ્રક : ક્રિશ્ના પ્રિન્ટરી, ૯૬૬, નારણપુરા જૂના ગામ, અમદાવાદ–૧૩.

# પ્રાસ્તાવિક

ગુજરાતના કીર્તિવંત એવા સોલંકી કાલના નામાંકિત સાહિત્યકારોમાં હેમચંદ્રાચાર્ય પછી બીજું સ્થાન સોમેશ્વરદેવનું ગણાય એવો મારો નમ્ર મત છે. આ મત બાંધવાનું કારણ એ છે કે પ્રતાપી ગુર્જરેશ્વર કુમારપાળના સમયે સાહિત્યનો સર્વાંગી વિકાસ થયો અને ગુર્જરેશ્વર ભીમદેવ બીજાના સમયમાં ખાસ કરીને તેના સમર્થ મંત્રીઓ વસ્તુપાલ–તેજપાલના આશ્રયે સંસ્કૃત સાહિત્યનો બહુવિધ વિકાસ થયો. તેમાં સોમેશ્વરનું પ્રદાન ખાસ ઉલ્લેખનીય ગણાય. સંસ્કૃત સાહિત્યના મહાકાવ્ય, નાટક, શતક કાવ્ય, પ્રશસ્તિઓ, સુભાષિતાવલીઓ ઇત્યાદિ મુખ્ય બધા સાહિત્ય પ્રકારોમાં સોમેશ્વરદેવે ઉત્તમ રચનાઓ કરીને એ ક્ષેત્રે પોતાના પ્રદાન દ્વારા અગ્રેસર સ્થાન પ્રાપ્ત કર્યું છે તે હકીકત છે. આ કૃતિઓ પૈકીની તેમની આ નાટ્યકૃતિ–'ઉલ્લાઘરાઘવ' તેમને ભારતના પ્રસિદ્ધ કવિઓની પંક્તિમાં અગ્ર સ્થાન અપાવવામાં સક્ષમ છે. તેઓની બધી કૃતિઓનો સમગ્રતયા વિચાર કરતાં તો તેઓની મહત્તા અનેક ગણી વધી જાય છે.

ગુજરાતના આ મહાન સારસ્વતની તમામ કૃતિઓનો અભ્યાસ કરી તેને પ્રગટ કરવાની મેં નેમ રાખી હતી અને એ નિમિત્તે મહાનિબંધ લખ્યો હતો. આ મહાનિબંધના ઘણા અંશો મેં પ્રગટ કર્યા છે. પણ એ સહુમાં સર્વાધિક મહત્ત્વ ધરાવતી આ કૃતિ 'ઉલ્લાઘરાઘવ' ઉર્ફે 'રામાયણનાટક'નું અધ્યયન પ્રગટ કરતાં હું વિશેષ આનંદ સાથે ગુજરાતના મહાકવિ સોમેશ્વરનું ઋણ અદા કર્યાની કૃતાર્થતાની લાગણી અનુભવું છું.

ગુજરાતમાં રામાયણ વિશે જાણે કોઈ પ્રતિષ્ઠિત ગ્રંથરચના થઈ ન હોય એવી લાગણી પ્રવર્તતી જોવામાં આવે છે. વસ્તુતઃ સોમેશ્વરકૃત 'ઉલ્લાઘરાઘવ' ઉર્ફે રામનાટક એ ગુજરાતમાં પ્રશિષ્ટ નાટ્ય સ્વરૂપમાં રચાયેલું સંસ્કૃત રામાયણ જ છે. એમાં રામચરિતનો મુખ્ય બધો જ ભાગ સુગ્રથિત થયેલો છે.

આ નાટકની વિવેચના સંક્ષિપ્ત સ્વરૂપમાં કરવા છતાં અતિ વિસ્તૃત થવા પામી છે, તેથી મૂળ વિવેચનામાંથી સંક્ષેપ કરીને અહીં રજૂ કરવી પડી છે. તેમાં રામાયણના મૂળ કથાનક અને પ્રેરણાસ્રોતનો તથા રામના અયોધ્યા પ્રત્યાગમન પ્રસંગના પ્રવાસનો, પ્રસ્તુત નાટકમાં પ્રયોજાયેલા 'છાયા નાટ્ય' અને 'છાયાનાટક'નો ભાગ અન્યત્ર વિવિધ લેખસ્વરૂપે રજૂ કરવા છતાં, વળી આ

નાટકની મુખ્ય લાક્ષણિકતાઓ અને વિગતો પણ અન્ય પુસ્તકમાં સમાવવા છતાં અહીં તેનું નાટક તરીકેનું જ શાસ્ત્રીય અને સંક્ષિપ્ત નિરૂપણ રજૂ કરવાનો નમ્ર પ્રયાસ કર્યો છે. તેમાં રામાયણને લગતાં મુખ્ય પાત્રો જે આ નાટકમાં રજૂ થયાં છે તેમનો તુલનાત્મક સંક્ષિપ્ત પરિચય આપવામાં આવ્યો છે, અન્ય નાટકોની સરખામણીએ ઉ. રા. નાટક પદ્યપ્રમાણ, છંદોના પ્રકાર અને સંખ્યા તથા અલંકારોની સમીક્ષા સંક્ષેપમાં કરી છે. રૂપક પ્રકાર તરીકે આ નાટકને તપાસીને એના સંધિ, સધ્યંગો વગેરેની ચર્ચા વિસ્તૃત કરી છે, જે અન્ય નાટકોની વિવેચનાઓમાં ભાગ્યે જ જોવા મળે એમ છે. આ ઉપરાંત રામચરિત પ્રધાન નાટકોમાં હાસ્યરસ અને વિદૂષકના પાત્રનો પ્રયોગ સોમેશ્વરે કર્યો છે તે વિરલ છે.

મારા આ ગ્રંથના અભ્યાસ દરમ્યાન મારા વિદ્યાગુરુ અને મારા વિદ્વાન માર્ગદર્શક ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીનો હૃદયપૂર્વક ઉપકાર માનું છું. વળી મારી આ ગ્રંથની અલંકાર ઇત્યાદિની શાસ્ત્રીય વિવેચના તપાસી જવા બદલ પ્રો. રસિકલાલ ત્રિપાઠીની, આ ગ્રંથમાં જરૂરી પ્રેરણા આપવા બદલ ડૉ. ભારતીબેન શેલતની તેમજ પ્રુફ વાચનમાં સહાય કરવા બદલ પ્રો. રામભાઈ સાવલિયાની આભારી છું.

આ ગ્રંથના પ્રકાશનમાં સક્રિય માર્ગદર્શક, પ્રેરણા તેમ જ કિંમતી સલાહ સૂચનો ડૉ. પ્રવીણચંદ્ર પરીખ (અધ્યક્ષ, ભો. જે. વિદ્યાભવન) તરફથી ન મળ્યા હોત તો આ સુંદર પ્રકાશન શક્ય ન બની શકત. તેમનો હું અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

ફરીથી **ગુજરાત સાહિત્ય અકાદમી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરની આર્થિક સહાય** આ પુસ્તકને મળ્યા બદલ હું આભાર માનું છું.

૩, મહાદેવનગર સોસાયટી,
સરદાર સ્ટેડિયમ રોડ,
અમદાવાદ-૧૪

વિભૂતિ વિક્રમ ભટ્ટ
તા. ૯-૩-'૮૯
શ્રી રામકૃષ્ણ જન્મ જયંતિ

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| | પ્રાસ્તાવિક | ૧ |
| | અનુક્રમણિકા | ૫ |
| | સંદર્ભસૂચિ | ૬ |
| | સંક્ષેપસૂચિ | ૧૧ |
| ૧. | કવિ અને તેનો પરિચય | ૧ |
| ૨. | કથાનક | ૯ |
| ૩. | નાટક તરીકે 'ઉલ્લાઘરાઘવ' | ૨૭ |
| ૪. | નાટકમાં કાવ્યતત્ત્વ અને ગેયતત્ત્વ | ૬૧ |
| ૫. | રસાત્મકતા અને ભાવાત્મકતા | ૭૩ |
| ૬. | પાત્રસૃષ્ટિ | ૯૩ |
| ૭. | વસ્તુ-ગૂંથણી | ૧૩૦ |
| ૮. | પૂર્વકાલીન કવિઓની અસર | ૧૩૭ |
| ૯. | ઉપસંહાર | ૧૪૩ |

# સંદર્ભસૂચિ


| | |
|---|---|
| | श्रीमद्भागवत पुराण, गोरखपुर, वि. सं. २००८ |
| | विष्णुधर्मोत्तरपुराण |
| अभिनव गुप्त | अभिनवभारती, संपा. डॉ. नगेन्द्र, दिल्हीं, १९६० |
| अभिनन्द, | रामचरित, G.O.S., Baroda, 1930 |
| कालिदास | अभिज्ञान शाकुन्तल Ed. A. B. Gajendragadakar, Surat, 1950 |
| | कुमारसंभव, અનુ. મણિશંકર પ્ર. ભટ્ટ, અમદાવાદ, ૧૯૧૪ |
| | रघुवंश, सं. पं. हरगोविन्द शास्त्री, बनारस, १९५३ |
| क्षेमेन्द्र | रामायणमञ्जरी, નિર્ણય સાગર પ્રેસ, મુંબઈ, ૧૯૦૩ |
| जयदेव | प्रसन्नराघव, Ed. S. R. Khopker, નિ. શા. પ્રેસ, મુંબઈ, શક સં. ૧૮૧૬ |
| जयसिंहसूरि | हम्मीरमदमर्दन, Ed. C. D. Dalal, G. O. S. Vadodara, 1920 |
| दण्डी | काव्यादर्श, सं. पं. वी. कृष्णमाचारी, Madras, 1930 |
| धनञ्जय-धनिक | दशरूपक, नि. सा. प्रेस, बम्बई, १९८१ |
| नरेन्द्रप्रभसूरि | अलङ्कारमहोदधि, G. O. S., Baroda, 1942 |
| भरत | नाट्यशास्त्र A Critical Edition, Vol. 1, II & III, G. O. S. Baroda, 1933, 1933 & 1956 |
| भवभूति | उत्तररामचरित, Ed., P. V. Kane, Bombay 1915 |
| | महावीरचरित, Ed., Todarmal & Macdonal, London, 1928 |
| भामह | काव्यालङ्कार, बिहार राष्ट्रभाषा परिषद, पटना १९६२ |

| | |
|---|---|
| भास | अभिषेक, Ed. T. Ganapati Shastri, Trivendram, 1913 |
| | —प्रतिमानाटक ,, ,, 1914 |
| भास्कर कवि, | उन्मत्तराघव, नि. सा. प्रेस, बम्बई, १९२५ |
| महादेव कवि | अद्भुतदर्पण, काव्यमाला सिरीझ, बम्बई १८९६ |
| मम्मट, | काव्यप्रकाश, डॉ. सत्यव्रतसिंह, वाराणसी, १९८० |
| मुरारि | अनर्घराघव, सं. पं. दुर्गाप्रसाद, बम्बई, १८८७ |
| राजशेखर | काव्यमीमांसा, Ed. C. D. Dalal, G. O. S. Baroda, 1934 |
| | —बालरामायण, बनारस, १८६९ |
| रामचन्द्र-गुणचन्द्र | नाट्यदर्पण, सं डॉ. नगेन्द्र दिल्ही १९६१ |
| वाल्मीकि | वाल्मीकि रामायण, Critical Edition, Vol. 1-5, G. O. S. Vadodara, 1962 1965, 1966; |
| | —वाल्मीकिरामायण નિર્ણય સાગર પ્રેસ, મુંબઈ, શકઃ ૧૮૩૦ |
| विश्वनाथ | साहित्यदर्पण, Ed. P. V. Kane, Bombay, 1957; Ed. Dr. Satyaverata Sinha, Varanasi, 1957 |
| सोमेश्वरदेव | कीर्तिकौमुदी, Ed. A. V. Kathavate, Bombay, 1883 |
| | —सुरथोत्सव महाकाव्य, संपा. पं. शिवदत्त एवं के. पी. परब. बम्बई, १९०२ |
| | —नेमिनाथ चैत्य निर्माण प्रशस्ति, ગિ. વ. આચાર્ય, ગુ. ઐ. લે., ભા.-૩, લે., નં. ૨૦૬ |
| | —वस्तुपाल प्रशस्ति, गिरनार, ગિ. વ. આચાર્ય, ગુ. ઐ. લે. ભા. ૩, લે. નં. ૨૦૭ અને ૨૦૯ |
| | —वस्तुपालगुणप्रशस्ति प्रशस्तिलेखाङ्क-३, સંપા. પુણ્યવિજયજી, શ્રી. મ. જૈ. વિ. सुवर्णमहोत्सव ગ્રં. ૨, પૃ. ૩૦૩-૩૧૧ |

—शत्रुंजय शिलालेख नं. १–२, મ. જૈ. વિ. ગ્રં. ભા. ૧, પૃ. ૩૦૫–૩૦૮, મુબંઈ, ૧૯૬૮
—उल्लाघराघव, Ed. B. J. Sandesara, G. O. S., Baroda, 1961
रामशतक, Ed. Muni Punyavijaya & B. J. Sandesara, G. O. S., Baroda, 1965
—कर्णामृतप्रपा सुभाषितावली, Ed. Punyavijayaji, Jodhapur, 1963
—गणेशर शिलालेख, सु.की.क. आदि ૧. પ્ર. સં. માં प्रकाशित पृ. ७६–३, सिं. जै. ग्रं., मुम्बई, १९६१
—वैद्यनाथ प्रासाद जीर्णोद्धार प्रशस्ति, ગિ. વ. આચાર્ય, ગુ. ઐ. લે., ભા. ૩, લે. નં. ૨૧૫

हेमचन्द्र — काव्यानुशासन, Vol. I, II, Ed. R. C. Parikh, Bombay, 1938
काव्यानुशासन, अ. १ અને ६, સં. ૨ા. બ. આથવલે, અમદાવાદ, ૧૯૫૯
—कुमारपालचरित, Bombay, 1900
—संस्कृत द्व्याश्रयकाव्य, Bombay, 1915–21

हिन्दी

त्रिगुणायत — 'संस्कृत नाट्यशास्त्रमें रूपक स्वरूप तथा भेद–प्रभेद,' "भारतीय नाट्यसाहित्य", पृ. १९३७, दिल्हीं, १९६८

तुलसीदास — रामचरितमानस, सं. हनुमानप्रसाद पोद्दार, गोरखपुर, सं. २०१८

द्विवेदी हजारीप्रसाद और द्विवेदी पृथ्वीनाथ — भारतीय नाट्यशास्त्रकी परंपरा और दशरूपक दिल्ही, १९६३

डा. नगेन्द्र — अभिनव भारती, नाट्यसाहित्य दिल्ही, १९६८

बुल्के कामिल — रामकथाः उत्पत्ति और विकास, प्रकाश, १९५०

राघवन् वी. — 'संस्कृत नाटक और अभिनय', "भारतीय नाट्य साहित्य," दिल्ही, १९६४

राय, रामकुमार — वाल्मीकि रामायण कोश, वाराणसी, १९६५

सिंह. सत्यव्रत — 'संस्कृत साहित्य शास्त्रमें पञ्च सन्धियाँ और अर्थप्रकृतियाँ' "भारतीय नाट्य साहित्य," पृ. ८५–५६, दिल्ही, ९९६८

## (ગુજરાતી)


દવે ક. ભા. — 'અશ્વમેધ,' "સ્વાધ્યાય," પૃ. નં. ૧૨ વડોદરા, ૧૯૬૫-૬૬

ધ્રુવ આ. બા. — 'ગુજરાતનું સંસ્કૃત સાહિત્ય અને એનું રેખાદર્શન', "દિગ્દર્શન," અમદાવાદ, ૧૯૪૨

પારેખ નગીનદાસ — અભિનયનો રસવિચાર અને બીજા લેખો, અમદાવાદ, ૧૯૬૯

પુરોહિત ન. ભો. (અનુ.) — કીથકૃત સંસ્કૃત નાટક, અમદાવાદ, ૧૯૬૦

ભટ્ટ વિ. વિ. — ગુર્જરેશ્વર પુરોહિત કવિ સોમેશ્વર જીવન અને કવન અમદાવાદ, ૧૯૮૧

– ગુજરાતનું ઐતિહાસિક મહાકાવ્ય કીર્તિકૌમુદી : એક પરિશીલન, અમદાવાદ, ૧૯૮૬

– શત્રુંજય પરના બે શિલાલેખો, "ફા. ગુ. ત્રૈ." ૪, જુલાઈ-સપ્ટેમ્બર, મુંબઈ, ૧૯૭૭

– સુરથોત્સવ મહાકાવ્ય એક અનુશીલન, અમદાવાદ, ૧૯૮૪

– 'સોમેશ્વરની કવિ અને કાવ્ય અંગેની વિભાવના', "સ્વાધ્યાય", પુ. ૧૮, અં. ૪ પૃ. ૪૦૫-૪૧૦

– સોમેશ્વર પ્રયોજિત છાયાનાટક અને છાયાનાટ્ય "સામીપ્ય," પુ. ૪, અં. ૧-૨, પૃ. ૬૩, અમદાવાદ, ૧૯૮૭

– સોમેશ્વરની કૃતિઓ : ઐતિહાસિક અને સાંસ્કૃતિક અધ્યયન, અમદાવાદ, ૧૯૮૯

ભટ્ટ મ. ૨. — 'કાંતમાલા,' "ગુજરાતી" વર્તમાન પત્ર, મુંબઈ, ૧૯૨૪

મોદી રા. ચુ. — રા. ચુ. મોદી લેખ સંગ્રહ, સંપા. પુ. ભી. શાહ અને ભો. જ. સાંડેસરા, પાટણ, ૧૯૫૩

વ્યાસ કે. બી. (સંપા.) — વસંતવિલાસ (પ્રાચીન ગુજરાતી ફાગુ) મુંબઈ, ૧૯૪૨" 'રાવણ-મંદોદરી સંવાદ', "બૃહદ્ કાવ્ય દોહન, વિ. ૯ પૃ. ૪૯૫. સંપા. ઇચ્છારામ સૂ. દેસાઈ ૭ મી આવૃત્તિ મુંબઈ, ૧૯૨૫

શાસ્ત્રી પી. મુ. — ચિત્રબંધ અને તેના ઉપર ધ્વનિવાદની થયેલી અસર', "બુલેટીન ઑફ ધ ચુનીલાલ ગાંધી વિદ્યાભવન, સુરત, ૧૯૭૦

શાસ્ત્રી હરિ ગં. — 'સોમેશ્વરચિત ઉલ્લાઘરાઘવ,' "વીણેલાં મોતી", પૃ. ૧૩-૧૮ ડિસેમ્બર, ૧૯૬૬

સાંડેસરા ભો. જ. — અન્વેષણા અમદાવાદ ૧૯૬૭
– મહામાત્ય વસ્તુપાલનું સાહિત્ય મંડળ અને તેનો સંસ્કૃત સાહિત્યમાં ફાળો, અમદાવાદ. ૧૯૫૭

(ENGLISH)

Kulkarni, V. M. — 'Conceptions of Śandhi & Sandhyangas in Sanskrit Drāmā', "Journal of Oriental Institute, Vol. V, No. 4, Baroda, 1956

Krisnamachariar — A History of classical Sanskrit literature, Poona, 1937

Gosha, Manomohan Ed. & Tr. — Nātya Shāstra, 2nd Ed; Hen, Vol. I, Calcutta, 1967

Parikh, J. T. — Viduśaka : In theory and Practice, Surat, 1953

Parikh, R. C. — Introduction to Kāvyanuśasana, Vol. I & II, Bombay, 938
–'Presidential Address of the classical Sankrit section', 21th All India Oriental Conference, Shrinagar, 1961

Mānkad, Dolararāya — The Types of Sanskrit Drama, Karānchi, 1936

Rāghavan, V. — Some old lost Rāmaplays, Annamalai Nagar, 1961.

# સંક્ષેપ સૂચિ

| | |
|---|---|
| અ. કાં. | અયોધ્યાકાંડ વાલ્મીકિ રામાયણ |
| અન. રા. | અનર્ઘરાઘવ, લે મુરારિ કવિ |
| અર. કાં. | અરણ્યકાંડ, વાલ્મીકિ રામાયણ |
| અભિ. શાં. | અભિજ્ઞાન શાકુંતલ, લે. કાલિદાસ |
| અ. શાં. | અભિજ્ઞાન શાકુંતલ, લે. કાલિદાસ |
| ઉ. રા. | ઉલ્લાઘરાઘવ, લે સોમેશ્વરદેવ |
| ઉ. રા. ચ. | ઉત્તરામચરિત, લે. ભવભૂતિ |
| ક. પ્ર. | કર્ણામૃતપ્રપા લે. સોમેશ્વરદેવ |
| કા. અ. | કાવ્યાનુશાસન, લે. હેમચંદ્રાચાર્ય |
| કિ. કાં. | કિષ્કિંધાકાંડ, વાલ્મીકિ રામાયણ |
| કી. કૌ. | કીર્તિકૌમુદી, લે. સોમેશ્વરદેવ |
| કી. કૌ. પ. | કીર્તિકૌમુદી-પરિશીલન, લે. વિભૂતિ વિ. ભટ્ટ |
| કુ. ચ. | કુમારપાલચરિત, લે. હેમચંદ્રાચાર્ય |
| ગા. ઓ. સી. | ગાયકવાડ ઓરિએન્ટલ સિરીઝ, બરોડા |
| દ્વયા. કા. | દ્વયાશ્રયકાવ્ય, લે. હેમચંદ્રાચાર્ય |
| દ. રૂ. | દશરૂપક, લે. ધનંજય-ધનિક |
| ન. ના. | નરનારાયણાનંદ, લે. વસંતપાલ (વસ્તુપાલ) |
| ના. દ. | નાટચદર્પણ, લે. રામચંદ્ર-ગુણચંદ્ર |
| નિ. સા. | નિર્ણય સાગર પ્રેસ, મુંબઈ |
| ના. શા. | નાટચશાસ્ત્ર, લે. ભરત મુનિ |
| પ્ર. ના. | પ્રતિમાનાટક, લે. ભાસ |
| પ્ર. રા. | પ્રસન્નરાઘવ, લે. જયદેવ |
| ફા. ત્રૈ. | ફાર્બસ ગુજરાતી સભા, ત્રૈમાસિક મુંબઈ |
| બા. કાં. | બાલકાંડ, વાલ્મીકિ રામાયણ |
| બા. રા. | બાલરામાયણ |
| મ. ચ. | મહાવીરચરિત, લે. ભવભૂતિ |
| મ. વ. સા. મ. | મહામાત્ય વસ્તુપાલનું સાહિત્ય મંડળ અને તેનો સંસ્કૃત સાહિત્યમાં ફાળો, લે. ભોગીલાલ સાંડેસરા |
| યુ. કાં. | યુદ્ધકાંડ, વાલ્મીકિ રામાયણ |
| રા. મં. | રામાયણ મંજરી, લે. ક્ષેમેન્દ્ર |

| | |
|---|---|
| રા. શા. | રામશતક, લે. સોમેશ્વરદેવ |
| વ. ચ. | વસ્તુપાલ ચરિત, લે. જિનહર્ષગણિ |
| વ. વિ. | વસંતવિલાસ, લે. બાલચંદ્રસૂરિ |
| વા. રા. | વાલ્મીકિ રામાયણ, લે. વાલ્મીકિ |
| વિ. ધ. પુ. | વિષ્ણુધર્મોત્તરપુરાણ |
| વૈ. પ્ર. | વૈદ્યનાથપ્રસાદપ્રશસ્તિ |
| શિવ. | શિશુપાલવધ, લે. માઘ કવિ |
| સુ. ઉ. | સુરથોત્સવ, લે. સોમેશ્વરદેવ |
| સુ. ઉ. અ. | સુરથોત્સવ–એક અનુશીલન, લે. વિભૂતિ વિ. ભટ્ટ |
| સુ. કી. ક.વ.પ્ર.સં | સુકૃતકીર્તિકલ્લોલિન્યાદિ વસ્તુપાલ પ્રશસ્તિ સંગ્રહ, સિન્ધી જૈન ગ્રંથમાળા |
| સો. કૃ. | સોમેશ્વરની કૃતિઓ: ઐતિહાસિક અને સાંસ્કૃતિક અધ્યયન, લે. વિભૂતિ વિ. ભટ્ટ |
| સો. જી. ક. | સોમેશ્વર જીવન અને કવન લે. વિભૂતિ વિ. ભટ્ટ |
| G. O. S. | Gayakwad Oriental Series, Baroda |

## પ્રકરણ ૧

# કવિ સોમેશ્વરનો પરિચય

ગુજરાતના સોલંકી–વાઘેલા કાળ દરમ્યાન સોમેશ્વર કવિ રાજદરબારનો અગ્રગણ્ય સંસ્કૃત કવિ હતો. તે સમયે મુખ્યત્વે જૈન કવિઓનું સ્થાન અને સન્માન થતું, છતાં આ શ્રેષ્ઠ બ્રાહ્મણ કવિનાં ચરણોમાં ચૌલુક્ય રાજાઓ વંદન કરતા, એટલું જ નહિ પણ તેના પૂર્વજો પણ એટલા બધા કર્મઠ વિદ્વાન અને પરાક્રમી હતા કે તેમને પણ રાજપુરોહિતપદે નીમીને માન આપતાં અને તેઓના શુભાશીર્વાદથી રાજાઓ પોતાને વિજયી અને પરાક્રમી બનવાનું સૌભાગ્ય માનતા.

આ કવિના જન્મ, મૃત્યુ તથા કુટુંબ વિશે કંઈ ખાસ વિશ્વાસપાત્ર વિગતો હજી સુધી પ્રાપ્ત થઈ નથી, પરંતુ કવિએ પોતાની કૃતિઓમાં, ખાસ કરીને ‘સુરથોત્સવ’ મહાકાવ્યના અંતિમ સર્ગમાં પોતાના વતન, કુલ, પૂર્વજો તેમજ પોતાના મિત્ર–આશ્રયદાતા મંત્રી કવિ વસ્તુપાલનો જે પરિચય આપ્યો છે તેના આધારે કેટલીક બાબતો આપણને જાણવા મળે છે.

તે નગર (વડનગર)નો વતની, વસિષ્ઠ ગોત્રનો અને ‘ગુલેચા’ કુલ–(અટક)નો હતો. કેટલાક વિદ્વાનો તેને દિવેટિયા અટકના કુટુંબ સાથે સાંકળીને વડનગરો નાગર માને છે, પરંતુ તે અંગેના ચોક્કસ પુરાવાના અભાવે આ કવિને વડનગરનો વિદ્વાન બ્રાહ્મણ કવિ ગણવો (હાલ પૂરતો) યોગ્ય છે.

આ કવિના પૂર્વજો પણ ગુર્જરેશ્વરોનું રાજપુરોહિતપદ પરંપરાથી સંભાળતા. સોમેશ્વરના કુલના આદ્યપુરુષ સોલશર્માને મૂળરાજ (૧)એ વિ.સં ૯૯૮–૧૦૫૩ની વચ્ચે પુરોહિતપદે સ્થાપ્યો હતો. તેનો પુત્ર લલ્લશર્મા (૨) ચામુંડરાજ (વિ.સં. ૧૦૫૩–૧૦૬૬)નો પુરોહિત હતો. લલ્લશર્માનો પુત્ર મુંજ (૧) અને તેનો પુત્ર સોમ દુર્લભરાજ (વિ.સં. ૧૦૬૬–વિ.સં. ૧૦૭૮)ના પુરોહિતો થયા. આ સોમશર્મા પુરોહિતે તેની ઉત્તરાવસ્થામાં ભીમ રાજાનું પારોહિત્ય કર્મ કરીને એ રાજાનો યશ ખૂબ ફેલાવ્યો હતો. તે સમયે કદાચ ભીમદેવ (૧)નો આરંભનો રાજ્યકાળ (વિ.સં. ૧૦૭૮–વિ.સં ૧૧૨૦) હોવો જોઈએ.

સોમશર્માના પુત્ર આમશર્માએ ભીમદેવ (૧)ના પુત્ર કર્ણદેવના રાજ્યકાળ (વિ.સં. ૧૧૨૦–૧૧૫૦) દરમ્યાન પુરોહિતપદ શોભાવ્યું હતું. તેણે શિવાલયો અને સરોવરો બંધાવ્યાં હતાં. તેના પુત્ર કુમારે (૧) સિદ્ધરાજ જયસિંહ (વિ.સં. ૧૧૫૦–૧૧૯૮)નું પૌરોહિત્ય કર્મ સંભાળ્યું હતું અને તે ઉપરાંત તેણે યુદ્ધના સમયે પણ રાજાને મદદ કરેલી. તેનો પુત્ર સર્વદેવ (૧) વિષ્ણુયાગ કરનારો, અયાચક વ્રતધારી અને મનુસ્મૃતિનો જ્ઞાતા હતો. પરંતુ તે કયા રાજાનો પુરોહિત હતો તે સોમેશ્વરે સ્પષ્ટ જણાવ્યું નથી. સર્વદેવ (૧)નો પુત્ર આમિગ પણ સિદ્ધરાજનો સૌવસ્તિક હતો. આ રીતે સિદ્ધરાજની પ્રારંભિક કારકિર્દી દરમ્યાન કુમાર અને એ જ રાજાની ઉત્તરાવસ્થા દરમ્યાન કુમારનો પૌત્ર પુરોહિતપદે આવ્યો. કુમારની અને રાજા જયસિંહની સુદીર્ઘ કારકિર્દી દરમ્યાન સર્વદેવને રાજાના પૌરોહિત્યકર્મની તક કે અવકાશ જ ન રહ્યા હોય તે સ્વાભાવિક છે અને સર્વદેવનો પોતાનો વિદ્યાપ્રેમ અને વિષ્ણુભક્તિ પ્રત્યેનું વલણ વધારે હતું એવું સોમેશ્વરે જણાવ્યું જ છે.

આમિગને સર્વદેવ (૨), કુમાર (૨), મુંજ (૨) અને આહડ એ ચાર પુત્રો હતા. સર્વદેવ (૨) એ કુમારપાલની વૃદ્ધાવસ્થા દરમ્યાન રાજકુટુંબ સાથે સંબંધ ચાલુ રાખ્યો હતો અને તેણે રાજા કુમારપાલનાં અસ્થિ ગંગાજીમાં પધરાવ્યાં હતાં તથા ગયાજી અને પ્રયાગમાં બ્રાહ્મણોને દાન દીધાં હતાં એમ સોમેશ્વરે જણાવ્યું છે, પરંતુ તે કુમારપાલનો પુરોહિત હતો એમ સ્પષ્ટ કહ્યું નથી, કેમકે કુમારપાલના સમયે જૈન–બ્રાહ્મણ ધર્મની સામાજિક સ્થિતિને લીધે અને રાજા થતાં પહેલાંની કુમારપાલની અનિશ્ચિત રાજ્યધુરા તથા તેનું મોટી ઉંમરે રાજા થવું અને અપુત્ર મૃત્યુ પામવું વગેરે અનેક કારણો એમાં હોઈ શકે.

આમિગનો બીજો પુત્ર કુમાર (૨), જે કવિ સોમેશ્વરદેવનો પિતા હતો, તેણે અજયપાલ રાજાનું પૌરોહિત્ય સંભાળ્યું અને તેનું રક્ષણ કર્યું હતું. રાજા અજયપાલ બાલવયે મૃત્યુ પામ્યો હોવાથી કુમારે બાળ મૂળરાજનું પણ પૌરોહિત્યકર્મ ઉપરાંત વાલી તરીકે અને સરસેનાપતિ (અક્ષપટલાધ્યક્ષ–ન્યાયાધીશ) તરીકે પણ પોતાની ફરજો બજાવી હતી અને રાજ્યસંપત્તિમાં તેણે વધારો કર્યો હતો. તેણે મુનિચંદ્રકૃત 'અમમસ્વામિચરિત'નું સંશોધન કર્યું હતું. આમ સોમેશ્વરનો પિતા કુમાર અજયપાલ અને બાલ–મૂળરાજના સમયે થઈ ગયો. કુમારને મુંજ તથા આહડ નામના નાના ભાઈઓ અને લક્ષ્મી નામે પત્ની હતી; તથા મહાદેવ, સોમેશ્વર અને વિજય નામે પુત્રો હતા. મહાદેવ ત્યાગી, સંયમી અને ઈશ્વરપરાયણ વૃત્તિનો અને વિજય વાક્પટુ અને વિદ્વાન હતો. કુમારનો વચેટ પુત્ર સોમેશ્વરદેવે વારસાગત પૌરોહિત્ય-

કર્મ ભીમદેવ-(૨)ના સમય (ઈ.સ. ૧૧૭૮-૧૨૪૨)થી ગુર્જરેશ્વર વીસલદેવના સમય (ઈ.સ. ૧૨૪૪-૧૨૫૩) દરમ્યાન સંભાળ્યું હોવાનું નોંધાયું છે. એ સમય દરમ્યાન મહામંડળેશ્વર લવણપ્રસાદ, તેનો પુત્ર વીરધવલ તથા વીસલદેવ સાથે તેમજ મહામાત્ય વસ્તુપાલ-તેજપાલ સાથે સોમેશ્વરને ગાઢ પરિચય હતો; એટલું જ નહિ પણ તે કૌટુમ્બિક સંબંધ ધરાવતો હોવાનું સ્પષ્ટ છે. તેનાં વતન, ગોત્ર, પૂર્વજોની વિગત, તેની કારકિર્દી દરમ્યાનના ચૌલુક્ય રાજાઓ, મહામાત્ય, મહામંડલેશ્વર, રાણક અને અન્ય વ્યક્તિઓ સાથેના પ્રસંગો વગેરેની વિસ્તૃત ચર્ચા આ લેખિકાના પુસ્તક 'કવિ સોમેશ્વર જીવન અને કવન'[1]માં કરી દીધી હોવાથી અહીં તેનો આટલો જ ટૂંકો પરિચય પર્યાપ્ત છે.

ગુજરાતના ચૌલુક્ય અને સોલંકી (વાઘેલા) રાજાઓ તથા તેમના મહામાત્ય વસ્તુપાલ-તેજપાલ કવિઓની એને વિદ્વાનોની કદર કરતા અને યોગ્ય પ્રોત્સાહન, ઈનામ, દાન વગેરે આપીને નવાજતા હતા. તેના પરિણામે ગુજરાતમાં વિ.સં. ૧૩૦૦ની આસપાસ અણહિલપાટકને બદલે ધોળકા મુખ્ય કેન્દ્ર બની ગયું હતું. ત્યાં કવિઓને રાજ્યાશ્રય મળતો અને સાહિત્ય અને અન્ય શાસ્ત્ર-વિજ્ઞાનનાં વિવિધ સ્વરૂપોનો સારો વિકાસ થયો હતો. વીરધવલ અને તેના મંત્રી પોતાના દરબારમાં વિવિધ વિદ્યા અને કલામાં નિપુણ વિદ્વાનોને સન્માનતા, તેમની કાવ્યગોષ્ઠીમાં સમય આપતા. મંત્રી તો કોઈક વાર કાવ્યરચનામાં અને ચર્ચામાં પણ ભાગ લેતા. વિદ્યાના અભ્યાસ અને પ્રસારમાં તથા વિદ્વાનોને સન્માનવામાં, કાવ્યસર્જનકળામાં તેમ જ જ્ઞાનભંડારોને સંરક્ષવા અને સમૃદ્ધ કરવામાં પોતાનાં તન-મન-ધનના વ્યય કરવામાં કશી ય મણા રાખી નથી.

આથી એ સમયે કવિ સોમેશ્વર ઉપરાંત તેનો હરીફ કવિ હરિહર, સુભટ, નાનાક, અરિસિંહ, અમરચંદ્રસૂરિ, દામોદર, જયદેવ, વિકલ, કૃષ્ણસિંહ, શંકરસ્વામી, ઉદયપ્રભસૂરિ, જયસિંહસૂરિ, બાલચંદ્રસૂરિ, નરચંદ્રસૂરિ, સોમાદિત્ય, કમલાદિત્ય વગેરે અનેક જૈન-જૈનેતર કવિઓ, ભાટચારણો રાજદરબારમાં સ્થાન પામતા અને કાવ્યગોષ્ઠીઓમાં ભાગ લેતા.

સોમેશ્વરદેવે 'સુરથોત્સવ' અને 'કીર્તિકૌમુદી' મહાકાવ્યોની રચના કરી છે. તે બંનેના વિસ્તૃત વિવેચન અને રસદર્શન આ લેખિકાએ પ્રગટ કર્યાં[2] હોઈ તેમનો ટૂંક-સાર જ અહીં યોગ્ય લેખાશે.

## ૧. સુરથોત્સવ

'સુરથોત્સવ' મહાકાવ્ય સુરથ રાજાની પૌરાણિક કથાને આધારે દેવીની સ્તુતિને લગતું છે. આરંભે-પ્રથમ સર્ગમાં પાર્વતીજી, ભદ્રકાળી, સરસ્વતી, શિવ-

પાર્વતી, ચંદ્ર, ગણેશ, અર્ધનારીનટેશ્વર, હરિ, વરાહ, નૃસિંહ, ગોવર્ધનધારી, રાધા, રામ–સીતા, સૂર્ય તથા કામદેવની વંદના કરવામાં આવી છે (શ્લો. ૧–૨૯).

સર્ગ ૨ માં સુરથ રાજા તેના મંત્રીઓની ઇચ્છા વિરુદ્ધ પોતાની કોલા નામની નગરી બચાવવા માટે પ્રતિકાર કરવા માટે શત્રુ પ્રત્યે ધસ્યો અને તેમાં હાર્યો. તેની સમૃદ્ધિ તેના દુષ્ટ મંત્રીઓએ વહેંચી લીધી. આથી અત્યંત દુઃખી અને નિરાશ થયેલા રાજાને તેની કુલદેવીએ સ્વપ્નમાં સાંત્વન આપીને આજ્ઞા કરી કે 'યુદ્ધ ન કર. ભવિષ્યમાં તું આઠમો મનુ બનીશ અને ચક્રવર્તી રાજા થઈશ.' આથી રાજા સુરથ પોતાની રાણીને તેને મહિયર મોકલીને પોતે વનમાં શાંતિ અને આત્મબોધની ખોજ માટે નીકળી પડયો. પોતાની રાજ્યસંપત્તિ હરાઈ ગઈ હોવા છતાં તેનો પ્રભાવ વનમાં છાનો ન રહ્યો. વનનાં પ્રાકૃતિક તત્ત્વો, વાયુ, પશુ–પક્ષીઓ, વૃક્ષોએ તેનું ભાવભીનું સ્વાગત કર્યું. મોર વગેરેએ તેનો મનોવિનોદ કર્યો છતાં તપસ્વી રાજાએ વનમાં ભારે યાતનાઓ વેઠી.

વનમાં દુઃખી રાજાએ તપોભૂમિમાં પવિત્ર આશ્રમના અને તેમાં તેજસ્વી સુમેધા ઋષિનાં દર્શન કર્યાં અને અનેરી શાંતિ અને સાંત્વન પ્રાપ્ત કર્યાં. રાજાએ ઋષિને પોતાનું રાજ્ય પાછું મેળવવાનો ઉપાય પૂછ્યો એથી ઋષિએ રાજાને જગજ્જનની પાર્વતીદેવીને શરણે જઈને તેમની પ્રાર્થના–ઉપાસના કરવાનો જ એક માત્ર ઉપાય સમજાવ્યો અને તેના સમર્થનમાં દેવીનાં પ્રભાવ અને ચરિતની કથા રાજાને કહી સંભળાવી. શુંભ–નિશુંભ વગેરે અસુરોના ત્રાસથી કંટાળેલા દેવોને દેવીએ બચાવ્યા હતા તે રીતે હે રાજા! તને પણ બચાવી લેશે. એટલું જણાવવા માટે રાક્ષસોના ત્રાસનું, તે ત્રાસથી બચાવવા દેવોએ કરેલી બ્રહ્માની સ્તુતિ અને ઉપાયની પૃચ્છા બ્રહ્માએ દેવોને બતાવેલો ઉપાય વગેરેથી ત્રીજો સર્ગ પૂરો થાય છે.

સર્ગ ૪ પાર્વતીનું જન્મસ્થળ, શિવ–પાર્વતીની ક્રીડાભૂમિ અને શિવની તપોભૂમિ એવા હિમાલયનું વિસ્તૃત વર્ણન વિવિધ છંદો અને અલંકારોથી વિભૂષિત કરીને કવિએ રજૂ કર્યો છે અને સર્ગ ૫ માં હિમાલય પરની વિવિધ ઋતુઓનું અને અંતે સૂર્યાસ્તનું વર્ણન આવે છે. સર્ગ ૬–૭ માં સંધ્યા અને ચંદ્રોદય અને સંસારની રાત્રિચર્યા, રાત્રિના સૌંદર્યનું વર્ણન કરીને સર્ગ ૮ થી સર્ગ ૧૪ સુધી દેવીનું મહાત્મ્ય નિરૂપાયું છે. તેમાં શત્રુઓનો નાશ કરવાની ઇચ્છાથી હિમાલયની દેવભૂમિમાં દેવી વસવા લાગ્યાં. ચંડ નામના અસુરે હિમાલયમાં દેવીને તેમની સખીઓ સાથે વિહાર કરતાં જોયાં અને તે અત્યંત પ્રભાવિત થઈ ગયો.

ચંડાસુરે એના સ્વામી શુંભને દેવીના અદ્‌ભુત સૌંદર્યની ખૂબ પ્રશંસા કરીને તેના મોટા ખજાનામાં આ રત્નને લાવવા માટે ઉત્તેજિત કર્યો, લલચાવ્યો.

આથી શુંભે પોતાના દૂત દ્વારા દેવીને પોતાના લગ્નનો પ્રસ્તાવ રજૂ કર્યો અને દેવીની શક્તિથી અંજાયેલા દૂતે પાછળથી ફેરફાર કર્યો કે 'શુંભ તમને પસંદ ન પડે તો હે દેવિ ! તેમના નાના ભાઈ નિશુંભનો વિચાર કરશો તો પણ ચાલશે !' આખરે બહારથી સ્મિત કરતાં અને અંદરથી કોપાયમાન દેવીએ દૂતને જણાવ્યું કે 'પહેલાં મારાથી અજાણતાં જ પ્રતિજ્ઞા લેવાઈ ગઈ છે કે જે મને યુદ્ધમાં જીતશે તેને હું વરીશ. એ વાત તારા સ્વામીને જણાવજે.' સર્ગ ૮માં દૂતના સંદેશાથી ક્રોધાવિષ્ટ થયેલા શુંભે પોતાના દૂત ધૂમ્રલોચનને દેવીને સમજાવીને લાવવા અને ન માને તો ચોટલાથી ઘસડી લાવવાની આજ્ઞા કરી. પરંતુ દેદીપ્યમાન અને સૌમ્યસ્વરૂપા દેવીએ ધૂમ્રલોચનને ભસ્મીભૂત કર્યો.

સર્ગ ૯ માં શુંભાસુરની રાક્ષસસભાનું વર્ણન અને દેવી સાથે કરવાના યુદ્ધની તૈયારીની ઘોષણાનું વર્ણન આપે છે. શસ્ત્રસજ્જ અને મયૂરપિચ્છના છત્રવાળા શુંભના સૈન્યે દેવી સાથે યુદ્ધ કરવાને હિમાલય તરફ પ્રયાણ કર્યું. આથી પર્વતનું શાંત વાતાવરણ ખળભળી ઊઠયું. સર્ગ ૧૦ માં દેવીના સૈન્ય અને અસુરના સૈન્યના યુદ્ધનું વર્ણન વિવિધ છંદ–અલંકારોથી શણગારીને રજૂ કરવામાં આવ્યું છે. તેમાં વૈષ્ણવી, વારાહી, કૌમારી, નારસિંહી, ઐંદ્રી, કાલી વગેરે સ્વરૂપોનું વિશેષ વર્ણન આવે છે. સર્ગ ૧૧ માં શુંભના પડકારથી દેવીએ પોતાનાં વિવિધ સ્વરૂપો પોતાનામાં સમાવી દીધાં. હવે દેવી અને શુંભાસુરનું જ દિવ્ય અને તુમુલ યુદ્ધ થયું. તેમાં દેવીએ પોતાના ચામુંડા સ્વરૂપને યુદ્ધમાં અસુર સંહાર માટે મોકલ્યું.

સર્ગ ૧૨ માં રાજાના પૂછવાથી સુમેધા ઋષિએ દેવીને પ્રસન્ન કરવાનો ઉપાય જણાવ્યો અને કેટલીક સૂચનાઓ આપી. આમ પુષ્ય નક્ષત્રની પૂર્ણિમા ને ગુરુવારે ઋષિએ દેવીનું ઉપનિષદ રાજાને સંભળાવ્યું. ત્યારબાદ રાજાએ ગંગા-સ્નાન કરીને, અને ઋષિપત્નીઓના આશીર્વાદ પામીને ઋતુઓ અનુસાર કઠોર તપ કરીને દેવીને પ્રસન્ન કરવાનો આરંભ કર્યો. સર્ગ ૧૩–૧૪માં તેના તપોભંગ કરવા દેવીએ એક દિવ્યાંગનાને રાજા સમક્ષ મોકલી. દિવ્યાંગનાની અનેક ચેષ્ટાઓ અને એની સખી સાથેના સંવાદથી પણ રાજાનું તપ તૂટયું નહિ. રાજાના આવા અડગ મનોબળ, દઢ નિશ્ચય અને કઠિન તપશ્ચર્યાથી દેવી પ્રસન્ન થયાં અને દેવીએ રાજાને વરદાન માગવાનું કહ્યું. પરંતુ રાજાએ તો કંઈ જ ન યાચ્યું; માત્ર દેવીમાં જ અખંડ ભક્તિ રહે તેવું માગ્યું. રાજાનાં આવાં વચનોથી પ્રસન્ન

થઈને દેવીએ તેને સુદીર્ઘકાલપર્યંત ચક્રવર્તી રાજ્ય ભોગવવાનું અને જીવનનો શેષ ભાગ બાકી રહે ત્યારે પુત્રને રાજ્ય સોંપીને દેવીભક્તિમાં વ્યતીત કરવાનું જણાવ્યું. 'ભવિષ્યમાં તું આઠમો મનુ થઈશ' એવું વરદાન આપીને દેવી અંતર્ધાન થઈ ગયાં. તેવામાં જ વૃદ્ધ મંત્રીઓ આ વૃદ્ધ રાજાને તેનું રાજ્ય પાછું સોંપવા અને પોતાની રાજધાનીમાં લઈ જવા માટે તે વનમાં આવી પહોંચ્યા. તે જોઈને ઋષિગણે પણ પ્રસન્ન થઈને રાજાને આશીર્વાદ આપ્યા.

સર્ગ ૧૫ મો મહાકાવ્યની કથાવસ્તુથી તદ્દન જુદો–સ્વતંત્ર છે. તેમાં દેવીચરિતની વાત નથી. પણ ગ્રંથકાર સોમેશ્વરે પોતાના વતન, ગોત્ર, કુલ, પૂર્વજો અને પોતાના પરિવારનો, મંત્રી–આશ્રયદાતાનો પરિચય અને પ્રશસ્તિ કરી છે. આ ઉપરાંત તેમાં કવિઓ અને ઉત્તમ કાવ્ય કેવાં હોવાં જોઈએ તેનો આદર્શ રજૂ કર્યો છે. આ સર્ગ સોલંકીકાલીન રાજાઓ અને તેમના પુરોહિતો સોમેશ્વરને આશ્રય અને પ્રોત્સાહન આપનારા મંત્રીઓ વગેરે વિગતો જાણવા માટે ઐતિહાસિક અગત્યના પુરાવા–પ્રમાણરૂપ ગણવામાં આવે છે.

## (૨) કીર્તિકૌમુદી :

આ નવ સર્ગોનું અને ૭૨૨ શ્લોકોનું લઘુમહાકાવ્ય છે. તેને ગુજરાતના સોલંકીકાલના ઇતિહાસ માટેની અગત્યની સામગ્રીરૂપ ગણવામાં આવ્યું છે. ગુજરાતનું આ ઐતિહાસિક મહાકાવ્ય અનેક સ્થળે હસ્તપ્રતરૂપે સચવાયેલું છે તે પરથી તેના પ્રચાર અને લોકપ્રિયતાનો આપણને ખ્યાલ આવે છે. તેનું સાહિત્યિક તેમ જ કાવ્યશાસ્ત્રીય વિવેચન આ લેખિકાએ પુસ્તકરૂપે પ્રકાશિત કર્યું છે.

**સર્ગ ૧** વિષ્ણુ, અર્ધનારીનટેશ્વર, હરિહર, સરસ્વતી (દેવી અને નદી)ની વંદના કર્યા પછી અઢાર કવિઓની વંદના કરવામાં આવી છે. તે સાહિત્યના ઇતિહાસની દૃષ્ટિએ અગત્યની છે. છેલ્લે સરસ્વતી નદીને કિનારે આવેલા અણહિલપત્તન, સહસ્રલિંગ તળાવ અને તેના કિનારે આવેલા કીર્તિસ્તંભના વર્ણનથી એ સર્ગ પૂરો થાય છે.

**સર્ગ ૨** માં ચૌલુક્ય ભૂપાવલિ, વાઘેલા વંશાવલિ, મહામંડળેશ્વર–રાણક લવણપ્રસાદની કુલ પરંપરાનો વિસ્તૃત પરિચય આપવામાં આવ્યો છે.

તેમાં લવણપ્રસાદના સ્વપ્નદર્શનના પ્રસંગમાં કવિએ કરેલો પુરોહિત તરીકે સોમેશ્વરદેવનો ઉલ્લેખ અને એના પૂર્વજોનો પણ થોડોક નિર્દેશ પ્રાપ્ત

થાય છે. સોમેશ્વરે લવણપ્રસાદને યુવરાજ અને બે યોગ્ય મંત્રીઓની નિમણૂક કરીને ગુર્જરરાજ્યલક્ષ્મીનો ઉદ્ધાર કરવાનો ઉપાય સૂચવ્યો. યુવરાજ વીરધવલ મંત્રીઓ અંગેના વિચારમાં ડૂબ્યા છે એવું દર્શાવીને એ સર્ગ પૂરો થાય છે.

**સર્ગ ૩**માં વસ્તુપાલ–તેજપાલના કુળમાં પરંપરાથી મંત્રીપણું ચાલી આવતું હતું, એમ જાણે દર્શાવવા માટે તે કુલનો વિસ્તૃત પરિચય આપવામાં આવ્યો છે. તે પછી વીરધવલ અને વસ્તુપાલનો સંવાદ અને મંત્રીમુદ્રા બંને ભાઈઓને સોંપીને રાજા નિશ્ચિંત બન્યો એમ સૂચવાયું છે.

**સર્ગ ૪**માં સૌથી પહેલાં વસ્તુપાલને મંત્રી તરીકે સ્તંભતીર્થ મોકલવામાં આવ્યો. (એ પહેલાં તો તેનો પુત્ર સ્તંભતીર્થમાં મુદ્રા–વ્યાપાર કરતો હોવાનું શિલાલેખની પ્રશસ્તિઓ પરથી લાગે છે.) સ્તંભતીર્થ ગામને સાફ, સમૃદ્ધ અને સુંદર બનાવવાનો મંત્રીએ અથાગ પ્રયત્ન કર્યો અને ધનનો સદ્વ્યય કર્યો. આ રાજ્યની સમૃદ્ધિ અને શાંતિ જોઈને, મંત્રી વસ્તુપાલ એકલો જ ગામમાં હતો ત્યારે, લવણપ્રસાદ-વીરધવલ એકાએક પોતાના રાજ્ય પર ચડી આવેલા ચાર મારવાડી રાજાઓનો સામનો કરવામાં વ્યસ્ત હતા ત્યારે એકાએક જ લાટરાજા સિંધનરાજના પુત્ર શંખે પોતાના પિતાની પડાવી લીધેલી સ્તંભતીર્થ નગરી પાછી મેળવવા માટે વસ્તુપાલ મંત્રીને દૂત દ્વારા સંદેશો મોકલ્યો અને પછી પોતે બહોળા સૈન્ય સાથે તાપી તટ સુધી આવી પહોંચ્યો. શંખના દૂત અને મંત્રી વસ્તુપાલના જોરદાર સંવાદમાં ઘણી ઐતિહાસિક વિગતો પ્રાપ્ત થાય છે. વળી શાંત નગરી પર શત્રુનો એકાએક હૂમલો કેવી અનિષ્ટ ઘટનાઓ ઊભી કરે છે તેના આબેહૂબ વર્ણનમાં તત્કાલીન સાંસ્કૃતિક અમર ચિત્ર પ્રાપ્ત થાય છે. આથી આવાં વર્ણનોથી આ મહાકાવ્યની સાંસ્કૃતિક મહત્તા વધી જાય છે.

**સર્ગ ૫**માં લાટરાજા શંખ અને મંત્રી વસ્તુપાલની વચ્ચેનું યુદ્ધ અને બંને પક્ષના યોદ્ધાઓનાં નામ સાથેનો પરિચય તે સમયની ઐતિહાસિક વિગતોમાં ઉમેરો કરે છે.

**સર્ગ ૬**માં વિજયી મંત્રી વસ્તુપાલનો સ્વનગરી ખંભાતમાં પ્રવેશ અને નગરજનોના ભવ્ય સ્વાગતનું વિસ્તૃત વર્ણન છે. એમાં સાંસ્કૃતિક રેખાચિત્રો રજૂ થયાં છે. મધ્યાહ્ન કાળ દ્રાક્ષામંડપમાં કાવ્યગોષ્ઠી કરવામાં વિતાવીને સાંજ થતાં તે પોતાને નિવાસસ્થાને પાછો ફર્યો એમ જણાવીને એ સર્ગ પૂરો થાય છે.

**સર્ગ ૮-૯**માં અનુક્રમે ચંદ્રોદય, રાત્રિ અને સુપ્રભાતનાં વર્ણનો આવે છે. એક વાર અરીસામાં એક શ્વેત વાળ મંત્રીના જોવામાં આવ્યો. તે પછી વૈરાગ્ય અને શાંત ભક્તિભાવ અને ધાર્મિકતા તેનામાં ઊભરાવા લાગ્યાં, તેવા

વિચારો રજૂ થયા છે. અને છેલ્લે મંત્રીએ તીર્થયાત્રા કરવાનો નિશ્ચય કર્યો, એમ દર્શાવાયું છે.

**સર્ગ ૯**માં મહામાત્ય વસ્તુપાલની ભવ્ય સંઘયાત્રાનું વિસ્તૃત વર્ણન આવે છે. તેમાં રસ્તામાં આવતાં ધાર્મિક સ્થાનકો, મંદિરનાં દર્શન અને મુકામો, નવાં બાંધકામ અને જીર્ણોદ્ધાર, દાન અને પૂજા વગેરેનાં વર્ણનો ઐતિહાસિક ભૂગોળ પર પણ પ્રકાશ પાડે તેવાં છે અને સાંસ્કૃતિક અભ્યાસ માટે અગત્યનાં છે.

(૩) **ઉલ્લાઘરાઘવ નાટક ઉર્ફે રામ નાટક** : આ આઠ અંકના નાટકમાં

પ્રસ્તાવનામાં કવિનો, કથાનકનો પરિચય સીતા સ્વયંવર પૂરો થયા પછીના પ્રસન્ન વાતાવરણથી નાટકની શરૂઆત પ્રથમ અંકમાં થાય છે. અને રામના રાજ્યાભિષેક સુધીનું કથાનક તેમાં રજૂ થયું છે.

(૪) **રામશતક** : તેમાં રામજન્મથી રામ અયોધ્યા પ્રત્યાગમન સુધીના નાના-મોટા પ્રસંગો ભક્તિભાવપૂર્વક આલંકારિક શૈલીમાં ૧૦૨ શ્લોકમાં રજૂ થયા છે.

(૫) **કર્ણામૃતપ્રપા**-એ લક્ષ્મી, કામ, દેવાળિયો, શ્રીકૃષ્ણ પ્રાર્થના કુનરેન્દ્રનિંદા, કલિ, ચર્પટપંજરિકા ઇત્યાદિ વિવિધ વિષયો પર રચાયેલાં સુભાષિતોનો સંગ્રહ છે.

(૬) તેજપાલે અર્બુદગિરિ પર બંધાવેલા **નેમનાથ ચૈત્ય નિર્માણ પ્રશસ્તિ;**

(૭)-(૮) **ગિરનાર પરના** છ શિલાલેખો પૈકી બે શિલાલેખોમાં આવતાં પદ્યોમાં વસ્તુપાલ-તેજપાલની પ્રશસ્તિ;

(૯) ડભોઈની વીસલદેવે જીર્ણોદ્ધાર કરાવેલા **વૈદ્યનાથ પ્રાસાદની પ્રશસ્તિ;**

(૧૦) **શત્રુંજય પરના** બે શિલાલેખોમાંના કેટલાક પ્રશસ્તિ શ્લોકો અને

(૧૧) **વસ્તુપાલ-તેજપાલ** ગુણ **પ્રશસ્તિ.** આ ઉપરાંત સોમેશ્વરે અર્ધાયામમાં એક મહાપ્રબંધ-એક નાટક રચ્યાનો તથા ધોળકામાંના વીરનારાયણ પ્રાસાદની પ્રશસ્તિ રચ્યાનો ઉલ્લેખ મળે છે, તે હજી સુધી ઉપલબ્ધ નથી. આ ઉપરાંત જૈન પ્રબંધો અને સમકાલીન સાહિત્યમાં સોમેશ્વરરચિત શ્લોકો ઉદ્ધૃત થયેલા નજરે પડે છે.

## પાદટીપ

૧. ડૉ. વિભૂતિ વિક્રમ ભટ્ટ, 'ગુર્જરેશ્વર પુરોહિત કવિ સોમેશ્વર જીવન અને કવન'.
૨. એ જ લેખિકાના 'સુરથોત્સવ—એક પરિશીલન', અને 'ગુજરાતનું ઐતિહાસિક મહાકાવ્ય', 'કીર્તિકૌમુદી—એક અનુશીલન'.

# પ્રકરણ ૨

## કથાનક

આરંભે શ્રીકૃષ્ણની વંદના આવે છે કે "શ્રીકૃષ્ણને નમન હો, જેમને નમવાથી સંસારરૂપી કાદવમાંથી મુક્તિ મળે છે. કાલિન્દીના કિનારે વિહાર કરતા શ્રીરાધાકૃષ્ણ આપણું રક્ષણ કરે." ઇત્યાદિ. નાન્દી પૂરી થયા પછી સ્થાપક પ્રવેશીને જણાવે છે કે 'આ આહ્લાદક શરદ ઋતુ ચાલે છે તો શ્રી દ્વારકાધીશ સમક્ષ આ દેવઊઠી એકાદશીના શુભ પર્વ નિમિત્તે બધે ઠેકાણેથી એકઠા થયેલા ભાવિક ભક્તોની આગળ રામચંદ્રજીનું ચરિત્ર ભજવીને મારી જાતને ધન્ય બનાવું' એમ વિચારીને તે નેપથ્યમાંથી નટીને બોલાવે છે. તેઓ બંનેના સંવાદ પરથી નાટકના કર્તા–કુમારપુત્ર શ્રી સોમેશ્વરદેવ નામના બ્રાહ્મણે રચેલા 'ઉલ્લાઘરાઘવ' નામના નાટકને ભજવવાનું યોગ્ય છે એમ સૂચવાયું છે. વસિષ્ઠ કુલના સોમેશ્વરદેવ, જેને ચૌલુક્ય રાજા માન આપતા અને રઘુવંશીય શ્રી દાશરથીના કુલ ગોર પણ વસિષ્ઠ ! કેવો જોગાનુજોગ ! અને વિદ્વાન બ્રાહ્મણમંડળી એ નાટકના પ્રેક્ષકો–સામાજિકો–તરીકે ઉપસ્થિત છે. નટી પોતાની પુત્રી સાસરે વિદાય થવાથી ઉદ્વિગ્ન છે. તેથી તેને મનુષ્યતપના શુભાશુભની રચનામાં વિધિ જ સર્વશક્તિમાન છે એમ દિલાસો આપીને મુખ્ય અંકની કથાનું સૂચન કરી દે છે.

**પ્રથમ અંક**માં વત્સરંગમંગલ નામનો નટ શતાનંદની ભૂમિકામાં પ્રવેશે છે. એ જનક રાજાનો પુરોહિત છે. રામના શિવધનુષ્યભંગના પરાક્રમથી અને અને સીતાજીના સ્વયંવર અને વિવાહથી જનકરાજા અતિ પ્રસન્ન છે. તેવામાં સીતાજીને લઈને વિદાય માગવા માટે રામ–લક્ષ્મણ પ્રતિહારી સાથે પ્રવેશે છે. દૂરથી જ તેમને જોઈને પુત્રી વિદાયને લીધે જનક રાજા દુઃખી થઈને પોતાનું વાત્સલ્ય અને પુત્રીવિદાયનું દુઃખ વ્યક્ત કરે છે અને વૈશ્વાનરને પ્રાર્થના કરે છે, 'મારી પુત્રીના પાલક, રક્ષક અને પિતા બનજો.' (પાતા, પિતા અને પવિતા થજો). શતાનન્દ જનૈયા સાથે પાછા વળતા રામનું માર્ગમાં રાવણ જેવા રાક્ષસોથી રક્ષણ અને કલ્યાણ થાય તેવી શુભેચ્છા વ્યક્ત કરે છે. વિદાયનું મુહૂર્ત વીતી ન જાય તેથી જનક શતાનન્દને કહે છે 'વૈદેહીને વળાવવાનો સમય થયો છે તેથી જલદીથી બોલાવો. એટલામાં આપણે યજ્ઞશાળામાં સીતાને પગે લગાડવા માટે જઈ પહોંચીએ.' આમ વિદાય વેળાએ અગ્નિનારાયણની પ્રદક્ષિણા અને પ્રણામ કરીને સીતા પિતાને

પ્રણામ કરીને વિદાય લેવાની અનુમતી માગે છે. રામ વગેરેને દૂરથી મૂકવા જવા ગયેલા કંચુકીની પાસેથી છેલ્લા સમાચાર જાણવા માટે જનક અને શતાનન્દ યજ્ઞશાળા પાસે રોકાય છે. પાછો આવેલો કંચુકી રામના પરશુરામ પરના વિજયનો પ્રસંગ આબેહૂબ રીતે રામ–પરશુરામના જ શબ્દોમાં રજૂ કરે છે, જેથી જનકનું પિતૃહૃદય ફરીથી શોકમુક્ત થાય છે. રામના વિજયના ખબર કહેવા જનક રાજા અંતઃપુરમાં જાય છે.

**બીજો અંક : વિષ્કંભક :** રાજપુરુષ (વિનયંધર) અયોધ્યાની પ્રભાતકાલીન પવિત્રતાનું ગાન કરતો કરતો પ્રવેશે છે અને ત્યાંની પ્રાતઃકાલીન પ્રવૃત્તિઓનું વર્ણન કરે છે. રાજનગરીને જોતાં જોતાં તે દૂરથી નન્દિભદ્ર નામના રાજકર્મચારીને જોઈને બોલાવે છે. બંને મિત્રો હસ્તધૂનન કરીને પરસ્પર સમાચાર પૂછે છે. અયોધ્યાનગરીમાં પરશુરામ પરનાવિજયનો ઉત્સવ મનાવવાની આજ્ઞા પુરવાસીઓને કહેવા જાય છે અને વસિષ્ઠ ભગવાનને બોલાવવા માટે જાય છે. એમ રાજાની બે આજ્ઞાઓ વિનયંધર નંદિભદ્રને કહે છે. કુમાર રામભદ્રની ભાવિ દૈવની પ્રતિકૂળતા જણાયાથી વસિષ્ઠ ઋષિ તો રાજા પાસે ગયા નહિ, પણ તેમના શિષ્ય જાનૂકર્ણને રાજા પાસે મોકલ્યો.

રામે નન્દિભદ્રને પિતા પાસે સંદેશો લઈને મોકલ્યો છે કે પરશુરામ પર મેં વિજય મેળવ્યો એમાં આટલો બધો ઉત્સવ ઊજવવાનું યોગ્ય નથી, કેમકે તેમને પોતાના ગુણોની લોકપ્રશંસા એક કાકુત્સ્થ તરીકે વધુ પડતી લાગે છે. વસિષ્ઠ મુનિને એકદમ રાજા બોલાવે છે તેનું કારણ સ્પષ્ટ થતું નથી. રાજકુલની આંટીઘૂંટી બહુ સમજાય તેવી નથી હોતી. કદાચ રામના રાજ્યાભિષેકની તૈયારીમાં વિઘ્ન ન આવે તેથી રાજા ઉતાવળ કરતા હશે ? એવો તર્ક કરીને નન્દિભદ્ર રામને બોલાવવા માટે જાય છે. બીજા અંકનું મુખ્ય દૃશ્ય લીલોદ્યાનનાં પ્રસન્ન વાતાવરણમાં શરૂ થાય છે. પ્રતિહારી સાથે રામ મોસાળ ગયેલા ભરતને યાદ કરીને ખિન્ન મનવાળા થયા છે એવી વાતચીત કરે છે અને રામ તથા માલાધર માળી–લીલોદ્યાનની સવારની શોભાનું વર્ણન કરતા કરતા બાગમાં પ્રવેશે છે. ત્યાંથી દ્રાક્ષામંડપ તરફ જતાં રામને પ્રિયમિત્ર માંડવ્ય–વિદૂષક યાદ આવે છે એમ પ્રભાવતી નામની પ્રતિહારીને રામ કહે છે. પ્રભાવતી રામને કહે કે 'તમે જ્યારથી પરશુરામને હરાવ્યા ત્યારથી તે ભીષણ ટંકારના અવાજથી ગભરાયેલો માંડવ્ય ઘણા વખતથી બહાર દેખાયો જ નથી ?' દૂરથી વાંદરા જેવું આવતું જોઈને રામ માલાધરને પૂછે છે કે 'માલાધર ! આંબા આગળથી તને

મળવા માટે વાંદરા જેવો, કોણ આવે છે?' 'એ તો મારો મિત્ર સોલ્વણ નામનો વાંદરો છે.' એમ માળી કહે છે અને માળી પાસે વાંદરો બેસી જાય છે.

સીતાના આગમનની રાહ જોતા હોય છે તેવામાં સીતા હંસિકા સાથે પ્રવેશ કરતી રામની નજરે પડે છે. હંસિકાએ ખભે પાનની પેટી લટકાવી છે. તે વાનર-વેશવાળા વિદૂષકને જોઈને ગભરાઈને નાસી જવા જાય છે તેવામાં તેની પેટી પડી જાય છે, તે લેવાને બહાને હંસિકા જતી રહે છે. એક બાજુ વિદૂષક અને પ્રતિહારી ઉદ્યાનમાં ફરતાં ફરતાં ઉદ્યાનની શોભાનું વર્ણન કરે છે ત્યાં મધ્યાહ્નના ભોજનનો સમય થવાથી વિદૂષકને ભૂખને લીધે અશક્તિ આવી ગઈ, તેથી પ્રતિહારીનો ટેકો લઈને તે જતો રહે છે. બીજી બાજુ સીતા–રામનું એકાંત દૃશ્ય શરૂ થાય છે. ભ્રમરબાધાથી સીતાજી હેરાન છે, તેમને મુક્ત કરીને રામ પ્રસન્ન કરે છે, તેવામાં વિનયંધરે આવીને રામને તેમના પિતાને મળવા જવાનું જણાવ્યું. તેથી સીતાને કૌશલ્યા માતા પાસે મોકલીને અને માલાધરને તેના કામે જવાનું જણાવીને રામ વિનયંધરને બધા સમાચાર પૂછે છે તેથી વસિષ્ઠે તેમના શિષ્ય જાનૂકર્ણ્ય દ્વારા જે સંદેશો લખી મોકલેલો તે રામ વાંચે છે. તેમાં રાજાને આશીર્વાદ આપ્યાની વાત કરી છે અને ભાવિ વિષે આશંકા વ્યક્ત કરી છે. તેથી રામ વિચારમાં પડી જાય છે. વિનંયધર દેવરાત નામના શિષ્યની રામને યાદ અપાવે છે. તેવામાં જાનૂકર્ણ્યની સાથે દશરથ રાજાનો પ્રવેશ થાય છે. રાજા દશરથ પુત્રને રાજ્યધુરા સ્વીકારીને પોતે નિશ્ચિંત થઈ જવા માટેની ઈચ્છા અને અનુરોધ વ્યક્ત કરે છે. પુત્ર રામ વિનય ભાવે સાંભળી રહે છે દશરથ રાજા ભરતની માતાને કુમાર રામભદ્રના રાજ્યાભિષેકની ખબર આપવા જાય છે અને રામને સીતાની સાથે રાજ્યાભિષેકના વ્રતની તૈયારી કરવા મોકલે છે.

ત્રીજા અંકના પ્રવેશકમાં મંથરા અને સુબુદ્ધિકાની વાતચીત પરથી સૂચન થાય છે કે મંથરાએ કૈકેયીને તેનું અનિષ્ટ ન થવા દેવા માટે, બહુ સમજાવી પણ તે માનતી ન હતી અને કૈકેયીએ મંથરાને સુમંત્રને બોલાવવા મોકલેલી. તે કામ પતાવીને રામને બેસીને રથમાં આવતા જોવા માટે ઊભી હતી. તેવામાં મંથરાને જોઈને સુબુદ્ધિકાએ પૂછ્યું કે તું કયાં જાય છે? ત્યારે મંથરાએ પોતે કૈકેયી પાસે જાય છે એમ કહ્યું. અને તેણે મંથરાને બહુ ખુશમાં હોવાનું કારણ પૂછ્યું ત્યારે તેને ખબર પડી કે કૈકેયીએ તેની વાત માની લીધી તેથી ખુશમાં છે. કૈકેયી તો જરા ય માનતાં ન હતાં, પણ સિદ્ધયોગિનીયી કૃપાર્થે મેળવેલું મોહનમંત્રવાળું પાન કૈકેયીને ખવડાવ્યું તે પછી તે માની ગયાં. સુબુદ્ધિકાને કૈકેયીએ માગવાનાં બે વચનો માગી લીધાં છે. તે વાતથી સુબુદ્ધિકા શોકસાગરમાં ડૂબી જાય છે અને

મંથરા પોતાને મોડું થતું હોવાનું કહીને તિરસ્કારથી ઝડપથી ચાલી જાય છે. મુખ્ય દૃશ્યમાં–સુવર્ણ રથમાંથી રામ નીચે ઊતરે છે. સુમંત્રને બહુ ઉતાવળ છે. રામનું માથું સૂંઘીને કૌશલ્યા સુમંત્રને પૂછે છે કે રામના પિતાને મળવા માટે ઉતાવળ છે કે કુલ-દેવતાના પ્રેમને લીધે ? સુમંત્ર નિત્યકર્મ પરવારીને રાજદરબારે જ ઉતાવળે જવાનું મંથરાએ મોકલેલો કૈકેયીનો સંદેશો કહ્યો. તેથી રામને લઈને જલદી આવ્યો છું. સુમંત્ર સાથે રામ દશરથના પ્રાસાદમાં પ્રવેશ કરે છે તેવામાં જ દૂરથી રામ કૈકેયીના પગે પડીને વીનવતા પિતાને જુએ છે. એ જોઈને રામ કલ્પના કરે છે કે પિતાને વનમાં જવાની ઇચ્છા છે, પણ કૈકેયી તેમને રોકતાં હોય એમ લાગે છે. બાજુમાં મંથરા પણ છે. સુમંત્ર પણ દૂરથી તે બધાના હાવ–ભાવથી રામે કરેલી અટકળને અનુમોદન આપે છે. રાજા કૈકેયીને હાથ જોડીને વિનવે છે. તેવામાં કૈકેયીએ રામના આવ-વાનો સમય થયો જાણીને મંથરાને પોતાની બે આજ્ઞાવાળો પત્ર આપ્યો અને તે ચાલી ગઈ. રામ રાજાને આશ્વાસન આપે છે અને રાજા પાસે કૈકેયીને બદલે મંથરાને જોઈને તેને પિતાના દુઃખનું અને માતાની ગેરહાજરીનું કારણ પૂછે છે. તેના જવાબમાં મંથરા કૈકેયીની બે આજ્ઞાઓવાળો પત્ર અને બે વલ્કલ રામને આપે છે. પહેલાં એ પત્ર રામ મનમાં વાંચે છે પછી તે મોટેથી સુમંત્રને વાંચી સંભળાવે છે. રામને તો એટલું જ દુઃખ છે કે માતાએ પિતાના મુખે તેમના પુત્રને કેમ આજ્ઞા લખી મોકલી ? માતાનું વચન પણ મારે મન ગુરુવાક્ય કરતાં પણ મહત્ત્વનું છે. વનવાસનો અવધિ સુમંત્ર મંથરા પાસેથી જાણે છે. તેવામાં રાજ્યાભિષેકની મંગલ સામગ્રી સાથે સીતાને લઈને કૌશલ્યા તથા સુમિત્રા પ્રવેશ કરે છે. એ ત્રણેય તો અત્યંત પ્રસન્ન છે. તેવામાં નેપથ્યમાંથી છીંકનો અવાજ સંભળાય છે તેથી સુમિત્રાને અપશુકન વરતાય છે, પણ બધું અમંગલ કુલદેવતા દૂર કરે એવી પ્રાર્થના કરે છે. વડીલોની આમન્યા રાખવા માટે સીતા થાંભલાની આડશે ઊભાં રહે છે અને બંને માતાઓ રાજા તરફ જાય છે. દૂરથી જ રાજાની અવદશા જોઈને અને સુમંત્રને પણ દુઃખી જોઈને રાણીઓ ચિંતામાં પડે છે. કૌશલ્યા સુમંત્રને આવા આનંદમય પ્રસંગમાં રાજાની આવી દુઃખાર્દ્ર સ્થિતિ થવાનું કારણ પૂછે છે ભરત–શત્રુઘ્નનાં કુશલ પૂછે છે. તેથી સુમંત્ર ભરતનો રાજ્યાભિષેક અને રામના વનવાસની કૈકેયીની બે આજ્ઞાઓ જણાવે છે, આથી આઘાત અનુભવતાં સુમિત્રા કહે છે કે ભરતને ભલે ગાદી મળે, પણ રામે એવો કયો અપરાધ કર્યો છે કે તે વનવાસનું દુઃખ સહન કરે ? ત્યારે કૌશલ્યા કહે છે કે રામનો વાંક નથી પણ મારો જ અપરાધ છે કે મેં રામને જન્મ આપ્યો. રામની સાથે માતા કૌશલ્યા વનમાં જવા તૈયાર થાય છે; પણ રામ તેમને

સમજાવીને રોકે છે. સીતા કહે છે કે હે દૈવ ! મને મહારાણી થવાનું સુખ દર્શાવીને આ હતભાગિનીને વનવાસ આપ્યો ! ભલે, વિધિનું ઉલ્લંઘન કદી કરી શકાતું નથી.

રામની પિતા એ આજ્ઞાઓ સહર્ષ શિરોમાન્ય કરે છે અને વનમાં તપસ્વી–ઋષિ–મુનિઓની સેવા કરવાનું અને તીર્થોમાં વાસ કરવાનું પુણ્યફળ પ્રાપ્ત કરવા માટે વિધિએ મને મદદ કરી છે એમ જણાવીને પિતાને આશ્વાસન આપે છે. અને સીતા–લક્ષ્મણ સાથે વિદાય લેતી વખતે રામ પિતાને વિનવે છે, 'પિતાએ મારી માતાઓ પ્રત્યે અને તેમાં ય ખાસ કરીને વચલાં–કૈકેયી–માતા પ્રત્યે અને ભરત પ્રત્યે વૈમનસ્ય ન રાખવું". ત્યારે દશરથ રાજા રામને કહે છે કે 'જીવતો રહીશ તો તારું બધું કહ્યું માનીશ.' સીતા પ્રિય પતિ રામની સાથે જ વનમાં જવાની ઇચ્છા કંચુકી દ્વારા કહેવડાવે છે. રાજા સુમિત્રા દ્વારા સીતાને વનમાં ન જવાનું સમજાવે છે, પણ પોતાના પતિ જ્યાં હોય ત્યાં તેને મન વન પણ મહેલ છે એવું જણાવીને પોતાની મક્કમતા વ્યક્ત કરે છે. રામ–સીતાની સાથે લક્ષ્મણ પણ ઊર્મિલાને આંખના ઇશારાથી જ વનમાં સાથે ન આવવાનું જણાવીને, વનમાં વલ્કલધારણ કરીને જવા પ્રયાણ કરે છે.

મહેલની અગાસીમાં શિખાખલ નામનો કંચુકી દશરથ રાજાને વનમાં પ્રયાણ કરતાં રામ–લક્ષ્મણ–સીતાને પૌરજનો કેવી અશ્રુભીની વિદાય આપે છે તેનું વર્ણન કરે છે અને સુમંત્ર કંચુકી દ્વારા વામદેવને સંદેશો પાઠવે છે કે કુમાર ભરતને તેડવા જલદી દૂત મોકલે.

અં. ૪ વિમાન રહેલો કુમુદાંગદ નામનો ગંધર્વ પ્રવેશીને તેના પુત્ર કનકચૂડને લેવા આવ્યો છે એમ જણાવે છે, 'ઇન્દ્રની સંગીતસભામાં પુત્રથી કંઈક ભૂલ થઈ ગયેલી. તેથી ઇન્દ્રે તેને શાપ આપ્યો, "જા દશરથ રાજાના મહેલમાં ક્રીડા પોપટ થઈને પડ." મારી આજીજીને લીધે તેના શાપની મુદત ઓછી થઈ અને રામ જે દિવસે વનપ્રયાણ કરે તે દિવસે તેનો શાપનો સમય પૂરો થશે એમ ઇન્દ્રે પિતાની વિનંતી માનીને કહ્યું.' એટલું જણાવીને તે અયોધ્યા નગરીની, દીનદશા અને તેની શોભા–પવિત્રતાનું વર્ણન કરતો કરતો ચારે બાજુ ફરે છે. એવામાં તેના પુત્રને જુએ છે. ગંધર્વપિતા–પુત્રનો ઘણા સમય પછી મેળાપ થાય છે. પુત્ર પાસેથી દશરથ રાજાના મૃત્યુને લીધે અયોધ્યાનગરીરૂપી વિધવા સ્ત્રી અત્યંત દીન અને લાચાર બની ગઈ છે તેનું વર્ણન કરે છે અને પોતે પણ દીર્ઘ સહવાસને લીધે થયેલી આ મહેલની માયાને લીધે, તે બધું સહેલાઈથી છોડી જવું પોતાને ગમતું નથી એમ કહે છે.

કનકચૂડ દશરથ રાજાના કરુણ આક્રંદ સાથે થયેલા મૃત્યુનું વર્ણન આપ્યા બાદ એક નવી વાત કરે છે. પતિ અને પુત્રના વિયોગથી વિહ્વળ થઈને કૌશલ્યા પોતાના જીવનનો ત્યાગ કરવાનાં હોય એવું લાગવાથી મૈત્રાવરુણે પોતાનાં પત્ની અરુન્ધતી દ્વારા સાંત્વન અપાવ્યું છે: 'વિધિએ તમારા પર જે કરવું હતું તે કર્યું. હવે કેટલાક દિવસો સુખે-દુઃખે પસાર કરી દો. પછી તો પુત્રનું મુખ જોઈને શોક હળવો થશે અને ફરીથી પુત્રવધૂને જોવાથી અને તેની સેવાથી સુખ પામશો. દુ:ખમાં ડૂબેલા મનુષ્યોને માટે આશાનો તંતુ જ જીવવાનું અવલંબન થતો હોય છે.'

ત્યાર પછી કનકચૂડે પિતાને કહ્યું કે પોતાનું પોપટનું શરીર દશરથના મૃત્યુથી દુઃખી ચાકરોએ પાંજરામાંથી છોડી મૂકયું. એટલે તેને સરયૂ નદીના જલમાં ત્યજી દઈને તેણે પોતાનું મૂળ ગંધર્વ સ્વરૂપ પ્રાપ્ત કરી લીધું. અને હું મારે ઘેર જવા નીકળતો હતો તેવામાં ઇન્દ્ર અને યમની નગરીઓ બીજી નગરીઓ સાથે વાતો કરતી કરતી અયોધ્યાનગરી તરફ આવતી જોઈ. અમરાવતી બીજી રાજધાનીને કહેતી હતી: 'સખિ સંયમિનિ! અયોધ્યાને સાંત્વન આપવા મનુષ્ય અને દેવોની બધી નગરીઓને આવતી જોઈ, પણ ત્યાં એકલી લંકા ન આવી.' જેના જવાબમાં બીજીએ કહ્યું, 'મેં તેને બોલાવેલી તો તે આવી અને પોતાના પતિ રાવણના ગર્વને લીધે બીજા બધાને તુચ્છ ગણતી હોય એમ કહેવા લાગી: 'સખિ! રાક્ષસોની વિરોધી અયોધ્યાની સાથે મારે શી લેવાદેવા? હું તો નહિ આવું.'

પછી કનકચૂડે કહ્યું, 'દેવનગરીઓ પોતપોતાને સ્થાને ગઈ ત્યારે શત્રુઘ્ન સહિત ભરતને અયોધ્યા તરફ આવતા મેં જોયા. તેમને તો આ બધા શોકજનક સમાચારની ખબર પણ ન હતી. ભરતે ચિંતાકુલ થઈને શત્રુઘ્નને પોતાનું દુઃસ્વપ્ન જણાવ્યું કે "અત્યારે તો ખરાબ સ્વપ્નના વિષથી અને રામરાજ્યાભિષેકના અમૃતથી હું એક જ સમયે સમ-વિષમ લાગણીઓ અનુભવું છું." એમ કહીને ભરતે પોતાનું દુઃસ્વપ્ન શત્રુઘ્નને જણાવ્યું, "સ્વપ્નામાં મેં પિતાને પોપટી(કાળી) સ્ત્રીને ભેટતા જોયા અને માતાનું મુખ કોઈકે કાળું કરેલું. છાણના તળાવમાં રઘુપતિને ડૂબેલા અને સીતાજીને તેલવાળા થયેલાં જોયાં. હવે કહો. આ શું હશે?" શત્રુઘ્ને કહ્યું કે શિવ અને વિષ્ણુના સંકીર્તનથી કુટુમ્બમાં આવી પડનાર આપત્તિ શુભકારક થઈ જાય તો સારું. પછી અશ્રુપૂર્ણ નગરજનોને ભરત-શત્રુઘ્નને જોયા અને બહુ દુઃખી થયા.' ત્યાર પછી કનકચૂડે ભરતનો શોક વર્ણવ્યો છે. અને ભરત અને શત્રુઘ્ન રામને જોવા માટે અયોધ્યામાં પ્રવેશ્યા વિના જ ગયા. અને આ બંને ગંધર્વો વિમાનમાં સ્વનગરીએ જવા નીકળ્યા.

વિમાનમાંથી નીચે જોતાં જોતાં કનકચૂડ પિતાને અયોધ્યાની વાવડી, સરયૂ નદી, તમસા નદી અને મંદાકિની નદી બતાવે છે. ગંગાનો પવિત્ર કિનારો અને જાહનવી તટે રામે સીતા અને લક્ષ્મણ સાથે એક રાત વિતાવી હતી તે ઇંગુદીવૃક્ષ બતાવે છે. અને શૃંગબેર નગરી જોઈને બંને વિમાનમાંથી નીચે ઊતરે છે. કેમકે ત્યાં દૂરથી એ નગરીમાંથી આવતો કોઈક માણસ તેમના જોવામાં આવ્યો.

એ પુરુષ પાસેથી બંને ગંધર્વો થોડાક સમાચાર મેળવે છે. રામના પ્રિય મિત્ર ગુહ એ શૃંગબેરનગરનો રાજા છે. તેણે કૈકેયી પુત્રને રામનું અહિત કરનારો હોવાનું ધાર્યું પણ પછી તો ભરતને ખૂબ મદદ કરી અને સાંત્વન આપ્યું. એટલું જાણીને બંને ગંધર્વો પાછા વિમાનમાં બેસીને આકાશમાં આગળ વધ્યા અને પુરુષ ચાલ્યો ગયો.

હવે વિમાનમાંથી કનકચૂડે ચારે બાજુ નજર ફેરવતાં ફેરવતાં પોતાના પિતાને કાલિન્દી નદી બતાવીને પ્રણામ કર્યા પછી પ્રયાગની પવિત્રભૂમિ, તેના કિનારે આવેલા ભરદ્વાજનો આશ્રમ જોઈને તેઓ ફરીથી નીચે ઊતર્યા અને પ્રયાગભૂમિ અને ગંગાને પ્રણામ કરીને કિનારે ફરતા હતા અને ચિત્રકૂટ તરફ જવા નીકળતા હતા તેવામાં તેઓએ એક મુનિકુમારને જોયો. મુનિકુમારે તે ગંધર્વ-પિતા-પુત્રને બહુજ આબેહૂબ રીતે રામ-ભરત મેળાપનો પ્રસંગ વર્ણવી બતાવ્યો.

ભરતની દુઃખી અને લાચાર પરિસ્થિતિ પામી જઈને ભરદ્વાજ ઋષિએ ભરતની મનોદશાનું આબેહૂબ વર્ણન રામને આ રીતે લખી મોકલ્યું. 'ભરત ઊંચે જુએ તો પોતાના કુલગુરુ સૂર્ય નારાયણ (રામ) દેખાય છે, નીચે જુએ તો ધરતી જેમને ધારણ કરે છે તે સીતાની યાદ આવે છે, જો નેત્રોને બધી દિશામાં ફેરવે તો બધે સત્પુરુષો (રૂપ રામ) જ દેખાય છે. હે રામ! ભરતની આવી લજ્જાયુક્ત મનોસ્થિતિ તમે જોશો. તે કંઈ ખાતો નથી, કોઈ સાથે બોલતો નથી, ઊંઘતો નથી. કામ પૂરું થાય એટલે સૂનમૂન બેસી રહીને આંસુ સાર્યાં કરે છે.' આવો પત્ર રામ વાંચે છે કે તરત જ પોતાનાં કુટુંબીજનોને મળવા તથા સીતા અને સૌમિત્રીના સખા રામ જાતે મળવા માટે સામા દોડી ગયા. તે વખતે શોકાકુલ શિષ્ટવર્ગના લોકો "હા તાત! હા પ્રિય! હે રાજા! હે પુત્ર!" વગેરે સંબોધતાં રુદન કરતા હતા અને ભરત અને રામને ભેટતા જોઈને લક્ષ્મણ પોતાની જાતને કહેતો હતો કે 'લક્ષ્મણ! તું પણ આંખો મીંચી લે, કે જેથી પાપી એવા તને જોઈને એ પાપમાં ન પડે.' 'તમને જોઈને હવે હું સેવા અને સત્કાર્યનું ફળ ભોગવીને સદ્ભાગી બનું" એવી દીન વાણી બોલતા.

ભરતે રામને શરભંગ ઋષિએ આપેલી પાદુકાઓની ઉપાસના કરવી અને શત્રુઘ્ને સાકેતનું રક્ષણ કરવું. રામે પોતાના વચન–પ્રતિજ્ઞા પ્રમાણે ૧૪ વર્ષનો વનવાસ કરવો. ત્યારબાદ જટાવલ્કલ ધારણ કરીને જાનકીવલ્લભને અશ્રુપૂર્ણ નેત્રે પ્રણામ કરીને પાદુકાઓ લઈને અયોધ્યા પાછા જવાની અનુમતિ લીધી. પછી લક્ષ્મણને ભેટીને વૈદેહીને પ્રણામ કરીને ભરતે પાછા જવા માંડ્યું ત્યારે સીતાએ ઉચ્ચ તાર સ્વરે એવું રુદન કર્યું કે પક્ષીઓ ઉદ્વેગ પામીને વૃક્ષોને છોડવા લાગ્યા અને પર્વત પણ પોતાની નદીઓના–ઝરણાના–બહાને આંસુ સારવા માંડ્યો ..પછી ભરત–શત્રુઘ્ન સૈન્યસહિત પાછા ફરે છે. એવામાં નેપથ્યમાં થતા કોલાહલને બે ગંધર્વો અને મુનિકુમાર ધ્યાનથી સાંભળે છે. મુનિકુમાર ગંધર્વોને કહે છે કે વનમાં હમણા રાક્ષસો મુનિઓને બહુ ત્રાસ આપે છે. કોઈક રાક્ષસ રામની સાથે યુદ્ધ કરતો હોય એવું લાગે છે. હમણા થોડા વખત પહેલા જ તપોવનનું અનિષ્ટ કરતા વિરાધનો રામે વિનાશ કર્યો. આ શુભ સમાચાર મુનિજનોને આવીને ખુશ કરવા મુનિકુમાર ચાલ્યો જાય છે. અને જતી વખતે તે પોતે ભરદ્વાજનો શિષ્ય સુયક્ષ હોવાનો પરિચય આપે છે. રામ રૂપ ધારણ કરતા નારાયણના દર્શન કરીને પુણ્ય મેળવવા માટે બંને ગંધર્વો રંગભૂમિ પર ફરે છે એવામાં સંભ્રાન્ત ચિત્તવાળા ધનુષ્યધારી રામ–લક્ષ્મણ અને ભયથી કંપતી સીતા અને નમસ્કાર કરતો દિવ્ય પુરુષ પ્રવેશે છે. દિવ્ય પુરુષે રામનું ગુણસંકીર્તન કર્યું, અને તુંબર નામનો પોતે ગંધર્વ ઇન્દ્રના શાપથી રાક્ષસપણાનું દુઃખ અનુભવતો હતો. તે હવે શાપ મુક્ત થયો અને પોતાના ભાઈ કુમુદાંગદ અને ભત્રીજા કનકચૂડને પણ મળી શક્યો તેનો આનંદ વ્યક્ત કરે છે અને રામદર્શનથી ધન્યતા અનુભવે છે. વિરાધ રાક્ષસનાં સ્પર્શથી ગભરાયેલાં સીતા આ ગંધર્વ કુટુંબનો મેળાપ જોઈને બોલી ઊઠે છે, ‘આ રીતે આપણા સ્વજનોનો ક્યારે મેળાપ થશે ? સંધ્યા કરવાનો સમય થવાથી રામ બધાને આશીર્વાદ આપીને જાય છે.

**પાંચમા અંક**ના વિષ્કંભકમાં મારીચ જણાવે છે કે તપ કરનારાઓનો પણ વિઘ્નો કેડો છોડતા નથી. રાવણે જાતે આવીને રામને દગો કરવાનું મને જણાવ્યું છે. રામ ચિત્રકૂટથી નીકળ્યા ત્યારથી માંડીને અત્રિ મહર્ષિએ તેમનો સત્કાર કર્યો, અનસૂયાએ વૈદેહીને શાશ્વત અંગરાગ અને વસ્ત્રો વગેરેનું દાન કર્યું, ભગવાન અગસ્ત્યે દિવ્ય આયુધો રામને આપ્યાં, પંચવટીમાં આવેલી શૂર્પણખાને રામે મુખના અવયવો વિનાની કરી દીધી. નગરમાં રહેતા રાક્ષસોને યમનગરીના મહેમાન બનાવી દીધા. હવે રાક્ષસેન્દ્રની વિનંતીને માન આપવા-મારે શું કરવું ?

રામના હાથે મરીને મુક્તિ લેવી એ વધુ સારું છે. રાવણનું ન માનીને તેનાથી મરવું અને અપયશ વહોરવો તે તો યોગ્ય નથી, કેમકે શૂર્પણખાના ખર વગેરે ભાઈઓને રામે હણ્યા તેથી મારીચને શરમ આવે છે, ક્રોધ થતો નથી. તેમની પત્નીના અપહરણનું હજી કામી રાવણ વિચારે છે! હવે મારીચ પોતાને રાવણે સોંપેલું કાર્ય કરવા જાય છે.

રાવણ સીતાથી મોહિત થયેલો પ્રેમાલાપ કરતો પ્રવેશે છે અને ઉદ્યાનમાં કોકિલ, પવન, સહકારવૃક્ષ વગેરેને સંબોધન કરે છે અને ઘોરાક્ષને પૂછે છે કે એ ક્ષત્રિય બટુકોને સીતાથી મારીચે વેગળા કર્યા કે નહિ? ત્યારે ઘોરાક્ષે જણાવ્યું કે કાંચનમૃગનું રૂપ લઈને મારીચ સીતા આગળ ફરવા લાગ્યો તેવામાં જ સીતાએ તેને જોઈને કુતૂહલથી રામને તેનું ચિત્રચર્મ લેવાની ઈચ્છા વ્યક્ત કરી અને તે લેવા માટે ભાથા સાથે ધનુષ્ય લઈને રામ દોડયા અને રામના ધનુષ્યથી ઘવાયેલો મારીચ માયાવી રીતે રામના અવાજમાં પોતાને બચાવવા માટે લક્ષ્મણ ને બોલાવે છે. અને મારીચ મૃત્યુ પામે છે. રામ અને લક્ષ્મણ પણ દૂર ગયા હોવાથી એકલા પડેલાં સીતાજીને દૂરથી ઘોરાક્ષ રાવણને દર્શાવે છે. ઘોરાક્ષ દૂરથી ખાનગીમાં સીતાના રાવણ સાથેનો સંવાદ સાંભળે છે તથા સીતાનું અપહરણ કરતાં રાવણને જુએ છે! તે પછી રામના આગમનની રાહ જોતાં અને ચકિત થયેલાં અંતઃકરણવાળા સીતા પ્રવેશીને વનદેવતાઓને લક્ષ્મણયુક્ત રામ સકુશલ પાછા આવી જાય તેવી પ્રાર્થના કરે છે. તેવામાં રાવણ એકદમ સીતાની પાસે જઈને બૂમ પાડીને કહે છે, 'અતિથિનો સત્કાર કરનાર કોઈ છે કે?'

એ સાંભળીને એકદમ ચમકી જઈને વેગથી અને મોટેથી બોલી ઊઠે છે, 'અહીં કોણ અતિથિ આવ્યો?' તરત તેને બેસવા માટે સીતા આસન આપે છે. સીતાને અનુરાગથી જોતો રાવણ તેના સૌંદર્યનું વર્ણન કરે છે અને પોતાને વરવાનું કહે છે, તેને માટે લાલચ આપે છે, પણ તેનાથી ન માનતાં સીતાજી રાવણને ધમકી આપે છે, 'લક્ષ્મણનો મોટો ભાઈ આવે તે પહેલાં તું તારો જીવ બચાવવાને ચાલ્યો જા.' અને કમલપત્રના પડિયામાં સીતા રાવણને પાદ્ય અર્પે છે. તે વખતે તો દૂરથી સીતાને જોઈને ઘોરાક્ષ પણ કામાસક્ત બની જાય છે અને ઘોરાક્ષ કહે છે, 'રાવણ તેમાં આસક્ત થાય તેમાં શું આશ્ચર્ય?' સીતાનું અપહરણ કરીને રાવણ જાય છે ત્યારે દુઃખાકુલ થયેલાં સીતાજી "હે આર્યપુત્ર! હે લક્ષ્મણ! હે તાત દશરથ! હે કૌશલ્યા માતા! આ અનાથને દુષ્ટ રાક્ષસ ઉપાડી જાય છે, હે ભગવાન લોકપાલો! હે વનદેવતાઓ! દુષ્ટ રાક્ષસથી અપહરણ કરાતી

મને બચાવો.” એ બૂમો સાંભળીને જટાયુને થયું, ‘મારા મિત્ર દશરથ રાજાની પુત્રવધૂનું અપહરણ થાય છે એમ લાગે છે માટે મારે તેને બચાવવી જ જોઈએ.’ એ પછી રાક્ષસરાજ રાવણ સાથેની જટાયૂની ઝપાઝપી અને રાવણના ચંદ્રહાસ ખડ્ગથી જટાયૂની પાંખો કપાઈ જાય છે અને તે પૃથ્વી પર પડે છે. વિજયનું અટ્ટહાસ્ય કરતો રાવણ સીતાને લઈને ચાલ્યો જાય છે.

હવે ધનુર્ધારી રામ આશ્ચર્યથી વિચાર કરતા કરતા પ્રવેશે છે, ‘માયાવી મૃગ મારા વાયવ્યાસ્ત્રથી વીંધાયો એટલે મારીચ થઈ ગયો! અને તેણે રામનું દર્શન કર્યું’, અને પોતાના રક્ષણ માટે લક્ષ્મણની બૂમ કેમ પાડી?’ રામને દૂરથી આવતા જોઈને છૂપી રીતે ઘોરાક્ષ ચાલ્યો જાય છે અને રામ એ જ વિચારમાં ફરતા હોય છે. એવામાં ચિંતા અને વેગથી લક્ષ્મણ આવીને રામને કહે છે, ‘ગભરાયેલાં દેવીનાં ગમે તેવાં વચનોમાં આવી જઈને મેં તમારું ન માન્યું.’ તો રામ કહે છે, ‘શું થઈ ગયું?’ ત્યારે લક્ષ્મણે કહ્યું, કે ‘તમારા જ અવાજમાં “લક્ષ્મણ! મને બચાવ” એવી બૂમ સાંભળીને દેવીએ ‘તમારો જ અવાજ છે, એવો ભ્રમ થવાથી મને જલદીથી તમારી પાસે જવાની આજ્ઞા કરી, પણ મેં થોડી આનાકાની કરી તેથી અયોગ્ય વાણી કહી કે જેથી મારે દેવીને મૂકીને આવવું પડ્યું.’ લક્ષ્મણનું કહેવું સાંભળીને રામને તરત મનમાં પ્રકાશ થાય છે કે નક્કી એ માયાવી કાંચનમૃગધારી મારીચની જ કંઈક જાળ લાગે છે.

તે પછી રામલક્ષ્મણ વનમાં સીતાની શોધ કરે છે. અશ્રુસારતા રામ સીતાનાં સંભારણાં લક્ષ્મણને દર્શાવે છે. દુઃખી રામ લક્ષ્મણને અયોધ્યા પાછા જવાનું કહે છે અને પોતે તપસ્વી વેશે બાકીનું જીવન વનમાં જ પૂરું કરવાની ઇચ્છા લક્ષ્મણને દર્શાવે છે. પણ રામને છોડીને લક્ષ્મણ ક્યાંય જવા તૈયાર નથી એમ જણાવે છે. તેવામાં દૂરથી લોહીથી ખરડાયેલા જટાયુને જોઈને લક્ષ્મણને આશંકા થાય છે કે નક્કી આ જ સીતાને ખાઈ ગયો લાગે છે! સીતાને સંભારતા રામ મૂર્ચ્છિત થઈને પડી જાય છે. લક્ષ્મણ તેમને સાંત્વન આપે છે. લક્ષ્મણ એ ઘવાયેલા પક્ષીરાજને મારવા તૈયાર થાય છે. પણ રામ તેને રોકે છે અને તે પક્ષી પાસે બંને જાય છે. ઘવાયેલો દુઃખી જટાયુ પ્રવેશે છે અને પોતાના મિત્રનું કાર્ય થઈ ન શકવાથી અફસોસ વ્યક્ત કરે છે. લક્ષ્મણ તેને મારી નાખવા પડકારે છે ત્યારે તે દુઃખ અને ક્રોધના આવેશમા ‘પોતે દશરથ રાજાના મિત્ર હોય ત્યાં સુધી રામવધૂને ઉપાડી જવાની તારી હિંમત કેમ થાય છે?’ એમ કહે છે. આ રીતે બૂમો પાડતા ઘવાયેલા તે જટાયુને પોતાના પિતાના મિત્ર જાણીને તેની પાસે જાય છે અને તે રાવણ સીતાને ઉપાડી ગયો છે વગેરે વૃત્તાંત કહે છે અને

રામદર્શનથી પોતે મુક્તિ પામે છે અને તેમને પંપાસરોવર તરફ જઈને શ્રવણા શબરીને મળવાનું અને પછી ઋક્ષમૂક પર્વત પર રહેલો સુગ્રીવ તમારું વાંછિત પૂરું કરશે એવા આશિષ અને સૂચના આપે છે.

**અંક ૬ : વિષ્કંભક:** આ અંકનો વિષ્કંભક માલ્યવાન્ અને સારણના સંવાદરૂપે છે. માલ્યવાન્ પ્રવેશીને રામના અદ્ભુત પરાક્રમનું વર્ણન કરે છે. કાકુત્સ્થ સૈન્યને જોઈને આવેલા સારણ પાસેથી તે કેટલાક સમાચાર જાણવા ચાહે છે. તેથી તેણે માલ્યવાને વિદ્યુજ્જિહ્વ પાસેથી વાલિવધના પ્રસંગથી માંડીને વિભીષણ રામના પક્ષમાં ભળી ગયો છે ત્યાં સુધીના રામ–પક્ષના સમાચાર જાણી લીધા છે, એટલે તે પછીના સમાચાર જાણવાનું તે સારણને કહે છે. શરૂઆતમાં સારણ માલ્યવાન્‌ને વાલિના વધનું કારણ પૂછે છે. હનુમાનના સમુદ્રોલ્લંઘનના અદ્ભુત પરાક્રમની સારણ પ્રશંસા કરે છે અને માલ્યવાન્ તેની વાતમાં સૂર પુરાવે છે. ત્યારબાદ વિભીષણને રાવણ સાથે શાથી મતભેદ થયો અને તે કેવી રીતે રામના પક્ષે ભળી ગયો તે સઘળો વૃત્તાન્ત સારણને માલ્યવાન્ કહે છે. આ જાણીને સારણ સ્વામી રાવણના દુર્દૈવની ચિંતા કરે છે.

હવે સારણ માલ્યવાન્‌ને રાવણ પક્ષના કેટલાક સમાચાર જણાવે છે. રાવણે તેને શુકની સાથે છૂપા વેષે રામસૈન્યમાં ફાટફૂટ પડાવવા અને વિગતો જાણી લાવવા માટે મોકલેલો. તેથી તેઓ બંને (શુક–સારણ) વાનરવેષે રામ–સૈન્યની છાવણી આગળ પહોંચે છે, પણ વિભીષણ તે બંનેને ઓળખી લે છે. તેના કહેવાથી તે બંને વાનરોને પકડીને રામ આગળ હાજર કરવામાં આવે છે અને બધા તેમનો વધ કરવાનું જ રામને જણાવે છે. પણ રામ પ્રણામ કરનારાં તે બંનેને બંધનમુક્ત કરવાની અને દૂત તરીકે તેમનું કાર્ય કરવાની છૂટ આપે છે. આમ રામ–સૈન્યમાંથી જીવતો છૂટેલો સારણ રામની સ્તુતિ કરે છે. લંકા તરફ પાછા ફરતા તે બંને મારફત લક્ષ્મણ રાવણને સંદેશો પાઠવે છે કે "જો રાવણ સીતાને રામને પાછી નહિ સોંપે તો આ સુગ્રીવના ક્રોધ અને શક્તિનો બરાબર ખ્યાલ રાખે." લક્ષ્મણનો આ સંદેશો કહેવા માટે શુક રાવણ પાસે ગયો છે અને પોતે (સારણ) અત્યારે માલ્યવાન્ પાસે આવ્યો છે.

હવે રામે અંગદને અંગત સંદેશો લઈને રાવણ પાસે મોકલ્યો છે એ વાત યાદ આવતાં સારણ તે વિશેની વાત જાણવા તેઓ બંને રાવણની સભામાં જવા નીકળે છે ત્યાં વિષ્કંભક પૂરો થાય છે.

મુખ્ય દૃશ્ય :

હવે અંકનો મુખ્ય ભાગ શરૂ થાય છે. શુક રાવણુને લક્ષ્મણે મોકલેલો સંદેશો કહી સંભળાવે છે તેથી રાવણુ અકળાઈને કુપિત થાય છે, પરંતુ શુક રાવણુને સીતાના વિરહી તાપસ (રામ)ની વાણી ન ગણુકારવાનું કહીને શાંત પાડે છે. સીતાનું નામ સાંભળતાં જ રાવણુ સીતાના ખ્યાલમાં ખોવાયેલો હોય છે. તેવામાં રામના દૂત તરીકે અંગદ પ્રવેશે છે.

અંગદ રાવણુને રામનો સંદેશો કહી સંભળાવે છે કે "મને સીતા માન-પૂર્વક સોંપી દે અને વિભીષણુને પ્રેમપૂર્વક તારી પાસે પાછો લઈ જા." રામનું નામ સાંભળતાં જ રાવણુ જેટલાં વચનોથી રામને ઉતારી પાડવાનો પ્રયત્ન કરે છે તેટલી જ સચોટ રીતે "વિષ્ટિકાર અને ધર્મપક્ષીય અંગદ રાવણુને ઉત્તર આપે છે અને રાવણુની શરમજનક બીનાઓ ખુલ્લી પાડે છે. અંગદની સચોટ વાણીથી રાવણુ મનમાં ભય અનુભવે છે(શ્લો. ૧૭)। છેવટે અંગદ રાવણુને ચેતવણી આપે છે કે "અમે જે કરીએ તે તું જોજે." શિવની કૃપા પર જીવનાર ! વાલીની બગલમાં દબાનાર યુયુત્સુ (!) રાવણુને વાલિપુત્ર અંગદ મક્કમતાથી પોતાની યુદ્ધની યારી જણાવીને ચાલ્યો જાય છે (પૃ. ૧૦૮).

એવામાં પથ્યમાં કોલાહલ થાય છે. તેમાં કુમુદ નામે વાનરનાં વચનો પરથી રામના સૈન્યની યુદ્ધ માટેની તૈયારીનું સૂચન થાય છે. બીજી બાજુ રાવણુ પણુ મંત્રી પ્રહસ્તને બોલાવી યુદ્ધની તૈયારીઓ કરવા ફરમાવે છે.

ત્યારબાદ રાવણુ–શુક તથા મંદોદરી–કાદંબરી રામના સૈન્યના યુદ્ધની તૈયારી જોવા માટે અગ્રાશીએ જાય છે. પોતાના ભર્તા બીજે આસક્ત મનવાળા છે અને તે અધર્મનું આચરણુ કરે છે. મંદોદરી એક પ્રકારની ચિંતા અને વ્યગ્રતા અનુભવે છે. રાવણુ તો એટલો બધો ગર્વાંધ છે કે તેને રામની શક્તિનો જરા પણુ ખ્યાલ જ આવતો નથી. મંદોદરીએ જ્યારથી શુક–સારણુ પાસેથી રામસૈન્યનાં સમુદ્રોલ્લંઘનના સમાચાર જાણ્યા ત્યારથી તે ચિંતિત છે.

શુક રાવણુને પોતાના સ્વામીના સ્વભાવ અને શક્તિનો બરાબર ખ્યાલ રાખીને રામ–પક્ષના સુભટોનો પરિચય કરાવે છે. સૌથી પહેલાં તો શુક અને અંગદનો પરિચય આપે છે ત્યારબાદ તે રાવણુને નલ, વાલિપુત્ર અર્બુદ, અંગદ (બીજી વાર), કુમુદ, રંભ, પનસ, વિનત, જામ્બવાન, નીલ, સુષેણુ, કેસરી, શતબલિ, ગવય, સંમાદન વગેરે વાનરોનો વ્યક્તિગત પરિચય આપે છે (શ્લો. ૨૭–૩૬). બધા સુભટોની વિશિષ્ટતા બતાવીને છેવટે શુક હનુમાનને

ઓળખાવતી વખતે સહેજ અટકે છે, એની આગળ બોલવાની હિંમત ચાલતી નથી, પણ શુકનો આશય સમજીને રાવણ શુકની સમસ્યાની પૂર્તિ કરે છે.

ગભરાઈને અટકી ગયેલા શુકને આગળ કંઈ સુઝાડવા માટે વચ્ચે કાદંબરી રાવણનાં વખાણ કરે છે. રાવણને તો એટલી જ જરૂર હતી. તરત રાવણ પોતાનો ગર્વ પ્રગટ કરવા માંડે છે અને ક્રોધાવેશમાં તે વધુ ને વધુ ઉત્તેજિત થઈને બોલવા જતાં તેનાથી એક વાક્ય વિપરીત બોલાઈ જાય છે કે "જીવતાં હું વૈદેહીને નહીં સોંપું. યુદ્ધમાં બાંધવો સહિત રાવણનો વિનાશ થશે એમ જાણે." (શ્લો. ૪૦). એમ "રાઘવ" ને બદલે "રાવણ" એમ રાવણથી બોલાઈ ગયું, પરંતુ શુકે અચકાઈને, રાવણનું તે તરફ ધ્યાન ખેંચતાં રાવણ ફરીથી "રાવણ" ને બદલે "રાઘવ" કહીને ભૂલ સુધારે છે.

હવે શુક સુગ્રીવને રામની સાથે વાતો કરતા વિભીષણને બતાવે છે. તેનું નામ સાંભળતાં જ રાવણ ક્રોધમાં એને "કુલનો અંગારો" કહીને તિરસ્કાર કરે છે અને આગળ જણાવવાનું શુકને કહે છે. તેથી શુક રામ જેટલા તેજસ્વી બળવાન લક્ષ્મણનો પરિચય રાવણને કરાવે છે. રાવણ પહેલાં તો તેનાથી પ્રભાવિત થઈ જાય છે, પણ મંદોદરી આગળ પોતાના બળની બડાઈ હાંકે છે અને પોતાની ચંદ્રહાસ તલવારને શત્રુને જલદીથી વધ કરવાનું કહે છે. તે શત્રુ દુઃશિક્ષિત નર–વાનરોને શિક્ષા કરવા ઊઠે છે અને શુકને વાનરસૈન્યના સમાચાર આપતા રહેવાનું જણાવીને ચાલ્યો જાય છે.

હવે એકલો શુક ઊભો રહે છે અને નેપથ્યમાંથી વાનરોની યુદ્ધની તૈયારીનો પડકાર સાંભળે છે. તેવામાં વિહંગવેગ નામનો દૂત પ્રવેશે છે. વિભીષણની પત્ની સરમાએ વિહંગવેગને રાવણ પક્ષે થયેલી યુદ્ધની તૈયારીની જાણ કરવા માટે વિભીષણ પાસે મોકલેલો શુક તેની પાસેથી દુઃખી સીતાના કુશળ સમાચાર પ્રાપ્ત કરે છે અને વાનરસૈન્યની બાતમી આપવા રાવણ પાસે જાય છે. હવે દૃશ્ય બદલાય છે.

હવે વિહંગવેગ એકલો જ રંગભૂમિ પર છે તેવામાં રામ અને વિભીષણ પ્રવેશે છે. રાક્ષસસૈન્યની સારી રીતે તૈયારી કરીને રાવણ યુદ્ધ માટે આવી રહ્યાના ખબર વિહંગવેગ રામ-વિભીષણને આપે છે અને તે નેપથ્યના કોલાહલ પરથી કુંભકર્ણના જાગ્યાના સમાચાર રામને આપે છે. ત્યારબાદ રામના કહેવાથી વિભીષણ રાવણના પક્ષના યુદ્ધવીરોનો પરિચય આપે છે. પહેલાં તો વિભીષણ સમગ્ર રીતે રાક્ષસસૈન્ય સશસ્ત્ર, યુદ્ધકુશળ શક્તિશાળી અને બહોળું હોવાનું

રામને જણાવે છે. અને એટલાં શસ્ત્રોની અને સંખ્યાની દૃષ્ટિએ એટલી શક્તિ રામની પાસે નથી તેનો પણ રામને ખ્યાલ રાખવાનું સૂચવે છે.

પછી રામના કહેવાથી વિભીષણ દશગ્રીવનો ભાઈ પ્રહસ્ત, નરાંતક, ઇન્દ્રજિત, મકરાક્ષ વગેરેનો પરિચય આપે છે. પછી દૂરથી જ મહાપાર્શ્વ, પ્રતપન, વિરૂપાક્ષ વગેરે રાક્ષસ પોતે અમુક અમુક વાનર સુભટ સાથે યુદ્ધ કરવા તલસી રહ્યા છે તે બતાવે છે. કુંભકર્ણની શક્તિનું વિસ્તૃત વર્ણન કરે છે અને છેલ્લે ત્રિભુવન-વિજયી લંકેશ્વરને બતાવે છે. રામ તેની કીર્તિનો આદર કરે છે.

શત્રુપક્ષની યુદ્ધ માટેની સંપૂર્ણ તૈયારી ચાલુ થઈ ગઈ છે અને રાક્ષસો લઢવા માટે આવવા માંડયા છે તે જોઈ રામ વગેરે તેમનો સામનો કરવા તૈયાર થાય છે.

**અંક ૭ :** મથુરાપતિ લવણાસુરની આજ્ઞાથી કાર્પટિક નામનો જાસૂસ રાવણના યુદ્ધની વિગતો જાણવા માટે આવ્યો છે. પ્રહસ્ત, ધૂમ્રાક્ષ, મહોદર વગેરે મુખ્ય મુખ્ય રાક્ષસોનો વધ કરીને રામપક્ષ ખૂબ જોરમાં છે, પણ વાલિએ રાવણને બગલમાં દબાવેલો, તેનું વૈર રાવણના નાના ભાઈ કુંભકર્ણે વાલિના નાના ભાઈ સુગ્રીવને બગલમાં દબાવીને લંકામાં ઉપાડી લઈ જઈને લીધું તે જાણે છે.

લવણાસુરે કુંભકર્ણની પ્રવૃત્તિ જાણવા માટે અગાઉ મોકલેલા જાસૂસ વૃકમુખને કાર્પટિક બોલાવે છે. કુંભકર્ણે મુષ્ટિના પ્રહારથી સુગ્રીવને બેભાન કરીને લંકામાં ઉપાડી ગયા પછીના સમાચાર કાર્પટિકને વૃકમુખ આપે છે. ત્યારે વૃકમુખ કાપટિકને જણાવે છે કે પછી મૂર્ચ્છિત થયેલા સુગ્રીવે ભાન આવતાં જ કુંભકર્ણના નાક-કાન કરડીને તરત તે રામસૈન્યમાં હાજર થઈ ગયો લાગે છે. આથી કુપિત થયેલો કુંભકર્ણ રામની સામે યુદ્ધ કરવા દોડયો છે(શ્લો. ૩). યુદ્ધમાં રામને હાથે કુંભકર્ણનો વધ થયો છે એ સમાચાર આપ્યા પછી તે ઇન્દ્રજિત અને લક્ષ્મણ વચ્ચેના યુદ્ધના અને તેમાં ઇન્દ્રજિતના વધના ખબરથી દુઃખી થયેલો રાવણ શક્તિપ્રહારથી લક્ષ્મણને મૂર્ચ્છિત કરીને લંકામાં પાછો ગયો છે તેટલા સમાચાર કાર્પટિકને આપે છે. ત્યાર પછીના વૃત્તાંત વિષે કાર્પટિક વૃકમુખને પૂછે છે ત્યારે તે આગળના દુઃખજનક સમાચાર સ્વમુખે કહી શકતો નથી. તેથી તે એક પત્રપટ્ટ પર રામ વિશેનો આગળનો વૃત્તાંત પોતે લખી રાખેલો તે પાટિયું કાર્પટિકને વાંચવા આપે છે.

કાર્પટિક વૃકમુખે લખેલું રામ વિશેનું પાટિયું વાંચે છે અને તેમાંથી મૂર્ચ્છિત લક્ષ્મણને લીધે અત્યંત દુઃખી રામની દશા વિશે જાણે છે.

નિરાશ અને દુઃખી રામને સુગ્રીવ અને વિભીષણ દિલાસો આપે છે તેવામાં જામ્બવાન્ આવીને રામ વગેરેને સમાચાર આપે છે કે તેણે હનુમાનને વિશલ્ય-સંરોહણ નામની ઔષધિ લેવા મોકલ્યા છે. તેથી તેમની રાહ જોવી. એટલામાં નેપથ્યમાંના અવાજથી હનુમાનના આવ્યાના, અને લક્ષ્મણ પુનર્જીવિત થયાના સમાચારથી બધે આનંદ ફેલાઈ જાય છે.

આટલી વાત કાર્પટિક પત્રપટ્ટમાંથી મેળવે છે અને તે પછીનો વૃત્તાંત વૃકમુખ કાર્પટિકને જણાવે છે તેમાં સમબલ રામ-રાવણનું યુદ્ધ એક સ્ત્રીને કારણે થયું તેમ કહીને તે યુદ્ધનું વર્ણન કરે છે અને રાવણની વીરગતિના અને ત્રિલોકમાં રાહતની લાગણીના અનુભવના સમાચાર આપે છે. રામ વિભીષણને રાવણની અંત્યેષ્ટિ ક્રિયા આદરપૂર્વક કરવાનું કહે છે. ત્યારપછી નાટ્યસૂચના દ્વારા કવિએ જણાવ્યું કે રાવણની ઉત્તરક્રિયા કર્યા બાદ, વિભીષણ અને હનુમાન રામની આજ્ઞાથી સુસજ્જિત સીતાને રામની આગળ લઈ આવે છે.

સીતા દૂરથી જ પોતાને જોઈ રહેલા અને જાતજાતના ભાવોવાળા રામને જોઈને તરત મનમાં સમજી જાય છે. તેથી સીતા પોતે જ પોતાના ચરિત્રની કસોટી કરવાની અનુમતિ રામની પાસે માગે છે. રામના ઇશારાથી વાનરો લાકડાં એકઠાં કરે છે. સીતા પોતાના પાવિત્ર્યના શપથ લક્ષ્મણ દ્વારા કહેવડાવે છે, (પૃ. ૧૩૧).

ત્યારબાદ નેપથ્યમાં થતું સીતાની અગ્નિપરીક્ષાનું દૃશ્ય વૃકમુખ અને કાર્પટિક નિહાળે છે અને તેનું વર્ણન કરે છે. પવિત્ર સીતા અગ્નિની પ્રજ્જવલિત જવાલામાંથી પસાર થઈને હેમખેમ બહાર આવ્યાં તે જોઈને કાર્પટિક વૃકમુખને મથુરા જવાનું કહે છે અને પોતે શુધ્ધા સીતાને જોવા માટે જાય છે અને વૃકમુખ ચાલ્યો જાય છે.

ત્યારબાદ વૈશ્વાનર પુત્રી સીતાને ખોળામાં લઈને પ્રવેશે છે. તેમની પવિત્રતા રામને જણાવીને (શ્લો. ૩૦), એનો સ્વીકાર કરવાનું કહીને, સીતાજી રામને સોંપીને અદૃશ્ય થાય છે. પવિત્ર સીતાને જોઈને તેના સૌંદર્યનું વિચિત્ર વર્ણન કરીને કાર્પટિક પોતાના સ્વામીના અભિપ્રાયને અનુરૂપ કાર્ય કરવા માટે, દાશરથીઓને યોગ્ય આવકાર આપવાનો પ્રબંધ કરવા અયોધ્યા તરફ જાય છે. હનુમાન્ સીતાને અગ્નિમાં પ્રવેશ કરાવનાર વિધિને ઠપકો આપે છે તેવામાં રામને વિશિષ્ટ રીતે સંબોધતી અને સીતાનો સ્વીકાર કરવાનું જણાવતી આકાશવાણી થાય છે, ઇન્દ્ર બે-ત્રણ અપ્સરાઓ સાથે દશરથ રાજાને લઈને વિમાનમાં ત્યાં પધારે છે. તેઓ બધા જ રામને નિષ્કલંક સીતાનો સ્વીકાર કરવાનું કહે છે અને આશીર્વાદ

આપે છે કે "ઇન્દ્રની કૃપાથી અપત્યરૂપ મુક્તાફલ આપનારી તામ્રપર્ણી નદી જેવી આ સીતા થશે." (શ્લો. ૩૩). 'સીતા વિશેના આ કુશળ સમાચાર જલદીથી કોઈક યોગ્ય વ્યક્તિ મોકલીને પિતા જનકરાજાને પહોંચાડવા જોઈએ' એમ ઇન્દ્ર રામને જણાવે છે. તે કામ સીતાના ઈશારાથી જ હનુમાન્ માથે લે છે અને લક્ષ્મણ તેની કદર કરે છે. ત્યારબાદ ઇન્દ્ર બધા વાનરોને સજીવન કરીને, દશરથને લઈને પાછા સ્વસ્થાને જાય છે.

અવન્ધ્ય નામનો વૃદ્ધ અમાત્ય આવીને રામને વિભીષણનો રાજ્યાભિષેક કરવાની વિનંતી કરે છે. રામ પણ વિભીષણને તે કુલપુરુષ અવન્ધ્યનું કહ્યું માનવાનું જણાવે છે. વિભીષણ રામની અનુજ્ઞાથી લક્ષ્મણ સુગ્રીવ તથા અન્ય વાનરોને તેમનો સત્કાર કરવા પોતાની રાજધાનીમાં લઈ જાય છે. તેથી રંગભૂમિ પર રામ–સીતા એકલાં પડે છે. તેઓ પરસ્પર પોતાનો જ દોષ જુએ છે. "પોતાને કારણે જ સામી વ્યક્તિને આટલું દુઃખ પડ્યું"–એમ માને છે. એવામાં નેપથ્યમાંથી વિભીષણની ઉક્તિથી અયોધ્યા જવા માટે પુષ્પક તૈયાર થયાના સમાચારની રામને ખબર પડે છે તેથી તેઓ વિભીષણ પાસે જવા નીકળે છે.

અંક ૮

વિભીષણ પુષ્પક વિમાનને અયોધ્યા તરફ ત્વરિત ગતિએ જવાની આજ્ઞા આપે છે. વિમાનમાંથી પસાર થતી વખતે રામ સીતાને લંકાની યુદ્ધભૂમિનું વર્ણન કરે છે. સુગ્રીવ રાવણ પક્ષે રામને કેવો કઠોર ત્રાસ આપેલો તે યાદ દેવડાવે છે ત્યારે સુગ્રીવને રામ રોકે છે, ને સીતાએ તેનો ખુલાસો પૂછતાં તેમના માઠા સમાચાર જાણ્યા છતાં રામ પોતે વૃથા પ્રેમ કરનાર હોવા છતાં, જીવિત રહ્યાં છે તેથી લજ્જિત છે એમ સીતાને પોતાની લાચારી જણાવે છે. તે સાંભળીને સીતા પણ તે જ રીતે રામના ખોટા મસ્તકને જોઈને સાચું માનીને મૃત્યુ પામી નથી એમ કહેતાં કહેતાં લજ્જિત બને છે. સીતા જણાવે છે કે ત્રિજટાના ખુબ આશ્વાસનને લીધે જ પોતે રામના દર્શનને માટે જીવિત રહી શકી છે.

હવે બીજી વાત પર આવવા માટે રામ યુદ્ધભૂમિનું એક સ્થાન સીતાને બતાવે છે. રામ સીતાને રાવણના મૃત્યુનું સ્થાન બતાવે છે, ત્યારે લક્ષ્મણ રામના ઉદાત્ત સ્વભાવનાં વખાણ કરે છે. રામ સગરપુત્રોએ લોકકલ્યાણકારી તળાવ વગેરે ઇષ્ટાપૂર્ત કર્યાં તે સ્થાન, સમુદ્ર, સેતુબંધ અને મૈનાક પર્વતનું વર્ણન કરે છે અને લક્ષ્મણ, સુગ્રીવ અને વિભીષણ સરસ્વતી–સાગર સંગમનું વર્ણન કરે છે(પૃ. ૧૪૧). રામ સંપાતિની તપોભૂમિ મહેન્દ્રપર્વત બતાવે છે, (શ્લો. ૨૦).

–૨૧). સુગ્રીવ અને લક્ષ્મણ માર્ગમાં પડતા કિષ્કિન્ધ પર્વત પર રામનું ધ્યાન ખેંચે છે(શ્લો. ૨૨). રામને પોતાને ત્યાં રોકાઈને આતિથ્ય સ્વીકારવાની વિનંતી કરે છે. પરંતુ તે શક્ય નથી એમ જણાવે છે. રામને સુગ્રીવ વાલિપુત્ર અંગદને યુવરાજપદે સ્થાપવાનો વિચાર જણાવે છે.

લક્ષ્મણ સીતાને માલ્યવાન્ પર્વત બતાવે છે, (શ્લો. ૨૫). રામ સીતાને ભૃગુઋષિનો આશ્રમ બતાવે છે, (શ્લો. ૨૬). ત્યારબાદ સીતાના પૂછવાથી રામ તેમને હિમાલય પર્વતની શ્રેષ્ઠતા અને શોભાનું વર્ણન કરે છે(શ્લો. ૨૮–૩૦). ત્યારબાદ રામ પુષ્પકને પ્રયાગ તરફ વાળવાની આજ્ઞા આપે છે. પાછા વળતાં વિમાનમાંથી લક્ષ્મણની નજર અયોધ્યા તરફ દોડતા કોઈક માણસ પર પડે છે અને તે વિશે લક્ષ્મણ વિભીષણને પૂછે છે. વિભીષણ તેને દૂરથી પણ તરત ઓળખી લે છે(પૃ. ૧૪૪). હવે કવિએ બીજું દૃશ્ય બાજુમાં બનતું બતાવ્યું છે.

કાર્પટિક અયોધ્યા તરફ દોડી જઈને નગરીની સીમ આગળથી જ "મુનિ-કુમારક"ના વેશે જાય છે. દૂરથી કોઈ પુરુષ પાસેથી મુનિકુમારકને ભરત વિશેના સમાચારની ખબર પડે છે કે ભરત તો નંદિગ્રામમાં રહે છે(પૃ. ૧૪૫) ત્યારે તે પુરુષ સાથે મુનિકુમારક (કાર્પટિક) નંદીગ્રામ જાય છે. રસ્તામાં કાર્પટિક તે પુરુષ પાસેથી ત્રણેય દુઃખી માતાઓ ભરતના કહેવાથી અયોધ્યામાં રહે છે અને શત્રુઘ્ન સીમમાં રહીને નગરીનું રક્ષણ કરે છે ઇત્યાદિ વિગતો જાણી લે છે. આટલી વાતો કરતાં કરતાં તેઓ બંને નંદિગ્રામ આવી પહોંચે છે. ત્યાં ભરતની પાસે વસિષ્ઠ ઋષિનો સંદેશો લઈને શિષ્ય જાનૂકરણ્ય આવી પહોંચે છે. તે ભરતને ભગવાનનો આદેશ જણાવે છે કે "તમે લંકા પર યુદ્ધ માટે પ્રયાણ કરવા માટે બહુ ઉત્સુક હો તો પણ તમારે અમારા આગમનની રાહ જોવી." એટલે કે અમારા આવતા પહેલાં તમારે લંકા પ્રત્યે પ્રસ્થાન ન કરવું એટલું કહીને જાનૂકર્ણ્ય ચાલ્યો જાય છે. ભરત તો રાવણ સાથે યુદ્ધ કરવા ઉત્સુક છે (પૃ. ૧૪૬)। ને તેવામાં કાર્પટિક આવીને સેવક દ્વારા ભરતને કહેવડાવે છે કે "હું અગસ્ત્ય ઋષિની આજ્ઞાથી કેટલાક સમાચાર કહેવા આવ્યો છું અને ઉતાવળમાં છું." પેલા પુરુષ પાસેથી કાર્પટિકના આગમનના સમાચાર જાણ્યાથી ભરત કાર્પટિક પાસેથી સમાચાર જાણવા માટે ઉત્સુક બને છે અને રામ–લક્ષ્મણના સમાચાર માટે ચિંતિત બને છે. ઉદ્વિગ્ન કાર્પટિક દંભ અને આડંબરપૂર્વક દુઃખનો દેખાવ કરીને દુર્દૈવને કારણે થતી અસ્વસ્થતા વ્યક્ત કરીને ન છૂટકે સમાચાર આપે છે કે સીતાને ખાતર રામ–લક્ષ્મણની સાથે યુદ્ધ કરીને રાક્ષસરાજ પુષ્પક

વિમાનમાં આરૂઢ થઈને અયોધ્યા તરફ આવી રહ્યો છે અને સીતાના અગ્નિ-પ્રવેશના મિથ્યા સમાચાર ભરતને જણાવે છે. આથી સુમંત્ર ખૂબ દુઃખ અને આઘાત અનુભવે છે. ભરત તરત સ્વસ્થતા અને ધીરજ ધારણ કરે છે; અને સુમંત્રને દિલાસો આપે છે અને ભરત સુમંત્રને સૈન્ય સજ્જ કરવાનું કહેવા માટે શત્રુઘ્ન પાસે મોકલે છે. તેવામાં એક પુરુષ પ્રવેશીને "કૌશલ્યા અને સુમિત્રા સરયૂ નદીને કાંઠે અગ્નિ—પ્રવેશ કરવાની તૈયારી કરે છે" તેવા સમાચાર ભરતને જણાવે છે. ભરત ધૈર્ય અને કોપથી યુદ્ધ માટેનો ઉત્સાહ વ્યક્ત કરે છે તે જોઈને કાર્પટિક પોતાનું કામ પાકું થયું લાગવાથી અને રામના આગમનનો સમય થયો જાણીને કૃત્રિમ ખેદ વ્યક્ત કરતો કરતો ચાલ્યો જાય છે(પૃ. ૧૪૭–૧૪૯).

હવે ગમ્મતનો પ્રસંગ શરૂ થાય છે. રામ–લક્ષ્મણ–સીતા ઇત્યાદિકવાળું પુષ્પક વિમાન અયોધ્યા તરફ આવી રહ્યું છે. ભરત દૂરથી વિમાનમાં બેઠેલા રાક્ષસેન્દ્ર વિભીષણને રાક્ષસરાજ રાવણ સમજીને વેરભાવ પ્રગટ કરે છે. તપસ્વીવેશના ભરતને ધનુષ્ય ધારણ કરેલો જોઈને તથા તેની યુદ્ધ માટેની આવી ચેષ્ટા વિમાનમાંથી વિભીષણને વિચિત્ર લાગે છે. રાક્ષસપતિના આગમનને જાણીને મૈત્રાવરુણે ભરતને લંકા પ્રયાણ કરતો અટકાવ્યો હોવાનું કારણ હવે સુમંત્રને સમજાય છે. "રામ–લક્ષ્મણ જ યુદ્ધમાંના પોતાના પરાક્રમ અને બલના સાક્ષી છે" એવું વિભીષણનું વાક્ય સાંભળીને ભરત વધુ રોષમાં આવી જઈને બાણ છોડવાની તૈયારી કરે છે, તેવામાં ઋષિ આવી પહોંચે છે ને ભરતને યુદ્ધ કરતો અટકાવી દે છે. વસિષ્ઠ ઋષિ ભરતને પુષ્પકમાં બેઠેલા રામ–લક્ષ્મણ – વિભીષણ, સુગ્રીવ ઇત્યાદિ બતાવીને તેમને ઓળખાવે છે. વિમાનમાંથી દૂરથી જ લક્ષ્મણની નજર અયોધ્યાની ચારે બાજુએ ગોઠવાયેલા સૈન્ય ઉપર તથા નદી તટે એક બાજુએ બંને માતાઓને અગ્નિની નજીકમાં હોય તેવા વિચિત્ર દૃશ્ય પર પડે છે. લક્ષ્મણ તે દૃશ્યો પ્રત્યે રામનું ધ્યાન દોરે છે, પરંતુ રામ પિતા વિનાના અયોધ્યા નગરી માટે દુઃખી થાય છે. સહુ વિમાનમાંથી નીચે ઊતરે છે. ભરત રામને પ્રણામ કરે છે. રામ ભરતને ભેટે છે.

પછી રાજ્યાભિષેકનું મુહૂર્ત પસાર થતું હોવાથી પુરોહિત વસિષ્ઠ રામને રાજ્યગાદીનો સ્વીકાર કરવાની આજ્ઞા આપે છે. પછી રાજા રામ વચેટ માતાને બોલાવવાનો ભરતને અનુરોધ કરે છે. વસિષ્ઠ પણ રાજાની આજ્ઞા માનવી જોઈએ એમ કહીને તેને સમર્થન આપે છે. વસિષ્ઠના ભરત વાક્યથી નાટકની સમાપ્તિ થાય છે.

## પ્રકરણ ૩

# નાટક તરીકે ઉલ્લાઘરાઘવ

ભારતવર્ષમાં નાટ્યપરંપરા વેદના સમયથી શરૂ થયેલી છે. નાટ્યકૃતિઓ તથા નાટ્યશાસ્ત્રને લગતા લક્ષણ-ગ્રંથોનો પ્રવાહ સમાંતર રીતે ચાલ્યો આવે છે. ભારતમાં ભાસ, કાલિદાસ, ભવભૂતિ ઇત્યાદિ સંસ્કૃત નાટ્યકારો સુપ્રસિદ્ધ છે; ગુજરાતમાં સંસ્કૃત નાટકોની રચના ચૌલુક્ય કાલથી ચાલી આવતી જણાય છે.

ગુજરાતમાં સોમેશ્વરના સમયે બાલચંદ્રસૂરિકૃત "કરુણવજ્રાયુધ એકાંકી નાટક (ઈ. સ. ૧૨૨૧), જયસિંહસૂરિકૃત પાંચ અંકોનું "હમ્મીરમદમર્દન" નામનું ઐતિહાસિક નાટક (ઈ. સ. ૧૨૨૩-૧૨૩૦), સુભટનું "દૂતાંગદ" નામે છાયા-નાટક (ઈ. સ. ૧૨૪૨-૧૨૪૪) વગેરે રૂપક પ્રકારો વિશેષ જાણીતાં છે. ભારતમાં નાટકનાં લક્ષણો પણ ભરતકૃત "નાટ્યશાસ્ત્ર"માં અને તેના પરથી અભિનવગુપ્તે કરેલી "અભિનવભારતી" નામે ટીકામાં, "વિષ્ણુધર્મોત્તરપુરાણમાં,[૧] ધનંજય અધનિકકૃત "દશરૂપક" જેવા પ્રસિદ્ધ લક્ષણ-ગ્રંથોમાંથી ઉપલબ્ધ થાય છે. ગુજરાતમાં આચાર્ય હેમચંદ્રના "કાવ્યાનુશાસન"ના "નાયક વર્ણન" નામના અં. ૭માં તથા સાહિત્યનાં વિવિધ સ્વરૂપોના વિવેચનના અં. ૮માં તથા તેમના શિષ્ય રામચંદ્ર-ગુણચંદ્રકૃત "નાટ્યદર્પણ" એ બે ગ્રંથોમાંથી ઉપલબ્ધ થાય છે.

રૂપકોનાં લક્ષણો તથા નાટ્યશાસ્ત્રના સિદ્ધાંતો વિશેની ચર્ચાઓ આપીને ડૉ. રાઘવન (તેમના-છૂટાછવાયા લેખો, પુસ્તકો અને પુસ્તિકાઓમાં,[૨] શ્રી માંકડ, ડૉ. નરેન્દ્ર[3] જેવા સમર્થ વિદ્વાનોએ નાટ્યસાહિત્ય તથા નાટકનું સ્વરૂપ સમજાવવાનો પ્રયત્ન કર્યો છે.

નાટકનાં લક્ષણોની દૃષ્ટિએ, ખાસ કરીને ભરત, ધનંજય તથા સોમેશ્વરની નજીકના સમયમાં થઈ ગયેલા રામચંદ્ર-ગુણચંદ્રની દૃષ્ટિએ સોમેશ્વરના આ નાટ્ય-કૃતિનો વિચાર કરી શકાય. સોમેશ્વરના સમયમાં નાટકનું અમુક ચોક્કસ પ્રકારનું શાસ્ત્રીય સ્વરૂપ સ્થિર અને પ્રચલિત થયેલું હશે, એ ચોક્કસ છે.

**કથાવસ્તુ :**

કથાવસ્તુ અર્થાત્ ઇતિવૃત્ત એ નાટકનું શરીર છે, અને તે પ્રસિદ્ધ વસ્તુ હોવું જોઈએ. તેને મુખ્ય અથવા આધિકારિક કથાનક કહી શકાય. આધિકારિક કથાનકને મદદરૂપ ગૌણ અથવા પ્રાસંગિક કથાનકની ગૂંથણી પણ થતી હોય છે.[૪]

સોમેશ્વરદેવે પ્રસ્તુત નાટકમાં પ્રસિદ્ધ રામાયણનું કથાનક પસંદ કર્યું છે. મુખ્ય કથાનક (નાટ્ય શરીર)ને અનુરૂપ ગૌણ કથાનકો પણ ગૂંથ્યાં છે.

નાટકના કથાવસ્તુ અર્થાત્ ઇતિવૃત્તને બે પ્રકારનું માનવામાં આવ્યું છે. આધિકારિક અને પ્રાસંગિક.[૫] આ નાટકમાં આધિકારિક કથાનક નાટકની ફલ-પ્રાપ્તિ સુધી અર્થાત્ નાટકના અંત સુધી ચાલે તેવું રામભદ્ર (રામચન્દ્ર)ના અભ્યુદયનું વૃત્તાંત ગણી શકાય. અને તેને ઉપકારક પ્રાસંગિક અર્થાત્ ગૌણ કથાનક તરીકે સુગ્રીવ–વિભીષણ, બે ગંધર્વો અને કાર્પટિક વિશેનાં વૃત્તાંતોની આયોજના થઈ છે.

આ નાટકમાં વિભીષણ વિશેના અને બે ગંધર્વો વિશેના કથાનક તથા કાર્પટિક વિશેના પતાકા કથાનકની આયોજના થઈ છે અને તે નાયકને, મુખ્ય કથાનકને તથા પ્રસંગ–રસને સહાયક થાય તે રીતે ગોઠવાઈ છે.

**પ્રયોજન :**

નાટકનું પ્રયોજન સમગ્ર સાહિત્યની પ્રવૃત્તિના પ્રયોજન જેવું જ હોય છે. મમ્મટે કાવ્યનાં વિવિધ પ્રયોજનો પૈકી "सद्यः परनिवृत्तये" તરત જ પરમ આનંદ પ્રાપ્ત કરવાનું પ્રયોજન ગણાવ્યું છે. આ પ્રયોજનને ભરતથી માંડીને બધા જ કાવ્ય—નાટ્યશાસ્ત્રીઓએ એક યા બીજા શબ્દોમાં પોતપોતાની રીતે સમજાવ્યા છે.[૬] ભરતે લોકોને દુઃખમાંથી મુક્તિ પ્રાપ્ત કરાવીને આનંદ આપવાનો નાટ્યનો મુખ્ય હેતુ ગણ્યો છે. આમ તો રામચંદ્ર–ગુણચંદ્રની જેમ સ્પષ્ટ શબ્દોમાં આ પ્રયોજન પહેલાંના નાટ્યશાસ્ત્રીઓએ જણાવ્યું નથી. પ્રયોજનો અંગેનો અભિપ્રાય પણ સમય પ્રમાણે, સામાજિક પરિસ્થિતિ પ્રમાણે બદલાતો રહે તેથી પ્રયોજનોને સમજાવવાની પ્રવૃત્તિમાં પણ નાટ્યશાસ્ત્રીઓની એ સંદર્ભની વિવેચનામાં ફેરફાર પડતો માલૂમ પડે છે. છેવટે ના. દ. કારોએ આપેલા પ્રયોજનને સર્વ રીતે સ્વીકારી શકાય.[૭] એ રીતે નાટકમાં ધર્મ, કામ કે અર્થના સત્ફલને પ્રાપ્ત કરવાનું પ્રયોજન હોય છે.

સોમેશ્વર કવિ પ્રસ્તુત નાટકની પ્રસ્તાવનામાં સૂત્રધારના મુખે જણાવે છે તે પ્રમાણે રામચરિતને લગતું નાટક ભજવવાનો (અને તેની રચના કરવાનો) મુખ્ય હેતુ રામચરિતથી પવિત્ર થવાનો છે.[૮] અલબત્ત, આ રૂપક વિદ્વાન બ્રાહ્મણોની પરિષદ્ (શ્રોતાવર્ગ)ના પરિતોષણને અનુરૂપ હોવાની સ્પષ્ટતા પણ એમાં કરેલી છે. એવી રીતે દરેક અંકને છેડે વસ્તુપાલને લગતો એકાદ શ્લોક મૂકીને કવિએ સહૃદયોના અગ્રણી એવા વસ્તુપાલની પ્રસન્નતા પણ પ્રાપ્ત કરવાનું લક્ષમાં

રાખ્યું લાગે છે. આ રીતે કૃતિનો મુખ્ય હેતુ ધર્મની અને આનુષંગિક હેતુ અર્થની પ્રાપ્તિનો હોવાનું માલૂમ પડે છે. મોક્ષની સિદ્ધિ માટેના પુરુષાર્થોમાં ધર્મ અગ્રિમ સ્થાન ધરાવે છે.

**સંધિઓ :**

અંકો એ નાટકમાં નાટ્યપ્રયોગની દષ્ટિએ યોજેલા એક પ્રકારનાં પ્રકરણો કહી શકાય. નાટ્યરસ કે કથાનકની દષ્ટિએ નાટકના જે સૂક્ષ્મ અંશ કે વિભાગ પડે છે તેને સંધિ તરીકે ઓળખાવવામાં આવે છે. આ સંધિઓના પાંચ પ્રકાર પાડવામાં આવ્યા છે :[૯] (૧) મુખ (૨) પ્રતિમુખ (૩) ગર્ભ (૪) અવમર્શ અને (૫) નિર્વહણ. આ સંધિપંચકને નૈયાયિકોની દષ્ટિએ અનુમાન વાક્યનાં પાંચ અંગો તરીકે નિરૂપાયાં છે.[૧૦] આ પાંચ સંધિઓ દરેક રૂપક પ્રકારમાં ઓછા-વત્તી સંખ્યામાં આવતી હોય છે. પરંતુ આરંભ અને નિર્વહણ સંધિ વિનાની કોઈપણ નાટ્યકૃતિ થઈ શકતી નથી. નાટકમાં બધી જ સંધિઓ, અવસ્થાઓ અને પ્રકૃતિઓ આવવી જોઈએ[૧૧] પણ દરેક રૂપકમાં નહિ !

પાંચ અવસ્થાઓ નાયકને અનુલક્ષીને[૧૨] પાંચ અર્થ પ્રકૃતિઓ કથાનકને અનુલક્ષીને[૧૩] તથા સંધિઓ રસ ઉપરાંત નાટકના સર્વાંગી વિકાસ[૧૪] માટે આવશ્યક ગણાઈ જણાય છે. ના.દ.કારો તેમને અવસ્થાને અનુસરનારી ગણે છે.

સંધિઓ પાંચ અર્થ પ્રકૃતિઓ તથા પાંચ અવસ્થાઓને સાંકળી લે છે.[૧૫] અવસ્થાઓ તથા અર્થ પ્રકૃતિઓ કથાવસ્તુને એના ધ્યેય તરફ લઈ જવામાં ઉપકારક નીવડે છે. ટૂંકમાં આ ત્રણેય પંચકો કથાનકની એકસૂત્રતા જાળવી નાટકના રસનું નિર્વહણ કરાવવા માટેની એક પ્રકારની ચાવીઓ ગણાય.

સંધિ પંચક, અવસ્થા પંચક તથા પ્રકૃતિપંચકનું શાસ્ત્રીય વિવેચન સંસ્કૃત નાટ્યશાસ્ત્રીય ગ્રંથોમાં ઉપલબ્ધ છે તે ભારતીય નાટ્યપરંપરાની એક વિશેષતા ગણાય. નાટક પાંચેય સંધિઓ, અવસ્થા તથા પ્રકૃતિઓથી સુગ્રથિત હોવું જોઈએ. આ નિયમ માત્ર નાટકને જ નહિ, પરંતુ સમગ્ર સાહિત્યને લાગુ પડી શકે છે.

કથાનકનો ફલપ્રાપ્તિ તરફનો વ્યાપાર કરાવનાર કાર્યશીલ તત્ત્વ એ અવસ્થા એટલે કે કથાનકને પાંચ પ્રકારની અવસ્થાઓમાંથી પસાર થવાનું હોય છે, નાટ્યકારે એ પાંચ પ્રકારની અવસ્થાઓની આયોજના કરવાની હોય છે.[૧૬] તે અવસ્થાઓ આરંભ, યત્ન (પ્રાપ્ત્યાશા), પ્રાપ્તિસંભવ, નિયતાપ્તિ અને ફલાગમ છે.[૧૭]

આ અવસ્થાઓ નાટકોમાં અનુક્રમે આવવી જોઈએ (ના. શા. ૧૯-૧૪-૧૫) નાટ્યજગતની પાંચ તન્માત્રાઓરૂપ પાંચ અવસ્થાઓની સાથે સાથે બીજાં પાંચ

મહાભૂતોરૂપ પાંચ અર્થપ્રકૃતિઓની આયોજના પણ નાટચસ્વરૂપને માટે આવશ્યક માનવામાં આવે છે. ભરત મુનિએ આ નાટચશાસ્ત્રની અર્થ–પ્રકૃતિની કલ્પના વ્યવસ્થિત રીતે રજૂ કરી છે.[૧૮] તેનો બધા જ નાટચશાસ્ત્રીઓએ નિર્વિવાદ સ્વીકાર કર્યો છે. આ પાંચ પ્રકારની અર્થ પ્રકૃતિઓ–બીજ, બિન્દુ, પતાકા, પ્રકરી અને કાર્ય છે. તે કથાનક અને રસને અનુલક્ષીને નિરૂપાતી હોય છે.[૧૯]

નાટચશાસ્ત્રમાં આ અવસ્થા પ્રકૃતિ તથા સંધિનાં પંચકો અને સંધિઓનાં અંગોનું વિસ્તૃત આલેખન અને વિવેચન થયું છે. તેની પૃથકતા તારવવા માટેનું ધોરણ. રૂઢ સ્વરૂપ અંકાયું નથી. આથી તે વિષયના વિવેચકો પણ તેની ચર્ચા કરતાં કેટલીક વાર—અસ્પષ્ટતા કે ગૂંચવણ અનુભવે છે.[૨૦] એથી તે કવિ તથા સામાજિક અથવા વાચકની વ્યક્તિગત વિવક્ષા પર આધાર રાખે છે, કથાનકના કયા ભાગને કઈ સંધિ કે અવસ્થા કે પ્રકૃતિ કહેવી અને તેમાંય વળી કઈ સંધિનું કયું અંગ સમજવું તે પણ ચોક્કસ રીતે ન કહી શકાય; કારણ તે તો કવિની તથા ભાવુક (પ્રેક્ષક અથવા વાચક)ની કલ્પનાનો, અનુભૂતિનો અને વિવક્ષાનો વ્યક્તિગત વિષય બની જાય છે.

નાટકકારને નાટકની રચના વખતે નાટચ સિદ્ધાંતોનો મનમાં ખ્યાલ હોય છે ખરો, પરંતુ તે સિદ્ધાંતને તે રચના સમયે રૂઢ રીતે વળગી રહેતો હોતો નથી. આથી નાટકનું અમુક લક્ષણ વત્તા–ઓછા પ્રમાણમાં અનુસરાતું હોય તે સ્વાભાવિક છે.[૨૧]

સોમેશ્વર કવિએ આ રામચરિતને ભક્તિપ્રધાન તથા ધર્મપ્રધાન આશયથી નાટચસ્વરૂપ આપ્યું છે. આથી નાટકના મુખ્ય ફલ કે હેતુ વિશે ચોક્કસ અને સ્પષ્ટ કહેવું મુશ્કેલ છે. છતાં સામાન્ય રીતે જોતાં તેમાં નાટકનો અભ્યુદય નિરૂપવામાં આવ્યો છે; અને એમાં સીતા પુનઃપ્રાપ્તિ તથા રાજ્યપુનઃપ્રાપ્તિ એ બંને પ્રકાર સમાવી લીધા છે.

"આરંભ"[૨૨] અને "બીજ"નુ[૨૩] અનુસંધાન "મુખ"[૨૪] સંધિથી થતું હોય છે.[૨૫] નાટકના મુખ્ય કથાનકને ઉપયોગી બાબતોને સરસ રીતે વિવિધ પ્રસંગોને "બીજ" તથા "મુખ" દ્વારા વિસ્તારથી કહેવામાં આવે છે. આમ નાટકની નાટચકલાની રજૂઆતની શરૂઆત તથા નાયકના ફલપ્રાપ્તિ માટેના ઉદ્યમની શરૂઆત "આરંભ"માં થતી હોય છે.

નાટચ–દર્પણકારોના કહેવા મુજબ આમુખના શ્લોક પ્રમાણે મુખ્ય અંકના પાત્ર પ્રવેશની ઉક્તિમાં કવિ "બીજ"નું આરોપણ કરે છે. આ દૃષ્ટિએ

જોતાં, પ્રથમ અંકમાં "મુખ" સંધિમાં પ્રસ્તાવના (તથા પ્રથમ અંકનો) જે શ્લોક ૧૦ નેપથ્યમાંથી સંભળાય છે અને તે શ્લોકથી શતાનંદની ઉક્તિ તથા પ્રથમ અંકની શરૂઆત થાય છે. આથી તે શ્લોક દ્વારા 'બીજ' નિક્ષેપનું સૂચન થયું એમ કહી શકાય. આ તો માત્ર પ્રસ્તાવના તથા પ્રથમ અંક પૂરતું મર્યાદિત બની રહે છે, પરંતુ નાટકના સમગ્ર ફલની દષ્ટિએ જોતાં–નાટકનું બીજ પ્રથમ અંકમાં ગણી શકાય. રામનો સીતા સાથે વિવાહ થાય છે તથા શ્વસુર જનક પુરોહિત શતાનન્દ પાસેથી રામને લંકેન્દ્રવિજયી બનાવવાના આશીર્વાદ પ્રાપ્ત થાય છે.[૨૬] તેમાં નાયકાભ્યુદયનો "આરંભ" થયેલો છે.

(શીર્ષકની દ્રષ્ટિએ જોતાં) નાયક પર આવનારી આ આપત્તિઓનું નિવારણ જ મુખ્ય ફળ હોય છે એ રીતે "બીજ"માં ઘણીવાર વ્યાપાર બતાવવામાં આવતો હોય છે. તે દષ્ટિએ કવિએ લંકેન્દ્રનાં બલ–પરાક્રમનું વર્ણન તથા સંપત્તિ–વિપત્તિ વિશેના શ્લોક (૧/૨૬)માં "વિપત્તિ"નું સૂચન કરીને "બીજ" ને વ્યાપારયુક્ત પ્રયોજ્યું છે. "બીજ"માં ફલના લાભ–અલાભનું ધૂંધળું દર્શન થતું હોય છે.[૨૭] એ અનુસાર આ નાટકમાં દશરથ રાજાને થયેલાં અપશુકનો અને શુકનની રજૂઆતમાં નાયકના અભ્યુદયમાં આવતી વિપત્તિ અને પાછળથી અભ્યુદય બનાવવા માટેનું સૂચન છે, અને વશિષ્ઠના કથન અનુસાર નાયકના અભ્યુદયની આગાહીનું નિરૂપણ પ્રથમ અંકમાં થાય છે.

આમ "આરંભ" અવસ્થાનો નાટકની સમગ્ર દષ્ટિએ વિચાર કરીએ તો બીજા અંકમાં વિનયંધરની વાતચીતમાં (૧) પુત્ર રામને રાજ્ય સોંપવાની દશરથ રાજાની ઇચ્છા અને (૨) રામને બોલાવવા જવા વિનયંધરને મોકલવું તે અને (૩) જાનૂકર્ણને રાજ્યાભિષેકની તૈયારી માટે જલદીથી બોલાવી લાવવા માટે દૂત મોકલવો, તેમાં "બીજ" અથવા "મુખ" સંધિ ગૂંથાયેલા છે.

"બિન્દુ"[૨૮] અને યત્ન[૨૯]"નું અનુસંધાન "પ્રતિમુખ"[૩૦] સંધિથી કરવામાં આવે છે. ભુલાયેલા કે નષ્ટપ્રાય થઈ ગયેલા ફલનું અનુસંધાન કે અનુસ્મરણ "બિન્દુ"થી કરવામાં આવતું હોય છે. આ "બિન્દુ" ને લીધે ફલનું સ્પષ્ટ સ્વરૂપ આખા નાટકના સમગ્ર સ્વરૂપ પર (જલમાં તૈલબિન્દુની જેમ) વિસ્તરીને રહેતું હોય છે. ફલ તરફ સ્પષ્ટ ગતિ કરતું નાટકનું કથાનક "પ્રતિમુખ" સંધિમાં અને ફળપ્રાપ્તિનો સક્રિય ઉદ્યમ કે પ્રયત્ન "યત્ન"માં જણાતો હોય છે.

અં. ૨ થી અં. ૩ ની શરૂઆત સુધી "પ્રતિમુખ" સંધિનો વિસ્તાર જણાય છે અને તેમાં "બિન્દુ" અને "યત્ન" પણ નિરૂપાયાં છે. અં. ૨ ને અંતે જ્યારે વિનયંધર રામને રાજા પાસે બોલાવીને લઈ જાય છે. રાજા રામને

રાજ્યનો ભાર સ્વીકારવાનો અનુરોધ (અને આજ્ઞા) કરે[31] છે ત્યારે તથા અં. ૩ની શરૂઆતમાં કૌશલ્યા માતા તથા સુમંત્ર રામને રાજ્યનો ભાર સ્વીકારવાની તથા પિતાની આજ્ઞાનું પાલન કરવાનો અનુરોધ કરે છે[32] ત્યારે "બિન્દુ". રામને રાજ્ય મળવાની સ્પષ્ટતા થયેલી હોવાથી "પ્રતિમુખ" સંધિ સ્પષ્ટ જણાય છે. અને તે અનુસાર પાત્રોનો ઉદ્યમ-યત્ન થતો પણ જણાય છે અને રામના રાજ્યાભિષેકનો આનંદોત્સવ ઊજવતી અયોધ્યાનગરીના વર્ણન (શ્લો. ૩ થી ૫) પરથી તો રામના રાજ્યાભિષેકની નિશ્ચિતતા અને ફલપ્રાપ્તિનો પણ ચોક્કસ ખાતરી થતી જણાય છે. આમ તેમાં "મુખ" સંધિનું અને કથાનકનું સ્પષ્ટ સ્વરૂપ દેખા દે છે.

"પ્રાપ્ત્યાશા" અને "પતાકા"નો સંબંધ ગર્ભ સંધિ સાથે હોય છે. "પતાકા" અને "પ્રકરી" એનું સ્થાન સંધિ તથા અવસ્થાઓની સાથે ચોક્કસ નિશ્ચિત નથી. આથી-નાટ્યશાસ્ત્રીઓએ પતાકા-પ્રકરીનું જુદું સ્વતંત્ર નિરૂપણ કરીને તે બંનેનો ગમે તે અવસ્થા કે સંધિ સાથે સ્થાન અને સંબંધ હોઈ શકે છે એવું સૂચવ્યું છે. એકંદરે જોતાં બીજ, બિન્દુ અને કાર્ય પ્રત્યેક નાટ્યકૃતિમાં નિશ્ચિત સ્થાને તથા અનુક્રમે આવતી હોય છે. પતાકા-પ્રકરી કથાનકના પ્રસંગ રસ તથા નાટકના અભ્યુદયરૂપ ફલપ્રાપ્તિમાં ઉપકારક થાય તે રીતે આરંભ અને નિર્વહણની વચ્ચે ગમે ત્યાં ગમે ત્યારે અને ગમે તેટલીવાર યોજી શકાય.[33]

**નાટકમાં પતાકા-સ્થાનકો :**

અર્થ-પ્રયોજનનું ચિંતન કરતાં, બીજા ભાવનું સૂચન અચાનક થઈ જાય ત્યારે પતાકા સ્થાનક થાય છે.

શૂદ્રક કવિએ 'મૃચ્છકટિક'માં સુંદર રીતે તેની રચના કરી છે. તેના કરતાં ઓછા પ્રમાણમાં સોમેશ્વરદેવે આ નાટકમાં કુશળતાપૂર્વક પતાકાસ્થાનકોની રચના કરી છે.

ઉ. રા. ના અં-૧ માં જનક વૈશ્વાનરને સીતાના રક્ષણ માટે પ્રાર્થના કરે છે, (શ્લોક ૧૯.) તેમાં અગ્નિને પિતા અને રક્ષણ કરનાર થવાનું કહે છે. તે વાત સીતાની અગ્નિ પરીક્ષા વખતે સાર્થક થતી લાગે છે. સીતાને દામ્પત્યનું રહસ્ય કહે છે તેમાં (શ્લોક ૨૧) "માતા, પિતા અને પવિતા" તેમાં પાછળથી અગ્નિ ખરેખર "પવિતા" (રક્ષક) બને છે તેથી તે શબ્દ સાર્થક થાય છે.

અં. ૨ માં સોહ્લવણ નામનો વાનર માલાધરની પાસે આવીને બેસી જાય છે ત્યારે રામ-માલાધર વચ્ચેનો હળવો સંવાદ (પૃ. ૨૪) તથા વાનરને ફળ આપતો જોઈને ગભરાયેલો હંસિકા તથા સીતા વચ્ચેના સંવાદ (પૃ. ૨૬) પરથી

ભવિષ્યમાં સત્યમાં પરિણમતી બાબતનું સહજ સૂચન કરી જાય છે. તેમાં હંસિકા જણાવે છે કે "તે વાનર ભલે સીતા માટે ફલપદ બને" ભવિષ્યમાં હનુમાન નામે વાનર સીતા માટે ફલપ્રદ બનવાથી હંસિકાની ઉક્તિ સાચી પડતી હોવાથી "ફલપ્રદ" શ્લિષ્ટ પદ દ્વારા સુંદર પતાકાસ્થાનક ઉક્તિ થઈ છે.

ત્રીજા અંકમાં વનમાં જતી વખતે રામ પોતાનાં માતા–પિતાને કંઈક નમ્ર વિનંતી અને પ્રાર્થના કરે છે ત્યારે પિતા દશરથ રાજાએ રામને જવાબ આપ્યો. "सर्वं करिष्ये यदि जीविष्यामि। (પૃ. ૫૬)," એ જવાબમાં પતાકાસ્થાનકનો અર્થ અભિપ્રેત થયો છે. રાજાને જાણે કે મનમાં પોતાના જીવન વિશે અંદેશો કે અવિશ્વાસ જ થઈ જ ગયેલો હોય તેવું તેમના શબ્દોમાંથી વરતાય છે. એ એ ઉક્તિ નજીકના ભવિષ્યમાં જ સત્યમાં ફેરવાઈ જતી જણાય છે.

છઠ્ઠા અંકમાં રાવણ ક્રોપાવિષ્ટ થઈને રામ પ્રત્યે રોષ, સીતાને ન છોડવાનો મક્કમ નિર્ણય અને યુદ્ધ માટેની પ્રબળ તત્પરતા દર્શાવતાં દર્શાવતાં અવળી વાણી ઉચ્ચારે છે. રાવણથી તેમાં–"રાઘવ" ને બદલે "રાવણ" બોલીને "રાવણનો બાંધવો સહિતનો નાશ થશે તે નક્કી જાણજો–એમ ભૂલમાં કહેવાઈ જાય છે. આ અજાણતામાં બોલાઈ ગયેલી ઉક્તિને સુંદર પતાકાસ્થાનક કહી શકાય.

સાતમા અંકમાં કાર્પટિકે ભરતને રામ વગેરેનો યોગ્ય ન્યાય કરીને અર્થાત્ પોતાનાં કામ પતાવીને હવે "કોણપાધિપ" અયોધ્યા તરફ પુષ્પક વિમાનમાં આવી રહ્યો છે એવા સમાચાર આપે છે. કાર્પટિકનાં બધાં જ વાક્યો દ્વારા તે પ્રસંગ-સંપૂર્ણ રીતે સત્ય છતાં તેમાં ગેરસમજ ઊભી કરે તેવા ભાવો પ્રગટ થયેલા છે અને એમાં "કોણપાધિપ" એટલે કોઈ પણ રાક્ષસ. રાવણ અને વિભીષણ (બંને ભાઈઓમાંથી) ગમે તેને લાગુ પડી શકે તેમ છે. છતાં અહીં તે શબ્દ વિભીષણને બદલે રાવણને લાગુ પાડીને યોજાયો હોવાથી પતાકાસ્થાનકની ચમત્કૃતિ સર્જાવા પામી છે અને તે પછીના તરતના જ સમયમાં તે પ્રમાણેનું ગેરસમજભર્યું વાતાવરણ સર્જાવા પામે છે. આથી તેને પતાકાસ્થાનક ઉક્તિ ગણી શકાય.

આવાં પતાકાસ્થાનકો નાટક માટે શોભાદાયક અને અગત્યનાં ગણી શકાય. તેનાથી નાટ્યચમત્કૃતિમાં અજબ વધારો થતો હોય છે.

'નિયતાપ્તિ' અને 'પ્રકરી' (કથાનક) ને 'વિમર્શ' સંધિ સાથે સંબંધ હોય છે. તેમાં (નાયકનો ફલપ્રાપ્તિ માટેનો સક્રિય પ્રયત્ન સ્પષ્ટ જણાતો હોય છે. બીજને ફલાગમ માટેનો પ્રયત્ન કરવા છતાં, 'ગર્ભ'[૩૪] અને 'અવશર્મ'[૩૫] (કથાનક) નિર્ભિન્ન થઈ જતું હોય છે. ફલને માટે વિઘ્નકારક નાયકાદિ માટે

મુશ્કેલીઓ, દુઃખ, પાપ વગેરે વ્યસનોને લીધે ફલપ્રાપ્તિથી વિમુખ જતું કથાનક તેમાં ગૂંથાતું હોય છે. આથી તેમાં ફલપ્રાપ્તિ અશકયવત્ જણાતી હોય છે. આથી ફલોન્મુખ ગતિ કરનાર બીજને માટે રુકાવટ કરનારી 'ગર્ભ' સંધિ તે જ રીતે આ નાટકમાં નાયકના ફલાગમમાં બાધારૂપ મંથરાના પ્રવેશથી 'ગર્ભ' સંધિની શરૂઆત થાય છે જોકે રાજા પુત્ર ભરતને બદલે રામને રાજગાદી સોંપવાના રાજાના સંકલ્પ માત્રથી જ તેમનો નિશ્ચય નક્કી થતો હોવાથી સુમંત્રના મુખે 'પ્રાપ્ત્યાશા' નો તર્ક ઊભો કરવાની તક સાંપડે ખરી. અં. ૩ માં કૈકેયી–મંથરાની સલાહથી રાજા પાસેથી વરદાનોની પ્રાપ્તિ કરે છે ત્યારે મંથરા રામને રાજાનો આજ્ઞાપત્ર આપે છે અને વનવાસનો અવધિ જણાવે છે ત્યારે રામને માટે રાજ્ય-પ્રાપ્તિની અશકયતા (નાયકાભ્યુદયમાં બાધારૂપ) ઊભી થવાથી કથાનક ફલથી વિમુખ જતું બતાવ્યું છે. તેથી ગર્ભસંધિની શરૂઆત સ્પષ્ટ જણાય છે. અં. ૪માં પણ ભરત રામને રાજ્ય સંભાળવાનો આગ્રહ કરે છે તેમ છતાં રામ અયોધ્યા પાછા આવતા નથી અને રાજ્યનો સ્વીકાર કરતા નથી તેથી તેમાં ગર્ભ સંધિ અર્થાત્–ફલથી વિમુખતાની ગતિ ચાલુ રહી ગણાય. અં. ૫ માં સીતાનું અપહરણ થવાથી ફલની વિમુખતામાં વધારો થતો જણાય છે. સીતાને છોડાવવા જટાયુનો પ્રયત્ન, સીતાને શોધવાનો રામનો પ્રયત્ન તેમાં 'પ્રાપ્ત્યુપાય', કે 'પ્રાપ્ત્યાશા' જણાય છે. 'ગર્ભસંધિ' તો ચાલુ જ છે, અને જટાયુની અંતિમ ઉક્તિથી ફલસિદ્ધિ માટેનો પ્રયત્ન શરૂ થયો ગણાય. આમ રાવણ–જટાયુની ઝપાઝપી સુધી 'ગર્ભ સંધિ' ગણી શકાય.

અં. ૬ માં સુગ્રીવમત્રી, રાવણ પ્રત્યેનું વેર લેવાની પ્રતિજ્ઞા, હનુમાનના પ્રયત્નો, વિભીષણનો લંકાધિપતિ તરીકેનો રાજ્યાભિષેક, અંગદ દ્વારા રાવણને–મોકલાતો સંદેશો તથા શુક દ્વારા રાવણને મોકલાતો સંદેશો, કુંભકર્ણ–વિભીષણનું યુદ્ધ, કુંભકર્ણ, ઇન્દ્રજિત વગેરેનો પરાજય વગેરે આમ બંને પક્ષે યુદ્ધની તૈયારી બતાવી છે તેમાં 'પ્રાપ્ત્યુપાય' કે 'પ્રાપ્ત્યાશા'નું નિરૂપણ આ સંધિમાં થયું છે. કુંભકર્ણ સુગ્રીવને બેભાન કરીને લંકામાં ઉપાડી ગયો તેથી "રાક્ષસપક્ષ"નો વિજય નક્કી છે" એમ માનનારો રાક્ષસપક્ષ નથી. વિભીષણ રામપક્ષમાં આવ્યો હોવાથી, કુંભકર્ણ–ઇન્દ્રજિતનો વધ થવાથી વિજય નક્કી છે એમ માનનારો રામપક્ષ એક સાથે નિરૂપ્યા હોવાથી 'વિમર્શ સંધિ'નું સુંદર નાટ્યાત્મક વાતા-વરણ સર્જાવા પામ્યું છે. અહીં કથાનકનો 'વિમર્શ સંધિ' પ્રાપ્ત્યાશાથી નિયતાપ્તિ તરફ સ્પષ્ટ રીતે ગતિ કરે છે.

અં. ૭ માં લક્ષ્મણ મૂર્ચ્છિત થવાથી નાયક રામને ઘોર નિરાશામાં પડેલા બતાવ્યા છે. તેથી 'વિમર્શ'ની સાથે ઉદ્વેગ મૂકયો છે; અને તે પછી રામે સીતાનો

અસ્વીકાર કર્યો તેમાં આ સંધિ માટેની બહુ અસર જણાતી નથી, પણ કાર્પટિક મુનિકુમારના વેશે ભરતની આગળ અગસ્ત્ય મુનિનો સંદેશો કહીને ગેરસમજ ઊભી કરે છે ત્યારે અને વિભીષણ–ભરતની વચ્ચે ગેરસમજભર્યો સંવાદ થાય છે ત્યારે કથાનકે સહેલાઈથી 'ફલાગમ' તરફ ગતિ ન કરતાં 'અવમર્શને' વધુ લંબાવીને નાટચચમત્કૃતિમાં વધારો કર્યો છે.

કવિએ આમ કાર્પટિકના કપટના આયોજનથી બે (અં. ૭–૮) અંકોમાં 'અવમર્શ' કે 'સંઘર્ષ'ની સર્જના કરીને કથાનકને 'નિર્વહણ' કે 'ફલાગમ'થી વિમુખ જતું બતાવ્યું છે. કવિએ 'વિમર્શ'માં પણ વચ્ચે 'પ્રાપ્ત્યુપાય' કે નાયકને 'ફલ-પ્રાપ્તિ' માટે સક્રિય રીતે–પ્રોત્સાહન કરવાનું કાર્ય સુગ્રીવ–વિભીષણની ઉક્તિઓથી રજૂ કરી દીધું છે ખરું.

અંક ૩ માં રાજ્યાભિષેકના સમાચાર વખતે રાણીઓને નેપથ્યમાંથી સંભળાયેલો છીંકનો અવાજ પણ 'ગર્ભ' સંધિનું કલાત્મક અને નાટચાત્મક સહજ સૂચન કરી દે છે ખરો, પરંતુ "કુલદેવતા બધું સારું કરશે" એમ કહીને કથાનકને 'પ્રાપ્ત્યાશા' દ્વારા 'નિયતાપ્તિ', કાર્ય તથા નિર્વહણ સંધિ તરફ પુનઃ ગતિ-શીલ બતાવ્યું છે (સીતાની શોધના પુરુષાર્થમાં, રહેલી 'પ્રાપ્ત્યાશા' (અંક ૫) જણાય છે. આમ કહી 'પ્રાપ્ત્યાશા'–અવસ્થા સંકલિત થઈ છે.

એકંદરે જોતાં 'ગર્ભ' અને અવમર્શ અથવા 'વિમર્શ'—આ બંને સંધિઓને લીધે જ નાટચચમત્કૃતિમાં કે રૂપકસૌંદર્યમાં અભિવૃદ્ધિ થઈ શકતી હોય છે. આથી નાટક માટે આ બંને સંધિઓ અગત્યની ગણાય.

નિર્વહણ સંધિ : કાર્ય અને ફલાગમને આ સંધિથી સંગઠિત કરવામાં આવે છે. બીજા નાટકોની જેમ આ નાટકમાં પણ સામાન્ય રીતે છેલ્લા અંકમાં નાયકનો બધી રીતે સંપૂર્ણ ઉદય થયેલો જોવામાં આવતો હોવાથી અંતિમ અવસ્થા, પ્રકૃતિ અને સંધિ ગૂંથી છે. આ છેલ્લા અડધા અંકમાં પ્રસંગો તથા ગૌણ કથાનકોમાં આવેલા કથાતંતુઓને સમેટી લઈને મુખ્ય ઉદ્દેશ કે પ્રયોજનથી સંપૂર્ણ સિદ્ધિ બતાવવામાં આવે છે.

કાર્પટિકે કરેલા કપટ દ્વારા થયેલા સંઘર્ષો દૂર થતાં નાયકના અભ્યુદયનો માર્ગ મોકળો બને છે. અંક ૪ માં સીતાની મહેચ્છા અનુસાર[૩૬] સહુ સ્વજનોનું સુભગ મિલન થાય છે, વસિષ્ઠ રામના રાજ્યાભિષેકની તૈયારી કરે છે અને રામ "મધ્યમા અંબા"ને તેડી લાવવા ભરતને અનુરોધ કરે છે. આમ કથાનક કાર્યમાં

પરિણામે છે. નાયકનું આ ચરિત 'ફલાગમ' પામે છે અને નાટ્યવસ્તુના કલા-સંવિધાનનું 'નિર્વહણ' થાય છે. કૈકેયીની વરદાન યાચનાથી ખોરંભે પડેલો રામનો રાજ્યાભિષેક સિદ્ધ થતાં નાયકનો સ્થૂલ અભ્યુદય તો થાય છે જ એટલું જ નહિ પણ કૈકેયી તરફના ભરતના વૈમનસ્યનું નિવારણ કરાવીને નાયક પોતાનો તથા પોતાના સમસ્ત રાજકુલનો માનસિક અભ્યુદય પણ સિદ્ધ કરે છે.

નાટકનું શીર્ષક સૂચવે છે તેમ નાયકને અંતે રાઘવ (રામ) ઉલ્લાઘ (અનેક દુઃખ વિટંબણા તથા વિપત્તિઓમાંથી મુક્તિ મેળવ્યાનો આનંદ) પામે છે. આ કૃતિનું શીર્ષક તથા અંતિમ "ભરતવાકચ" જોતાં, રામને અનેક વિપત્તિઓ અને દુઃખોમાંથી પસાર થયા પછી નિરાંતનો દમ ખેંચતા અને આનંદોત્સાહ વરતાવતા બતાવ્યા છે. નાયક રામના કાર્યની સિદ્ધિની સાથે સાથે કથાનકની પરિસમાપ્તિ થતી હોવાથી 'ફલાગમ' અને 'નિર્વહણ' સંધિમાં નાટકની સમાપ્તિ થઈ જાય છે.

## આંતર સંધિઓ :

કથાનકના વિકાસમાં કવિ પાંચ આંતરસંધિઓ દ્વારા યુક્તિઓનું આયોજન કરતો હોય છે.[૩૭]

ઉ. રા. માં નાયકના અભ્યુદયરૂપ રાજ્યપ્રાપ્તિના હેતુ તરફ કથાનકને ગતિશીલ બનાવવા માટે સોમેશ્વરે કેટલીક અંતરસંધિઓ રૂપે યુક્તિઓ ઘડી કાઢી હોય તેમ લાગે છે જેમકે પ્રથમ અંકમાં રામને વિશ્વવિજયી બનવાનાં, રાક્ષસોનો તથા રાક્ષસેન્દ્ર ઉપર વિજય મેળવવાનાં આશીર્વાદ આપવામાં આવે છે 'રત્નાવલિ' કે 'શાકુન્તલ' ની જેમ આ નાટકમાં નાયક-નાયિકાનું મિલન કે એવા પ્રકારના પ્રણય વિષયક હેતુનું આયોજન ન હોવાથી આ અંતરસંધિઓ અહીં લાગુ પાડવી મુશ્કેલ છે.

સંધિઓ અને આંતરસંધિએ કેમ ? એની ચર્ચા નરચંદ્રસૂરિએ વિગતથી આપી નથી, પરંતુ સૌથી વ્યવસ્થિત રીતે નાટ્યદર્પણકારોએ અને વિશ્વનાથે આપેલી જણાય છે. આ નાટકમાં આ પાંચ આંતરસંધિઓ અનુક્રમે નહિ, પરંતુ યથા-યોગ્ય પ્રસંગોએ યોજાઈ હોવાનું જણાય છે. જેમકે અં.૪ માં ભરતના દુઃસ્વપ્નના નિરૂપણથી 'સ્વપ્ન', અં. ૨ માં જાનૂકર્ણ્ય વસિષ્ઠનો પત્ર લઈ આવે છે તેમાં 'પત્ર' તથા રાજા દશરથે લખેલો બે આજ્ઞાઓનો પત્ર મંથરા રામને આપે છે તેમાં પણ 'પત્ર', સુગ્રીવ અને લક્ષ્મણ શુક દ્વારા અને રામ અંગદ દ્વારા રાવણ પર સંદેશો પાઠવે છે તેમાં 'સંદેશો' તથા સરમા-વિહંગવેગ દ્વારા

વિભીષણને રાવણ પક્ષની યુદ્ધની તૈયારીના ખબર મોકલે છે તેમાં 'સંદેશો', મૂર્ચ્છિત લક્ષ્મણ માટે હનુમાન દ્રોણાચાર્ય પર્વત લઈ આવ્યાના ખબર 'નેપથ્યોક્તિ'થી તથા કુંભકર્ણના જાગ્યાના ખબર 'નેપથ્યોક્તિ'થી, વાનર પક્ષે શરૂ થયેલી યુદ્ધની તૈયારીના ખબર 'નેપથ્યોક્તિ'થી રજૂ થઈ છે. આમ યથાપ્રસંગે નેપથ્યોક્તિનો પ્રયોગ થયેલો છે. પ્રથમ અંકમાં ધરતીનાં પુત્રી સીતા પણ રામ માટે નિર્માણ થયેલાં છે એવી–'આકાશોક્તિ'નો પ્રયોગ થયેલો જોવા મળે છે. આમ આ પાંચ આંતરસંધિઓ પ્રયોજાઈ છે.

સંધિના સંનિધાનમાં અંગ રૂપ અવયવ હોવાથી તેમને 'સંધ્યંગો' કહેવાય છે.[૩૮] દરેક સંધિનાં બાર, તેર કે ચૌદ અંગ હોય છે. પાંચ સંધિઓનાં અંગોની કુલ સંખ્યા ૬૪ છે. આ અંગોની બાબતમાં ક્યાંક એકાદનો ફરક પડે છે તેમજ તે અંગોના અનુક્રમમાં ક્યાંક ફેર પડી જાય છે.

આ સંખ્યા સંધિવાર આ પ્રમાણે છે.

૧૨, ૧૩, ૧૩ (કે ૧૨), ૧૩ અને ૧૩ (કે ૧૪). દ. રૂ. "ગર્ભ" સંધિમાંના 'પ્રાર્થના' અંગને અંગીકાર કરતું નથી. જ્યારે સા. દ. તેનો ખાસ સમાવેશ કરે છે. જેથી નિર્વહણ સંધિમાં 'પ્રશસ્તિ'ને કમી કરતાં સંધિઓની સંખ્યા ચોસઠ (૬૪) રહે. નિર્વહણ સંધિનાં અંગોમાં તેરમું અંગ 'કાવ્યસંહાર' એ કાવ્યનું (રૂપકનું અંતિમ અંગ હોઈને એના પછી જણાવેલું 'પ્રશસ્તિ' અંગ પ્રક્ષિપ્ત ગણાય.[૩૯]

ના. શા. તથા દ. રૂ. માં સંધિઓનાં અંગોનો અનુક્રમ સરખો જળવાયો છે, જ્યારે ના. દ. માં થોડોક ફરક પડે છે. જેમકે ના. શા. માં તથા દ. રૂ માં 'યુક્તિ' એ મૂળ સંધિનું પાંચમું અંગ છે, જ્યારે ના. દ. માં તે દસમું ગણવામાં આવ્યું છે. વળી કેટલાંક અંગોને થોડાંક નામોમાં ફેરફાર સાથે આ ત્રણેય ગ્રંથોમાં ઓળખાવ્યાં છે; પરંતુ તેઓનાં લક્ષણમાં ખાસ ફરક પડતો નથી.

| મુખ : | ના. શા. | દ. રૂ. | ના. દ. |
|---|---|---|---|
| | પરિભાવના | વિલોભન | સમાધાન |
| | પ્રાપ્તિ | પ્રાપ્તિ | પ્રાપણ |
| | ભેદ | ભેદ | ભેદન |

| પ્રતિમુખ : | | |
|---|---|---|
| તાપન | શમન (શમ) | સાંત્વન |
| પરિસર્પ | પરિસર્પ | અનુસર્પણ(૧૩મું) |
| વર્ણસંહાર | વર્ણસંહાર | વર્ણસંહતિ |

(આમ આગળ બીજી સંધિઓ માટે થઈ શકે.)

આ અંગોના અનુક્રમનો આગ્રહ અભિનવગુપ્તે રાખ્યો નથી.[૪૦] સંધિઓનાં અંગોનું આયોજન નાટકમાં પ્રત્યેક કાવ્યપ્રકારમાં આવશ્યક મનાય છે. જેમ

અંગ વિનાનો માણસ યુદ્ધારંભ નથી કરી શકતો તેમ અંગ વિનાનું કાવ્ય શોભાકારક નીવડી શકતું નથી. આથી સંધિનાં ગુણયુક્ત અંગોને યથાયોગ્ય સ્થાનોમાં પ્રયોજવાં જોઈએ.[૪૧]

નાટકમાં પ્રત્યેક સંધિનાં બધાં જ અંગો યોજવાં જ જોઈએ એવો આગ્રહ નાટ્યશાસ્ત્રીઓએ રાખ્યો નથી, પરંતુ તે પૈકી અમુક અંગોનું આયોજન રસની યોગ્ય જમાવટ માટે આવશ્યક મનાયું છે. ભરતે ના. શા. માં સંધિનાં અંગોના પ્રયોગ વિશેનો વિચાર કુશળ નાટકકાર પર છોડ્યો છે.[૪૨] ના. દ. ઉપરથી સામાન્ય રીતે એમ લાગે છે કે આ બધાં અંગો પૈકી અમુક અંગોનો પ્રયોગ અમુક સંધિમાં જ થઈ શકે છે, જ્યારે અમુક અંગોનો પ્રયોગ ગમે તે સંધિમાં થઈ શકે. અલબત્ત, આ અંગોના પ્રયોગ મોટે ભાગે અમુક સંધિમાં થતો હોવાથી તે અંગોને તે તે સંધિના સંદર્ભમાં ગણાવ્યાં છે.

દા. ત. ઉપક્ષેપ, પરિકર, પરિન્યાસ, સમાહિતિ, ઉદ્ભેદ અને કરણ એ છ અંગ 'મુખ' સંધિમાં જ હોઈ શકે છે, જ્યારે વિલોભન, ભેદન, પ્રાપણ, યુક્તિ, વિધાન અને પરિભાવના એ છ અંગ મુખ સંધિમાં અથવા બીજી કોઈ સંધિમાં પણ આવી શકે.[૪૩] 'પ્રતિમુખ' સંધિમાં ગણાવેલા છેલ્લા પાંચ અંગ આવશ્યક છે, જ્યારે પહેલાં આઠ યથારુચિ યોજી શકાય.[૪૪] ગર્ભસંધિમાં પહેલાં આઠ ગૌણ અને છેલ્લા પાંચ પ્રધાન છે[૪૫] અને 'અવિમર્શ' સંધિમાં પહેલાં નવ ગૌણ અને છેલ્લા ચાર પ્રધાન છે.[૪૬] નિર્વહણ સંધિમાં ગણાવેલાં અંગો પૈકી પહેલાં છ તે સંધિમાં જ આવી શકે; જ્યારે બાકીનાં સાત ગમે તે સંધિમાં યોજી શકાય.[૪૭]

આ પરથી માલૂમ પડે છે કે ઉપક્ષેપ, પરિકર આદિ અંગો કાવ્યના પ્રારંભિક ભાગ સાથે અને સંધિ, વિરોધ... કાવ્યસંહાર અને પ્રશસ્તિ એ કાવ્યના અંતિમ ભાગ સાથે સંબંધ ધરાવતા હોઈ અનુક્રમે 'મુખ' સંધિમાં અને 'નિર્વહણ' સંધિમાં જ યોજી શકાય છે. તે પણ આપેલા નિયત ક્રમે જ.

એ સંધિઓનાં બીજાં અંગ બીજી સંધિઓમાં પણ આવી શકે છે. એવી રીતે વચલી ત્રણ સંધિઓમાં અમુક અંગો આવશ્યક કે પ્રધાન છે, જ્યારે બીજાં અંગો વૈકલ્પિક કે ગૌણ છે.

આમ સંધિનાં અંગોના પ્રયોગની યોગ્યાયોગ્યતાની જેટલી વિસ્તૃત અને વ્યવસ્થિત ચર્ચા દ. રૂ., ના. દ., તથા સા. દ. માં મળે છે એટલી અન્યત્ર ભાગ્યે જ મળે છે. સોમેશ્વરના નજીકના સમયના આલંકારિક નરચંદ્રસૂરિયે 'અલંકાર-મહોદધિ'માં આ ચર્ચાનો સમાવેશ કર્યો નથી.

કેટલીકવાર એક જ અંગ એકથી વધુ વાર યોજાતું હોય છે.

એકંદરે જોતાં સંધિમાંનાં અંગો કાર્યને, અવસ્થાને અને રસને અનુરૂપ (પ્રસંગ તથા ભાવને અનુરૂપ) યથાસ્થાને પ્રયોજાવાં જોઈએ કે જેથી કાવ્યનું સૌંદર્ય તથા ચમત્કૃતિ જળવાઈ રહે અને વધે. આ સંધ્યંગો પ્રયોજનોને અનુલક્ષીને થતાં હોય છે.

(૧) અભીષ્ટ અર્થની રચના (૨) ગોપનીયનું ગોપન (૩) પ્રકાશન (૪) રાગ (૫) પ્રયોગનું આશ્ચર્ય.[૪૮]

આ નાટકમાં કેટલાંક સંધ્યંગો નિરૂપાયેલાં હોવાનું જણાય છે. સંધ્યંગોનો પ્રયોગ શાસ્ત્રની મર્યાદાના પાલન ખાતર જ નહિ, પણ રસ તથા પ્રસંગને અનુરૂપ ગૂંથાય છે.[૪૯] ભરત અને અભિનવગુપ્ત આ બાબતમાં વિસ્તૃત દૃષ્ટિબિન્દુ ધરાવે છે, જ્યારે ના. દ.કારો અમુક અંગો અમુક સંધિમાં મુખ્યત્વે અથવા આવશ્યક ગણે છે તે આગળ જોયું.

**મુખ સંધિ :** (૧) ઉપક્ષેપ : કાવ્યાર્થની સમુત્પત્તિ–પ્રયોજનનો નિર્દેશ થતો જણાય ત્યારે ઉપક્ષેપ.[૫૦] કવિએ કથાનકનો વિષય 'ઉપક્ષેપ' નામના અંગથી અં. ૧, શ્લો. ૨૨માં રજૂ કર્યો લાગે છે. શતાનન્દ પ્રતિહારી ઉક્તિને અનુમોદન આપતાં જણાવે છે કે રામે તે બધા રાક્ષસોનો જ નહિ, પરંતુ રાક્ષસેશ્વર રાવણનો પણ સંહાર કરવાનો છે. અહીં શત્રુનો વિનાશ કરીને પરાક્રમી નાયક–રામના અભ્યુદયની સૂચના શુભેચ્છારૂપ ઉક્તિથી થઈ છે. શત્રુનો વિનાશ એ નાયકના અભ્યુદયનો એક ભાગ ગણાય.

**પરિકર :** બીજના ઈષત્ વિસ્તારનું દર્શન આ અંગમાં થતું હોય છે.[૫૧] અં. ૨માં વિનયંધરની ઉક્તિ પરથી રામના રાજ્યાભિષેકની તૈયારીના એક ભાગ રૂપે રાજાની ઇચ્છા દર્શાવી હોય એમ લાગે છે. આથી નાયક રામના અભ્યુદયરૂપ રાજ્યપ્રાપ્તિ–પ્રયોજનનો આછો નિર્દેશ થાય છે.

**પરિન્યાસ :** પ્રયોજનનો સ્પષ્ટ અર્થ હૃદયમાં નિશ્ચિત રૂપે સ્થપાય તે પરિન્યાસ. બીજારોપણ ઇષત દર્શનનાપ્રયોજનની સ્થાપના આ અંગથી થતી હોય છે.[૫૨] અહીં અંક ૨, શ્લો. ૧૧ માં પુત્ર રામનો રાજ્યાભિષેક કરવાનો રાજા દશરથનો વિચાર વધુ દૃઢ થતો જણાય છે અને શ્લો. ૫૦–૫૧ માં રાજા દશરથ

જાનકર્ણ સમક્ષ પુત્ર રામને રાજ્યભાર સોંપીને વાનપ્રસ્થ થવાનો નિશ્ચય-ઇચ્છા વ્યક્ત કરે છે તેમાં.

**યુક્તિ** : નાટકના પ્રયોજનને કાર્યમાં દૃઢપણે ધારણ કરવામાં આવે ત્યારે યુક્તિ.[૫૩] (શ્લો. ૪૧-૪૩). અહીં અપશુકનો પછી શુભ શુકનો થવાથી અંતરાયો પછી છેવટે નાયકનો અભ્યુદય થવાનો સૂચવાયો છે. આ સૂચન તાત્કાલિક પરશુરામ સાથેના સંઘર્ષને અને તે-સંઘર્ષને અંતે થતા રામના વિજયને લાગુ પડે છે. એટલું જ નહિ પણ સમગ્ર કથાનકમાં નાયકના અભ્યુદયમાં વચ્ચે આવતા અંતરાયોને યુક્તિથી હઠાવીને છેવટે સિદ્ધ થતા અભ્યુદયને પણ લાગુ પડે છે.

**સમાધાન** (સમાહિતિ) :[૫૪] બીજના અર્થનું ઉપગમન (શરૂઆત) મુખ્ય નાયકને અનુલક્ષી બીજના અર્થની શરૂઆતમાં થાય તે સમાધાન. આ નાટકમાં અં. ૧ (પૃ. ૧૭-૧૮)ના समावेहि...रागभद्राभ्युदयाय ..થી માંડીને "तदेतया जामाताभ्युदय वार्तया...सान्तः पुरपौरं आत्मपुरं च प्रमोदयामः ।

અહીં સંક્ષેપમાં રાખેલા બીજનું પુનઃ અધિક સ્પષ્ટ રૂપે આધાન થતું હોવાથી 'સમાધાન' છે. તેમાં નાયકના અભ્યુદયની નજીકના સમયમાં તથા સમગ્ર નાટકની દૃષ્ટિએ પણ અભ્યુદય વિશેનું 'સમ્યક્ આધાન' થયું છે.

**પારભાવના** :[૫૫] કુતૂહલ તથા વિસ્મય જગાડે તેવી વાત આ અંગમાં આવતી હોય છે.

આ નાટકમાં અં. ૨ ના વિષ્કંભકના શ્લો. ૧૧ પછીની નંદિભદ્રની ઉક્તિમાં કુતૂહલ તથા વિસ્મય વ્યક્ત થયાં છે.

'નિર્વહણ' સંધિના કેટલાક (આવશ્યક મનાતા) અંગોનો વિચાર કરી શકાય.

**સંધિ** : સંધિ એટલે બીજના ફળવાની શરૂઆત.[૫૬] આ નાટકના અંતિમ અંકમાં રામનું પુષ્પક વિમાન અયોધ્યા સુધી પહોંચ્યા બાદ સીતા ફલાગમની મહેચ્છા આ વાક્યથી भगवत्योरघुकुलदेव युष्माकं प्रसादेन दशरथसुतानां दुरित मन्तरीयताम् । (પૃ. ૧૦૫) નાટકના શીર્ષકના સૂચન અનુસાર અંતરાયોના નિવારણ સાથે પ્રાપ્ત થતા આનંદ દ્વારા નાયકનો બધી રીતે અભ્યુદય થવાની તૈયારીમાં

હોય તેવું આ વાક્યથી સૂચવાતું હોવાથી બીજનો ફલાગમ અહીં 'સંધિ' અંગમાં સૂચવાયો લાગે છે.

**નિરોધ** : ના. શા. તથા ના. દ. એને નિરોધ કહે છે.[૫૭] જ્યારે દ. રૂ.માં તેને "વિબોધ" કહે છે. નિર્વહણ સંધિનું આ બીજું અંગ ગણાય છે. નષ્ટ કાર્યના સંપાદન માટે જે અન્વેષણ કરવામાં આવે છે તેને 'નિરોધ' અથવા 'વિબોધ' કહે છે. અહીં અં. ૮ ના શ્લો. ૪૦ પછી રામની બીજી ઉક્તિમાં આ અંગ જણાય છે. કાર્પટિકે ફેલાવેલી ગેરસમજને લઈને જે વિચિત્ર પરિસ્થિતિ ઊભી થાય છે તેથી કાર્ય નષ્ટ થતું લાગે છે, પરંતુ આ પરિસ્થિતિ અસામાન્ય અને અનપેક્ષિત જણાતા રામ જે અન્વેષણાત્મક પ્રશ્નો પૂછે છે તેનાથી કાર્યની ગતિ મોકળી બને છે અને એ ફલાગમ તરફ અભિમુખ થાય છે.

**ગ્રથન** : ગ્રથન એટલે કાર્યનો ઉપક્ષેપ (ઉપસંહાર) અથવા કાર્યનું દર્શન.[૫૮] અંક ૮ માં વસિષ્ઠની પ્રથમ બે ઉક્તિઓ (પૃ. ૧૫)માં આ અંગ જણાય છે. અહીં સર્વજનોના મિલન પછી વસિષ્ઠ રામના રાજ્યાભિષેકનો પ્રસ્તાવ રજૂ કરે છે ત્યાં આખા નાટકના મુખ્ય કાર્યનો ફલોદય થાય છે.

**પૂર્વભાવ**[૫૯] : તેમાં કાર્યનું અર્થાત્ કાર્યની સિદ્ધિનું દર્શન થતું હોય છે. વસિષ્ઠ રામનો રાજ્યાભિષેક કરે છે તે પ્રસંગે મંગલ કલશ લઈને પધારેલા જાનૂકર્ણની ઉક્તિથી શરૂ કરીને "રામસ્યાભિષેકં કરોતિ"–એ નાટચસૂચના સુધીનો ભાગ આ સંધ્યંગમાં ગણાવી શકાય (પૃ. ૧૫૪).

**કાવ્યસંહાર** : શ્રેષ્ઠ–ઇચ્છિત વસ્તુની પ્રાપ્તિને કાવ્યસંહાર કહે છે.[૬૦] ખરી રીતે નાયકનું ઇચ્છિત અહીં પરિપૂર્ણ થતું હોવાથી નાટકનો ઉપસંહાર પણ તેમાં થઈ જતો લાગે છે. આથી આ અંગ છેલ્લી સંધિનું છેલ્લું અંગ ગણી શકાય.

અહીં વસિષ્ઠના પ્રશ્નના ઉત્તરમાં રામ જે શ્લોક "तीर्णः क्लेशार्णवः... બોલે છે (શ્લો. ૪૨) તેમાં "કાવ્યસંહાર"નો આયોજના થઈ છે અને તેમાં નાટકનો પણ ઉપસંહાર થાય છે.

**પ્રશસ્તિ**[૬૧] : આ અંગની આવશ્યકતા માટે નાટચશાસ્ત્રીઓમાં મતભેદ પ્રવર્તે છે. ના. દ. ના મતે આ અંગની રચના અવશ્ય હોવી જોઈએ.

આમાં શુભ વસ્તુના કથન દ્વારા (પ્રાયઃ રાજા તથા દેશ કે પ્રજાની સુખ-શાન્તિ માટે) શુભાશિષ આપવામાં આવે છે. આમ અહીં શુભવસ્તુનું કથન થતું હોય છે.

આ નાટકમાંના અંતિમ શ્લોકના "ભરતવાક્ય"માં રામના મુખે આ અંગ મુકાયું છે. અષ્ટમ અંકની પ્રશસ્તિ અને 'ગ્રંથકારપ્રશસ્તિ'ને પણ આ અંગમાં ગણાવી શકાય. જોકે તે પ્રક્ષિપ્ત અંગ પણ ગણાય છે.

## પ્રસ્તાવના અથવા આમુખ

નાટકની નિર્વિઘ્ન પરિસમાપ્તિ માટે નાટકની પ્રસ્તાવનાની શરૂઆત પહેલાં મંગલ કરવામાં આવે છે તેને પૂર્વરંગ કહે છે.[૬૨] પૂર્વરંગનાં અંગોની સંખ્યાની બાબતમાં ભરત અને રામચંદ્ર–ગુણચંદ્રના અભિપ્રાયોમાં થોડોક ફેર પડે છે, પરંતુ એકંદરે તે અંગોને મંગલકારક ક્રિયા કહી શકાય.[૬૩]

સૌથી પહેલાં–આરંભમાં–સ્થાપક પ્રવેશીને નાન્દી શ્લોકોનું ગાન કરે છે. તે આશીર્વાદાત્મક કે નમસ્કારાત્મક શ્લોકને નાન્દી શ્લોક કહે છે. આ નાન્દી શ્લોક છ, આઠ કે બાર પદવાળા હોય છે એમ ભરત અને રામચંદ્ર–ગુણચંદ્ર તથા સોમેશ્વરના ઉત્તરકાલીન વિશ્વનાથના અભિપ્રાયો પરથી એકંદરે કહી શકાય.[૬૪]

નાન્દી શ્લોકમાં આવતા 'પદ'ને 'વાક્યાર્થવાચક પદ' અથવા 'સુપ્-તિઙન્ત શબ્દપ્રયોગ'ના અર્થમાં પદ માનવામાં આવે છે.[૬૫]

પહેલા અર્થ પ્રમાણે અહીં શ્લો. ૧ માં વાક્યખંડ વાચક બે પદ છે, શ્લો. ૨ માં પણ બે અને શ્લોક ૩ માં પણ બે છે. એ રીતે ત્રણ શ્લોકમાં મળીને કુલ છ પદ થાય છે.

બીજા અર્થાત્ સુપ્ તિઙન્ત ના અર્થમાં અહીં શ્લો. ૧ માં ૧૨, શ્લો. ૨ માં ૧૬ અને શ્લો. ૩ માં ૧૬ પદ છે. આથી અહીં નાન્દીના શ્લોકોનો અલગ અલગ રીતે વિચાર કરીએ તો પણ આ અર્થમાં નિયત સંખ્યા માત્ર ૧ ને જ લાગુ પડે છે, જ્યારે નં. ૨ અને નં. ૩ માં પદની સંખ્યા વધારે થાય છે.

પૂર્વરંગનું વિધાન કરીને સૂત્રધાર ચાલ્યો જાય ત્યારે બીજો નટ આવીને કાવ્યની સ્થાપના કરતો હોય છે.[૬૬] કથાનકને અનુરૂપ નટ દિવ્ય કે અદિવ્ય રૂપ ધારણ કરીને વિષયનો આરંભ કરતો હોય છે.[૬૭] કોઇક વાર ઋતુના વર્ણનથી પ્રયોગની શરૂઆત થતી હોય છે.[૬૮] આ બાબત અનુસાર ભાસે "પ્રતિમા નાટક"ની પ્રસ્તાવનામાં શરદઋતુનો ઉલ્લેખ કર્યો અને કાલિદાસે "શાકુન્તલ"ની પ્રસ્તાવનામાં

ગ્રીષ્મઋતુનું વર્ણન કર્યું તેમ સોમેશ્વરે તેની આ નાટ્યકૃતિની પ્રસ્તાવનામાં શરદઋતુનું નિરૂપણ કર્યું છે.[૬૯]

સ્થાપક અથવા સૂત્રધાર ઇચ્છા જણાવે છે અને વિષ્ણુના અંશરૂપ રામના ઉદાર ચરિત પર આધારિત આ પવિત્ર નાટ્યપ્રયોગનો અભિનય કરીને, પોતે કૃતાર્થ બનવાનો ભાવ વ્યક્ત થયો છે.[૭૦] તેમાં કવિએ ભક્તિપ્રધાન હૃદયનો આશય વ્યક્ત કરવાની સાથે દિવ્ય નાયક રામવિષયક "નવું અભિનવ અને રમ્ય નાટક" હોવાનું જણાવી દીધું છે. આમ સૂત્રધાર નટીને આ નાટ્યપ્રયોગનો હેતુ જણાવ્યા બાદ, તે તેને નાટકકારનો,[૭૧] નાટકના વસ્તુનો તથા સામાજિકોનો પરિચય આપે છે.[૭૨]

ત્યારબાદ નટી પોતે પુત્રીની વિદાયને કારણે ઉદ્વિગ્ન મનવાળી થઈ છે એમ જણાવીને પ્રથમ અંકમાં આવનાર સીતા–વિદાયના પ્રસંગનું સૂચન કરવામાં આવ્યું છે.

પ્રસ્તાવનાને છેડે સૂત્રધારે વત્સરંગમંગલ નામનો નટ શતાનન્દની ભૂમિકામાં પ્રવેશ કરવાની તૈયારી કરે છે એમ કહ્યું છે. એ પ્રમાણે પ્રથમ અંકની શરૂઆતમાં શતાનન્દ સૂત્રધારે ઉચ્ચારેલા શ્લોકનું જ રટણ કરતો કરતો પ્રવેશ કરે છે.[૭૩]

આ રીતે પ્રસ્તાવનામાંના પ્રસંગનું, પાત્રનું અને શ્લોકનું સૂચન થતું હોવાથી 'કથોદ્ઘાત' કહી શકાય અને તે 'કથોદ્ઘાત'નો પહેલો પ્રકાર લાગે છે.[૭૪]

આ નાટકમાં સૂત્રધાર કથાવસ્તુનો વિસ્તાર શરૂ કરીને ચાલ્યો જાય છે.[૭૫] આમ પાત્ર તથા પ્રસંગને પ્રસ્તાવનામાં સૂચવીને મુખ્ય કથાનકની શરૂઆત તથા નાટ્યારંભ કરવાની યુક્તિ યોજાઈ છે.

**અર્થોપક્ષેપકો :**

નાટકમાં અંકની રજૂઆત અલગ અલગ એકમ તરીકે થતી હોય છે ને એમાં અમુક અમુક પ્રસંગોની પ્રત્યક્ષ રજૂઆત થતી હોય છે. એ અંકોમાં રજૂ થતા પ્રસંગો વચ્ચેનાં અનુસંધાન દર્શાવવા માટે સંસ્કૃત નાટકમાં પાંચ પ્રકારના 'અર્થોપક્ષેપક' યોજવામાં આવે છે. મુખ્ય અંકના ચાલુ દૃશ્યમાં સ્થળ, પ્રસંગ તથા સમયની દૃષ્ટિએ યોજી ન શકાય તેવી બાબતોના નિરૂપણ માટે નાટ્યશાસ્ત્રીઓએ અર્થોપક્ષેપકોની વ્યવસ્થા કરી છે. બની ગયેલા પ્રસંગોનું અને/અથવા હવે પછીના અંકમાં બનનાર બનાવનું સૂચન કે નિરૂપણ કરવા માટે, પાછલા અને પછીના અંકમાં બનતા બનાવોની વચ્ચેના સ્થળ–સમયનો અને પ્રસંગોનો મેળ બેસાડવા અને અનુસંધાન જાળવવા માટેની આ એક પ્રકારની યુક્તિ કહી શકાય. તે પાંચ પ્રકારની હોય છે.[૭૬]

મુખ્ય કથાનક માટે આવશ્યક હોય, પરંતુ મુખ્ય અંકમાં રજૂ કરવા માટે રસ કે પ્રસંગની દૃષ્ટિએ અશકય કે અયોગ્ય હોય, તો તેની રજૂઆત આ પાંચ પ્રકારના અર્થોપક્ષેકોમાંથી ગમે તેના પ્રયોગથી નાટકકાર કરી શકે છે.[૭૭] તેવા (૧) વિષ્કંભક (૨) પ્રવેશક (૩) અંકાસ્થ (૪) ચૂલિકા (ચૂલા) અને (૫) અંકાવતાર.

સૂચિત પ્રસંગોનો અતિબહુ સમયગાળો હોય તો 'વિષ્કંભક', બહુ ગાળો રહેતો હોય તો 'પ્રવેશક', અલ્પ ગાળો હોય તો 'અંકાસ્ય', તેથી પણ થોડો વધુ અલ્પ (અલ્પતર) સમયનો ગાળો રહેતો હોય તો 'ચૂલિકા' અને સૌથી ઓછામાં ઓછો સમયનો ગાળો (અલ્પતમ) રહેતો હોય તો 'અંકાવતાર'નો પ્રયોગ કરવો. આમ આ અર્થોપિક્ષપકો વિશેની વિશેષ નોંધ ના. ૬. માં (વિ. ૧, સૂ. ૨૪, પૃ. ૬૧) લેવામાં આવી છે. આ અર્થોપક્ષેપકોમાંથી સામાન્ય રીતે નાટકકારને ગમે તેનો યથાયોગ્ય પ્રયોગ કરવાનો હોય છે.

**વિષ્કંભક :** વિષ્કંભક વિશે ભરત મુનિએ તેમજ રામચંદ્ર–ગુણચંદ્રે સૌથી વધુ સ્પષ્ટતા કરી છે. બીજા અર્થોપક્ષેપકો પૈકી 'વિષ્કંભક' અન્ય અર્થોપક્ષેપકોનાં પ્રમાણમાં વધુ સમયપર્યંતનું કથાનક કે પ્રસંગોને રજૂ કરવામાં મદદરૂપ બની શકે છે. તેને પ્રસ્તાવના પૂરી થયા પછી પણ તરત મૂકી શકાય છે, અને ગમે તે અંકના આરંભ પહેલાં પણ યોજી શકાય છે.[૭૮] તેમાં પુરોહિત, અમાત્ય અને કંચુકી જેવાં પાત્રો તથા મધ્યમ પાત્રોનો સંસ્કૃત અથવા પ્રાકૃત ભાષામાં સંવાદ થતો હોય છે. તે સંવાદ દ્વારા રાજાનું પ્રયાણ, રાજ્યમાં થયેલો બળવો, કે આક્રમણ કે યુદ્ધનું નિરૂપણ અથવા મુખ્ય અંકના દૃશ્યમાં નિરૂપી ન શકાય તેવા બનાવોનું સૂચન કરવામાં આવતું હોય છે, કે જેથી પૂર્વોત્તર અંકોના કથાનકનું પ્રસંગ અને રસની દૃષ્ટિએ બરાબર અનુસંધાન અને પ્રવાહિતા જળવાઈ રહે.

વિષ્કંભક બે પ્રકારના હોય છે : પુરોહિત, અમાત્યાદિ પાત્રોના સંસ્કૃત સંવાદ દ્વારા રજૂ થતા વિષ્કંભકને 'શુદ્ધ વિષ્કંભક' કહે છે અને મધ્યમ અને કનિષ્ઠ (અર્થાત્, સહેજ ઊતરતી કોટિનાં) પાત્રો વચ્ચેનો સંસ્કૃત–પ્રાકૃત ભાષામાં મિશ્ર સંવાદ દ્વારા રજૂ થતા વિષ્કંભકને 'મિશ્ર વિષ્કંભક' કહે છે. આ નાટકમાં શુદ્ધ અને મિશ્ર એમ બંને પ્રકારના વિષ્કંભકોની યોજના થઈ છે. તેમાં બીજા અને છઠ્ઠા અંકના 'શુદ્ધ વિષ્કંભક' છે અને પાંચમા અંકનો 'મિશ્ર વિષ્કંભક' છે.

**બીજા અંકનો વિષ્કંભક :** અંક ૧ના અંત પછી અને અંક ૨ના આરંભ પહેલાં વચગાળાના સમય દરમ્યાન બનેલી ઘટનાઓનું નિરૂપણ આ પ્રવેશકમાં કરવામાં આવ્યું છે. તેમાં પ્રથમ અંકના અંતિમ સૂચન અનુસાર ઘટનાને આગળ વધારીને

બીજા અંકમાં આવનાર બાબતોને સાંકળી લેવામાં આવી છે. આ વિષ્કંભકમાં વિનયંધર અને નંદિભદ્રની સંસ્કૃત વાતચીત દ્વારા નીચેની વિગતોનું સૂચન થયું છે :

(૧) દશરથ રાજાએ રામના પરશુરામ–વિજય નિમિત્તે અયોધ્યા નગરીને ઉત્સવ ઊજવવાની કરેલી આજ્ઞા. (૨) રાજાએ વસિષ્ઠને બોલાવવા માટે મોકલેલો દૂત. (૩) રામના પ્રતિકૂલ ભાવિના નિવારણ માટે વસિષ્ઠે પોતાની અનુપસ્થિતિ ન રાખતાં, પોતાના જાનૂકર્ણય નામના શિષ્યને રાજા પાસે મોકલ્યો છે. (૪) ભરતનું મોસાળ જવું, તેથી ખિન્નહૃદયા કૈકેયી પાસે તેના મનોવિનોદાર્થે રામનું જવું. (૫) રામનો પોતાનો મનોવિનોદ માટે લીલોદ્યાનમાં પ્રવેશ. (૬) પુત્ર રામને રાજ્યભાર સોંપીને મુક્ત થઈ જવાની રાજાની મહેચ્છા. આ છેલ્લી બે બાબતો અગામી અંકમાં આવવાની વસ્તુનું સૂચન કરે છે.

આમ આ વિષ્કંભકમાં બે દરબારી કર્મચારીઓની સંસ્કૃત ભાષામાં વાતચીત થતી હોવાથી અને તે બંને મધ્યમ પાત્રો હોવાથી તેને શાસ્ત્રીય રીતે 'શુદ્ધ વિષ્કંભક' કહી શકાય.

**છઠ્ઠા અંકનો વિષ્કંભક :** બીજા અંકના વિષ્કંભકની જેમ કાર્પટિક અને વૃકમુખ નામના બે રાજદ્વારી કર્મચારીઓના સંસ્કૃત સંવાદમાં યોજાયો છે તેથી તે 'શુદ્ધ વિષ્કંભક' છે. પાંચમા અંકના અંત પછીના અને છઠ્ઠા અંકમાં આવનારા પ્રસંગો તથા કથાનકના નિરૂપણની સાથે મેળ બેસાડવાની યોજના આ વિષ્કંભકમાં થઈ છે. (આમ પૂર્વોત્તરવર્તી બે અંકોના વચગાળાના સમય દરમ્યાન બનેલા બનાવોનું નિરૂપણ કે સૂચન કરીને મુખ્ય અંકમાં આવનારી વસ્તુનું અનુસંધાન કરવામાં આવ્યું છે.) તેમના સંસ્કૃત સંવાદ દ્વારા (૧) સુગ્રીવને કુંભકર્ણ બેભાન કરીને લંકામાં ઉપાડી ગયેલો, તે ત્યાંથી નાસી છૂટીને રામપક્ષે પાછો જતો રહ્યો છે. (૨) હનુમાને સમુદ્ર પરથી અવરજવર કરીને રામ–સીતાનાં પરસ્પર અભિજ્ઞાનોની લેવડદેવડથી તેઓનાં જીવન ટકાવી રાખ્યાં. (૩) વિભીષણ પોતાના મોટાભાઈ રાવણથી અપમાનિત થઈને રામપક્ષે ગયો છે અને રામે તે શરણાગતનો સ્વીકાર કર્યો છે. (૪) રાવણે શુક–સારણ નામના મંત્રીઓને વાનરવેષે રામસૈન્યની ભાળ કાઢવા મોકલેલા. તેઓ રામની સહાનુભૂતિથી પોતાનાં કાર્ય પતાવીને અને લક્ષ્મણ–સુગ્રીવનો સંદેશો લઈને પોતાના સ્વામી રાવણ પાસે પાછા જવા નીકળ્યા છે. એમાંથી છેલ્લી વાતની સાથે મુખ્ય અંકના દૃશ્ય સાથેનું અનુસંધાન જાળવ્યું છે. શુક રાવણને સંદેશો કહેવા ગયો છે અને શુકના પાછા ફરતી

વખતે અંગદને પણ રામે કાનમાં કંઈક કહીને રાવણ પાસે મોકલ્યો છે. એ સૂચનથી ૬ઠ્ઠો અંક શરૂ થાય છે.

આમ વચગાળામાં બની ગયેલું સુદીર્ઘ સમયપર્યંતનું કથાનક તથા આગામી બનાવનું સૂચન આ 'શુદ્ધ વિષ્કંભક'માં યોજાયું છે.

**પાંચમા અંકનો વિષ્કંભક :** આ વિષ્કંભક 'મિશ્ર વિષ્કંભક' છે, કેમ કે તેમાં રાવણના પક્ષના એક મધ્યમ તથા એક કનિષ્ઠ વર્ગનાં પાત્રની સંસ્કૃત–પ્રાકૃતમાં વાતચીત યોજાઈ છે. અહીં ચોથા–પાંચમા અંકો વચ્ચેના કથાનકનું જોડાણ કરવામાં આવ્યું છે. તેમાં પણ વચગાળાના અને પ્રમાણમાં વધુ સમય દરમ્યાન બની ગયેલા રામ વિશેના બનાવોનું નિરૂપણ કરી – રાવણની વર્તમાન મનોદશા વર્ણવીને મુખ્ય અંકના દશ્યના પ્રસંગનું સૂચન કરવામાં આવ્યું છે.

આમ તો મારીચની પ્રથમ સુદીર્ઘ એક જ ઉક્તિ પાછલા અને આગામી અંકની બાબતોનું અનુસંધાન કરવા માટે પૂરતી હોવાનું જણાય છે. તેમ છતાં સોમેશ્વરે પ્રસંગ તથા ભાવને વધુ ઓપ આપવા અને અસરકારક બનાવવા તથા પાત્રોનો વધુ પરિચય કરાવવા માટે વિષ્કંભકની ગોઠવણ સારી રીતે કરી લાગે છે.

આ 'મિશ્ર વિષ્કંભક'માં ચિત્રકૂટથી દક્ષિણ દિશાએ રામનું વનપ્રયાણ શરૂ થયું ત્યારથી માંડીને વચગાળાના ઠીક ઠીક સમય દરમ્યાનનો બની ગયેલો વૃત્તાંત અને સીતાના અપહરણના બનાવના પ્રસંગની પૂર્વભૂમિકા રજૂ થઈ છે. મુખ્ય દશ્ય કે મુખ્ય અંક માટે વધુ મહત્ત્વની નહિ, છતાં મુખ્ય અંકની બાબતને સમજવા આ વિષ્કંભકની બાબત અગત્યની ગણી શકાય.

**પ્રવેશક :** પ્રવેશકમાં બે અંકો વચ્ચેની બાબતોનું સંક્ષિપ્ત નિરૂપણ થતું હોય છે. તે ખાસ કરીને પ્રકરણ અને નાટકમાં પ્રયોજવામાં આવે છે. તેમાં ઉત્તમ નહિ, પણ મધ્યમ પાત્રોનો પ્રાકૃતાદિ ભાષામાં સંવાદ થતો હોય છે.[૭૯] ના. દ. પ્રમાણે નાટક વગેરે ચાર પ્રકારનાં રૂપકોમાં તેની યોજના થઈ શકે છે.[૮૦] એકંદરે રામચંદ્ર–ગુણચંદ્ર ભરતે આપેલા લક્ષણને સ્વીકારે છે.

વિષ્કંભક અને પ્રવેશકની વચ્ચે કેટલોક તફાવત રહેલો છે અને કેટલુંક સામ્ય પણ રહેલું છે : (૧) વિષ્કંભકમાં ઉત્તમ પાત્રો અને કેટલીક વાર મધ્યમ પાત્રો પણ આવતાં હોય છે જ્યારે પ્રવેશકમાં મધ્યમ કે નીચ પાત્રો જ આવતાં હોય છે, (૨) વિષ્કંભકમાં પાત્રોને અનુરૂપ સંસ્કૃત કે સંસ્કૃત–પ્રાકૃત

 શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબા 

ભાષાનું આયોજન થતું હોય છે, જ્યારે પ્રવેશકમાં માગધી વગેરે પ્રાકૃત ભાષાઓમાંથી ગમે તેનું આયોજન થતું હોય છે. (૩) વિષ્કંભક પ્રસ્તાવના પછી એટલે કે પ્રથમ અંકની પહેલાં પણ યોજી શકાય છે, જ્યારે પ્રવેશક પ્રથમ અંકની પહેલાં યોજી શકાતો નથી.[૮૧] વિષ્કંભક અને પ્રવેશકનો પ્રયોગ નાટકાદિક રૂપકોમાં થાય છે, વ્યાયોગાદિ રૂપકોમાં થતો નથી, જ્યારે અંકાસ્ય વગેરેનો પ્રયોગ સર્વ રૂપકોમાં થાય છે.[૮૨] આ પ્રમાણે વિષ્કંભક અને પ્રવેશકનું સ્વરૂપ તપાસ્યા પછી આ નાટકના ત્રીજા અંકની પહેલાં આવતા 'પ્રવેશક'નો વિચાર કરી શકાય.

**ત્રીજા અંકનો પ્રવેશક :** ત્રીજા અંકની પહેલાં દશરથ રાજાના પક્ષની મંથરા અને સુબુદ્ધિકા નામની બે દાસીઓના પ્રાકૃત સંવાદમાં આ પ્રવેશક યોજાયો છે.

બીજા અંકને અંતે સૂચવાયેલી રામના રાજ્યાભિષેકની બાબતનું અનુસંધાન જાળવવા માટે તથા ત્રીજા અંકમાં રામના રાજ્યાભિષેકમાં આવનાર વિપત્તિના સૂચન માટે આ પ્રવેશકની યોજના થઈ છે. રામને લઈને આવવા માટે સુમંત્રને કહેવા માટે કૈકેયીએ મંથરાને મોકલેલી હતી, તે કામ મંથરાએ સંપન્ન કર્યું છે. આમ બનેલી બાબત માટે વિષ્કંભક કરતાં પ્રમાણમાં અલ્પ સમય દરમ્યાનનું વસ્તુ પ્રવેશકમાં સૂચવાયું છે.

**અંકાસ્ય :** અંકના અંતિમ પાત્ર દ્વારા પછીના છિન્ન (અર્થાત્ આગલા અંક સાથેના સંબંધ વિનાના) અંકનો આરંભ યોજવો તે 'અંકાસ્ય' કહેવાય છે.[૮૩] લક્ષણ અનુસાર આ નાટકમાં અં-૧ના અંતના જનકરાજાની ઉક્તિથી સૂચિત થતા નાયિકના અભ્યુદયથી તૃતીય અંકના પ્રવેશકમાં તો વિપરીત થતું બતાવ્યું છે તેથી પહેલી અને પછીની બાબતમાં છિન્ન અંકની યોજના થઈ ગણાય.

**અંકાવતાર :** (પ્રવેશકાદિ દ્વારા) સૂચન કર્યા વિના (પૂર્વ અંકનાં) પાત્રો દ્વારા પછીના અંકનો એકાએક આરંભ અવતાર થાય છે તેને 'અંકાવતાર' કહે છે.[૮૪] આ નાટકમાં સાતમા અંકને અંતે વિભીષણ પુષ્પક વિમાન તૈયાર કરીને રામને અયોધ્યા જવા માટે બોલાવી રહ્યા છે. તે સૂચન મુજબ આઠમા અંકનો આરંભ નિરૂપાયો છે, જેમાં રામ, સીતા, વિભીષણ વગેરે વિમાનમાં બેઠેલાં છે. આમ અહીં પૂર્વ અંકનાં પાત્રો દ્વારા પછીના અંકનું અવતરણ થયું છે.

આ અર્થોપક્ષેપકોમાં નિરૂપિત પ્રસંગોના સમયગાળાની દૃષ્ટિએ જોતાં, આ નાટકમાં બીજા, પાંચમા અને છઠ્ઠા અંકના આરંભમાંના વિષ્કંભકોની યોજનામાં કથાનક (પ્રસંગો)ની હકીકતની અને સમયની દૃષ્ટિએ દીર્ઘતા છે. ત્રીજા અંકના પ્રવેશકમાં પ્રસંગ અને સમયની દૃષ્ટિએ વિષ્કંભક કરતાં ઓછું અંતર છે.

પ્રથમ અંકના છેડે આવતી જનકની ઉક્તિમાં દ્વિતીય અંકની આરંભિક બાબતનું સૂચન થયેલું છે. તેમાં અંકાસ્યના સમયનું અલ્પ અંતર રહેલું છે. (અલબત્ત, બીજા અંકના—આરંભનું અયોધ્યાનું વર્ણન તેમાં વિક્ષેપ પાડે છે.) અં. ૭ ને અંતે રામની ઉક્તિ પરથી અં. ૮માં વિમાન દ્વારા રામ વગેરેના અયોધ્યા પ્રત્યાગમનું સૂચન–અત્યંત અલ્પ સમય સૂચવે છે. આમ ના. દ. નો સિદ્ધાંત[૮૫] અહીં અર્થોપક્ષેપકો માટે જળવાયો છે.

અંક નાટકમાં 'અંકો'ની યોજના થઈ હોવી જોઈએ.[૮૬] અંક માટે ભરતના મતને ધનંજયે તેમજ રામચંદ્ર–ગુણચંદ્રે વધુ વ્યવસ્થિત અને વિગતવાર આપેલો છે. તેમાં શબ્દોના ફેરફારને બાદ કરતાં અભિપ્રાય સરખા છે. અંકમાં કથાનકની પ્રારંભ વગેરે ગમે તે અવસ્થાની સમાપ્તિ થાય છે અથવા કેટલીક વાર કોઈ બાબતનો વિચ્છેદ થતો હોય છે. તો કેટલીકવાર તે પછીના અંકમાં ચાલુ રહે છે. અંક બિન્દુ વગેરેથી યુક્ત હોવો જોઈએ. અંકોની યોજના નાટકના મુખ્ય પ્રયોજન અને નાયકને અનુરૂપ હોવી જોઈએ.[૮૭]

રામચંદ્ર–ગુણચંદ્ર કરતાં ધનિકે અંકનું સ્વરૂપ વિશિષ્ટ રીતે સમજાવ્યું છે.[૮૮] વિવિધ પ્રકારના **અર્થ** (પ્રયોજનો)થી યુક્ત સંવિધાન અને રસના આશ્રયરૂપ 'અંક' હોય છે, અર્થાત્ જેના ખોળામાં (અંકમાં) રસપૂર્ણ કથાનક (રસપૂર્ણ અર્થયુક્ત સંવિધાન) રહેલું હોય તેને અંક કહે છે.[૮૯] અંકમાં નેતાનું પાત્ર પ્રત્યક્ષ અને અવશ્ય આવવું જોઈએ અને તેમાંનો પ્રસંગ–(બિન્દુ) વ્યાપ્ત હોવો જોઈએ. નાટ્યદર્પણકારોના મત પ્રમાણે નાટકમાં પાંચ સંધિઓ અને ઓછામાં ઓછા પાંચ અંકો આવવા જોઈએ. એ દૃષ્ટિએ જોતાં સામાન્ય રીતે એક સંધિ એક અંકમાં આવી જવી જોઈએ. આથી નાટકમાં સામાન્ય રીતે પાંચ અને કેટલીક વાર પાંચથી વધુ–વધુમાં વધુ–દસ અંકો હોય છે. આમ અંકસંખ્યાની બાબતમાં બધા–નાટ્યશાસ્ત્રીઓ એક મત છે.[૯૦]

એ દૃષ્ટિએ જોતાં આ નાટકમાં આઠ અંકોનું આયોજન થયું છે. આમ અંકોની સંખ્યાની દૃષ્ટિએ અમુક અવસ્થા કે સંધિનું વર્ણન એક જ અંકમાં પૂરું ન થતાં એ પછીના અંકમાં પૂરું થતું હોય છે. એ આ નાટકમાં સ્પષ્ટ છે.

અંકોમાં "ચરિત" એટલે કે કથાનકના વિવિધ પ્રસંગો તથા નાયક અને અન્ય પાત્રોનાં ગુણ-પરાક્રમનું નિરૂપણ થતું હોય છે. ઘટનાના નિરૂપણની જરૂરિયાત પ્રમાણે અંકો થોડા નાના-મોટા હોય છે.[૯૧]

આ નાટકમાં અંકોમાંની ઘટનાનું અનુસંધાન જાળવીને થયેલું છે, પ્રત્યેક અંકમાં નાયકના ચરિત્રનો અને પાત્રોના ગુણપરાક્રમનું નિરૂપણ થયેલું છે, પ્રત્યેક અંકમાં રામની રંગમંચ પર ઉપસ્થિતિ છે. અંકોમાંની સંધિ–અવસ્થાનું નિરૂપણ અગાઉ સંધિ–સંધ્યંગોની ચર્ચામાં થોડું-ઘણું આવી ગયું છે.

અંક મુહૂર્ત (૪૮ મિનિટ)થી માંડી વધુમાં વધુ ચાર પ્રહર (૧૨ કલાક) સુધી ચાલે તેવડો હોવો જોઈએ.[૯૨] સમયની દૃષ્ટિએ જોતાં આ નાટકના અંકો નિયત સમયને જાળવીને લખાયા હોવાનું (સામાન્ય રીતે) માલૂમ પડે છે. અભિનયની દૃષ્ટિએ જોતાં આ નાટકના અંકોમાંના સમયનો વિચાર કરવો મુશ્કેલ છે. સુદીર્ઘ સમયપર્યંતનું કથાનક નાટકસ્વરૂપે અને અભિનયની દૃષ્ટિએ વિચારતાં કે રજૂ કરતાં ઘણું પરિવર્તન પામી જતું હોય તે સ્વાભાવિક છે. કવિએ નાટકના અંકોમાં સમયનું સ્પષ્ટ નિરૂપણ કોઈક કોઈક જગ્યાએ કર્યું છે ખરું. જેમ કે પ્રસ્તાવના તથા પ્રથમ અંકમાં શરદ ઋતુનું અને પ્રબોધિની એકાદશીના પુણ્યપર્વનું સૂચન થાય છે, તે સમય દરમ્યાન જનક રાજા સીતાને વિદાય આપે છે. અં. ૧ અને અં. ૨ વચ્ચે અચોક્કસ વર્ષોનું અંતર પડી જાય છે, કેમકે પ્રથમ અંકમાં રામ–વિવાહ પછીની વાત અને ત્યારબાદ અનેક વર્ષો પછીની વાત બીજા અંકમાં ગૂંથાઈ છે. અં. ૨ ના વિષ્કંભકમાં શરદ ઋતુની સવારના પ્રથમ પ્રહરનો સમય હોવાનું માલૂમ પડે છે. તેમાં દરબારી કર્મચારી વિનયંધર અયોધ્યાનો પ્રાતઃકાળની શોભાનું અને પ્રવૃત્તિઓનું વર્ણન કરે છે તે પરથી એ અંકના બગીચાના દૃશ્યમાં વિદૂષકની ભોજન વેળાની ઉક્તિ પરથી એ આખો પ્રસંગ મધ્યાહ્ન સુધી ચાલ્યો હોવાનું માલૂમ પડે છે(પૃ. ૩૩). એ અંકને છેડે આવેલો દશરથ રાજા અને રામ વચ્ચેનો બનાવ સંધ્યાકાળે બન્યો હોવાનું માલૂમ પડે છે (વૈતાલિકની ઉક્તિ પૃ. ૩૮). આમ આ આખો અંક આખો દિવસ ચાલ્યો લાગે છે.

અંક ૨ પછી અં. ૩ માંની ઘટના નજીકના થોડાક દિવસમાં જ બની હોવાનું માલૂમ પડે છે. બીજા અંકમાં રાજા રામને રાજ્ય સોંપવાનું વિચારે છે અને ત્રીજા અંકમાં રાજા રાણી કૈકેયીના બે વરદાનોને લીધે દુઃખી થાય છે તેનું વર્ણન છે.

અં. ૩ માં સુમંત્ર નિત્ય કર્મથી પરવારીને કચેરીએ જઈને રાજાને મળી આવ્યો હોવાનું અને તે કૌશલ્યા માતાને પણ નિત્ય કર્મ પરવારીને જલદીથી રાજ દરબારે પહોંચી જવાનું જણાવે છે. તે પરથી એ અંક સવારના બીજા પ્રહરમાં શરૂ થયો હોવાનું અનુમાન તારવી શકાય. પરંતુ તે પછી તે અંકમાં સમય અંગેનો ખાસ નિર્દેશ ઉપલબ્ધ નથી.

અંક ૪ માં પણ શરૂઆતમાં સમયનો કોઈ પણ નિર્દેશ થયો નથી; પરંતુ દશરથ રાજાના મૃત્યુને લીધે કનકચૂડનો શાપાવધિ પૂરો થયો હોવાનું સૂચન થયું છે ખરું. આ પરથી રામ વનવાસ પછી ઓછામાં ઓછા લગભગ છ દિવસે આ અંકનું કથાનક ભજવવું શરુ થયું હોવાનું માની શકાય. આ અંકને અંતે રામ સાયં સંધ્યા કરવાનો સમય નિર્દેશ કરે છે તે પરથી એ અંકની સમાપ્તિના સમયનો ખ્યાલ સ્પષ્ટ થઈ શકે છે.

ત્યાર પછીના કોઈ અંકોમાં અભિનય કે પ્રસંગની અંદર સમયનો નિર્દેશ સ્પષ્ટ રીતે થતો નથી.

એ રીતે જોતાં આ નાટકના આઠ અંકો ઓછામાં ઓછા છ કલાક માગી લે ! પરંતુ અભિનયની દષ્ટિએ એ પ્રસંગો સ્થળ અને સમયની મર્યાદામાં રહીને રંગમંચ પર રજૂ કરી શકાય તેવી પરિસ્થિતિ સર્જાઈ શકે ખરી. (કોઈ મહાપર્વના દિવસે લાંબો સમય ચાલે તેવાં નાટકો ભજવાતાં હશે અને તેમાં બે ત્રણ વિરામ રખાતા હશે). આથી મુરારિ, રાજશેખર અને જયદેવ જેવા નાટ્યકારોની કૃતિઓ, જે અનુકાલીન સંસ્કૃત નાટ્યકૃતિઓનું પ્રતિનિધિત્વ ધરાવે છે, તેના કરતાં ઘણા વધારે અંશે સોમેશ્વરની આ નાટ્યકૃતિ સમય, સ્થળ અને ક્રિયા (અર્થાત્ પ્રસંગોની રજૂઆત)નું સામંજસ્ય જાળવી શકી હોય તેમ માલૂમ પડે છે.

ના. દર્પણ કારોએ 'ચતુર્યામો મુહૂર્તતઃ' (ના.દ., સૂ.૧૬) થી સમયનું 'બન્ધ : પલાયનં સન્ધિઃ' (સૂ.૧૮) અને 'દૂરાધ્વાને પૂરોધો રાજ્ય–દેશાદિ વિપ્લવઃ' (સૂ. ૧૯) થી સ્થળનું સામંજસ્ય ગોઠવવાનો પ્રયત્ન કર્યો લાગે છે. ધનંજય–ધનિકે પણ એવું સામંજસ્ય ગોઠવી જોયું છે.[૯૩] આ લક્ષણ જોતાં સંસ્કૃત નાટ્યશાસ્ત્રમાં સ્થળ, સમય અને પ્રસંગ (ક્રિયા)ની એકતા જાળવવાનો આગ્રહ (સિદ્ધાંત સ્વીકાર્ય લાગે છે.) એ ખ્યાલ ઓછા–વત્તા પ્રમાણમાં આ નાટકમાં પણ રખાયો છે.

'દૂરાધ્વાન'' અથવા 'પ્રયાણ'–રામે ચિત્રકૂટથી આગળ કરેલ વનપ્રયાણનો

નિર્દેશ મુખ્ય અંકને બદલે વિષ્કંભકમાં સૂચવવામાં આવ્યો છે. ચતુર્થ અંકમાં બે ગંધર્વોની અયોધ્યાથી પોતાની નગરી તરફની વિમાનયાત્રાના વર્ણનમાં 'દૂરાધ્વાન'નો ઉલ્લેખ કહી શકાય અને અષ્ટમ અંકમાં રામના અયોધ્યા પ્રત્યાગમન પ્રસંગે પણ કવિએ 'દૂરાધ્વાન'નો ઉપયોગ કર્યો એમ કહેવાનું મન થાય, પરંતુ દેવ–ગંધર્વ જેવી અમાનુષી યોનિઓની તથા ગગનવિહારી વિમાન જેવાં દિવ્ય વાહનો (સાધનો) દ્વારા થતી પ્રવાસની બાબતમાં પ્રવાસ સુદીર્ઘ હોવા છતાં એટલો ઝડપી થતાં હોય છે કે તેનું નિરૂપણ ઘણું ટૂંકું લાગે. ના. દ. કારોએ પણ દિવ્યને ગગનસંક્રમણનું સામર્થ્ય હોવાથી અહીં તેનો અપવાદ સ્વીકાર્યો લાગે છે.

અંકોમાં કથાનકની વિરુદ્ધ કે રસઘાતક કંઈ પણ ન યોજાવું જોઈએ. કથાનકની દૃષ્ટિએ, અંકની દૃષ્ટિએ અને વિષ્કંભકાદિમાં પણ નિષિદ્ધ બાબતો હોય તેવી બાબતોની સુદીર્ઘ યાદી નાટ્યશાસ્ત્રના ગ્રંથોમાં મળે છે. આ નાટકમાં તે નિયમાનુસાર કવિએ નિષિદ્ધ બાબતોની પ્રત્યક્ષ રજૂઆત ટાળીને તેના પરોક્ષ સૂચન દ્વારા જ નિર્દેશ કર્યો છે, દા. ત મુખ્ય નાયકનો ઘાત આ નાટકમાં ક્યાંય સૂચવાયો નથી, પણ લક્ષ્મણના મૂર્છિત થયા પછી તેને મૃત સમજીને રામે પ્રાણ ત્યાગ કરવાની તૈયારી જે વા. રા.માં બતાવી છે તે આ નાટકમાં પણ નાયકની થોડી હતાશાને લીધે બતાવાઈ છે ખરી (અ. ૭.). અં ૭ માં લક્ષ્મણ મૂર્છિત થયાના વર્ણનમાં પણ રુધિરનું ટપકવું જરા પણ બતાવ્યું નથી. કુંભકર્ણ પોતાના ઘામાંથી નાકળતા રુધિરાસવથી મત્ત થયો છે તેવું વૃકમુખની ઉક્તિમાં રુધિર ટપકવાનું પરોક્ષ વર્ણન કર્યું છે (અં. ૭, શ્લો. ૩). યુદ્ધવર્ણનમાં રુધિરનું પરોક્ષ સૂચન ઘોરાક્ષની ઉક્તિમાં આવે છે (અં. ૫, પૃ. ૮૯-૯૦). રામ-રાવણનાં યુદ્ધનું વર્ણન કાર્પટિક-વૃકમુખના સંવાદમાં પ્રત્યક્ષ જેવો આભાસ ઊભો થાય તે રીતે રજૂ થયું છે. આમ સોમેશ્વરે નિષિદ્ધ બાબતોનુ અંકમાં સૂચન કે નિરૂપણ કરવામાં નિયમનું અનુપાલન કર્યું છે.

નાટકના પ્રત્યેક અંકમાં નાયકની ઉપસ્થિતિ (એક યા બીજી રીતે પણ) યોજાવી જોઈએ. એ નિયમ અનુસાર આ નાટકના પ્રત્યેક અંકમાં નાયક–રામની ઉપસ્થિતિ વરતાય છે. અંકમાં જેટલાં પાત્રો હોય તેમની અંકને અંતે નિષ્ક્રાંતિ થવી જોઈએ. આ નિયમ સામાન્ય રીતે બધાં નાટકકારોની જેમ સોમેશ્વરે પણ પોતાની આ નાટ્યકૃતિપરત્વે જાળવ્યો છે.

આમ અંકમાં અયોગ્ય બાબતોનું, પ્રસંગને યોગ્ય સમયાવધિનું અને રસ–કથાનકને અનુરૂપ પ્રસંગનો રજૂઆતનું સૂચન શાસ્ત્રીય દૃષ્ટિએ સ્પષ્ટ કરવામાં

આવ્યું છે. તેનું પાલન આ નાટકમાં થયું છે.

### ઉ. રા. માં આવતું છાયાનાટક

સોમેશ્વરદેવે ઉ. રા. ના અં. ૪ ની પુષ્પિકામાં 'છાયાનાટક' તથા અં. ૭ ના કેટલાક ભાગમાં 'છાયાનાટ્ય' પ્રયોજીને એમાં અવનવી વિવિધતા મૂકી છે.

આ નાટકના અંકની પુષ્પિકામાં સામાન્ય રીતે 'અમુકઃ અંકઃ સમાપ્ત' એમ આવતું હોય છે, જ્યારે આ કૃતિની બે ઉપલબ્ધ હસ્તપ્રતોમાંની એકમાં અં. ૪ની પુષ્પિકા આ પ્રમાણે આપવામાં આવી છે–इति श्रीकुमारसूनोः श्रीसोमेश्वरदेवस्य कृतावुल्लाघराघवे च्छायानाटके चतुर्थोऽङ्कः समाप्तः ।

અં. ૭ માં વૃકમુખ–કાર્પટિકના સંવાદમાં આવો સંવાદ આવે છે :–
वृकमुख सखे !...रामलक्ष्मणयो स्वरूपं स्वामिनो मनोविनोदयाय विन्यस्तमस्ति । तदवलोकयतु । (इति पट्टमर्पयति) कार्पटिक–(गृहीत्वा विलोक्य च)...च्छायानाट्यानुसारेण मनोहरमिदं आलिखितं भवता । (इति वाचयति )

આમ અહીં વૃકમુખે લખેલા પત્રપટ્ટને કાર્પટિક 'છાયાનાટ્યાનુસાર આલેખેલો' કહે છે. આ રીતે અહીં છાયાનાટ્યાનુસાર લખેલા એક પત્રપટ્ટનો નિર્દેશ પ્રાપ્ત થાય છે.

આ ઉલ્લેખ અં. ૪ ની પુષ્પિકામાં પ્રયોજાયેલ "છાયાનાટક" થી કંઈક જુદા અર્થમાં અભિપ્રેત લાગે છે. 'નાટક' અને 'નાટ્ય' વચ્ચે કેટલોક ભેદ રહેલો છે જ. પરંતુ અં. ૭ માં તો 'છાયાનાટ્ય' નહિ, પણ 'છાયાનાટ્ય અનુસાર' આલેખેલો સંવાદ રજૂ થયો છે. આથી અહીં 'છાયાનાટક' તેમજ, 'છાયાનાટ્ય' ને વિશે વિચાર કરવો પ્રાપ્ત થાય છે. આ અંગેની ચર્ચા અન્યત્ર[૯૬અ] આ લેખિકાએ કરી હોવાથી તેનું વિવેચન કરવાની અહીં આવશ્યકતા જણાતી નથી.

### વિભિન્ન નાટ્યોક્તિઓ

નાટકમાંની સૂચનાઓ તથા ઉક્તિઓ યથા પ્રસંગે યથા યોગ્ય રીતે યોજવાની વ્યવસ્થા ભરતે તથા ના. દ. કારોએ કરી છે.[૯૭] આ નાટકમાં પણ 'સ્વગત', 'પ્રકાશ' અને 'અપવાર્ય' ઉક્તિનો પ્રયોગ યથા પ્રસંગે કરવામાં આવ્યો છે. ('જનાન્તિક' ઉક્તિનો પ્રયોગ આ નાટકમાં થયો નથી.)

આ નાટકમાં પાત્રોની કરકસર તથા નાટ્યચમત્કૃતિ માટે 'આકાશોક્તિ' અને નેપથ્યમાંની ઉક્તિનો પ્રયોગ થતો જોવા મળે છે, જેમકે અં. ૧ માં શ્લો. ૧૪ ની 'આકાશે' ઉક્તિ; અ. ૭. પૃ. ૧૩૩ માં આકાશમાંથી દૂરથી સંભળાતી ઉક્તિ, અં. ૫ માં ઘોરાક્ષની ઉક્તિ પછી રાવણને ઉદ્દેશીને પ્રયોજાયેલી 'નેપથ્યોક્ત' તથા

અં. ૭ માં સંજીવની ઔષધિ લઈને આવી પહોંચ્યાના સમાચાર સૂચવતી 'નેપથ્યોક્તિ' (પૃ. ૧૨૮), સીતાના અગ્નિપ્રવેશનું સૂચન કરતી 'નેપથ્યોક્તિ' (પૃ. ૧૩૧) ઇત્યાદિ વિશિષ્ટ રીતે પ્રયોજાઈ છે.

નાટયશાસ્ત્રમાં કથાનકની રજૂઆત માટે ચાર પ્રકારની યુક્તિઓ નિરૂપાઈ છે. (૧) સૂચ્ય (૨) પ્રયોજ્ય (૩) અભ્યૂહ્ય અને (૪) ઉપેક્ષણીય.[૯૮] આ ચારમાંથી ગમે તે યુક્તિનું નાટકમાં અનુસરણ કરવાનું સૂચવાયું છે. ઉ. રા. માં નેપથ્યે, આકાશભાષિત જેવી ઉક્તિઓ દ્વારા 'સૂચ્ય' અને 'ઉપેક્ષણીય' વિષ્કંભક જેવાં અર્થોપક્ષેપકોની મદદથી 'પ્રયોજ્ય' સિવાયની બીજી બધી યુક્તિઓ અને મુખ્ય અંકોમાં 'પ્રયોજ્ય' યુક્તિથી કથાનકનું નિરૂપણ થયેલું છે.

નાટકમાં નીરસ અને અનુચિત બાબતનું સૂચન જ કરવું જોઈએ, જે ઉપરોક્ત 'પ્રયોજ્ય' સિવાયની યુક્તિઓથી નિરૂપાતું હોય છે. તે સિવાયની બાબતને કલ્પી લેવાની રાખવી જોઈએ. જુગુપ્સિત બાબતોનો ત્યાગ કરવો જોઈએ.[૯૯]

આખા નાટકમાં કેટલીક બાબતો બિલકુલ ત્યાજ્ય ગણાઈ છે અને કેટલીક બાબતો મુખ્ય દશ્યમાં રજૂ કરવા માટે ત્યાજ્ય ગણાઈ છે.[૧૦૦] આ રીતે જોતાં મુખ્ય અંકમાંની નિષિદ્ધ બાબતોની અને સમગ્ર નાટકના કથાનકના રસની દૃષ્ટિએ નિષિદ્ધ બાબતોના[૧૦૦/૧] ચર્ચા ના. દ. કારોએ કરી છે.[૧૦૧] અગાઉ જોયું તેમ આ નાટકકારે કેટલીક બાબતો મુખ્ય અંકમાં રજૂ ન કરતાં ગમે તે અર્થોપક્ષેપકોમાં રજૂ કરી છે અને કેટલીક બાબતો છોડી દીધી છે. આ આખા નાટકમાં જુગુપ્સાકારક કે રસઘાતક કે ત્યાજ્ય બાબતોનું નિરૂપણ સોમેશ્વરે મુખ્ય અંકમાં કે અર્થોપક્ષેપકોમાં પણ કર્યું નથી.

## પાદટીપ

૧. विष्णुधर्मोत्तरपुराण (वि.ध पु.), ખંડ ૩, અ. ૧૭, ૨૦-૩૪

૨. Types & Sanskrit Drama; "સંસ્કૃત નાટયશાસ્ત્રના વિકાસની રૂપરેખા"

૩. डॉ. नगेन्द्र, 'भारतीय नाट्यसाहित्य', "रससिद्धान्त" पृ.४५-५६

૪. (१) भरत, नाट्यशास्त्र (ના.શા.) Vol. II, अ. १८, श्लो. १०, पृ. ४११; Vol. III, अ. १९, श्लो. १, पृ. १.

(२) वि. ध.पु., अ. १७, श्लो.७-१८, पृ. २८, ३७-३८, श्लो. ३१-५२, ५३-६३, पृ. ४०-४२

(३) धनञ्जय-धनिक, दशरूपक (દ. રૂ.), प्रकाश १, श्लो. ११, पृ. ८३-८४

(૪) हेमचन्द्र, का. अ., अ. १८, सू. ૩ માં ભરત ના. ના. શા. ના અ. ૧૮, શ્લો. ૧૦–૧૧ ઉદ્ધૃત કરે છે.

(૫) रामचन्द्र–गुणचन्द्र, 'नाट्यदर्पण' (ना.द.), विवेक १, सूत्र ८, पृ. १७–१९

૫. भरत, ना.शा., Vol. III, श्लो. अ १९, श्लो. २८; द.रू; प्र. १, का. १३; ना. द., वि. १, सू. ४८, पृ. १७, २९

૬. (i) भरत, ना. शा., Vol. III, अ. १९, श्लो १४३–१४४
લોકોને દુઃખ ભુલાવીને આનંદ આપવાની પ્રવૃત્તિ, આનંદ આપીને સદ્માર્ગે વાળવાની પ્રવૃત્તિ એ નાટકની પ્રવૃત્તિ કહેવાય.
(ii) वि. ध. पु., अ. १७, श्लो. ६३, पृ. ४२. (iii) द. रू., प्र. १, श्लो. ६

૭. ना. द., वि. १, सू. ४, पृ. १७

૮. નાટકની પ્રસ્તાવના, પૃ. ૨.

૯. ना. शा., अ. १९, श्लो. ११; द. रू. प्र. १, श्लो. २४, पृ. ९१, प्र.३, पृ. २१७; ना. द., वि. १, सू. ८६, पृ. ९४

૧૦. ડૉ. सत्यव्रतसिंह, 'संधियाँ और अर्थप्रकृतियाँ,' ડૉ. નગેન્દ્ર, "ભારતીય નાટ્યસાહિત્ય", પૃ. ૪૫–૫૬ પરનો લેખ.

૧૧. ना. शा., Vol. III, अ, १९, श्लो. ४३-४४; ना. द., वि. १, सू. ४६. पृ. ९४

૧૨. ना. शा., अ. १९, श्लो. ७; ना. द., वि. १, सू. ३७ અને તેની ટીકા, પૃ. ૮૪.

૧૩. તેમાં તેને ફળના હેતુ કહ્યા છે, ना. द. ઉપર્યુક્ત.

૧૪. द. रू., प्र. १, श्लो. २४, पृ. १९; ना. द., वि. १, सू. ४३, पृ. ९४.

૧૫. द. रू., प्र. १, श्लो. २२–२३, पृ. ९१.

૧૬. ना. शा., अ. १९, श्लो. ६–७; द. रू., प्र. १, श्लो. १९, पृ. ८८; ना. द., वि. १ सू. ३७, पृ. ८४

૧૭. ना. शा., अ. १९. , श्लो. ६–७. १३–१९ इत्यादि.

૧૮. ભરતમુનિએ ના. શા. માં અવસ્થાઓ પછી સંધિઓના લોપ વિશેનું વિવેચન ત્રણ શ્લોકો(૧૯/૧૬–૧૯)માં આપ્યું છે અને ત્યાર પછી અર્થ પ્રકૃતિઓની ચર્ચા કરી છે. (આમાં ક્રમિકતા અને પ્રવાહિતામાં કંઈક ગરબડ લાગે છે.)

૧૯. भरत, ना.शा., अ. १९, श्लो. २०, पृ. १२; द. ४., प्र. १, श्लो. १८, पृ. ८८; ना. द., वि. १, सूत्र २५, पृ. ६२

૨૦. Dr. Kulkarni, 'Conceptions of Sandhi in Sanskrit Drama'; ડૉ. सत्यतव्रसिंह, 'नाटयशास्त्रमें पांच सन्धि और पाच अर्थप्रकृतियाँ'

૨૧. જેમકે ના.દ.કારોએ અને અન્ય વિદ્વાનોએ નાટકનાં લક્ષણોને સ્પષ્ટ રીતે સમજાવવા ખાતર જ નાટકો કે રૂપક–પ્રકારોની રચના કરેલી હોવાનાં દૃષ્ટાંતો પણ મળે છે. એ રચનાઓ લક્ષણો સમજાવવા પૂરતી અગત્યની પણ તેના સાહિત્યિક મૂલ્ય માટેની ચર્ચાનો વિષય અહીં અલગ પડી જાય છે.

૨૨. ना.शा., अ. १९, श्लो. ९; द. रू., प्र. १, श्लो. २०, पृ. ८९

૨૩. ना.शा., अ. १९, श्लो. २२; द. रू., प्र. १, श्लो. २४. पृ. ८७.

૨૪–૨૫–૨૬. ना.शा., रू. १९/३९, द. रू., १/२४ पृ. ९१
ડૉ. सत्यव्रतसिंह, ઉપર્યુક્ત.

૨૭. ना.शा., अ. १९, श्लो. ४०–४१, पृ. २४–२५

૨૮. ना.शा., Vol. III, अ. १९/२३, पृ. १३–१४; द. रू., १/३४, पृ. ७७.

૨૯. ना.शा., १९/१०, पृ. ७

૩૦. ઉપર્યુક્ત, श्लो. ४०, पृ. २५

૩૧. ઉ.રા., ૨/૫૧માં 'પ્રતિમુખ' સંધિની ચરમ સીમા છે.

૩૨. ઉ.રા., ૩/૨–૫માંનો સંવાદ.

૩૩. ना.शा., ઉપર્યુક્ત, श्लो. २४–२५, २४–२५, २८–२९, पृ. १५

૩૪. ઉપર્યુક્ત, श्लो. ४१, पृ. २५; हेमचन्द्र, काव्यानुशासन, सूत्र ६, पृ. ४५२;

૩૫. ना.शा., १९/४२, पृ. २६, हेमचन्द्र, ઉપર્યુક્ત, अ. ८, सू. ६, ४५४, ना.द., वि. १, सू. ३९, पृ. ९९

૩૬. અં.૪.. સીતાની एतेषामिव अस्माकमपि कदा स स्वजनसंयोगो भविष्यति ? (पृ. ७६).

૩૭. ना.शा., १९/२८, १०७–१०९. સ્વપ્ન, પત્ર, સંદેશો, નેપથ્યોક્તિ અને આકાશભાષિત–આને ના.શા.માં આંતરસંધિઓ કહેવામાં આવી નથી પણ

તેમનું ખાસ સંધિઓ કે 'સંધિભેદ' કહે છે અને સંધ્યંગોનાં ચર્ચામાં 'પત્ર' અને 'સંદેશ'નો સમાવેશ થાય છે. ભરત, ના.શા., ૧૯/૫૩, ૧૦૫; 'કીથકૃત સંસ્કૃત નાટક', પૃ, ૪૩૧ ના આધારે.

૩૮. संविधानखण्डान्यङ्गानि सन्धिरूपस्य अङ्गिनोऽवयवत्वेन निष्पादकत्वात् । ना.द., वि. १, पृ. १०६

૩૯. ના.દ.માંનો 'પ્રશસ્તિ'ને પણ અનિવાર્ય આવશ્યક અંગ ગણ્યું છે. પણ એ પરથી ડૉ. કુલકર્ણીએ તેમનો મત દર્શાવીને એ અંગને પ્રક્ષિપ્ત ગણ્યું છે. ઉપર્યુક્ત. પૃ. ૪૦૧.

૪૦. ના.શા., માં વિલોભન'ની ચર્ચા બાદ ભરત મુનિ આ પ્રમાણે કહે છે- उक्तेनैव न पौर्वापर्येण भवति । आनन्तर्य नियमस्तु नास्ति, न सन्ध्यन्तराणां सामादीनां मध्येऽनुप्रवेशात् । Vol. III, अ. १९ पृ. ३८.

૪૧. ના.શા., ૧૯/૪૮-૫૩; ના.દ.માં પાંચ સંધિઓ યોજી બતાવીને સમજાવ્યું છે, વિ. ૧, પૃ. ૧૦૭-૮, ૧૯૬-૧૯૮.

૪૨. ના.શા., ૧૯/૧૦૨-૧૦૩

૪૩. ના.દ., વિ. ૧, સૂત્ર ૪૯, પૃ. ૧૦૫

૪૪. એજન, સૂત્ર ૬૨, પૃ. ૧૨૩-૧૨૪

૪૫. એજન, સૂત્ર ૭૬, પૃ. ૧૪૫

૪૬. એજન, સૂત્ર ૯૦, પૃ. ૧૬૧

૪૭. એજન, સૂત્ર ૧૦૩ અને તેની ટીકા, પૃ. ૧૯૬.

૪૮. ડૉ. કુલકર્ણી, ઉપર્યુક્ત, પૃ. ૪૦૧ (ઈ. સ. ૧૯૫૬); पृथ्वीनाथ द्विवेदी, 'भारतीय नाट्यशास्त्र की परम्परा और दशरूपक,' पृ. ४४-४५.

૪૯. ના.દ.માં આ બાબત પર ઠીક ધ્યાન ખેંચ્યું છે, વિ.૧, પૃ.૧૨૭.

૫૦. ના.શા., ૧૯/૬૯, પૃ.૩૮; દ. રૂ., પ્ર.૧, પૃ.૯૨; ના.દ., વિ. ૧, સૂત્ર ૫૦, પૃ ૧૦૮.

૫૧. ના.શા., ૧૯/૭૦, પૃ. ૩૯ અને તેની ટીકા-स्वल्पन्यासः परिक्रिया । उपक्षिप्तस्य अर्थस्य सुष्ठु विशेषवचनैरल्पविस्तरणम्-परिकरः ।

૫૨. ના.શા., ૧૯/૭૦, પૃ. ૩૯; દ.રૂ., પ્ર. પૃ.૯૩; ના.દ., વિ. ૧, સૂત્ર ૫૨, પૃ. ૧૦૬

૫૩. ના.શા., ૧૯/૭૧ પૃ. ૩૯; દ.રૂ., પ્ર. ૧, પૃ. ૯૩; ના.દ., ૧, ૫૯, પૃ. ૧૧૯

૫૪. ના.શા.,૧૯/૭૨; દ.રૂ., પ્ર.૧, પૃ.૯૫; ના.દ., ૧/૫૩, પૃ.૧૧૧ ('સમાહિતિ').

૫૫. ના.શા., ૧૯ परिभावोऽद्भुतावेशः; દ.રૂ., ૧, પૃ. ૯૭; विस्मयः परिभावना। ના.દ., ૧/૬૧, પૃ. ૧૨૨.

૫૬. ના.શા., ૧૯/૯૭, પૃ. ૫૭, દ.રૂ., ૧, પૃ. ૧૨૮; ના.દ., પૃ. ૧૭૯. આ બંનેએ સરખું જ ઉદાહરણ આપ્યું છે.

૫૭. ના.શા., ૧૯/૯૮, પૃ. ૫૭; દ.રૂ., પ્ર. ૧, પૃ. ૧૨૮; ના.દ., ૧/૧૦૫, પૃ. ૧૭૯

૫૮. ના.શા., ૧૯/૯૮ પૃ. ૫૭

૫૯. ના.શા., ૧૯/૧૦૩, પૃ. ૬૦; ના.દ. ૧/૧૧૫, પૃ. ૧૯૧

૬૦. ના.શા., ૧૯/૧૦૩, પૃ. ૬૦; દ.રૂ., પ્ર. ૧, પૃ. ૧૩૪; वरेच्छा काव्यसंहारः। ના.દ., વિ. ૧, સૂ. ૧૧૫, પૃ. ૧૯૩.

૬૧. ના.શા., ૧૯/૧૦૪, પૃ. ૬૭; દ.રૂ., પ્ર. ૧, પૃ. ૧૩૪; ના.દ., વિ. ૧/૧૧૬, પૃ. ૧૬૫

૬૨. ના.શા., ૨૦/૩૧, પૃ. ૯૩

૬૩. ભરત પૂર્વરંગનાં ૧૯ અંગો માને છે, (ના.શા., અ. ૪–૫), જ્યારે રામચંદ્ર–ગુણચંદ્ર એનાં ૧૮ અંગોને છોડી દઈને એક જ (છેલ્લું) 'પ્રરોચના' અંગનો સ્વીકાર કરે છે, ના.દ., વિ. ૪, સૂત્ર ૨૩૦ અને તેની ટીકા; શ્રી ડોલરરાય માંકડ, 'ટાઇપ્સ ઑફ સંસ્કૃત ડ્રામા', પૃ. ૪૬.

૬૪. ભરત, ના.શા, Vol. I, ૧/૫૬–૫૭, ૫/૧૦૪, પૃ. ૨૩૬, Vol. III, ૨૦/૨૭–૨૯ પૃ. ૯૨, ૨૭.૪૩, પૃ. ૩૧૦; નાન્દી વિશે દ.રૂ. માં સ્વતંત્ર સ્પષ્ટતા કરી લાગતી નથી. ના.દ., વિ. ૩, સૂત્ર ૧૫૬, પૃ. ૨૭૫, વિ. ૪, સૂત્ર ૧, પૃ. ૩૬૩, 'साहित्यदर्पण' (सा. द.), परि. ૬, કા. ૨૪, પૃ. ૩૬૮–૩૭૧.

૬૫. (૧) અભિનવગુપ્ત, 'हिन्दी अभिनवभारती,' 'सुप् तिङन्तं पदम्' વ્યાકરણની દૃષ્ટિએ પદની આ વ્યાખ્યા છે, અ.૧, પૃ.૧૩૭. (૨) ના.દ.માં पूर्णवाक्यापेक्षयावान्तर वाक्यानि पदानि એમ ભરત મુનિનો મત સમજાવવામાં આવ્યો છે. વિ. ૪, સૂત્રની ટીકા (૩) સા.દ., પરિ. ૬, કા. ૨૩–૨૪, પૃ. ૩૬૮–૩૭૧. ના.શા. પ્રમાણે ૮ કે ૧૨ પદની નાન્દી; ના.દ. પ્રમાણે નાન્દીનાં ૬ કે ૮ પદો (આગલા પાદટીપ અનુસાર) અને સા.દ. પ્રમાણે ૮ કે ૧૨ પદની નાન્દી મનાય છે, પરિ. ૬, શ્લો. ૨૫. વળી શ્રી મનોમોહન ઘોષે 'પદ' આઠ પ્રકારના સમજાવ્યાં છે. 'Natya Shastra', Translated

& edited by Manomohan Ghosa, p. 9 & p. 253.

૬૬. ના.શા., Vol. I, ૫/૧૩૪–૧૩૫ ૧૫૭ અને ૧૬૭ અને वि.ध.पु., ખંડ ૩, ૧૭/૨૯; દ.રૂ., પ્ર. ૩, શ્લો. ૨, પૃ. ૨૦૩, ના.દ., વિ. ૩, સૂત્ર ૧૫૭, પૃ. ૨૭૭

૬૭. ના.શા., ૫/૧૬૭; દ.રૂ., ૩, પૃ. ૨૦૪

૬૮. ના.શા., ૨૦/૩૭, પૃ. ૯૫; દ.રૂ., ૩/૪, પૃ. ૨૦૫

૬૯. ઉ.રા., અં. ૧, પ્રસ્તાવના, શ્લો. ૪, પૃ. ૨

૭૦. એજન, શ્લો. ૫–૬, પૃ. ૨

૭૧. એજન, શ્લો. ૮, પૃ. ૩ની શરૂઆતની સૂત્રધારની ઉક્તિ.

૭૨. એજન, શ્લો. ૭ ૭૩. એજન, શ્લોક ૧૦

૭૪. ના.શા., ૨૦/૩૫, પૃ. ૯૪; દ.રૂ. ૩/૯, પૃ. ૨૦૭–स्वेति वृत्तसमं वाक्यमर्थं... અહીં કથોદ્‌ઘાતનો પહેલો પ્રકાર છે, સા.દ., ૬/૩૫, પૃ. ૩૭૮

૭૫. દ.રૂ., પ્ર. ૩, ૨૧૫

૭૬. ના.શા., ૧૯/૧૦૬–૧૦૭, ૧૧૦, પૃ, ૬૪ (પ્રક્ષિપ્ત); ના.દ., ૧/૨૦

૭૭. ના.શા., Vol. II, ૧૮/૨૪–૪૦ 'આમુખે ક્ષેપસંશ્રયઃ' દ.રૂ., પ્ર. ૩, શ્લો. ૨૯–૩૦, પૃ. ૨૧૮; દ્વારાધ્વયાનં ના.દ., ૧/૧૯, પૃ. ૫૦

૭૮. ના.શા., Vol. II, ૧૮/૫૪–૫૫, પૃ, ૪૩૩, Vol. III, ૧૯/૧૧૧–૧૧૨ (પ્રક્ષિપ્ત) શુદ્ધ અને સંકીર્ણ વિષ્કંભક વિ.ધ.પુ., ખં. ૩, ૧૭/૨૪; દ.રૂ., પ્ર. ૩, શ્લો. ૨૮–૨૯; ના.દ., વિ. ૧, સૂત્ર ૨૦, પૃ. ૫૨,

૭૯. ના.શા., Vol. III, ૧૯/૧૧૪ (પ્રક્ષિપ્ત); ના.શા., Vol. II, ૧૮/૩૩–૩૪, ૫૫–૫૬; સા.દ., પરિ. ૬, કા, ૫૭, પૃ. ૩૯૨

૮૦. ના.દ., વિ. ૧, સૂત્ર ૨૧, પૃ. ૫૬

૮૧. ભરતના ના.શા.માં 'અંક' 'વિષ્કંભક' અને 'પ્રવેશક'ની સારી ચર્ચા છે (અ.૧૮). 'અંકાસ્ય' વગેરે અન્ય અર્થોપક્ષેપકોની ચર્ચા ભરત મુનિએ એ જ વખતે કરી નથી, પરંતુ અ. ૧૯/૧૧૪માં પાંચે ય અર્થોપક્ષેપકોની ચર્ચા પ્રક્ષિપ્ત ભાગરૂપે કરી છે.

૮૨. પાદટીપ ૭૯ પ્રમાણેઃ ના.શા ૧૯/૧૧૪ (પ્રક્ષિપ્ત)માં प्राकृतभाषाचारः प्रवेशको नाम विज्ञेयः। ચોથા ચરણમાં ફરક પડે છે; વિ.ધ.પુ., ખંડ ૩, ૧૭/૧૩ અને ૧૬; अङ्कास्य, अङ्कमुखम् ના.દ., વિ. ૧, સૂત્ર ૨૧ અને ૨૬, પૃ. ૫૬.

૮૩. ના.શા., ૧૯/૧૧૬ (પ્રક્ષિપ્ત) ભરત 'અંક મુખ' કહે છે તેને ના.દ.માં 'અંકાસ્ય' કહ્યું લાગે છે.ના.દ. વિ. ૧, સૂત્ર ૨૨, પૃ. ૫૮. જોકે આસ્ય અને મુખ પર્યાયવાચક શબ્દો છે.

૮૪. ના.શા., અ. ૧૯, શ્લો. ૧૧૪-૧૧૫, પૃ. ૬૫માં આ પાંચ 'અર્થોપક્ષેપકો' ક્ષેપક ગણાયા છે. ના.દ., વિ.૧, સૂત્ર ૨૩, પૃ.૬૦

૮૫. ના.દ., વિ.૧. સૂત્ર ૨૪, પૃ.૬૧

૮૬. ના.શા., Vol. II, ૧૮/૧૪–૩૦; વિ.ધ.પુ., ખંડ ૩, ૧૭/૧૦–૧૨, ૧૫–૧૭; દ.રૂ., પ્ર. ૩, શ્લો. ૨૮, ૩૮; ના.દ., ૧, ૧૬–૧૭; શ્રી માંકડ, ઉપર્યુક્ત, પૃ. ૪૫; ડૉ. રાઘવન, 'संस्कृत नाटक और अभिनय', ''हिन्दी नाट्यसिद्धान्त,'' पृ. ६

૮૭. ના.દ., સૂત્ર ૧૬—अङ्कः सबिन्दुर्दृश्यार्थः चतुर्यामो मुहूर्ततः ॥ પૃ.૪૦, દ.રૂ., પ્ર. ૩, શ્લો. ૩૨. प्रत्यक्षनेतृचरितो...

૮૮. દ.રૂ., પ્ર. ૩, શ્લો. ૩૦, ૩૧, પૃ. ૨૧૮, ૨૨૧

૮૯. ના.શા., ૧૮/૧૦૫; દ.રૂ., પ્ર. ૩, પૃ. ૨૨૧; ના.દ., વિ. ૧, સૂત્ર ૧૭, પૃ. ૪૬

૯૦. गोपुच्छाग्रसमाग्रम्.. વિશ્વનાથ, સા.દ., ૬/૧૧, પૃ. ૨૬૩. આ બાબતમાં બે પ્રકારના મત પ્રવર્તે છે કેટલાક વિદ્વાનો અંકોની ઘટનાની દૃષ્ટિએ આ વાક્ય સમજે છે. કોઈક વૃત્ત, વર્ણન કે ચરિતનું ચિત્રણ 'મુખ' સંધિમાં (શરૂ થઈને) 'પ્રતિમુખ' સંધિમાં પૂરું થતું હોય, કોઈક વાર 'ગર્ભ' કે 'વિમર્શ'માં પૂરું થતું હોય છે અથવા અમુક સંધિથી શરૂ થઈને શરૂઆતમાં કે પાછળથી ગમે ત્યારથી શરૂ થઈને 'નિર્વહણ' કે બીજી ગમે તે સંધિમાં પરિસમાપ્ત થતું હોય છે. આમ ગાયના પુચ્છમાંના નાના મોટા વાળ એક સમૂહમાં-ગુચ્છમાં–એક સૂત્રમાં હોય છે તે રીતે નાનીમોટી ઘટના મુખ્ય કથાનકમાં એકસૂત્રતા જાળવે છે. બીજા મતે નાટકમાં અંકો ગોપુચ્છના તંતુની જેમ નાના–મોટા હોય છે, પણ તે મુખ્ય રજૂઆતના લક્ષ્યને અનુલક્ષીને. આમ ઘટનાની લંબાઈની દૃષ્ટિએ બે મતો પડી ગયા લાગે છે.

૯૧. ના.શા., ૧૮/૧૪–૩૦; દ.રૂ., પ્ર. ૩, શ્લો. ૩૬; ના.દ., વિ. ૧. સૂત્ર ૧૬

૯૨. વા.રા., અયોધ્યાકાંડ, સર્ગ ૨, શ્લો. ૬૫ અને પૃ. ૧૪. ભરતને કેકયદેશથી અયોધ્યા આવવા માટે રસ્તામાં સાત રાત્રિઓનો વાસો કરવો પડયો હતો; અને સુમંત્ર રામને તમસાના કાંઠા સુધી વળાવીને પાછો અયોધ્યા આવ્યો ત્યારે રામના વનવાસ ગયાના છઠ્ઠા દિવસે દશરથ રાજાએ દેહ છોડયો હતો–એ ચર્ચાના આધારે.

૯૩. 'ઉ.રૂ., પ્ર. ૩/૩૬ માં સમય; શ્લો. ૩૧, ૩૭ માં પ્રસંગ કે કથાનક અને શ્લો. ૩૪ માં સ્થળનું સામંજસ્ય સૂચવ્યું છે.

૯૪. ના.શા., Vol. II, ૧૮/૨૧, પૃ. ૪૧૯; ઉ.રૂ., પ્ર. ૩, શ્લો. ૩૬, પૃ. ૨૨૦; ના.દ., વિ. ૧, સૂત્ર ૧૬–चतुर्यामो मुहूर्ततः ॥

૯૫. ના.શા., ૧૮/૨૩, પૃ. ૪૨૦; ઉ.રૂ. पात्रैस्त्रिचतुरैरङ्कं तेषामन्तेऽस्य निर्गमः ॥ પ્ર. ૩, શ્લો. ૩૭

૯૬. બીજી હસ્તપ્રતમાં માત્ર चतुर्थोऽङ्कः समाप्तः લખેલું છે,

૯૬/અ ડૉ. વિભૂતિ. વિ. ભટ્ટ, 'સોમેશ્વર પ્રયોજિત છાયાનાટક અને છાયાનાટ્ય', "સામીપ્ય", પુ.૩, અં. ૩–૪

૯૭. ના શા., Vol. III, ૧૫/૮૫–૮૬; પૃ. ૨૮૦; ના.દ., વિ. ૧, સૂત્ર ૮–૧૧, પૃ. ૨૯–૩૩

૯૮. એજન, સૂત્ર ૯, પૃ. ૩૧

૧૦૦ ના. શા., Vol. II, અ. ૧૮, શ્લો. ૩૮, ૪૦, પૃ. ૪૨૬–૪૨૭, ના.શા; Vol. III, અ. ૨૨, શ્લો. ૨૯૫–૩૦૭, પૃ. ૨૨૫–૨૨૬, અ. ૨૭, શ્લો. ૯૫, પૃ. ૩૧૮ વગેરે; ઉ.રૂ., પ્ર. ૩, શ્લો. ૩૪–૩૭.

૧૦૦/૧. ના.દ., વિ. ૧, સૂ. ૧૯,

૧૦૧. એજન, સૂત્ર ૮–૯, ૧૪–૧૫

## પ્રકરણ : ૪

# નાટકમાં કાવ્યતત્ત્વ અને ગેયતત્ત્વ

### નાટકમાં પદ્ય પ્રમાણ[1]

સંસ્કૃત નાટકમાં આવતાં સંવાદો મુખ્યત્વે ગદ્યમાં હોય છે, પરંતુ એમાં વચ્ચે વચ્ચે પ્રસંગોપાત્ત પદ્યબદ્ધ રચના કરવામાં આવતી. ઉ. રા. નાટકની હસ્ત-પ્રતોની વિગતો પરથી મળતાં[2] ગ્રંથ પ્રમાણ સાથે નાટકની અંદર આવતા વિવિધ શ્લોકોનું શ્લોક પ્રમાણ સરખાવી જોતાં માલૂમ પડે છે કે એકંદરે આ નાટકનો લગભગ દ્વિતૃતીયાંશ (૨/૩) પદ્યમાં છે, જ્યારે લગભગ એક–તૃતીયાંશ (૧/૩) ગદ્યપદ્યબદ્ધ છે.

આ નાટકના અંકોમાં એકંદરે ૪૨૨ શ્લોક આવે છે. આ અનુસાર અંક દીઠ શ્લોકોની સરેરાશ સંખ્યા લગભગ ૫૩ થાય છે. દરેક અંકને અંતે વસ્તુપાલની પ્રશસ્તિનો એક એક શ્લોક ઉમેરાયો છે અને આખા નાટકને અંતે ગ્રંથકારની પ્રશસ્તિના પાંચ શ્લોક ઉમેર્યા છે. આ તેર શ્લોકો ઉમેરાતાં નાટકને શ્લોકોની કુલ સંખ્યા ૪૩૫ થાય છે.

આ શ્લોક સંખ્યાને અન્ય રામચરિત વિષયક નાટકોની શ્લોક સંખ્યા સાથે સરખાવતાં માલૂમ પડે છે કે મ.ચ.માં અંક દીઠ સરેરાશ શ્લોક સંખ્યા ૫૬, અન.રામાં ૮૧, બા.રા.માં ૭૮, અને પ્ર.રા. માં ૫૬ જેટલી છે. આ રીતે જોતાં સોમેશ્વરે પદ્યપ્રમાણમાં મુરારિ અને રાજશેખરની જેમ અતિરેક કર્યો નથી, પરંતુ ભાસ અને જયદેવની જેમ પ્રમાણવિવેક જાળવ્યો છે.

અંકોની અંદરના શ્લોકોની લઘુત્તમ અને ગુરુત્તમ સંખ્યા વચ્ચેના તફાવતની તુલના કરતાં માલૂમ પડે છે કે આ તફાવત મ.ચ.માં ૨૦ નો અને ઉ.રા.માં ૨૭ નો છે, જ્યારે બા.રા.માં તે ૪૭ નો, પ્ર.રા.માં ૬૦ નો તથા અન.રા.માં ૯૭ નો છે. આમ આ બાબતમાં પણ સોમેશ્વરદેવનો પ્રમાણવિવેક પ્રશસ્ય છે.

નાટકમાં સુંદર અને થોડું પદ્ય અને થોડાક પ્રમાણમાં ગદ્ય પ્રયોજાવું જોઈએ. એટલે કે તેમાં શ્લોકોનું બાહુલ્ય કે પદ્ય ઉક્તિનું અતિ દીર્ઘત્વ ન હોવું જોઈએ. (એક જ વ્યક્તિની સુદીર્ઘ ઉક્તિ ન આવવી જોઈએ.) ગૌણ બાબતોનું

એટલે કે અવાંતર વસ્તુનું વ્યવસ્થિત અને શિષ્ટ નિરૂપણ કરવું જોઈએ. મહાકાવ્યમાં સમુદ્ર, સૂર્ય-ચંદ્ર-ઋતુ વગેરે સમયોને લગતાં વિસ્તૃત અને વિવિધ વર્ણનો અપેક્ષિત અને ઉપકારક ગણાય છે, જ્યારે રંગભૂમિ પર રજૂ થતા રૂપકમાં આવાં વર્ણનો કથાનકના વિસ્તાર અને રૂંધે છે. સામાન્ય રીતે આવું વર્ણન એક-બે શ્લોકોમાં આવવું ઇષ્ટ ગણાય છે.[3]

મુરારિએ અન.રા. (અં.૨)માં પ્રાતઃકાળની શોભાનું વર્ણન (વિષ્કંભક શ્લો. ૧૦-૧૩) ચાર શ્લોકોમાં કર્યું છે, ગાધિનન્દનની આશ્રમભૂમિનું વર્ણન લગભગ પચીસ શ્લોકો(૧૪-૩૮)માં રામ-લક્ષ્મણના પદ્યમય સંવાદમાં નિરૂપ્યું છે. અં. ૭ માં રામના રસ્તામાં આવતાં સ્થળોનું જ માત્ર નહિ, પણ સૂર્ય, ચંદ્ર, પ્રભાત, ચંદ્રોદયાદિ અનેક બાબતોને નિરૂપીને એ અંક ૧૪૮ શ્લોકો સુધી વિસ્તર્યો છે. તેમાં હિમાલયનું વર્ણન લગભગ વીસેક શ્લોકો(૨૯-૪૦, ૪૫-૪૯ વગેરે)માં, ચંદ્રનું પાંચેક શ્લોકો(૫૧-૫૫)માં, ચંદ્રોદયનું ત્રણેક શ્લોકો (૭૧-૭૩)માં ઇત્યાદિ દેખા દે છે.

જયદેવ કવિએ પ્ર.રા.માં રામના અયોધ્યાપ્રત્યાગમન પ્રસંગે માર્ગમાં આવતાં સ્થળોનું વર્ણન કરતાં એ અંક ૭ લગભગ ૯૦ શ્લોકો સુધી નિરૂપ્યો છે. તેમાં વન-ઉપવનનું વર્ણન બે (૭૯-૮૦) શ્લોકોમાં, પ્રભાત કાલનું વર્ણન છએક (શ્લો. ૮૧-૮૬) શ્લોકોમાં વધુમાં વધુ કર્યું છે. ત્યાર બાદ સ્થળોનું કે તે બાબતનું નિરૂપણ પડતું મૂકીને કવિએ રામના અયોધ્યા પહોંચ્યા પછીની ઘટના રજૂ કરી છે.

રાજશેખરના બા.રા.માં પણ કથાનક, રસ કે પ્રસંગ માટે હાનિકારક થાય છે એવાં સુદીર્ઘ વર્ણનો જણાય છે. તેણે અયોધ્યાપ્રત્યાગમનના પ્રસંગવાળો અં. ૧૦ નો ઉત્તરાર્ધ લગભગ ૮૮ શ્લોકોમાં યોજ્યો છે. વળી એમાં સ્થળ વર્ણન ઉપરાંત ચંદ્ર, વાદળાં, આકાશ, ઉજ્જયિની, સંધ્યા, વર્ષાઋતુ વગેરેનાં વર્ણનોનો પણ ઠીક ઠીક સમાવેશ કરવામાં આવ્યો છે. આથી રસ્તે આવતાં સ્થળો ઉપરાંત ઇતર વિષયોનું લંબાણ (ભાર) વધી ગયું છે.

અન. રા.ના અંતિમ અંક ૭માં જે પ્રસંગ નિરૂપાયો છે તે જ પ્રસંગ ઉ. રા.ના અંતિમ અંક ૮માં નિરૂપાયો છે. આ બંને કવિઓએ પોતપોતાની નાટ્યકૃતિઓમાં કેટલાંક સરખાં જ સ્થળોના ઉલ્લેખ કર્યા છે, પણ તેમાં ક્યાંક બંનેની મૌલિકતા દેખા દે છે. અન. રા.માં લંકાથી પાછા ફરતી વખતે રામ, લક્ષ્મણ, સુગ્રીવ-વિભીષણ-એ ચારે ય જણ રસ્તે આવતાં સ્થળોનો યથા યોગ્ય

ખ્યાલ સીતાને આપે છે, તેમાં લગભગ ૧૩૩ શ્લોકોનું વિસ્તૃત અને કૃત્રિમ, આડંબર-પૂર્ણ આયોજન થયું છે, તેમાં વચ્ચે વચ્ચે કોઇક વાર સીતાએ પ્રાકૃતમાં ઉચ્ચારેલા શ્લોકો તથા ત્રિજટાની ઉક્તિઓ પણ આવે છે, જ્યારે ઉ. રા.માં ઘણું કરીને રામ અને પછી લક્ષ્મણ-વિભીષણ કોઈક વાર સીતા સમક્ષ સ્થળ વર્ણન કરે છે. તેમાં લગભગ ૨૫ શ્લોકોનું આયોજન થયું છે. તેમના સંવાદમાં સોમેશ્વરે વચ્ચે નીતિ, ચારિત્ર્ય તથા ધાર્મિક વિચારોનો સમાવેશ કર્યો છે, તે સોમેશ્વરની વિશેષતા છે.

ઉપર પ્રમાણે જોતાં મુરારિ, રાજશેખર અને જયદેવ જેવા કવિઓની કૃતિઓની આગળ આ કવિની કૃતિને જોતાં અને એક જ પ્રસંગની રજૂઆતની દૃષ્ટિએ જોતાં આ નાટકમાં કવિએ અયોધ્યાપ્રત્યાગમનનો પ્રસંગ અં. ૮માં માત્ર ૩૦ શ્લોકોમાં રજૂ કર્યો છે. એમાં પ્રાતઃકાલાદિ વિષયોનો સમાવેશ થયો નથી. તેમાં કોઈ વિષયનું વર્ણન બે શ્લોકોથી વધારે થયું નથી અને એકંદરે જોતાં શ્લોકોનું પ્રમાણ તથા અંકના વિસ્તારની દૃષ્ટિએ વિષયોનું વૈવિધ્ય ઠીક જળવાયું છે. આથી આ બાબતમાં આ નાટકમાં માત્ર ક્ષમ્ય જ નહિ, પણ સપ્રમાણ નિરૂપણ પણ થયું ગણાય.

આ નાટકમાં પ્રથમ અંકમાં કંચુકી હરિદત્ત સીતાને વળાવવા ગયો છે તે પાછો આવે ત્યાં સુધી જનક અને શતાનંદ પરસ્પર સંવાદમાં ઠીક ઠીક સમય ગાળે છે. એ સંવાદમાં લગભગ બાર (૨૭–૩૮) શ્લોકો આવે છે, પરંતુ એમાં કવિએ વિષયોનું વૈવિધ્ય લાવીને દરેક વર્ણનમાં એકરૂપતા કે નીરસતાથી બચી જવા માટે તદ્દન એક સરખી નીરસતા ન લાવીને નાટચોચિત કાર્ય કર્યું છે. તેમાં દરેક વર્ણન પૈકી જનક રાજાની મનોદશાનું વર્ણન(શ્લો. ૨૭), સીતાના લગ્નમંડપનું વર્ણન (શ્લો. ૨૮), વિશ્વામિત્ર (શ્લો. ૨૯–૩૦), વશિષ્ઠ (શ્લો. ૩૧–૩૨), દશરથ રાજાનું વર્ણન (શ્લો. ૩૩–૩૫), જમાઈ રામનો વિવેક (શ્લો. ૩૬), દીકરીના શ્વસુર પક્ષના પ્રેમની મહત્તા (શ્લો. ૩૬–૩૭)—આમ વિષયોનું વૈવિધ્ય સ્પષ્ટ છે.

અં. ૨માં વિષ્કંભકના આરંભમાં અયોધ્યાના પ્રાતઃકાળની પ્રવૃત્તિઓનું વર્ણન આવે છે. આ વર્ણન એક સળંગ એકમ તરીકે જોઈએ તો આ સમગ્ર વર્ણન છ શ્લોકો(૧–૬)નો વિસ્તાર ધરાવતું હોઈ નાટચશાસ્ત્રની દૃષ્ટિએ અતિ દીર્ઘ ગણાય, પરંતુ આ વર્ણનમાં વિવિધ પ્રવૃત્તિઓને અલગ અલગ નિરૂપી હોઈ એમાં પ્રાતઃકાળનું એક સળંગ એકમ ગણવાને બદલે એને લગતી પ્રવૃત્તિ-ઓનાં જુદાં જુદાં એકમો ગણવા વધારે ઉચિત છે. આ દૃષ્ટિએ જોતાં આમાંની

તે તે બાબતનું વર્ણન એક કે બે શ્લોકો જ રોકે છે. જેમકે સીધું પ્રભાતનું (શ્લો. ૧) અને ચંદ્રનું (શ્લો. ૨) એકેક શ્લોકમાં, સૂર્યનું વર્ણન બે (શ્લો. ૩–૪) શ્લોકોમાં, તપોવનનું વર્ણન એક શ્લોક (૫)માં અને રાજકુળનું વર્ણન (શ્લો. ૬) એક શ્લોકમાં છે. વળી એ વર્ણનો પરથી તેમાંનું સાંસ્કૃતિક વાતાવરણ ઉપરાંત બ્રાહ્મણ પુરોહિત કવિ તેનો કર્તા છે એવો ખ્યાલ પણ આવે છે.

આમ શ્લોકો તથા વિષયોનું સંખ્યાપ્રમાણ જોતાં અને અન્યકૃતિઓની સરખામણીએ જોતાં આ નાટકમાં એક જ વસ્તુના નિરૂપણ માટે ત્રણેક શ્લોકથી વધારે શ્લોકો રોકાયા નથી. આ પરથી સ્પષ્ટ થાય છે કે સોમેશ્વરે ના. દ.ની સૂચનાને અનુસારીને નાટ્યકલાની દૃષ્ટિએ રસભંગ થવા દીધો નથી, તેના માટે તે સભાન છે.

પ્ર. રા. કે અન. રા.ની જેમ કેટલા ય શ્લોકો સુધી માત્ર પદ્યમય સંવાદ જ કરતાં હોય તેવાં પાત્રોનો સંવાદ આ નાટકમાં બહુ દેખા દેતો નથી. આ કવિ નાટ્યાત્મક કૃતિ સાવ ભૂલી નથી ગયો ! આમ તેણે નાટ્યોચિત વાતાવરણ જમાવી રાખ્યું છે.

**નાટકના છંદો :**

ચિત્રમાં જેમ રંગની આયોજના, સંગીતમાં જેમ સૂર અને લયની આયોજના તેમ નાટકમાં છંદોની વિવિધતાપૂર્ણ આયોજના રસ, ભાવ અને પ્રસંગને વધુ અસરકારક, ઉપકારક અને વિદ્વદ્ભોગ્ય થવા માટે આવશ્યક હોય છે. નાટ્યમાં છંદો વિશેનું કોઈ ચોક્કસ લક્ષણ નાટ્યશાસ્ત્રીઓએ આપ્યું નથી, પરંતુ ભરતે (સમસ્ત વાઙ્મયને ધ્યાનમાં રાખીને) કાવ્યમાં પ્રયોજાતા છંદો વિશેની ઠીક ઠીક ચર્ચા આપી છે.[૪] નાટકમાં આવતા શ્લોકોની રચનામાં નાટ્યકાર પોતે કવિ તરીકેની પ્રતિભા ઉપરાંત છંદઃશાસ્ત્રમાં રહેલું તેનું કૌશલ પણ દાખવતો હોય છે.

આ નાટકમાં એકંદરે ૪૨૨ શ્લોકોમાં ૨૩ પ્રકારના છંદોનું આયોજન થયેલું છે.[૫] તેમાં શાર્દૂલવિક્રીડિત (૧૦૭ શ્લોકો) અને વસંતતિલકા છંદમાં (૭૪ શ્લોકો) સૌથી વધારે શ્લોકો પ્રયોજાયા હોવાથી સોમેશ્વરને આવા સુદીર્ઘ છંદો વધારે પ્રિય અને સારી પકડવાળા હશે એમ લાગે છે. આ ઉપરાંત રથોદ્ધતા, પૃથ્વી, માલિની, શાલિની, હરિણી, દ્રુતવિલંબિત, વંશસ્થ અને મૃદંગ જેવા અલ્પ પ્રસિદ્ધ છંદો પણ સારી રીતે યોજાયા છે. અહીં સોમેશ્વરે રસને, ભાવને અને પ્રસંગને અનુરૂપ છંદો પ્રયોજેલા છે તે વાત ધ્યાન ખેંચે તેવી છે. જેમકે વનમાં સીતાજીને શોધતા રામ–લક્ષ્મણનો ઉક્તિઓમાં ભાવને અનુરૂપ શબ્દોની ગોઠવણી અને છંદોનું આયોજન, જેમકે અંક ૫માં મંદાક્રાંતા(શ્લો. ૨૭, ૪૧

અને ૪૪), રથોદ્ધતા (શ્લો. ૩૮ અને ૫૦), શાલિની (શ્લો. ૩), ઇન્દ્રવજ્રા(શ્લો. ૧૪), માલિની (શ્લો. ૧૫), પૃથ્વી (શ્લો. ૧૨ અને ૨૪), ઔપચ્છંદસિક (શ્લો. ૧, ૧૩, ૧૮ અને ૧૯), પુષ્પિતાગ્રા (શ્લો ૩૦), ઉપજાતિ (શ્લો. ૭, ૧૬, ૧૭, ૨૨, ૨૫, ૩૪, ૪૫, ૫૪ અને ૫૯) અને આર્યા (શ્લો. ૨૬, ૩૫, ૪૮, ૫૧ અને ૬૦), અનુષ્ટુભ (શ્લો. ૨૦, ૨૧, ૨૮, ૪૦, ૪૬, ૪૭, ૫૨, ૫૫, ૫૮ અને ૬૨), વસંતતિલકા (શ્લો. ૨, ૮, ૧૧, ૩૧, ૩૬, ૩૭, ૪૨, ૪૩, ૪૯, ૫૭ અને ૬૧) અને શાર્દૂલવિક્રીડિત છંદ (શ્લો. ૪, ૬, ૯, ૧૦, ૨૩, ૨૯, ૩૨, ૩૩, ૩૯, ૫૩ અને ૫૬)નું આયોજન થયેલું છે. એ રીતે અન્ય અંકોમાંની પ્રસંગાનુસાર પ્રયોજાયેલી છંદોની વિવિધતા નોંધપાત્ર છે.

**નાટકમાં અલંકારો :**

કાવ્યના શોભાકર તત્ત્વને અલંકાર કહે છે. કોઈપણ કાવ્યની શોભા માટે અલંકારો પ્રયોજાવા જોઈએ એવું ભામહ–દંડી માને[૬] છે. ભરત અને ના.દ.કારો પણ એ વાતને જુદા શબ્દોમાં અનુમોદન આપે છે.[૭] અલંકારોનું કેટલું, કેવું અને ક્યાં સુધી આયોજન અને નિર્વહણ કાવ્યને માટે ઉપકારક થઈ પડે તેની સૂચના ભામહે તથા આનંદવર્ધને સરી રીતે આપી છે. અલંકારો અંગેની ચર્ચા નાટક કે નાટયસ્વરૂપને જ માત્ર અનુલક્ષીને નહિ, પણ કોઈ પણ લલિત-સાહિત્યની કૃતિને લાગુ પાડી શકે તેવી ચર્ચા ભરતે આપતાં જણાવ્યું છે કે રસ અને ભાવને સરી રીતે ઉઠાવ આપે એ રીતે અલંકારોનો પ્રયોગ થવો જોઈએ (ના. શા., અ. ૧૬). સોમેશ્વરની આ નાટયકૃતિને એક કલાત્મક કૃતિ તરીકે જોતાં જણાયા વિના નથી લાગતું કે કવિએ એમાં બધી જાતના અલંકારો પ્રયોજીને તેની અને રસક્ષતિ ન થાય તેની કાળજી રાખીને બને તેટલો શણગારવાનો અને વિદ્વાનોને માટે આહ્લાદક બનાવવાનો પ્રયાસ કર્યો છે. તેમાં શબ્દાલંકારોમાં યમક, અનુપ્રાસ તથા અર્થાલંકારોમાં લગભગ ૨૬–૨૭ પ્રકારના અલંકારો પ્રયોજયા છે. કદાચ શ્રી હેમચંદ્રાચાર્યે અલંકારોની ચર્ચા કરીને ૨૭ પ્રકારના અલંકારો સ્વીકાર્યા છે.[૮] તે દૃષ્ટિએ જોતાં સોમેશ્વર તેમને અનુસર્યો હોય, પરંતુ મમ્મટ વગેરેની અલંકારોની માન્યતાને તેણે છોડી પણ નથી દીધી, એમ લાગે છે. તેમાંનાં કેટલાંક ઉદાહરણો આપણે જોઈએ.

અનુપ્રાસ–યમક "**पश्य पश्य प्रचुरप्रमोदानुरागहृतहृदयानां नगरनिवासिनामिद**-मध्यवसितम् (પૃ.૪૪) અહીં 'प', 'प्र' ને 'हृ' લાટાનુપ્રાસ સુમંત્રની ઉક્તિમાં પ્રાસાદિક રીતે ગોઠવાઈ ગયો છે. **पौलोमीपतिना पौलेस्त्येन** परिगृहितानामहङ्कारः (પૃ. ૬૪)

અહીં રાવણના અહંકારને 'प'ના વર્ણાનુપ્રાસ 'ल'ના લાટાનુપ્રાસમાં રજૂ કરાયો છે અને क्रीडन्ते क्रतुकर्मभिश्च शिशवः कीर्णाः कुशैः काश्यपी। (૪/૩૨). અહીં કવિએ સપ્રયોજન 'क'નો વર્ણાનુપ્રાસ યોજવાનો સફળ પ્રયાસ કર્યો છે. અહીં પૃથ્વી માટેનો काश्यपी શબ્દ એક પુરોહિત કવિ તત્કાલીન સાંસ્કૃતિક ચિત્ર રજૂ કરવા માટે પ્રયોગ કરે છે એવું સ્પષ્ટ જણાય છે.

सुग्रीवमुद्ग्रीवमवलोकयन्तं (પૃ. ૧૦૩)માં સુગ્રીવની આતુરતા યમકથી રજૂ થઈ છે. समुद्रसलिलंलङ्काधिपत्ये...(પૃ. ૧૦૩)માં માલ્યવાન્‌ના વાક્યમાં 'स' તથા 'ल'નો વર્ણાનુપ્રાસ રાવણનું સમુદ્ર પરથી લંકાનું આધિપત્ય–(નહિ કે ત્રિલોકનું) એમ સૂચવવા જાણે કે યોજાયો લાગે છે। समुत्तीर्णमहार्णवं सुवेलशैलनिकटनिवेशितकटकं...(પૃ. ૧૦૪) અહીં र्ण, 'ल', 'नि'નો છેકાનુપ્રાસ અને क નો વર્ણાનુપ્રાસ અને कटमાં યમક છે, જે પ્રસંગને અનુરૂપ પ્રાસાદિકતાની સાથે ભાવને પ્રોત્સાહન આપે તે રીતે યોજાયા છે. ઉપરનાં દૃષ્ટાંતો ગદ્ય અને પદ્ય બંનેમાંથી આપણે જોયાં. તેમાં ખૂબીપૂર્વકની ગોઠવણી કરીને પ્રાસાદિકતા જાળવવાનો પ્રયાસ થયો છે, છતાં તે કૃત્રિમતા કે નીરસતા તરફ જતાં જતાં બચી જતું લાગે છે. સુભટોનો પરિચય આપતી વખતે અનુપ્રાસ–યમકનો સહજ પ્રયોગ થયેલો છે, જેમ કે देवान्तक हन्तुमन्तकमपि...समरान्तक...(૬–૪૮). અહીં 'अन्तकनी' પુનરાવૃત્તિ યમક દ્વારા યુદ્ધના વાતાવરણને ઉપકારક અને સાર્થક થાય છે. વળી प्रतिहस्तकः...प्रहस्तो, योद्धनसस...पनसस्य...मनः, (પૃ. ૧૧૧) सकम्पं...प्रकम्पनः...(પૃ. ૧૨૦) રાવણ માટેની વૃકમુખની ઉક્તિ (પૃ. ૧૨૫) વગેરેમાં યમકાનુપ્રાસની પ્રાસાદિક પ્રયોજના થઈ છે. સંબોધનોમાં કેટલીકવાર યમકાનુપ્રાસથી પ્રસન્નતા થાય છે તો કેટલીકવાર કૃત્રિમતાનો ખટકો અનુભવાય છે, જેમ કે काकुत्स्थकुलतिलक। (પૃ. ૧૩૩)માં 'क' અને 'ल' અને 'निशीथिनीચરનાથ!'માં 'वि'. वाचाटः कपिकीट एव जटिना केनाऽपि . (પૃ. ૧૦૬)માં 'ट'ની પુનરાવૃત્તિ તિરસ્કારનો ભાવ સૂચવવામાં ઉપકારક થાય છે. આમ ડગલેને પગલે શબ્દોની રમત કે અક્ષરોની કલાત્મક ગોઠવણી કર્યા વિના આ કવિને જરા ય ચાલતું નથી.

ગદ્યમાં પણ અર્થાલંકારો તેણે સારી રીતે યોજ્યા છે. જેમ કે (૧) દશરથ રાજાના મૃત્યુ બાદ રાજા વિનાની અનાથ વિધવા બનેલી અયોધ્યા નગરીના વર્ણનમાં (પૃ. ૬૨) ઉલ્લેખ અલંકાર કરુણરસનો પોષક બને છે. (૨) સાક્ષાત્ તપની સિદ્ધિ જેવાં અરુન્ધતી (પૃ. ૬૩)માં ઉત્પ્રેક્ષા, રઘુવંશના અનિષ્ટની આગાહી કરતી સુગ્રુહિકાની ઉક્તિ (પૃ. ૪૨)માં શ્લેષ આ રીતે રજૂ થયો છે :

हा महाराज रघुराजकुलकमलराजहंस ! निजवचनपाशे निपतितोऽसि । हा देवि कौशल्ये ! शल्यितहृदया कृताऽसि दुष्टदास्या । हा रामभद्र ! निक्षिप्तोऽसि दुस्तरे व्यसन-सागरे ! हा जनकराजनन्दिनि ! कथं भविष्यसि ? हा भगवान् दिननाथ ! कथं तवापि वंशः दुर्विधिनाघुण-घुणितः सञ्जातः ? तत् किमिदानीं नगरशोभावलोकनेन ? અહીં 'વંશ'માં શ્લિષ્ટ રૂપક, સંબોધનમાં અનુપ્રાસ-યમકના પ્રયોગ સાથે દુઃખનો ભાવ, પાંડિત્ય દર્શાવવા માટે કૃત્રિમતાની સાથે સાથે પ્રસન્નતા આવે તે વ્યક્ત રીતે થયો છે. હનુમાનજીનો પરિચય રૂપક અલંકાર અને યમક-અનુપ્રાસમાં કેટલી સહજ સુંદરતાથી કવિએ આપ્યો છે !

भो भो ! प्लवङ्ग प्रवरा: प्रमोदध्वं, प्रमोदध्वं यदायातः कृतकार्योऽयमञ्जनाशुक्त-मौक्तिकं संसारसागरोत्तरण महायोगी लंकेश कुलक्लेश प्रवेशद्वारं मारुतिः । (પૃ. ૧૨૮) ('વીપ્સા') प्र, 'णो', 'क्ति', 'सा', 'ल' ઇત્યાદિ અક્ષરોનો સહજ અનુપ્રાસ આનંદના વાતાવરણને પોષક બની રહે છે. અને વળી તેમાં અંજનારૂપી છીપમાં ઉત્પન્ન થયેલા મોતીરૂપ મારુતિમાં પરંપરિત રૂપક અને મોતી, મહાયોગી તથા પ્રવેશ દ્વાર એ એક જ વ્યક્તિ-ઉપમાનને લાગુ પડવાથી ઉલ્લેખ અલંકાર છે.

ગદ્યમાં પરિકર અલંકારની ચમત્કૃતિ સુંદર રીતે ખીલી ઊઠે છે, જેમકે રાવણના મૃત્યુને લીધે કાર્પટિકના મુખેથી સરી પડતી વાણીમાં—हा लोकत्रयैकवीर ! हा रणाङ्गणावगणित सुनासीर ! हा विजयलक्ष्मी विलासावास ! हा दिग्दन्तिदन्तदलनोज्जलीकृतचन्द्रहास ! हा निरहङ्कारीकृतसकलनिर्जरसमाज ! हा लङ्काधिराज ! तवाऽपि मनुष्यकृतमवसानं श्रूयते ? (પૃ. ૧૩૦).

અહીં સરળ અનુપ્રાસના રણકાવાળી આલંકારિક ઉક્તિમાં પણ રાવણના મૃત્યુનો શોક આ રીતે અભિવ્યક્ત થયો છે તેવો રામનાટકોમાં ભાગ્યે જ ઉપલબ્ધ થાય છે. અહીં રાવણ માટે સહેતુક સંબોધનો કરુણ રસની ગંભીરતા સર્જે છે. **ઉપમા અલંકાર** આ નાટકમાં ઠેર ઠેર વેરાયેલો છે. જેમ કે દશરથ રાજાની ઉદ્વિગ્ન અને દુઃખી મનોદશાને પાણી વિના તરફડતી માછલી સાથે સરખાવી છે (૩/૧૬). જમદગ્નિસૂનુ (પરશુરામ)ને શાંતોગ્ર તેજવાળા અગ્નિની સાથે સરખાવ્યા છે (૧/૫૯).

રાવણથી અપહૃત થતાં સીતાજીને બાજપક્ષીથી હરાતી શિયાળવી સાથે સરખાવીને તેની સ્થિતિ નીચે પ્રમાણે દર્શાવી છે—

अनेन नीयमानाऽसौ जानकी क्रूरकर्मणा ।
श्येनेन वर्त्तिकेवाऽऽर्त्ता करुणं क्रन्दति स्वरैः॥ ५/२३

અહીં સીતાની કરુણ દશા ઉપમા અલંકારમાં નિરૂપાઈ છે. ક્રૂર કર્મ કરનાર બાજપક્ષીથી લઈ જવાતી શિયાળવી આ ક્રૂરકર્મા રાવણથી હરાઈ જતી સીતાને ઉપમાન સાથે સરખાવી છે અને કરુણ સ્વરે આક્રંદ ન કરવું એ સાધારણ ધર્મ તથા 'इव' વાચક શબ્દ પ્રયોજાવાથી પૂર્ણોપમા છે.

નવામ્બુ મેઘ જેવા રામની કરુણ દશાનું વર્ણન લક્ષ્મણ આ રીતે કરે છે.

आर्येण मोचादलकोमलेन विमुञ्चता बाष्पफलं सशब्दम् ।
नवाम्बुवाहाऽनुकृतिः कृताऽन्या तडित् तु न त्वं स्फुरिताऽस्य पार्श्वे ॥ ८/२४

નવામ્બુ મેઘ જેવા રામની પાસે વિજળી જેવાં સીતાજી ચમકતાં જોવા મળતાં નથી ! અત્યારે તો તે નવજલ મેઘરૂપ ઘનશ્યામ માત્ર કરુણ સ્વરે અશ્રૂરૂપ પાણીની જ વર્ષા કરે છે.

સીતાસ્પર્શનો આભાસ અનુભવતો અતિકાય રાવણ રોમાંચિત થાય છે તેને માટે કવિએ કહ્યું છે કે અતિકાય રાવણ રોમાંચિત થવાથી તે (ઉપમાન) કદંબપુષ્પ જેવો લાગતો હતો ! (૬/૫૭).

રામ-રાવણના સૈન્યના યુદ્ધ બાદ રાવણ સૈન્ય સૂઈ ગયેલું હતું. તેવી યુદ્ધભૂમિનું વર્ણન વિચિત્ર ઉપમાંથી અલંકૃત આ રીતે કર્યું છે કે એ યુદ્ધભૂમિને અડધા ટાલિયા સાથે સરખાવી છે (૮/૭). ૭/૩૩ માં સીતાને નિષ્કલંક ઇન્દુલેખા સાથે સરખાવી છે

આ ઉપરાંત ૨/૨૧ માં લુપ્તોપમા ૮/૭ માં વિચિત્ર, સુંદર અને મૌલિક કલ્પનાપૂર્ણ ઉપમા દેખા દે છે. આ ઉપરાંત અન્ય અનેક અલંકારો આ નાટકમાં પ્રયોજાયા છે. એમાંના કેટલાક અલંકારોનું પદ્યમાં આવતું કાવ્યસૌંદર્ય આપણે હવે જોઈએ.

## (૨) અપ્રસ્તુતપ્રશંસા

અં. ૪ માં દુષ્ટ કે સજ્જન દરેકને ચઢતી-પડતી આવ્યા કરતી હોય છે (શ્લો. ૯) અને ગર્વથી અંધ થનારનું પતન થતું હોય છે (શ્લો. ૧૦). એ બે સામાન્ય સત્ય કથનરૂપ વાકયો રાવણ-વિશેષને-અપ્રસ્તુતને લાગુ પાડવા માટે રજૂ થયાં હોવાથી તે બંને શ્લોકોમાં અપ્રસ્તુત પ્રશંસા છે.

## (૩) વ્યતિરેક

૧/૩૯માં રામનાં પૌરુષ તથા પરાક્રમ (ઉપમેય)ને મૈત્રાવરુણ- (ઉપમાન)થી પણ ચડિયાતું બતાવ્યું હોવાથી વ્યતિરેક.

અં. ૫, શ્લો. ૧૬માં ચંદ્ર, કમળ, કોકિલોક્તિ વગેરે તત્ત્વોનું સૌંદર્ય સીતામાં એક સાથે છે. ચંદ્ર વગેરે ઉપમાનોનું સૌંદર્ય સીતા–ઉપમેયમાં સદાય શોભતું હોવાથી વ્યતિરેક; ઉપમાનના સૌંદર્ય કરતાં સીતાનું સૌંદર્ય નિત્ય બતાવ્યું હોવાથી વ્યતિરેક અલંકાર છે.

## (૪) વિષમ

૫/૩૫માં દશરથ રાજા પોતાની પરિસ્થિતિની વિષમતાનો વિચાર કરે છે. જે પ્રિયાને હૃદયમાં ધારણ કરી તે (હવે) કટારીરૂપ (ભલ્લી) બની, ચંદન પ્રવાહરૂપ જે પુત્ર હતો તે જ અત્યારે વનમાં જતાં મને પોતાને બાળે છે–આમ હૃદયમાં ધારણ કરવા યોગ્ય વસ્તુ વિપરીત–કટારીરૂપ બને અને ચંદનરસ રૂપ, સુખ શાતા આપનાર પુત્ર વિષમ અગ્નિરૂપ બનીને હૃદયને બાળનાર બની જાય છે એમ કહ્યું હોવાથી, એક જ વસ્તુમાં વિષમતાનાં દર્શન થવાથી વિષમ અલંકાર છે (૩/૩૫).

## (૫) વિભાવના

૫/૧૪માં સીતા કુમ કુમ વિના પણ લાલાશનું અનુકરણ કરતી, અંજન વિના પણ નયનને પ્રિય પાંપણવાળી, અળતા વિના પણ લાલ અધરોષ્ઠવાળી... એમ વસ્તુનો અનુપસ્થિતિમાં પણ પરિણામ અનુભવાતું હોવાથી વિભાવના કારણ વિના ફલના પરિણામનું દર્શન થાય છે માટે "અલંકારમહોદધિ" પ્રમાણે અહીં "નૈસર્ગિક સૌંદર્યનું વિભાવન થયું ગણાય" (પૃ. ૨૯૭).

## (૬) વ્યાજોક્તિ

૧/૩માં અહીં કુપિત વિશાખાની આગળ રાધાવલ્લભ શ્રીકૃષ્ણે રાધાનો સ્પર્શાભિલાષને સંતાડીને રાધાના વક્ષ:સ્થલ પર રહેલા હારની શોભાનાં વખાણ પ્રગટ કર્યા તેથા વ્યાજોક્તિ. સ્પર્શાભિલાષને સંતાડીને બીજું બહાનું આગળ કર્યું છે.

## (૭) અર્થાન્તરન્યાસ

शीतलं यदनिलं जनस्त्यजन् प्रज्वलमनलं निषेवते ।
तद ध्रुवं समय एव गौरवे कारणं न गुणसम्पद. पुनः २/३१

મનુષ્ય ઠંડા પાણીને છોડીને (ઋતુ પ્રમાણે) બળતા અગ્નિનું સેવન કરે છે. તેથી જ સમયનું જ ગૌરવ છે, ભલેને ગુણ–સંપત્તિનું કારણ ગૌરવ માટે હોય તો પણ. આમ અહીં ઋતુની વિશિષ્ટતા અનુસાર ઠંડક અને ગરમીની વિશેષ બાબતનું સમયના ગૌરવની મહત્તા–એ સામાન્ય બાબતથી સમર્થન કરવામાં આવ્યું છે.

(૮) અનુમાન :

भ्रातश्चञ्चरीक भ्रमर ! भवता किं तपः क्व प्रदेशे ?,
के वा देवाः श्रुतिसुखकृता रञ्जिता गुञ्जितेन ?
यत् कान्तायाः प्रसभमभयस्ताड्यमानोऽपि लीला,
पद्मेनैवं स्पृशसि वदनामोदलोलं कपोलम् ॥२/३६

ભ્રમર સીતાના વદનકમળના સ્પર્શ–સુખનું સૌભાગ્ય પ્રાપ્ત કરે છે. તે ફળ ઉપરથી રામ ભ્રમરના અપૂર્વ તપનું અને દેવોના ગુણગાનનું અનુમાન કરે છે. તેથી અહીં અનુમાન તારવવામાં કાવ્યત્વ જળવાય છે. ભ્રમરે તપ કર્યું, ઈશ્વરસ્મરણ કર્યું તેથી તેને આ ફલ મળ્યું ! વળી ૩/૧૦માં પણ આ અલંકારનું સૌંદર્ય પ્રાપ્ત થાય છે.

(૯) કાવ્યલિંગ

हुंकारोऽपि निराचकार समरादेरावणं यस्य मे,
भ्रूभङ्गादपि भङ्गमाप महिषः प्रेताधिपाधिष्ठितः ।
यातो वातमृगः शृगालतुलनां श्रुत्वाऽपि सिंहध्वनिं,
सेनासन्नहनेन मर्त्यहतये सोऽहं वहामि त्रपाम् ॥६/२५

અહીં રાવણના હુંકારે, ભ્રમરની વક્રતાથી અને સિંહધ્વનિરૂપ કારણોથી પરિણમતાં કાર્યો બતાવ્યાં છે; અને છેવટે મર્ત્ય (રામ)ને મારવા માટેની લજ્જાનાં કારણોરૂપે ઉપરનાં ત્રણે ય કારણો ગણાવ્યાં હોવાથી કાવ્યલિંગ અલંકાર છે.

(૧૦) લેશ

अस्मिन्निन्दुमुखि स्थले छलविदा पुत्रेण लङ्कापते–
रस्मद्बन्धनिबन्धनानि फणिनः फूत्कारिणः प्रेषिताः ।
ध्यातायातपतङ्गपुङ्गवभयान्नेशुर्निगूढं च ते
निन्दन्तो निजमौलिखण्डनमणिश्रेणीप्रकाशं निशि ॥ ५/९

અહીં જે મણિઓ સર્પને શોભાકારક અને ગૌરવપ્રદ હતા તે જ મણિઓ ગરુડના આવવાથી, પોતાના પ્રકાશથી પોતે જલદીથી પકડાઈ જવાની અને છોભીલા (ખસિયાણા) પડી જવાની બીકે જાણે કે નાસી જતા હોય તેમ લાગ્યું. આમ સર્પોને શોભાકારક મણિઓનો પ્રકાશ (ગરુડના આવવાથી) અત્યારે નડતરરૂપ અને બોજારૂપ લાગવા માંડયો કે "અત્યારે આપણને મણિઓ ન હોત તો કેવું સારું" ! આમ ગુણને, શોભાકારક તત્ત્વને દોષરૂપે કે બોજારૂપ લાગવાથી લેશ અલંકાર છે.

## (૧૧) યથાસંખ્ય

ભરતના મનનાં વિવિધ ભાવોનું સંમેલન કર્યું છે. ભરતને અનુક્રમે માતા પ્રત્યે શરમ, મંથરા પ્રત્યે કોપ અને પિતા પ્રત્યેની શોકની લાગણી એક સાથે અનુભવતા બતાવ્યા છે. આમ અહીં અનુક્રમે વિવિધ ભાવોનો એક સ્થળે સમન્વય કરીને વર્ણવામાં આવ્યા હોવાથી યથાસંખ્ય અલંકાર છે (૪/૧૫). આ ઉપરાંત ૭/૫માં પણ આ અલંકારનું સૌંદર્ય જોવા મળે છે.

## (૧૨) પર્યાય

૫/૪માં રાજ્યલક્ષ્મીની અવર–જવરનો ક્રમ આપ્યા બાદ કાકુત્સ્થની પાસે તે સ્થિર થયાનું જણાવીને રઘુવંશની સમૃદ્ધિનું સૂચન કર્યું છે. આમ અહીં એક જ વસ્તુ–રાજ્યલક્ષ્મીના ગમનનો વ્યવસ્થિત ક્રમ દર્શાવાયો હોવાથી પર્યાય (૫/૪).

અં. ૮, શ્લો. ૨૭માં બલિરાજાની પાસે સાક્ષાત્ લક્ષ્મીપતિ પૃથ્વીનું દાન ગ્રહણ કરી રહ્યા છે તે પ્રસંગે અહોભાવ તથા આનંદાશ્ચર્યને લીધે બલિરાજાનાં નેત્રકમળમાંથી પ્રથમ આનંદાશ્રુ સરી પડયાં અને ત્યારપછી દાનવારિ નીચે પડયું. આમ પૃથ્વી પર જળ પડવાના ક્રમમાં ભાવની ખૂબી પ્રગટ થઈ છે. અહીં ભાવાવેશનું પણ સુંદર ચિત્ર રજૂ થયું છે.

## (૧૪) પરિકર

जय कदर्थित पार्थिव सन्तते ! जय समग्र महीवलयप्रद ! ।
जय निरस्तविशालमुखच्युते ! जय कुठार हुतार्जुनदोर्वन ! ॥१.४७

પરશુરામની વિશિષ્ટતાને પ્રગટ કરવા માટે ઇરાદાપૂર્વકનાં વિશેષણો અને સંબોધનો યોજીને ભૃગુપુંગવને દશરથ રાજાએ સંબોધ્યા હોવાથી પરિકર અલંકાર છે.

એ જ રીતે ૪/૩૮માં રામને માટે પ્રશંસા તથા ભક્તિની ઇચ્છાથી તુંબર નામના ગંધર્વે વિવિધ ગુણોનાં સૂચક વિશેષણોવાળાં સંબોધનો યોજયાં છે. તેથી પરિકર, વળી અપહ્નુતિ (અં. ૪, શ્લો. ૧૫), (૨૨) અનન્વય (અં. ૬, શ્લો. ૪), (૨૩) સસંદેહ (અં–૬, શ્લો. ૧૭), અર્થાન્તરન્યાસ (અં. ૨, શ્લો. ૩૧, અં. ૮, શ્લો. ૧૧. વગેરેમાં) (૨૫) અપ્રસ્તુતપ્રશંસા (અં. ૪, શ્લો. ૧૬), (૨૬) પર્યાયોક્ત (અં. ૫, શ્લો. ૩૧), (૨૬) ઉદાત્ત (અં. ૫, શ્લો. ૨૬) વગેરે છૂટા–છવાયા અલંકારો નજરે પડે છે.

અં. ૬માં અર્થાલંકારો કરતાં શબ્દાલંકારો ઉત્સાહને પોષક બને તથા આરભટીવૃત્તિને અનુકૂળ થાય તે રીતે યોજાયા છે.

આમ શબ્દાલંકારો તેમજ અર્થાલંકારોનો પ્રયોગ રસભંગ કરીને પ્રધાનરૂપે બની જાય તે રીતે નહિ, પણ નાટ્યોચિત તથા રસોચિત રીતે થયો હોવાથી નાટ્ય-કૃતિને માટે ખરેખર ભૂષણરૂપ બની શક્યો હોવાનું માલૂમ પડે છે. અત્યંત કષ્ટકર કે ભારરૂપ કે અયોગ્ય કે અનુચિત, ખટકે તેવો કોઈ અલંકારનો પ્રયોગ ખાસ દેખા દેતો નથી એમ લાગે છે. ક્યાંક કોઈક વિચિત્ર કલ્પના કે શબ્દપ્રયોગ તત્કાલીન રિવાજ કે પ્રચલિત માન્યતા ભવાઈ જેવાં પ્રસંગને ભજવનાર મંડળીનાં પાત્રોનો ખ્યાલ રાખવાથી, આ નાટકની પરિસ્થિતિ અરુચિકર થાય તેવી શક્યતા (સંભાવના) અદૃશ્ય થઈ શકે ખરી.

## પાદટીપ

૧. ના. દ., વિ. ૧, સૂત્ર ૧૧ स्वल्पपद्यं लघुगद्यं शिष्टावान्तरवस्तुकम् પૃ. ૩૬

૩. रा., Introduction p–15–16

૩. ના. દ., વિ. ૩, સૂત્ર ૧૧, પૃ. ૩૬ શ્રી કીથે પણ આ બાબત સ્વીકારીને ભારપૂર્વક ધ્યાન ખેંચ્યું છે. કીથકૃત સંસ્કૃત નાટક પૃ. ૩૨૯ અને ૩૩૫.

૪. ના. શા. અ. ૧૪ શ્લો ૨–૩, ૩૯–૪૦

૫. છંદોના વિવિધ પ્રયોગ અંગે જુઓ ડો. વિભૂતિ વિ. ભટ્ટ, 'સોમેશ્વરની કૃતિઓ : ઐતિહાસિક અને સાંસ્કૃતિક અધ્યયન' (સો. કૃ.) પૃ. ૫૬ અને અપ્રગટ મહાનિબંધ, પૃ. ૪૨૮–૪૩૩.

૬ काव्यशोभाकरान् धर्मान् अलङ्करान् प्रचक्षते । દંડી, 'કાવ્યાદર્શ' પરિ. ૨.કા૧

૭. ના. શા., ૧૬/૪૨,–૬૦–૮૮ (નિર્ણય સાગર આવૃત્તિ પ્રમાણે) ના. દ. વિ, ૧, શ્લો ૩, ૭ પૃ. ૩અને ૫.

૮. न कान्तमपि निर्भूषं विभाति वनितामुखम् । ભામહ–'કાવ્યાલંકાર' પરિ, ૧ શ્લો. ૧૩ ध्वन्यालोक ૨ શ્લોક ૬ અને ૧૮ નાટ્યરસની ચર્ચા કરતી વખતે.

૯. 'કાવ્યાનુશાસન', અ. ૬, રા બ. આથવલે સૂત્ર ૩૧ની સ્વોપજ્ઞટીકાની વૃત્તિ, પૃ. ૨૬૬ અને તેના પરની ગુજરાતી સમજૂતી માટે જુઓ 'કાવ્યાનુશાસન, ભા. ૨, પૃ. ૩૨–૪૨. ૯. સો. કૃ. પૃ. ૫૬–૬૦; તેમનો અપ્રગટ મહાનિબંધ પૃ. ૪૪૦-૪૪૭.

## પ્રકરણ-૫

# રસાત્મકતા અને ભાવાત્મકતા

ભરત મુનિ અને દંડી જણાવે છે કે નાટકમાં વીરરસ કે શૃંગારરસ મુખ્યત્વે હોવો જોઈએ અને બીજા બધા રસો તેના અંગરૂપે આવવા જોઈએ. નિર્વહણ વખતે, અર્થાત્ છેલ્લે અદ્ભુત રસ હોવો જોઈએ. આમ બધા રસો નાટકમાં ઓછા-વત્તા અંશે આવવા જોઈએ.[૧]

સોમેશ્વરે ભરત, દંડી અને રામચંદ્ર-ગુણચંદ્રે આપેલા નાટકના રસસિદ્ધાંતને લક્ષ્યમાં રાખીને 'ઉલ્લાઘરાઘવ'માં રસનું આયોજન કર્યું છે.

આ નાટકનો મુખ્ય વીરરસ છે. તેમાંય યુદ્ધવીર અને ધર્મવીર બંને પ્રકારના રસનું આયોજન થયેલું છે.

અંક ૧ ના આરંભે રામના શૌર્ય-બળની શતાનંદ પ્રશંસા કરે છે (શ્લો. ૧૧-૧૩) રામ જેટલો જ બળવાન અને પરાક્રમી રાવણના બળ-પરાક્રમના તથા પરશુરામના રામ પ્રત્યેના કોપના વર્ણનમાં શરૂઆતમાં જ યુદ્ધવીર રસની ઠીક જમાવટ થઈ જાય છે. પરશુરામના વૈષ્ણવીય ધનુષ્યનો ભંગ કરીને વિજયી રામના ઉત્સાહ અને પ્રસન્નતાભર્યા વાતાવરણમાં પ્રથમ અંક પૂરો થયો છે. રાજા દશરથ પોતાના પુત્ર રામને રાજ્ય ભાર સોંપવાની ઉતાવળ કરે છે. તેમાં પણ ઉત્સાહનો ભાવ તથા વનપ્રયાણ વખતે માતા-પિતાની આજ્ઞાપાલનનો રામનો ઉત્સાહ તથા મોટાભાઈ રામને ખાતર વનમાં જવાનો તથા જગત સાથે યુદ્ધ કરી લેવાનો લક્ષ્મણનો ઉત્સાહ અજબ રીતે વ્યક્ત થયો છે.[૨]

રાવણ સીતાનું અપહરણ કરવા જાય છે તે વખતે તેની સ્વગતોક્તિમાં બે તાપસ બટુઓ (રામ-લક્ષ્મણ) પ્રત્યેનો રોષ, વૈરની ભાવના તથા તેમનો ઘાટ ઘડવાની ઇચ્છા નીચેના શબ્દોમાં વ્યક્ત થઈ છે.

**तत्र क्षत्रबटौ च संघटयितुं निस्त्रिंशदण्डाशनिं ।**
**सज्जाः सम्प्रति बाहवो भवत हे ! लब्धक्षणो रावणः ॥ ५–९**[२अ]

આમ અં. ૫ના આરંભે રજૂ થયેલો યુયુત્સુ રાવણનો ગર્વ અને ઉત્સાહ યુદ્ધની ભૂમિકા સર્જવાની શરૂઆત કરે છે (પૃ. ૬૪).

સીતાની આગળ રાવણ પોતાના બળ–પરાક્રમની બડાઈ મારે છે તે ગર્વોક્તિમાં વીરરસનો વિભાવ છે (૫/૨૬). સંભ્રાન્ત જટાયુ પટાક્ષેપથી એકદમ પ્રવેશ કરે છે, પહેલાં સીતા પ્રત્યે ગર્વોક્તિથી અને રાવણ પ્રત્યે અવજ્ઞા તથા તોછડાઈથી તે બોલે છે.[૩] રાવણ અવજ્ઞાપૂર્વક અટ્ટહાસ્ય કરીને જટાયુને પડકારે છે ત્યારે જટાયુ પણ રાવણનો વીરતાપૂર્વક સામનો કરે છે. તે વખતે તે કેટલા ઉત્સાહ અને વેગપૂર્વક તેને સ્વકર્તવ્યનું ભાન કરાવે છે તે ઉક્તિઓમાં 'યશ,' **'तत्त्वविनिश्चय'** એટલે કે યશ તથા યુદ્ધની યોગ્યતાનો ધર્મ સૂચવાયો છે. જટાયુની ઉક્તિઓથી ઉશ્કેરાયેલો રાવણ પોતાના ચંદ્રહાસ ખડ્ગને ઉદ્દેશીને જે ઉક્તિ બોલે છે (૫/૩૩) તેમાં વીરરસને અનુરૂપ 'બલ' (શારીરિક) અને 'પરાક્રમ'નું નિરૂપણ થયું છે. જટાયુ ઘવાયેલો હોવા છતાં તેનો સામનો કરવાનું ચાલુ રાખે છે અને આક્ષેપપૂર્વક તેને ધમકી આપે છે ત્યારે રાવણ તલવાર ખેંચીને જટાયુ તરફ ધસે છે...ઇત્યાદિ. આમ રાવણ–જટાયુના સંવાદમાં તેમનો અભિનય, વિભાવો તથા સંચારી ભાવો અને નાટ્યસૂચનાઓને લીધે આરભટી વૃત્તિનું વાતાવરણ ઉત્પન્ન થાય છે એને પરિણામે વીરરસ રંગમંચ પર મુખ્યત્વે અનુભવાય છે.

ઘવાયેલા, લોહીથી ખરડાયેલા જટાયુને દૂરથી જોતાં જ લક્ષ્મણને તે સીતાનો ભક્ષક લાગે છે. તેને જોઈને જ 'ગૃધ્રાધમ!' સંબોધીને લક્ષ્મણ સંભ્રમપૂર્વક ધનુષ્યની પણછ ચડાવવા જાય છે ત્યારે જટાયુ ઊભો થઈને 'પિશાચપાંસન!' ગર્જના કરીને તેને પડકારવા જાય છે, પણ તે ઘવાયેલો હોવાથી પડી જાય છે. આમ લક્ષ્મણ–જટાયુનો સંવાદ આરભટી વૃત્તિમાં નિરૂપાયો હોવાથી યુદ્ધના ઉત્સાહનું વાતાવરણ સરસ રીતે સર્જે છે (અં. ૫).

રામ-રાવણના પક્ષોના મુખ્ય મુખ્ય સુભટોનો યુદ્ધ કરવાનો ઉત્સાહ, તેમનાં વીરતાપૂર્ણ પરાક્રમોનું વર્ણન, કયો સુભટ કોની સાથે યુદ્ધ કરવા માટે લાલાયિત

થઈ રહ્યો છે તે બતાવવામાં યમક અને શબ્દ–ચમત્કૃતિપૂર્ણ યુદ્ધના દ્યોતક ભાવો કલાત્મક રીતે સર્જાયા છે, યોજાયા છે. બંને સૈન્યોના વિવિધ યોદ્ધાઓનાં પાત્રોનો સમૂહ (રંગમંચ ઉપર) એકઠો કરીને કવિએ જાણે કે યુદ્ધનું વાતાવરણ સર્જાય તેવો આભાસ ઊભો કરવાનો પ્રયત્ન ન કર્યો હોય !

**યુદ્ધવીર :**

સમબલ શત્રુ રાવણનાં પણ બળ–પરાક્રમનો ખ્યાલ પ્રથમ અંકમાં જ અપાયો છે શ્લો. ૨૨–૨૩). પરશુરામની રામ પ્રત્યેની ઉક્તિ ઉત્સાહપ્રેરક હોવાથી વીરરસને પોષક છે(અં. ૧. શ્લો ૫૦, ૫૪).

રાજા દશરથ પુત્ર રામને રાજ્ય ભાર સોંપવામાં ઉત્સાહ અને પ્રસન્નતા દર્શાવે છે તે વીરરસને અનુરૂપ કહી શકાય (અં. ૨). તે જ રીતે રામ વનવાસ પ્રસંગે અત્યંત દુઃખભર્યા વાતાવરણમાં પણ માતા–પિતાની આજ્ઞાનું પાલન કરવાનો રામનો સંપૂર્ણ ઉત્સાહ તથા મનની તૈયારી દર્શાવાયાં છે અને રામ સાથે વનમાં જવાનો લક્ષ્મણનો ઉત્સાહ તથા–મોટાભાઈ રામ ખાતર જગત સાથે યુદ્ધ કરવાની લક્ષ્મણની તૈયારી અને ઉત્સાહ અજબ રીતે વ્યક્ત થયા છે.

એકંદરે ભરતનો રામને રાજ્ય સોંપવાનો ઉત્સાહ તથા માતા–પિતાની આજ્ઞાનું પાલન કરવાનો રામનો ઉત્સાહ મુખ્યત્વે જળવાયો હોવાથી તેમાં ધર્મવીરરસનો વિભાવ થયેલો છે બાકી યુદ્ધવીરનો પ્રબળ ઉત્સાહ તેમાં અદશ્ય, થયેલો છે ( અં. ૪). રાવણ – જટાયુના સંવાદમાં તેમનો અભિનય તથા નાટયસૂચનાઓ.[૪] વિભાવો તથા સંચારીભાવો વીરરસના સર્જક બની રહે છે. સંભ્રાન્ત જટાયુ પટાક્ષેપથી બોલે છે. (૫/૨૯) રાવણ અવજ્ઞાપૂર્વક અટ્ટહાસ્ય રાવણ જટાયુની ઝપાઝપી ઉપરાંત ઘવાયેલા જટાયુની સાથે લક્ષ્મણથી અજાણતાં જ થયેલી બોલાચાલી તથા ધમકીના પ્રસંગમાં આબાદ નાટ્યાત્મક ઢબે વીરરસનો ઉત્સાહ ગોઠવાયો છે (અં. ૫).

અં. ૬ માં યુદ્ધવીર રસ મુખ્યત્વે નિરૂપાયો છે. તેમાં રાવણના અને પછી રામના પક્ષના મુખ્ય મુખ્ય સુભટોનો યુદ્ધ કરવાનો ઉત્સાહ તથા તેમનાં વીરતાપૂર્ણ પરાક્રમોનો ઉલ્લેખ રસને પોષક થઈ પડે છે. જેમકે ૬/૨૪ યુદ્ધ માટેની તૈયારી વ્યૂહરચના તથા વ્યવસ્થાનો ઉત્સાહ રજૂ થયો છે.

दधिमुख ! मुखे सेनायास्त्वं भव प्लवंगव्रजे-
र्वज गज ! दिशं वामां भीम ! त्वमाश्रय दक्षिणाम् ।
बलमखिलमप्येतच्चिन्त्यं त्वयाऽवहितेन यत्
सुरगुरुरपि स्तोतुं शक्तिं गत्राक्षमवाऽक्षमः ॥ ६-२४
एकोऽपि लङ्कमभियोध्युमिच्छत्य खण्डदोर्दण्डमदोऽण्डदोऽयम् ॥

અર્થાત્ અંગદ એકલો જ લંકા પર ચડાઈ કરવા માટે પૂરતો છે એમ કહીને અખંડ બાહુબળવાળો અંગદ લંકા પર ચઢાઈ કરવાની ઇચ્છા દર્શાવે છે. કોપાવિષ્ટ કુમુદ યુદ્ધમાં બધી દિશામાં સૈન્ય ગોઠવે છે અને યમ જેવો ફરે છે.

કપિઓમાં અગ્રણી રંભ નામનો વાનર સુભટ રણારંભ કરવાને વેગથી ઉતાવળો થઈ ગયો છે યુદ્ધની તૈયારીથી ટાંપીને બેઠેલો વિનત કોપાવિષ્ટ થઈને વારંવાર લંકા તરફ જોયા કરે છે નીલ રણને માટે એકદમ તૈયાર થઈ ગયો છે.

स एष नीलः प्रवणो रणाय ।

શત્રુના દર્પને ગળી જવામાં કુશળ એવો તેજસ્વી સુષેણ, યુદ્ધમાં મનવાળો પનસ- **योध्युमनसः पनसः ।** વગેરે સૈન્યની વિવિધ દિશામાં યુદ્ધ માટે ગોઠવાઈ ગયા છે[૬] શરભ-વૃષભ, ગંધમાદન વગેરે બીજા અસંખ્ય વાનર સુભટો યુદ્ધ માટે એકદમ ગોઠવાઈને બરાબર ટાંપીને રહેલા છે.[૭] આ ઉપરાંત રામ-કાર્ય માટે સદા તત્પર એવો પરાક્રમી સુગ્રીવ પોતાના બાહુબળથી શત્રુને કચડવા માટે તૈયાર થઈ ગયો છે.

सुग्रीवेण समीरिता सरभसं धावन्त्यमी वानराः ॥[૮]

લક્ષ્મણ યુદ્ધ માટે ધનુષ ધારણ કરે છે. વાલિના હૃદયને વીંધનાર રામ શત્રુઓના ગર્વને નિર્મૂલ કરવા તૈયાર થયેલા છે.[૯]

વાનરોને સુગ્રીવે ઉત્સાહ આપ્યો અને યુદ્ધ માટે વેગથી તેઓ ધસ્યા છે. વિભીષણ રામને રાવણપક્ષના યુદ્ધની તૈયારીનું વર્ણન જે રીતે કરે છે તેમાં યુદ્ધ માટેનો ઉત્સાહ અને વેગ સુંદર વરતાય છે. તેમાં ય ખાસ કરીને અમુક નામના વાનર સુભટ સાથે અમુક નામના રાક્ષસ સુભટ યુદ્ધ કરવા માટે વેગથી ધસતો હોવાનું નિરૂપણ કર્યું છે તેમાં યુદ્ધવીર રસ સ્પષ્ટ અને સરસ રીતે નિરૂપાયો છે.

**देव ! सोऽयमृषभेण महापार्श्वः, गजेन प्रतपनः, जाम्बुवता विरुपाक्षः, मैन्देन वज्रमुष्टिरिति परस्परमपरैरपरेऽप्यार्यो घनविधित्सया पुरतः संरभन्ते (पृ. १२०)**

અહીં ભાવને વેગ આપે તેવા પ, ક્ષ. ત, ધ વગેરે અક્ષરો અનુપ્રાસ પ્રસન્ન કરે તેવા ગોઠવાયા છે. વળી ભાલા, ફરસી. તલવાર. શક્તિ, ધનુષ્ય–બાણ વગેરે અસ્ત્ર–શસ્ત્ર લઈને યુદ્ધ માટે ધસી આવતા હસ્તિદળ, અશ્વદળ, પાયદળ અને વળી કેટલાક રથારૂઢ દળ વગેરે વિશાળ રાક્ષસ સૈન્યોના સુભટોનો યુયુત્સુભાવ સારી રીતે રજૂ થયો છે.

**देव! न केवलं विपुलतैव सङ्गामैकाग्रताऽप्यस्य परिभाव्याताम् तथाच्चकेऽपि कौन्तिकाः, केऽपि पारश्वधिकाः, केऽपि नैस्त्रिंशिकाः केऽपि शातीकाः, केऽपि धानुष्काः, केऽपि हस्त्यश्वरथारूढाः, केऽपि पत्तायो यातुधानाः पुरतः समुहत्सहन्ते ॥ (पृ. ११७)**

આમાં વિભીષણે રામ સમક્ષ રાક્ષસ સુભટોનો યુદ્ધનો ઉત્સાહ સારી રીતે ચિત્રિત કર્યો છે. અને રાક્ષસોના સૈન્યની વિશાળતા, એકાગ્રતા, અસ્ત્ર–શસ્ત્રોની વિપુલતા પર ખાસ ધ્યાન ખેંચી બતાવ્યું છે. આમ અં. ૬માં પ્રબળ પ્રમાણમાં અને સરસ રીતે યુદ્ધવીરના વિભાવોનું આયોજન થયું છે.

અં. ૭માં કુંભકર્ણ—રામની વચ્ચે થયેલા યુદ્ધ પ્રસંગે તથા ઇન્દ્રજિત વિભીષણકાકાને પૌરુષવાણીથી પડકારે છે ત્યારે લક્ષ્મણે વચ્ચેથી જ તેને વીંધી નાખ્યો (શ્લોક ૬) તે પ્રસંગે વીરરસને ઉપકારક પડેલા કોપ અને પછી યુયુત્સુભાવ એક સાથે નિરૂપાયા છે.

અં. ૮માં કાર્પટિકના-કારસ્તાનને લીધે ભરત યુદ્ધ માટે તૈયારી કરવાનું શત્રુઘ્નને કહેવડાવે છે તથા પોતે ધનુષ્ય–બાણ ધારણ કરે છે. તેમાં ભરતનો પ્રસન્નતા તથા ધૈર્યપૂર્વકનો યુદ્ધનો ઉત્સાહ તરી આવે છે. ઉપર વિમાનમાં રહેલા રાક્ષસ-રાજ તથા તપસ્વી વેષવાળા અને ધનુષ્ય ખેંચનારા ભરત વચ્ચેનો સંવાદ આરભટી વૃત્તિમાં એવી રીતે યોજાયો છે કે તે વીરરસને સરસ રીતે ઘડીક જમાવે છે.[૧૦]

આમ આખા નાટક દરમ્યાન બધા અંકોમાં યુદ્ધવીર રસનું આયોજન યથા-યોગ્ય પ્રમાણમાં, નાટ્યાત્મક ચમત્કૃતિ સર્જે તે રીતે થયું હોવાથી પ્રધાન રસ તરીકે વીરરસમાંનો યુદ્ધવીર રસ સ્પષ્ટ તરી આવે છે.

### ધર્મવીર રસ :

નાટકમાં યુદ્ધવીર કરતાં પણ ધર્મવીર રસને કદાચ વધારે મહત્ત્વ આપવાનું કવિને અભિપ્રેત હોય તેમ લાગે છે.

આખા નાટકમાં નાયક–રામ–ને ધર્મ(કર્તવ્ય)ને મુખ્ય ગણીને કાર્ય કરતા, જીવન જીવતા હોય તેવા દર્શાવ્યા છે. વા. રા.ને અનુરૂપ રહીને કવિએ ધર્મની બાબતને વીરરસમાં મુખ્યત્ત્વે ગણી છે. આખા નાટક દરમ્યાન રામ–ધર્મ (કર્તવ્ય)ની દૃષ્ટિએ પોતાના સર્વાંગી ઉદય માટે કાર્ય કરતા લાગે છે. સમગ્ર નાટકના પ્રસંગો દરમ્યાન રામ પોતાની ફરજ–ધર્મ અદા કરતા જોવા મળે છે. પ્રથમ અંકમાં કુમાર અને જમાઈ રામ–લક્ષ્મણ બંને પગે પડીને જનક રાજા પાસેથી પોતાની નગરીએ પાછા જવાની અનુમતિ અને આશિષ માગે છે. અં. ૨ માં ભરત વિનાં સૂનાં પડેલાં કૈકેયીના મનોરંજન માટે રોજ રામ જતા હોવાનો નિર્દેશ–તેમની માતા પ્રત્યે પોતાની ફરજની સભાનતા સૂચવે છે.

અં. ૩માં વનગમન પ્રસંગે રામને માતા–પિતાની આજ્ઞા વિનમ્ર અને સહર્ષ ભાવે શિરોમાન્ય કરતા બતાવ્યા છે, તેમાં માતા-પિતાની આજ્ઞા માનવાનો ધર્મ બતાવ્યો છે. (શ્લો. ૨૦) ભરત અને કૈકેયી પ્રત્યે લક્ષ્મણ સહેજ ઈર્ષ્યાના ભાવ-વાળો થાય છે, તો પણ તેને રામ તેમ ન કરવા અને માતા-પિતા અને ભરત પ્રત્યે આદરભાવ રાખવાનો અનુરોધ કરે છે. લક્ષ્મણ અને સીતા રામ પ્રત્યેની પોતપોતાની ફરજને લઈને એમની સાથે સ્વૈચ્છિક રીતે વનવાસમાં જોડાય છે. એમાંય લક્ષ્મણ તો મોટાભાઈની સેવા પૂર્ણ રીતે થઈ શકે માટે પોતાની પત્ની ઊર્મિલાને પણ કડકાઈથી પાછી વાળે છે.

અં. ૪ની શરૂઆતમાં ગંધર્વે સંગીત સભામાં પોતાની ભૂલને લીધે શાપિત થઈને દશરથ રાજાના મહેલમાં ક્રીડાશુકત્વ પ્રાપ્ત થયેલું. એમાં કવિએ ભૂલને લીધે, ધર્મચ્યુત થવાની શિક્ષા દર્શાવી છે. ભરત વનમાં ગયેલા રામને રાજ્ય સ્વીકારવા માટે તથા અયોધ્યા પાછા આવવા માટે ખૂબ આગ્રહ અને વિનંતી કરે છે ત્યારે સૂર્યવંશના પુરોહિત ભરદ્વાજ ઋષિએ માતા–પિતાની આજ્ઞાપાલનરૂપ

ધર્મનું પ્રાધાન્ય રામને અને ભરત-શત્રુઘ્નને સમજાવે છે અને તેઓના સ્વકર્તવ્યના પાલનની વ્યવસ્થા કરે છે.

બંને ગંધર્વો વિમાન માર્ગે યાત્રાળુની પરમ ધાર્મિક ભાવનાપૂર્વક સરયૂ, ગંગા, તમસા વગેરે પવિત્ર તીર્થ સ્થળોનું દર્શન કરે છે. પ્રયાગની પવિત્ર યજ્ઞભૂમિનાં દર્શન કરીને છેવટે રામના દર્શનથી કૃતકૃત્ય થઈ જાય છે. આમ બે ગંધર્વો દ્વારા સંવાદ તથા તેમનાં વર્તનમાં સંપૂર્ણ ધાર્મિકતાનું વાતાવરણ સર્જ્યું છે. વિરાધ-વધ પછી ઋષિઓના યજ્ઞો નિષ્કંટક રીતે ચાલી શકવાનો આનંદ ફેલાય છે તેમાં અને રામના સંધ્યાવંદનના સૂચનથી એ અંક ધાર્મિકતાપૂર્ણ વાતાવરણમાં પૂરો થયો છે.

અં. ૫માં મારીચ પોતાની ફરજ-ધર્મને ખાતર જ પોતાના સ્વામી રાવણની ઇચ્છાને માન આપીને કાર્ય-તત્પર થતો બતાવ્યો છે. તેમાં મારીચની રામને હાથે થનારી મુક્તિની ભાવનામાં ધાર્મિક શ્રદ્ધા-ભાવના પ્રગટ થઈ છે; અને જટાયુ રામના દર્શન પામીને મુક્તિ પામે છે તે બતાવીને ધાર્મિક ભાવનાની અસર આખા અંકમાં જાળવી રખાઈ છે. સીતાના અપહરણ પછી પણ રામ અયોધ્યા પાછા ન જતાં, લક્ષ્મણને પાછા અયોધ્યા મોકલવા તૈયાર થાય છે તે ચર્ચામાં પવિત્ર ફરજની ભાવના વ્યક્ત થઈ છે. લક્ષ્મણ પોતાના નામની બૂમ સાંભળવાં છતાં રામની વહારે દોડી જવાને આનાકાની કરે છે તેમાં એની સીતાના રક્ષણની કર્તવ્યભાવના મૂર્ત થાય છે.

હનુમાનનાં રામ પ્રત્યેનાં ભક્તિપૂર્ણ પરાક્રમો, વિભીષણે રાવણને આપેલી ધર્મ્યસલાહ અને તેની રામના ધર્મ્યપક્ષે શરણાગતિ, રામે પોતાની પવિત્ર ફરજ તથા વ્રતરૂપે વિભીષણને આપેલો આશ્રય-આ બધા ઉલ્લેખોમાં પવિત્ર ધાર્મિક ભક્તિ તથા કર્તવ્યની છાપ સારી રીતે ઊઠે છે. વળી અંગદની રાવણ પ્રત્યેની રોષપૂર્ણ ઉક્તિમાં રાવણની શિવભક્તિનો નિર્દેશ થયો છે,[૧૧]

અં.૭માં પણ ધાર્મિક ભાવનાનો ઉત્સાહ ઠીક પ્રમાણમાં જળવાયો છે. લક્ષ્મણ મૂર્છિત થયા પછી રામ અગ્નિ-પ્રવેશ કરવાની તૈયારી કરે છે, તે વખતે રામ વિભીષણને રાજ્ય અપાવવાનું કર્તવ્ય અધૂરું રહ્યાની લાચારી વ્યક્ત કરે છે. તે વખતે સુગ્રીવ અને વિભીષણ રામ પ્રત્યે મૈત્રી, ધર્મ અને પ્રેમની ભાવના વ્યક્ત કરે છે અને પોતાનાં જીવન પણ સમર્પી દેવાની તૈયારી દર્શાવે છે.[૧૨] રાવણના મૃત્યુ બાદ એની અંત્યેષ્ટિ સારી રીતે કરવાનો અર્થાત્ બંધુધર્મ અદા કરવાનો રામ વિભીષણને અનુરોધ કરે છે (પૃ. ૧૩૦). સીતા પોતાના પ્રત્યે આશંકાની

દૃષ્ટિએ જોતા રામને દૂરથી જોઈને, પોતાની પવિત્રતા સાબિત કરવાની પોતાની ફરજ સમજે છે અને તેથી તે પોતે જ અગ્નિ-કસોટીની માગણી કરે છે.[૧૩]

વિભીષણ પોતાને રાજ્ય-પ્રાપ્તિ થયા પછી ત્યાં રામનો પણ રાજ્યાભિષેક કરવાનું સૂચવે છે, પણ રામ જટાધારી ભરતનું તપ છોડાવવાની તથા માતાને ચિંતા–દુઃખમાંથી મુક્ત કરવાનું પોતાનું પ્રથમ કર્તવ્ય સમજે છે. તેમાં ભાઈ પ્રત્યેની પવિત્ર ધાર્મિક ફરજની સભાનતા સૂચવાઈ છે. રામના રાજ્યાભિષેકના શુભ પ્રસંગે, બધાનું અપ્રિય પાત્ર બની રહેલી કૈકેયી પ્રત્યે કોઈને વૈમનસ્ય રૂપ કડવાશ જરા પણ ન રહી જાય તે માટે ભરત મારફત જ કૈકેયીને બોલાવવાનો અનુરોધ કરાયો છે. આમ અગત્યના કેટલાક પ્રસંગોએ રામ વગેરેને ધર્મપથ પર ડગ માંડતા બરાબર બતાવ્યા છે અને ઘણા ખરા પ્રસંગોમાં ધાર્મિક વાતાવરણની પ્રબળતા જમાવી છે.

આ રીતે આખા નાટક દરમ્યાન નાનાં-મોટાં પાત્રોને પોતપોતાની ફરજ-કર્તવ્ય અર્થાત્ ધર્મ પ્રત્યે સભાન અને સન્નિષ્ઠ આચરણ કરતાં બતાવ્યા હોવાથી ધર્મવીર ધાર્મિક કાર્યો (ધર્મ એ ફરજ તથા પવિત્ર આચરણ–બંને અર્થોમાં)માં ઉત્સાહથી કાર્ય કરતાં નિરૂપ્યાં હોવાથી નાટકનો મુખ્ય રસ ધર્મવીર ગણાય.

**રૌદ્રરસ :**

પરશુરામના રામ પ્રત્યેના કોપમાં નિરૂપાયો છે. તેમાં ઉગ્ર–તેજસ્વી પરશુરામ લાલ આંખોથી ભ્રૂકુટિ ચઢાવીને મોટેથી ક્રોધથી, દશરથની વાણીને ન ગણકારીને, અવજ્ઞાપૂર્વક રામ પ્રત્યે આક્ષેપયુક્ત વચનો આ રીતે ઉચ્ચારે છે.

**भङ्क्त्वा भूताधिपतिधनुषः स क्व स क्वेति भूयः,**
**कोपाटोप प्रकटभ्रकुटी भीषणो भाषते स्म ॥**

ક્ષત્રિય રૂધિરથી ધોયેલી તીક્ષ્ણ કુહાડીને ધારણ કરનારા, ક્ષત્રિયોને ત્રાસદાયક પરશુરામ "ભૂતાધિપતિનું ધનુષ્ય તોડનારો ક્યાં ગયો, ક્યાં ગયો ?" એમ કોપાટોપથી ભયંકર કોપને પ્રકટ કરે છે.[૧૪] રામે વિનયપૂર્વક પરશુરામને પ્રાર્થના કરી ત્યારે પરશુરામ રામને આક્ષેપયુક્ત વાણીથી ડારે છે (પૃ. ૧૬). તેમાં કટાક્ષયુક્ત ક્રોધનું સૌંદર્ય નિરૂપાયું છે.

કૈકેયીએ રાજા દશરથ પ્રત્યેની રીસ કોપભવનમાં પ્રવેશીને પ્રકટ કરેલી. તે સમયે કૈકેયીના કોપયુકત વર્તનનું નિરૂપણ રૌદ્રરસનો એક ભાગ બની રહે છે. તે જ રીતે કૈકેયી દશરથનું કહ્યું નથી માનતી ત્યારે તેના પ્રત્યેના રોષવાળી રાજાની ઉકિતમાં રૌદ્રરસનો ભાવ રજૂ થયો છે,[૧૫] આ બંનેના કોપમાં પુત્ર-પક્ષપાત કારણભૂત છે, એ નોંધપાત્ર છે.

**लक्ष्मणः–(सावेशम्) को माता ? श्रवसो र्वचांसि कुरुते दासीजनोक्तानि या,**

(પૃ.૫૪) અહીં રામના વનવાસના સમાચારથી કોપાવિષ્ઠ થયેલો લક્ષ્મણ માતા, પિતા તથા ભાઈ પ્રત્યેનો વિવિધ પ્રકારે રોષ વ્યકત કરે છે.[૧૬] તેમાં પણ મોટાભાઈ પ્રત્યેના પ્રેમપૂર્ણ પક્ષપાતનું જ કારણ છે.

રાજા કંઈક કહેવા માટે રામને પોતાની પાસે બોલાવે છે ત્યારે કૌશલ્યા વચ્ચે પડીને દશરથ સાથે ઈર્ષ્યાથી વાર્તાલાપ કરે છે. "જાણું છું હવે તમે શું કહેવા માગો છો તે". "શું ?" "જલદીથી મારું નગર છોડી દે એવું."

ભરતથી ગુહરાજા આગળ કૈકેયી પ્રત્યે કોપાવિષ્ઠ થઈ જવાથી નીચેના શબ્દોમાં પોતાની હૈયા વરાળ ઠલવાઈ જાય છે. ભરતનું આવું કોપાવિષ્ઠ વર્તન મોટાભાઈ પ્રત્યેના અનુરાગને લીધે જ.

**न स्त्रीत्व–मातृत्वभयं स्वभर्तृर्विनाशनिघ्नं मम निघ्नांतस्ताम् ।**
**माताऽमुनामेनिहतेति जातरोषात् पुनः सैष बिभेमि रामात् ॥ ८–२७**

રાવણ જટાયુનાં પરસ્પર રોષાયુક્ત વાણી–વર્તનમાં નિરૂપાયેલા રૌદ્રરસના ભાવો વીરરસને ઉપકાર થાય છે. લોહીથી ખરડાયેલો, મૃતપ્રાય બનેલો જટાયુ લક્ષ્મણને ધનુષ્ય ખેંચતો જોઈને ક્રોધપૂર્ણ આક્ષેપાત્મક વાણી ઉચ્ચારે છે તેમાં રાવણ પ્રત્યેનો રોષ તથા દશરથ રાજાની પુત્રવધૂને છોડાવવામાં અશકત થયાની લાચારી વ્યકત થયાં છે.[૧૭] રાવણના (લગભગ બધો વખત) વર્તનમાં કોપનો ભાવ તથા તેના વિભાવો ઠીક ઠીક રજૂ થયા છે (અંક ૫). શત્રુઓનો પરિચિય મેળવતી વખતે રાવણ માટેની નાટ્ય સૂચનાઓમાં રૌદ્રરસના ભાવોનું સૂચન થાય છે. તે વખતે રાવણ પોતાની પત્ની મંત્રી તથા પ્રતિહારી, આગળ ડગલેને પગલે શત્રુ પ્રત્યે રોષયુક્ત વર્તન કરે છે. તેમાં વચ્ચે તલવાર ઉગામવી, મોટેથી પોતાનો નિશ્ચય જાહેર કરવો, ભ્રૃકુટી વક્ર કરીને અવજ્ઞાપૂર્વક બોલવું

વગેરે વર્તનમાં રૌદ્રરસને ઉપકારક કેટલાક ભાવો તથા અભિનયનું નિરૂપણ થયેલું છે.

કુંભકર્ણની ચુંગાલમાંથી નાસી છૂટેલા સુગ્રીવ પ્રત્યેનો રોષ ઠાલવવા માટે આવેગ અને કોપાવેશપૂર્વક રામ-સૈન્ય તરફ ધસતા કુંભકર્ણના વર્ણનમાં :—

**कीशांश्च क्षणदाचरांश्च गणशः कुर्वन्नुपान्तस्थितान्**
**काकुत्स्थं ग्रसितुं प्रसारितमुखः संरब्धे सरोषोऽभ्यगात् ॥ ७-३**

એમાં રૌદ્રરસનો ભાવ સારી રીતે નિરૂપાયો છે મંદોદરીનંદન ઇન્દ્રજિતના કાકા વિભીષણ પ્રત્યેના પરૂષ શબ્દો તથા વર્તનમાં, પુત્રવધૂને લીધે કોપાવિષ્ટ રાવણ સૌમિત્રી લક્ષ્મણને મૂર્છિત કરે છે. તેમાં વેરનો બદલો કોપથી લીધો હોવાનુ બતાવ્યું છે[૧૮] રામભક્ત અંગદ પ્રત્યે રાવણ ઈર્ષ્યા તથા કોપયુક્ત વાણી ઉચ્ચારે છે. રામસૈન્યનો પરિચય મેળવતી વખતે રાવણ કોપાવેશમાં પોતાની વાણી પરનો કાબૂ પણ ગુમાવી બેસે છે. રાવણના કોપનો પ્રભાવ તેના સેવક વર્ગમાં પણ બહુ જ છે એવું (શુકની રાવણ પ્રત્યેની ઉક્તિઓ પરથી જણાય છે.)[૧૯] (રામભક્ત અંગદ પ્રત્યે) પ્રત્યે રાવણ ઈર્ષ્યા તથા કોપાયુક્ત વાણી ઉચ્ચારે છે અને અત્યંત કોપને લીધે તેને મતિવિભ્રમ થયાનુ લાગે છે તે તથા અસ્તવ્યસ્ત વાણી-વર્તન કરતો બતાવ્યો છે. આમ આ નાટકમાં વીરરસને સીધા અને શીઘ્ર ઉપકારક રૌદ્રરસના ભાવોનું આલેખન યોગ્ય પ્રમાણમાં થયું છે.

**ભયાનક રસ :**

વીરરસને પોષક રૌદ્ર રસની જેમ ભયાનક રસની પણ આવશ્યકતા હોય છે. આ નાટકમાં ક્યાંક ક્યાંક ભય અને ત્રાસના ભાવોનું આયોજન થયેલું છે.

ભયાનક દેખાવવાળા વિરાધનો વધ થયા પછી પણ સીતા કેટલા ય વખત સુધી કંપતાં હતાં તેમને રામ આ રીતે શાંત પાડે છે—

**प्रचकितचकोरनयने ! रौद्राकारान्निशाचरोदस्मात् ।**
**किं दिक्षु दिशति चक्षुर्मृगीव मृगराजतस्त्रस्ता ? ॥ ४, ४७**

અહીં વિરાધના ત્રાસથી ત્રસ્ત થયેલાં ગભરાયેલાં સીતાને ભયંકર મૃગરાજથી ભયભીત અને ચારે બાજુ જોતી અને કંપતી મૃગીની સાથે સરખાવ્યાં છે.

અં. ૫-૬માં રાવણનાં ભયંકર વર્તન તથા વાણી ભયાનક રસને માટે સૌથી વધુ ઉપયોગી છે.

રાવણના હુંકારથી ભ્રભંગ અનુક્રમે યમ, યમનું વાહન અને વાતમૃગ પણ એના તથા સિંહ જેવા ધ્વનિથી પલાયન કરી જાય એવી ભયાનકતા ઊભી કરવા માટે તેના મુખે જ આવી બડાઈ રજૂ થઈ છે.

રાવણ સીતાનું અપહરણ કરે છે તે પ્રસંગે સીતાની હાલતનું વર્ણન થયું છે. તેમાં ભયાનકતાનો ભાવ સૂચવાયો છે, બાકી રામ–રાવણનો પ્રત્યક્ષ સંવાદ ન થયો હોવાથી, ભયાનક રસને બહુ અવકાશ રહેતો નથી.

**બીભત્સ રસ :**

રાવણ જટાયુની ઝપાઝપીના પ્રસંગે, "જટાયુના નખ–નહોરથી વીંધાયેલો અને ધવાયેલો રાવણ હણાઈ જશે. જીતાઈ જશે." એવું કહીને રાવણને હણવા માટેનું નેપથ્યોક્તિથી સૂચન કરવામાં આવ્યું છે. તેમાં શિયાળવા અને ગીધડાં એકદમ રાવણ પર ત્રાટકે તેવું જુગુપ્સાકારક વર્ણન નીચેના શ્લોકમાં કરવામાં આવ્યું છે:

...मस्तिष्क्यामिषगर्धिगृध्रपटलत्रोटीकरोटीषु ते ।
त्राट्कारं कुरुतां भवन्तु च तवाऽसृक्पानपीनाः शिवाः ॥५–३१

ચીકણા રૂધિરથી રંગાયેલો અને નીલપર્વતરૂપ રાક્ષસેશ્વર બની ગયો. વળી રાવણ સીતાની આગળ રામને માટે ગ્રામ્ય ભાષાનો પ્રયોગ કરે છે. તેમાં "ઉકરડા-રૂપ" "કાદવના તળાવરૂપ," "ત્રપુ" વગેરે શબ્દો યોજીને તેના પાત્રને અનુરૂપ જુગુપ્સા વ્યક્ત થઈ છે.

સુગ્રીવે કુંભકર્ણના નાક કાન કરડી ખાધા હોવાથી ધવાયેલા કુંભકર્ણને કુપિત થયેલો, તેના જ રુધિરાસવથી મત્ત બનેલો બતાવ્યો છે તેમાં બીભત્સ રસનો સાધારણ સ્પર્શ થયેલો છે.[૨૧]

कथं गृध्रराजतीक्ष्णनखकुलिशविदारितसर्वाङ्गनिस्सरद्रुधिरप्रवाह-निपतद्धातुरसपिच्छिलः नीलशैल एव सञ्जातः राक्षसेश्वरः[२२] ।

ઘોરાક્ષની ઉક્તિમાં અને નેપથ્યની ઉક્તિમાં રાવણના શબ ઉપર ગીધડાંના સમૂહ, શિયાળવા તથા સમડીઓ ત્રાડ પાડીને તૂટી પડે તેવી ઇચ્છા કરવામાં આવી છે. અં. ૮માં યુદ્ધભૂમિ રુધિરથી ભરેલો આઠમો સમુદ્ર કહ્યો છે. તેમાં કંપારી-જનક ભાવનું સૂચન થયું છે. આમ યથાયોગ્ય પ્રસંગે બીભત્સ રસના ભાવોનું

આયોજન કરવાનું સોમેશ્વરદેવ ચૂકતો નથી. યુદ્ધભૂમિનું પ્રત્યક્ષ વર્ણન રંગમંચ પર ન આવતું હોવાથી આ રસને બહુ આવકાશ મળી શકતો નથી.

## શૃંગાર રસ ;

આ નાટકમાં ગૌણ રસ તરીકે અને વીરરસને બાધક ન થાય "રસાનિસ્યંદ-કર્કશ" ન થાય તે રીતે આ રસ યોજાયો છે. ખાસ કરીને અં. ૨માં આ જોવા મળે છે અને અન્યત્ર પણ થોડો જણાય છે.

કવિએ રામ-સીતાના પરસ્પર સ્નેહનો ખ્યાલ આપવા માટે આ રસનો આશ્રય લીધો છે. અં. ૧માં રામે કરેલા શિવ-ધનુષ્યભંગને લીધે સીતાએ પોતાનો મનોરથ પૂર્ણ થવાથી તેના આનંદોત્સાહમાં આવી જઈને પોતાની સખીગી હંસિકાને અંગુઠી ઇનામમાં આપેલી તે પણ પોતે ભૂલી ગયેલાં ! તેમાં નાયિકા સીતાનો નાયક રામ પ્રત્યેનો પરમ સ્નેહ-રતિભાવ સૂચવાયો છે( પૃ. ૭ ).

અં. ૨માં શૃંગાર રસને અનુરૂપ સારું વાતાવરણ જમાવ્યું છે. રામ સીતાના લગ્ન પછીનો પરસ્પર પ્રેમ અને દાંપત્યજીવન દર્શાવવામાં કવિએ કાલિદાસના 'અભિજ્ઞાન શાકુન્તલ'ને પણ નજરમાં રાખ્યું લાગે છે લીલોદ્યાનની શોભાના વર્ણનમાં તથા ઋતુઓની શોભાના વર્ણનમાંના વિભાવો શૃંગારને અનુરૂપ રજૂ થયા છે. કંદર્પદૂત આમ્રમંજરીઓ, મધુકર શ્રેણીની સાથેની લવંગલતા, કોકિલનાં ગાન, ઠંડો પવન ઇત્યાદિ બાહ્ય વાતાવરણરૂપ વિભાવો શૃંગારરસની નિષ્પત્તિ કરાવે છે, તેમાં તેના નિરૂપણની પદાવલિઓ કૈશિકી વૃત્તિનું સર્જન કરે છે. જેમાં "દ", "ડ" વગેરે અક્ષરો તાલબદ્ધ અને મધુરકોમલ પદાવલિઓમાં ગોઠવાયા છે ભ્રમરને સીતાના મુખને સ્પર્શતો જોઈ રામ જે ઉક્તિ બોલે છે તેમાં શરૂઆતમાં શૃંગારના ભાવનું વર્ણન થયું છે. બાકી એકંદરે જોતાં શૃંગાર રસને અહીં પ્રાથમિક ભૂમિકા કરતાં જરા ઉચ્ચ કોટિનો નિરૂપ્યો છે. તેમાં પરસ્પર કામવાસનાને બદલે સાત્ત્વિક પ્રેમનું-આદરનું વાતાવરણ સર્જે તેવા શૃંગારના ભાવોનું નિરૂપણ થયું છે. અં. ૭માં પોતપોતાના વાંકને લીધે એક-બીજાને દુઃખમાં પડેલા હોવાનું માને છે એની પાછળ પણ પરસ્પર અગાધ પ્રેમનું કારણ રહેલું છે. અં. ૮માં પરસ્પરના મૃત્યુના ખોટા સમાચારથી પોતે મૃત્યુ ન પામ્યાની લજ્જા અનુભવતા બતાવ્યા છે ઇત્યાદિ. આમ શૃંગારની ભૂમિકાનું ઉત્તરોત્તર ઊર્ધ્વીકરણ અથવા વિકાસ બતાવ્યો છે.

અં. ૫ માં વિપ્રલંભશૃંગાર તથા શૃંગારભાસનું નિરૂપણ થયેલું જોવા મળે છે. રાવણ સીતા પ્રત્યેનો અનુરાગ પ્રગટ કરે છે. તેમાં એકપક્ષીય રતિ વ્યક્ત

થઈ હોવાથી શૃંગારભાસ સ્પષ્ટ છે(અં. ૫–૬). રાવણના સીતા પ્રત્યેના વર્તનમાં સીતાનું નામ સાંભળતા જ તે સીતા પ્રત્યે મોહાંધ થઈને લાચારી તથા પ્રેમ પોતાના ગર્વની ભૂમિકા પર વ્યક્ત કરે છે. તેથી વીરરસમાં શૃંગારાભાસની છાંટ વચ્ચે આવી જાય છે. અં. ૫ માં સીતાનું મૃત્યુ નહિ પણ અપહરણ થયાની મનમાં ખાતરી થયા પછી રામે સીતા પ્રત્યેનો દુઃખપૂર્ણ અનુરાગ, નિશ્વાસ, પગ આગળ ન ચાલવા, અશ્રૂ સારવા, ઇષ્ટજન આગળ લાચારી પ્રગટ કરવી, લથડિયા ખાવા, માથાની જટા ખેંચવી, મૂર્છિત થવું વગેરે વિભાવોથી વિપ્રલંભ શૃંગારના ભાવો વ્યક્ત થયા છે. તેમાં વા. રા.ના આ પ્રસંગે સીતાએ શૃંગારના ભાવો વ્યક્ત કર્યાં છે. તેમાં વા. રા. ના આ પ્રસંગે સીતા પ્રત્યે રામે કરેલા વર્તન જેટલી કે પુરુરવા એ ઊર્વશી માટે વ્યક્ત કરેલ દુઃખ જેટલી પ્રબળ માત્રા અહીં નથી રજૂ થઈ કે તે સાધારણ કૃત્રિમતા પણ જન્માવે, પણ અહીં તો સહજ સુંદર ભાવો રામે વ્યક્ત કર્યાં છે, કે જે વિપ્રલંભ શૃંગારની આછેરી સુંદર અનુભૂતિ પ્રગટ કરે છે.

**હાસ્યરસ**

અહીં શૃંગારમાંથી હાસ્યની એટલે કે બીજા અંકમાં રામ સીતાના શૃંગારમાં વિદૂષકનું પાત્ર અને તેની ઉક્તિઓ ઉપરાંત રામ–સીતાના લીલોદ્યાનમાં અને તેમના મિલન પ્રસંગે પરસ્પરની પ્રસન્નતા સાથે હાસ્ય પ્રગટ કરે તેવી ઉક્તિઓ છે. તેથી શૃંગારમાંથી હાસ્ય ઉત્પન્ન થયું એમ કહી શકાય.

આ નાટકમાં બધા પ્રકારના રસોનું વત્તુ–ઓછું નિરૂપણ કરવામાં હાસ્યરસ રહી ન જાય તે માટે સોમેશ્વર આ રસને અંકમાં સ્થાન આપ્યું છે.

સામાન્ય રીતે સંસ્કૃત રૂપકોમા વિદૂષક, વિટ, ચેટ જેવાં પાત્રોની મદદથી હાસ્યરસનુ નિરૂપણ કરવામાં આવતું હોય છે. તેમાં વિચિત્ર વેશ, હાવ–ભાવ અને વાતચીતથી કૃત્રિમ હાસ્ય ઉત્પન્ન થતું હોય છે સૂક્ષ્મ કટાક્ષ કે માર્મિક હાસ્ય સંસ્કૃત રૂપકોમાં અતિ અલ્પ પ્રમાણમાં જોવા મળે છે. કેટલીકવાર નાટકોમાં ભાવોના નિરૂપણમાં કૃત્રિમતા કે છીછરાપણું (આછલકાઈ) ઉત્પન્ન કરે તેવું હાસ્ય હોય છે તો કેટલીકવાર જુગુપ્સા સર્જે તેવું હાસ્ય પણ રજૂ થતું હોય છે. પવિત્ર, સૂક્ષ્મ, તેજસ્વી અને શ્વેત—જે પ્રસન્નતા અને પ્રફુલ્લિતતા અર્પે તેવું હાસ્ય સંસ્કૃત રૂપકોમાં ભાગ્યે જ પ્રાપ્ત થાય છે. સોમેશ્વરના આ નાટક માટે પણ તેવું થોડું–ઘણું કહી શકાય ખરું. રામના ચરિત્રમા મોટા ભાગના પ્રસંગો, યુદ્ધો અને વિટંબણાઓથી ભરેલા હોઈ એમાં શૃંગાર અને હાસ્ય રસને ભાગ્યે જ અવકાશ મળે છે, છતાં સોમેશ્વરે રામ–સીતાના વિવાહ પછીના અયોધ્યાગમન અને વનવાસ માટેના પ્રયાણ

વચ્ચેના અલ્પકાલ સુધીના દાંપત્ય જીવનને કેન્દ્રિત કરીને નાટકમાં શૃંગાર તથા હાસ્યરસને અવકાશ આપીને પોતાની કલા-કુશળતા વ્યક્ત કરી છે. ઉ. રા. પહેલાં રચાયેલાં રામવિષયક રૂપકોમાં વિદૂષકના પાત્રને અને હાસ્ય રસને ખાસ અવકાશ આપવામાં આવ્યો નથી. એ લક્ષ્યમાં લેતાં સોમેશ્વરે ઉ. રા.માં રસનેઆપેલો આમા અવકાશ નોંધપાત્ર ગણાય.

રામ-વિષયક ગંભીર નાટકોમાં વિદૂષક અને માલાધરનાં પાત્રો ઉમેરીને સોમેશ્વરે હાસ્યરસનો સમાવેશ કરવાની લગભગ પહેલ કરી છે એમ કહીએ તો ચાલે. તેનાથી રામ-રાજ્યાભિષેકના ગંભીર વાતાવરણમાં હળવાશ આવે છે. શૃંગારમાંથી હાસ્યની નિષ્પત્તિના રસ સિદ્ધાંતનો આ નાટકમાં થતો અમલ આની અગાઉ જોયો (આગલે પાને) એ દૃષ્ટિએ જોતાં રામ-સીતાના લીલોદ્યાનવિહારમાં ઋતુઓ તથા ક્રીડાવાવડી, ભ્રમરનું તોફાન તથા અન્ય પુષ્પ-વૃક્ષાદિનાં વર્ણનને લીધે એક પ્રકારની પ્રસન્નતા તથા હળવાશનું વાતાવરણ સર્જાય છે ખરું, પણ વિદૂષક, માલાધર જેવાં નાનાં પાત્રોનાં અને તેમને આનુષંગિક રામ-સીતાનાં વાણી વર્તનમાંથી સૂક્ષ્મ હાસ્ય નિષ્પન્ન થાય છે.

વિદૂષકને વાનર સમજીને હંસિકા ભયને લીધે પોતાના ખભા પરની પાનની પેટી બગીચામાં જ ફેંકી દે છે! ત્યારથી હાસ્યની શરૂઆત થઈ જાય છે. માલાધરની પાસે વાનર આવે છે ત્યારે રામ નર-વાનર વચ્ચેના વિશ્વાસ તથા મૈત્રીની મશ્કરી કરે છે. (જેમ દુષ્યન્તે મૃગ અને શકુન્તલાને સાથે જોયા ત્યારે કરેલું વર્ણન, અ શા.)

માલાધરના મંદાગ્નિની દવા કરનારો વિદૂષક પોતે રોગ કે રોગીનો જલદી નાશ કરનારી વિદ્યામાં પારંગત હોવાની બડાઈ હાંકે છે, ત્યારે વિદૂષક તેને 'બ્રહ્મકંટક' સંબોધીને જ્યાંથી આવ્યો ત્યાંજ ચાલ્યા જવાનું કહે છે. તે પ્રસંગે રમૂજમાં ઓર વધારો થાય છે. વિદૂષક સીતાને કહે છે, 'રામ બાણ છોડવામાં પાછી પાની કરે તો હું લાડુ ખાવામાં પાછી પાની કરું.'

વાનરને લીધે ગભરાતી હંસિકાની આગળ વાનરવેષ ધારી વિદૂષક પોતાના મિથ્યા વીરત્વની બડાઈ હાંકે છે "આ વીરપુરુષ હોય ત્યાં સુધી એને બિલકુલ ગભરાવવાની જરૂર નથી" વગેરે વગેરે. એથી પ્રતિહારી તેની બડાઈને માટે સુંદર કટાક્ષ કરે છે કે, "પરશુરામને જોઈને જ તમારા પૌરુષની પરીક્ષા થઈ ગઈ હતી!" પ્રતિહારીના જવાબમાં વિદૂષકની મિથ્યા ગર્વિષ્ટ ઉક્તિ—કે "પરશુરામનો કોપાગ્નિ આ મહાબ્રાહ્મણના શાપોદકથી શાંત થયેલો"—થી ગમ્મતમાં વધારો થાય છે. આ ઉપરાંત વિદૂષકની સાથેના હાસ્ય બધા જ વાર્તાલાપોમાંથી હાસ્ય-રસની નિષ્પિત્તિ થાય છે. લીલોદ્યાનમાંથી બધી ઋતુઓના વર્ણન દા. ત. જ્યારે

માલાધર વર્ષાઋતુના વર્ણન પ્રસંગે "કોનું મન નાચી ન ઉઠે?" એ સાંભળીને, ખુશ થઈને વિદૂષક "રેલ્લુલુક" તાલ દઈને ગાવા અને નાચવા માંડે છે. તેથી રંગમંચ પર તથા પ્રેક્ષક વર્ગમાં પણ હળવા હાસ્યની લહેર આવી જાય ખરી. તેમાં 'હલ્લીસક નૃત્ય'નો પણ ઉલ્લેખ નોંધપાત્ર છે (પૃ. ૩૦).

મધ્યાહ્નની ભોજન વેળાને લીધે વિદૂષકને ભૂખને લીધે અશક્તિ આવી જાય છે. તેથી તે એકલો જવા કે ચાલવા માટે શક્તિમાન નથી. તે બીકને લીધે કે સ્થૂલોદરતાને લીધે કે પરશુરામની બૂમને લીધે-ગમે તે કારણે એકલો નથી જઈ શકતો, તેથી તીહારીના હાથના ટેકાથી પ્રતેને જવું પડે છે. વિદૂષકની સાથે હાસ્યરસ પણ તે પ્રસંગથી વિદાય થાય છે.

એકંદરે અં. ૨ ઉપરાંત ક્યાંય હાસ્યજનક ભાવોનું નિરૂપણ થયું નથી. આ નાટકમાં આટલા અલ્પ પ્રમાણમાં પણ હાસ્યરસના સમાવેશને લઈને રામ–નાટકની પરંપરામાં રોચકતા થોડા વધુ પ્રમાણમાં પ્રવેશી છે.

**અદ્ભુત રસ :**

ભક્તિભાવની કવિએ રામનાં ગુણગાન ગાવા માટે સ્તુતિના ભાવવાળી શ્લોકોની રચના કરવાની ઘણી તક કવિએ લીધી છે. ભલે તેણે રામની સ્તુતિ માટે સ્વતંત્ર "રામશતક"ની રચના કરી છે તો પણ તેના નાટકમાં તેની ધાર્મિક ભક્તિભાવના સારી રીતે નિરૂપાઈ છે. તેના અનુસંધાનમાં અદ્ભુત રસનું આયોજન થાય તે સ્વાભાવિક છે. રામના ગુણ–પરાક્રમના સ્તવન માટે પ્રથમ અંકમાં તેમજ પ્રસંગોપાત્ત વચ્ચે વચ્ચે આખી નાટ્યકૃતિ દરમ્યાન સ્તુતિશ્લોકો મૂક્યા છે.[૨૫] પ્રથમ અંકમાં રામસ્વરૂપ વિષ્ણુની અર્થાત્ વિષ્ણુરૂપ તથા બ્રહ્મના અંશ રૂપ રામની સ્તુતિ કરવામાં આવી છે તેમાં ભક્તિપૂર્ણ અહોભાવ વ્યક્ત થયો છે. તેથી વાસ્તવિકતા ન રહેતાં, નાયક નહિ પણ ભગવાન રામની ઉદાત્તતાને લીધે અદ્ભુતત્ત્વનો ભાવ ઉપસ્થિત થવા પામે છે.[૨૬] દશરથ રાજા સ્વર્ગમાંના ઇન્દ્રને યુદ્ધમાં મદદ કરીને પ્રસન્નતા મેળવે છે તેમાં તથા તેઓ શનિને રોહિણી—શકટ ભેદ કરતાં અટકાવે છે તે બે અલૌકિક પરાક્રમના વર્ણનમાં વિસ્મયમૂલક અદ્ભુતરસની અસર સર્જાય છે.[૨૭] વનમાં દશરથ રાજાના શિબિરપ્રદેશમાં એકાએક ખળભળાટ કરી મૂકે તેવા દિવ્ય તેજો–રાશિરૂપ મનુષ્યરૂપે જામદગ્ન્યના આગમનના વર્ણનમાં અલૌકિકત્વ રજૂ થયું છે.[૨૮]

ગંધર્વોની બાબત રજૂ કરવામાં ઇન્દ્રસભામાં કનકચૂડને મળેલા શાપના ઉલ્લેખથી અલૌકિક વાતાવરણમાં અંકનો આરંભ થાય છે. શાપ અને શાપમાંથી

મુક્તિની બાબત, અયોધ્યાની સ્વનગરીએ જતાં કનકચૂડે પોતાના કીરશરીરને સરયૂનદીમાં ઝબોળીને પોતાના ગંધર્વસ્વરૂપને ધારણ કર્યું તે બાબતમાં તથા વિરાધ રાક્ષસ સ્વરૂપને રામ-બાણથી વીંધાતાં જ તે પરિવર્તન પામીને તુંબર નામનો ગંધર્વ બની ગયો તેવી વિસ્મયકાર બાબતનો સમાવેશ મુખ્યરસમાં વિવિધતા લાવવા માટે સોમેશ્વરે કર્યો હશે. ગંધર્વોને વિમાનમાં પ્રવાસ અને તીર્થસ્થાનોનું દર્શન પણ વચ્ચે વચ્ચે વિસ્મયકારક ભાવનિરૂપણ માટે યોજાયું છે. તુંબરનો રામ પ્રત્યેનો કીર્તનાત્મક શ્લોકમાં ભક્તિની છાંટ સાથે અદ્‌ભુત વાતાવરણમાં ઉમેરો કરે છે.[૨૯]

મારીચની ઉક્તિથી નાટકના વાતાવરણમાં અતિમાનુષ-દિવ્યતત્ત્વ પ્રધાન બને છે તેથી વાસ્તવિકતાથી વિમુખ જતું વાતાવરણ અલૌકિક અને અદ્‌ભુત રસનો ભાવ નિષ્પન્ન કરે છે.[૩૦] પૃથ્વી પર માયાવી મારીચના બૂમો તપસ્વી વેષે રથમાં રહેલો રાવણ સીતાનું અપહરણ કરવા જતાં પૃથ્વી પરના જટાયુ સાથે ઝપાઝપી-બોલા-ચાલી કરે છે તે પ્રસંગ, ઘવાયેલો જટાયુ રામને હાથે, ગોદાવરી તટે જીર્ણશરીરનો ઉધ્ધાર પામીને કૃતાર્થ બને છે, મુક્તિ મેળવે છે. રામના સ્પર્શથી જટાયુનાં જ્ઞાનચક્ષુ ઉઘડી જાય છે તેથી તેની અનુભૂતિ વિસ્મયકારક છે.

અં. ૬ વિષ્કંભકમાં હનુમાનના સમુદ્ર પરના અવરજવર(પૃ. ૧૦૧-૧૦૨), વાનરવેષધારી શુક-સારણને વિભીષણ ઓળખી જાય છે તે બાબતમાં (પૃ. ૧૦૪), શત્રુપક્ષે રહેલા સારણની ઉક્તિમાં રામ પ્રત્યેનો ભક્તિભાવ (શ્લો. ૧૦) વગી અદ્‌ભુતતાના વાતાવરણમાં ઉમેરો કરે છે. રામના નામે થયેલાં અદ્‌ભુત કર્મો (શ્લો. ૧૩) શિવની ભક્તિથી શક્તિશાળી બનેલા રાવણનાં ગર્વ વર્ણનમાં (શ્લો. ૧૯-૨૧) ઈત્યાદિ આશ્ચર્યજનક ભાવોનું નિરૂપણ થયું છે.

અં. ૭ માં કુંભકર્ણ અને રામનું યુદ્ધ જોતાં, આકાશનાં દેવો કુંભકર્ણ પર પુષ્પવૃષ્ટિ કરવાની તૈયારીમાં હતા અને પાછળથી કુંભકર્ણ હણતાં તેઓ કાકુત્સ્થ પર તે પુષ્પવૃષ્ટિ કરી દે છે :

**यावन्न राघवमसौ ग्रसते सशङ्कैस्तन्मूर्ध्नि मोक्तुममरैः प्रगुणीकृतो यः ।**
**पुष्पाञ्जलिस्तदनु स हतकुम्भकर्णे काकुत्स्थ एव मुदितैमुचेस तावत्॥७-४**

તેમા હર્ષની સાથે વિસ્મયભાવ નિરૂપાયો છે. ઇન્દ્રજિત અજેય થવા માટે નિકુંભિલામાં અભિચાર પ્રયોગ કરવા જતો હતો તે બાબતના ઉલ્લેખમાં અલૌકિકત્વ નિરૂપાયું છે, જેમાં પૌરાણિકતાની શૈલીની અસર જણાય છે. (પૃ. ૨૫

પોતાના પુત્રને મારનાર લક્ષ્મણને રાવણે શક્તિપ્રહારથી મૂર્છિત કર્યો તેવી અલૌકિક બાબતમાં થોડો ઘણો અદ્ભુત રસ રહેલો છે, જેમકે લક્ષ્મણ મૂર્છિત થવાથી વિમાનમાં રહેલા દેવો–ગંધર્વો ભાંગી પડ્યાનો ખેદ વ્યકત કરવા લાગ્યા તેમાં.

રામ–રાવણના યુદ્ધના વર્ણન પ્રસંગે વૈમાનિકો, દેવ–મુનિઓ, સૂર્ય, બ્રહ્મા, રુદ્ર વગેરે દેવોની પરિસ્થિતિના નિરૂપણમાં વિસ્મયકારક ભાવની જમાવટ કરી છે, જેમકે—

**समरावलोकनकुतूहलोत्तानितलोचनेषु वैमानिकजनेषु, 'किं भविष्यति ?' इत्याकुलस्विन्नभालेषु दिपालेकृषु....**

વૈમાનિકો, દેવર્ષિઓમાં કૌતૂહલ વર્તાતું હતું. ચિંતાતુર દિક્પાલો, જપ–પ્રાર્થનામાં લીન દેવમુનિગણ, ઘડીક પ્રકાશતાં થંભી ગયેલો સૂર્ય...વગેરે વિસ્મયકારક વિવિધ વિભાવોનું આયોજન અહીં થયું છે(પૃ. ૧૨૯)

સીતાને અગ્નિમાં ખરેખર પ્રવેશ કરતાં જોઈને, કાર્પટિક, વાનરો અને વૈમાનિકો આશ્ચર્યકારક ભાવો અનુભવે છે[૩૧] (પૃ. ૧૩૧).

**हाकारगर्भितमुखेषु वलिमुखेषु वैमानिकेषु नयनोदकमुत्सृजत्सु ।**
**व्योमाङ्गणागाक्रमण कौतुकदत्तफालं,**
**ज्वालाकलापमवलोकय पावकस्य ।। ७–२७,**

સીતાને સાક્ષાત્ અગ્નિનારાયણ લઈને રામને સોંપે છે તે પ્રસંગે અગ્નિ રામને સીતાની પરમ પવિત્રતાને મૂર્તિમંત તીર્થસ્વરૂપ જ કહે છે (શ્લો. ૩૦) રામને સીતાની પવિત્રતાની ખાતરી આપવા માટે વિમાનમાં અપ્સરાઓ સાથે દશરથને લઈને ઇન્દ્ર આવે છે અને તેઓ બંને રામને સીતાની પવિત્રતાની ખાતરી આપે છે, ઇન્દ્ર વાનરોને સંજીવન કરે છે ને ઇન્દ્રાદિ લોકો વિમાનમાં ચાલ્યા જાય છે, તે આખો પ્રસંગ અલૌકિક વાતાવરણ સર્જે છે. ત્યાં વાતાવરણની વાસ્તવિકતા લુપ્ત થતી જાય છે પુષ્પક વિમાન બોલાવવું અને તેમાં રામ વગેરેનો પ્રવાસ પ્રાચીન, રંગભૂમિની દૃષ્ટિએ અલૌકિક લાગે, પણ વર્તમાન રંગભૂમિની દૃષ્ટિએ તેમાં નાટ્યાત્મક વાસ્તવિકતા સંભવી શકે ખરી ?

રામના રાજ્યાભિષેક પ્રસંગે આકાશમાંથી પુષ્પવૃષ્ટિ તેવા દુંદુભિનાદ વગેરેનાં નિર્દેશથી નાટક પૂરું થાય છે. આમ આરંભિક તથા અંતિમ અંકમાં અદ્ભુતરસનું

નિરૂપણ કરીને ના. દ. ના સિદ્ધાંતનું યથાર્થ અનુસરણ કર્યું છે. આમ વીરરસના નિરૂપણવાળા આ નાટકમાં ક્યાંક ગૌણ રૂપે અદ્‌ભુત રસ થોડો-ઘણો છંટાયેલો જોઈ શકાય છે.

**કરુણરસ :**

કરુણરસ 'શોક' સ્થાયી ભાવમાંથી ઉદ્‌ભવે છે. કાવ્યશાસ્ત્રમાં એના વિભાવોમાં ઇષ્ટજનવિયોગ ઉપરાંત બંધન, ધનનાશ, અથવા શાપ, વ્યસન ઇત્યાદિ પણ ગણાવ્યા છે. સામાન્ય રીતે કરુણ રસના ઉદાહરણમાં મૃત પત્ની પાછળના પતિના વિલાપને તથા મૃત પતિની પાછળના પત્નીના વિલાપમાં ગણવામાં આવે છે, પરંતુ "ઇષ્ટજન"માં પતિ-પત્ની ઉપરાંત માતા-પિતા, ભાઈ, પુત્ર ઈત્યાદિ સ્વજનોનો પણ સમાવેશ થઈ શકે; અને એવી રીતે વિયોગમાં મૃત્યુથી થતા કાયમી વિયોગ ઉપરાંત મૃત્યુના ખોટા સમાચારથી થતા વિયોગભાસનો તથા મૃતવત્ અવસ્થાથી કદાચ કાયમ માટેના લાગે તેવા કે દીર્ઘકાલના વિરહથી થતા વિયોગનો પણ સમાવેશ થઈ શકે, જો એના નિરૂપણમાં શોકની ઉત્કટતા રજૂ થઈ હોય તો જ.

અહીં ક્યારેક શૃંગારરસભાસની જેમ કરુણરસાભાસ પણ દેખા દે છે.

અં. ૧માં પુત્રી સીતા વિદાય કર્યા પછી ભિન્ન અને શૂન્ય મનવાળા થયેલા જનક રાજાના વર્ણનમાં પિતા પુત્રીના થનારા સુદીર્ઘ વિયોગની વેદના રજૂ થઈ છે( અં. ૧.શ્લો. ૨૮ ).

વૃદ્ધ દશરથ રાજા પ્રિય પુત્રના વનવાસને કારણે અત્યંત દુ:ખી છે. પ્રિયા કૈકેયી આગળ કાલાવાલા ( દૈન્યભાવ ) પ્રગટ કરીને રામ વનવાસને અટકાવવાનો પ્રયત્ન નિષ્ફળ જવાથી દશરથ રાજાને વધુ નિરાશા સાંપડે છે. તે વખતે ઇષ્ટજન પ્રિયપુત્રના વિયોગથી કરૂણરસના ભાવો રાજા પ્રગટ કરે છે. તેમાં વ્યાકુલતા, વિષાદ, ખેદ અને રુદન અશ્રુપાત, મૂર્છા વગેરે કરૂણરસને પોષક અનુભવો અને વિભાવો રજૂ થયા છે.[૩૨] સુમંત્રના મુખે દશરથ રાજાની બેબાકળી, વિવશ અને કરુણ હાલત નીચેના શબ્દોમાં સાચે જ વરતાય છે :

**हा धिक कष्टं सुचरितरतिर्निर्मिमितेऽत्र सोऽयं ।**
**तोये तुच्छे तिमिरिव मुहुर्वर्त्तनोद्वर्त्तनानि ॥ ३. १६**

અહીં પાણી વિના તરફડતી માછલી જેવી દશરથ રાજાની મનોદશા ખરેખર કરુણ રસને પોષક બને છે.

દશરથ રાજાના મૃત્યુ બાદ અયોધ્યાની કરુણ-દીન-દશા માટે ખેદ વ્યક્ત કરતા ગંધર્વરાજની ઉક્તિથી કરુણ રસની જમાવટ થાય છે. દશરથ રાજાના સ્નેહપાશથી બંધાયેલા ક્રીડા શુકરૂપે શાપિત ગધર્વ કનકચૂડને દશરથ રાજાના મૃત્યુને અયોધ્યાથી વિખૂટા પડવાનું બહુ દુઃખ થાય છે. ઉદ્વેગયુક્ત વાણીથી કનકચૂડ પોતાના હર્ષાશ્રુવાળા પિતા કુમુદાંગદ સાથે સંવાદ કરે છે તે કરુણતા જમાવવામાં ઉપકારક થઈ પડે છે. રાજાના વિયોગથી શિષ્ટ નગરજનો ભારે કલ્પાંત કરીને ખેદ વ્યક્ત કરે છે.[૩૩]

ભરત અને રામનો સંવેદનાઓ પૂર્ણ મેળાપ જોઈને પાસે ઊભેલો લક્ષ્મણ પણ આંસું સારે છે. એવું ભાઈઓનું સરસ ભાવનિરૂપણ સુંદર થયું છે. (અં. ૪. શ્લો. ૪૧).

અં. ૫માં ગુમ થયેલાં સીતાને મૃત્યુ પામેલાં સમજીને રામે કરુણ કલ્પાંત કર્યું છે. તેમાં તથા માતા તુલ્ય સીતાને શોધવામાં અત્યંત દુઃખી થઈને લક્ષ્મણ મૂર્છિત થઈ જાય છે. મૂર્છિત લક્ષ્મણને મૃતવત્ માનીને રામે કરેલા કરુણાજનક વાણી-વર્તન ભાઈ પ્રત્યેના વિયોગનો શોક સૂચવતો હોવાથી જ તે પ્રસંગ પૂરતો કરુણરસનો ભાંસ કરાવે છે (અં. ૭).

રામ-લક્ષ્મણ સીતા એ અત્યંત પ્રિય ઇષ્ટજનોના અનિષ્ટ સમાચારથી માતાઓ અગ્નિ-પ્રવેશ કરવાની તૈયારી કરતાં બતાવ્યાં છે, તેટલી રજૂઆતમાં પણ કરુણરસ લગભગ પરાકાષ્ટાએ પહોંચતો હોવાનું કહી શકાય. આમ અનેક જુદી જુદી રીતે કરુણરસના ભાવો કે ભાવાભાસોનું આયોજન સારી રીતે થયું છે.

આમ બધા રસોનું આ નાટકમાં ઓછે વત્તે અંશે આયોજન થયું છે ખરું, પરંતુ કાવ્યની દૃષ્ટિએ વિચારીએ તો આ નાટકમાં મુખ્ય એવા વીરરસમાં યુદ્ધવીર રસનું નિરૂપણ પ્રથમ કોટિના રૂપકમાં જામે તેવું જામતું નથી. ધર્મવીર રસની નિષ્પત્તિ આ નાટકમાં સારી રીતે થાય છે એમ કહી શકાય, પરંતુ વીરરસનો એ પ્રકાર યુદ્ધવીરના જેટલી ઉત્કટતા ભાગ્યે જ સાધી શકે છે. અહીં અન્ય રસોને ગૌણ રસ તરીકે સ્થાન મળ્યું છે ખરું. પરંતુ ગૌણ રસ તરીકે પણ એ રસોની નિષ્પત્તિ ઉત્કટ બનતી નથી. કાલિદાસાદિ અન્ય રસસિધ્ધ કવીશ્વરોની કૃતિઓ આગળ આ કવિની કૃતિમાં પ્રકૃષ્ટતા અને રમણીયતા ફીકકી લેખી શકાય. તેમ છતાં અલંકૃત શૈલીની નાટ્યકૃતિઓમાંના રસ નિરૂપણ ને નજરમાં રાખીએ તો આ કૃતિ પરત્વે કંઈક આશા કે આશ્વાસન મળી શકે ખરું કે સાવ કાઢી નાખવા જેવી નહિ, પણ થોડું ઘણું રસ-દર્શન રસાનુભૂતિ કરાવે તેવી કંઈક નવીનતા અને આનંદની અનુભૂતિ કરાવે તેવી આ નાટ્યકૃતિ છે. રસ નિરૂપણ ઝાંખુ કે ફિક્કું પડી

જવા માટે આ કૃતિની ધાર્મિક વૃત્તિ વધુ જવાબદાર લેખી શકાય. ધાર્મિક વાતાવરણમાં શાંતરસ કે ભક્તિ ભાવની જેમ શૃંગાર, બીભત્સ જેવા અન્ય રસોના ભાવો ભાગ્યે જ પ્રાબલ્ય જમાવી શકે તેમ છતાંય કોઈ રસોનું નિરૂપણ કરવું ભૂલી ગયો નથી. બલકે હાસ્યરસનો પણ સમાવેશ કર્યો છે તે તેની વિવિધ રસોના નિરૂપણ પરત્વેની અભિરુચિ સૂચવે છે.

## પાદટીપ

૧. ના. શા, VolII શ્લો.૮૬,પૃ ૮૧૯;રુ.,દ.રુ.,પ્ર ૩,શ્લો.૬૬ ૬૮, પૃ.૨૧૯

૨. અ. આ શ્લો. નં ૧૧ ખરી રીતે નં.૯ જોઈએ કેમકે સંપાદકથી સરતચૂકથી નં.૯,૧૦ રહી ગયા છે. અને સીધો નં. નં,૧૧ આવે છે (પૃ.૮૧).

| | | |
|---|---|---|
| ૨. અં.૩. શ્લો. ૨૩, ૨૫ | ૩. ૫/૨૯ | ૪. ૭/ ૩,૨૪ |
| ૫ ૬ ૨૯ | ૬. ૬/૨૯-૩૪ | ૭. ૬/૩૬અને પછી. |
| ૮. ૬/૪ , ૪૩, ૪૫ | ૯. ૬ ૪૯ | ૧૦ પૃ. ૧૫૦-૧૫૧ |
| ૧૧. ૬/૧૯, ૨૧ | ૧૨. પૃ ૧૨૬-૧૨૭ | ૧૩ ૭/૨૫ |
| ૧૪ ૧/૪૯ | ૧૫. ૩/૬ ૭ | ૧૬. ૬/૨૩ |
| ૧૭. અ . ૫, પૃ. ૯૮ | ૧૮. અ .૭ ૬પૃ ૧૨૫ | ૧૯. પૃ ૧૧૩-૧૭૧ |

૨ . ૬/ ૫ જુઓ ઉપર 'કાવ્યલિંગ અલંકાર'ના ઉદાહરણમાં પૃ. ૧૩૬.

| | | |
|---|---|---|
| ૨૧ પૃ. ૧૨૪ | ૨૨. પૃ ૮૯ | ૨૩. પૃ. ૨/૧ |

૨૪. સોમેશ્વરના અનુકાલીન કવિઓની નાની –મોટી નાટ્યકૃતિઓમાં વિદૂષકનું પાત્ર દેખા દે છે ખરું, પરંતુ સોમેશ્વરની પહેલાંની કૃતિઓમાં વિદૂષકનું પાત્ર હાસ્યરસને માટે ખાસ યોજાયું હોય એવું બહુ પ્રસિદ્ધ નથી જણાતું

| | | |
|---|---|---|
| ૨૫. ૧/૪૭, ૪/૪૮ વગેરે | ૨૬. પૃ. ૨, શ્લોક. ૭, પૃ. ૩, પૃ ૬, શ્લો ૧૭ | |
| ૨૭ પૃ ૧૧ શ્લો. ૩૩-૩૫ | ૨૮. ૧/૪૫-૪૬ | ૨૯. ૪/૪૮ |
| ૩૦. અ .૫., વિષ્કંભક,પૃ.૭૯ | ૩૧ પૃ. ૧૩૧ | ૩૨. ૪૭-૪૯,૫૪-૫૫ |
| ૩૩. ૪/૧, ૩૮. | | |

## પ્રકરણ-૬

# પાત્રસૃષ્ટિ

આ નાટકમાં કુલ ૫૯ પાત્રો છે. તેમાં પ્રત્યેક પાત્ર પોતપોતાનું આગવું વ્યક્તિત્વ ધરાવે છે. તેમાં કવિએ રાજકુલના પ્રાસાદ ઉપરાંત રાજસભા, વન, યુદ્ધભૂમિ, આશ્રમ તેમ જ ગગન-પૃથ્વી પરનાં આવાગમન દ્વારા ગગન અને પૃથ્વી બંને પરનાં વિવિધ-પાત્રોનો સમાવેશ કર્યો છે અને તેમનો પરિચય કરાવ્યો છે. પ્રત્યેક પાત્ર પોતપોતાનાં સ્થાન ( કક્ષા )ને અનુરૂપ ભાષાનો પ્રયોગ અને ભાવોનું પ્રકટીકરણ કરે છે.

આમાંનાં ઘણાં પાત્રો વા. રા. નાં જ છે. આથી એ પાત્રોનું નિરૂપણ કરવામાં સોમેશ્વર વા. રા ને અનુસરે તે સ્વાભાવિક છે, તેમ છતાં કવચિત્ ક્વચિત્ તે પાત્રોમાં સોમેશ્વરના દેશ-કાલ અનુસાર કંઈક વિશિષ્ટતા નજરે પડે છે.

માતા-પિતાનું પોતાના પુત્રો પ્રત્યે વાત્સલ્ય, ભાઈઓની પરસ્પર ભ્રાતૃભાવના, માતાઓ વચ્ચે પરસ્પર પ્રેમભાવ ઇત્યાદિ સમગ્ર કૌટુમ્બિક ભાવનાની દૃષ્ટિએ જોતાં વા.રા. કરતાં પણ કદાચ સહેજ ઉચ્ચ સ્તર પર લઈ જાય તેવું કૌટુમ્બિક વાતવરણ સોમેશ્વરે આ નાટ્યકૃતિની પાત્રસૃષ્ટિમાં સર્જી આપ્યું છે. જનક રાજા માને છે કે પોતાના અને પોતાની પુત્રી સીતાના સદ્ભાગ્યને લીધે જ તેમને સારા વેવાઈ મળ્યા ( અં., ૧.શ્લોક-૩૮ ). જનક અને દશરથ રાજા પોતાને સીતા જેવી પુત્રી, પુત્રવધૂ મળયાનો આનંદ અને મગરુબી અનુભવતા સોમેશ્વરે બનાવ્યા છે( રા.શ.,શ્લો. ૩૩ ).

માતા કૌશલ્યા-સુમિત્રાને તો ભરતને ગાદી મળે કે ગમે તેને મળે તેનો તેમને વાંધો નથી, પરંતુ રામભદ્રે એવો કયો અપરાધ કર્યો કે તેને આવી વનવાસની કઠોર શિક્ષા થઈ? તેનું તેમને દુઃખ છે. રામની સાથે લક્ષ્મણને પણ વનમાં મોકલવા તૈયાર થયેલાં સુમિત્રા પોતાના પુત્ર લક્ષ્મણના જ સ્વમુખે સ્વબંધુ રામ સાથે વનમાં જવાનો નિશ્ચય સાંભળીને પોતાને ધન્ય અને કૃતાર્થ થયેલાં માને છે. તેમને તો પુત્રવિયોગનું દુઃખ પણ રામવનવાસ આગળ કંઈ હિસાબમાં નથી-એવો માતાનો ઉદાત્ત ભાવ વા. રા,માં અત્યંત સ્પષ્ટ અને ઉઠાવ આપે તેવો નથી. સંકલ્પ માત્રથી

રામને રાજ્ય સોંપી દીધાનો રાજા દશરથના વિચારને સુમિત્રા તરત વધાવી લે છે એ યુક્તિ સોમેશ્વરે કૌશલ્યાને બદલે સુમિત્રાની ઉદારવૃત્તિ દર્શાવવા યોજી લાગે છે. અને બીજી બાજુ કૌશલ્યા સુમિત્રાને મીઠો ઠપકો આપે છે કે 'હવે મને એક પુત્રથી તો વિખૂટી પાડી અને હવે તું બીજા મારા પ્રિય પુત્રને વિખૂટો પાડવા તૈયાર થઈ છે ?' બંને માતાઓની આટલી એકાત્મકતા અને વાત્સલ્ય અન્યત્ર ભાગ્યે જ જોવા મળે એમ છે. રામને વનવાસ મળવાથી કૌશલ્યા પોતાને દોષ દે છે, બીજાને નહિ. રામ-સીતા અયોધ્યા પ્રત્યે પુનર્ગમન કરતી વખતે પરસ્પરને દુ:ખી કરવામાં પોત-પોતાનો દોષ જુએ છે-એકબીજાનો દોષ નહિ, દશરથ રાજા પોતાના ભાગ્યનો દોષ-પોતાનો દોષ જુએ છે. આમ કોઈ પાત્ર કોઈ ને પણ કોઈ જાતનો દોષ દેતું નથી, આક્ષેપ કે આશંકા કરતું નથી, બધાને પોતપોતાનાં ભાગ્યનો દોષ કાઢતા બતાવ્યા છે( માત્ર લક્ષ્મણ અને ભરતને બાદ કરતાં ! ).

રામને ભરત વિનાનાં સૂનાં પડેલાં માતા કૈકેયી પાસે મનોવિનોદ માટે જતા બતાવ્યા છે. નાટકને અંતે પણ રામ માતા કૈકેયીને બોલાવવા જવાનો ભરતને અનુરોધ કરે છે. લક્ષ્મણને પહેલા માતા કૌશલ્યાને અને પછી સુમિત્રાને પ્રણામ કરતા બતાવ્યા છે. રામ પ્રત્યે પ્રેમ, શ્રદ્ધા અને ભક્તિ દાખવવામાં ભરતને લક્ષ્મણની કક્ષામાં મૂકી શકીએ તેવું ભરતનું પાત્ર રજૂ થયું છે. વનમાં આત્મજ્ઞાન કરવા તૈયાર થયેલા ભરતને રામ વિના કેટલો આઘાત લાગ્યો હશે, લક્ષ્મણને પણ ભરત પ્રત્યે કેટલું બધું વૈમનસ્ય પ્રગટ કરતો બતાવ્યો છે, જાણે કે તેણે પોતાનું રાજ્ય ઝૂંટવી લીધું હોય !

આમ ભાઈઓના, માતાઓના પરસ્પર પ્રેમના નિરૂપણમાં અભિપ્રેત થતો કુટુંબ-ભાવનાનો આદર્શ સોમેશ્વરદેવે કદાચ વાલ્મીકિ કરતાં વધુ ઉચ્ચ અને સારી રીતે રજૂ કર્યો છે. તેમાં દશરથ-જનક રાજાના તથા રાવણનાં રાજકુટુંબોના વાતાવરણમાં ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ પ્રકારનાં સ્ત્રી-પુરુષ પાત્રોમાં કંઈ ને કંઈ આગવી વિશેષતા અને વિવિધતા સર્જી આપી છે. અહીં નાયક રામ, નાયિકા સીતા અને ખલનાયક રાવણનાં પાત્ર ઉપરાંત તેમને આનુષંગિક પાત્રોની વિશાળ સૃષ્ટિ ગોઠવાઈ છે.

**નાટકનો નાયક :** ભરત મુનિ અને વિ.ધ પુરાણકાર જણાવે છે કે નાયક પ્રખ્યાત, ઉદાત્ત રાજર્ષિ કે દિવ્ય હોઈ શકે.[૧] ધનંજયે તેમ જ હેમચંદ્રે નાયકના ગુણોની સામાન્ય યાદી આપીને ભરત મુનિના મતને સંમતિ આપી છે.[૨] રામચંદ્ર-ગુણચંદ્ર નાયક દિવ્ય કે અદિવ્ય હોય તો ચાલે એમ ઉમેરે છે. એકંદરે જોતાં તે

બધા આચાર્યોએ ધીરોદાત્ત નાયક તરીકેના ગુણો ગણાવ્યા છે.[૩] તે દૃષ્ટિએ જોતાં નાટકનો નાયક ધીરોદાત્ત છે.

સોમેશ્વરે પોતાના નાટક માટેના નાયક તરીકે પ્રખ્યાત દિલીપ કુલકાનન-કેસરીન્દ્ર, રઘુવંશભૂષણ, ધીરોદાત્ત નાયકને યોગ્ય સર્વગુણસંપન્ન, પૂર્ણ પુરુષોત્તમ રામચંદ્રની પસંદગી કરી છે. તેનું વ્યક્તિત્વ વિષ્ણુના અંશ તરીકે પૂજ્ય હોવાથી દિવ્ય અને મનુષ્યાવતાર તરીકે માનુષીભાવો અનુભવતા પણ બતાવ્યા હોવાથી અદિવ્ય એમ બંને પ્રકારના કહી શકાય તેમ છે. ઉદાત્ત ગુણોવાળા રામને માનુષી-ભાવો અનુભવતા બતાવ્યા છે. નાયક રામનું વ્યક્તિત્વ તેમની માતા-પિતા સમક્ષ, વડીલો, ભાઈઓ, મિત્ર શત્રુ વગેરે સમક્ષ તથા પત્ની સીતા આગળ ભિન્ન ભિન્ન છતાં અનોખી રીતે ખીલી ઊઠે છે, શોભી રહે છે. આ નાટકમાં નાયક-રામચંદ્રજીનાં બાહ્ય સૌન્દર્યના વર્ણન કરતાં એની આંતરિક સમૃદ્ધિનો તથા એના વ્યક્તિત્વનો વધુ સારો પરિચય થાય છે.

પ્રથમ અંકમાં પરશુરામના ગર્વનો ભંગ વૈષ્ણવીય ધનુષ્યના ભંગની સાથે જ કર્યો તે પરાક્રમ દર્શાવવામાં રામના ધૈર્ય, વિનમ્રતાના ગુણોનો પરિચય થાય છે. તે કવિના શબ્દોમાં—

**“आदाय रामः सहसैव नीचैश्चकार चापं च मदं च तस्य ॥”**
**“...न क्रुद्धं न च गर्वितं न ललितं किन्तु स्थितं पूर्ववत् ॥”**
**(पृ. १७)**

રામે ધનુષ્ય એકદમ નીચે નમાવ્યું તેની સાથે તેનો મદ પણ (નીચે ઉતાર્યો). પરશુરામની કઠોર અને ઉગ્ર વાણી તથા ક્રોધ આગળ રામનું શાંત અને ધીર વ્યક્તિત્વ દર્શાવતાં કવિ કહે છે કે પરશુરામે આપેલું ધનુષ્ય નમાવ્યાથી અને પરશુ-રામના ક્રોધથી પણ તેઓ ક્રુદ્ધ ન થયા, ગર્વિત પણ ન થયા. પહેલાની જેમ સ્થિર (તટસ્થ) રહ્યા.

રામને પરશુરામ પરના વિજય માટે પોતાનાં વખાણ પુરવાસીઓ કરે છે તે ગમતું નથી. તેવો ભાવ રામ વ્યક્ત કરે છે તેમાં તેમનું નિરહંકારીપણું અને ગુરુજન પ્રત્યેનો આદર સૂચિત થાય છે.[૪] રાજા દશરથે પુત્ર રામને રાજ્યની ધુરા સોંપવા માંડી ત્યારે રામે રાજ્યશ્રી કરતા પિતૃચરણ સેવવામાં પ્રવૃત્ત રહેવાની ઇચ્છા પ્રગટ કરી છે ત્યારે,[૪અ] કૈકેયીની બે આજ્ઞાઓનો રાજાએ લખેલો પત્ર મંથરા રામને આપે છે ત્યારે અને વનવાસની આજ્ઞા શિરોમાન્ય કરે છે ત્યારે રામની માતૃ-પિતૃભક્તિની

સંપૂર્ણ ઉત્કૃષ્ટ ભાવનાનો પરિચય થાય છે. મંથરાએ આપેલો પત્ર વાંચ્યા પછી રામને પોતાને દુઃખકર અને વિરોધી આજ્ઞાઓથી દુઃખ થતું નથી, પરંતુ માતા "કૈકેયીએ મને પોતાને બોલાવીને સીધું પ્રત્યક્ષ કહેવાને બદલે પિતામુખે, તે પણ પત્ર દ્વારા પોતાની બે આજ્ઞાઓ કેમ જણાવી ?" તે બાબતનું રામને દુઃખ છે.[૫]

રામ દૂરથી દશરથ રાજાને માતા કૈકેયીને પગે પડતા અને કંઇક દીનમુખે સમજાવતા હોય એવું વર્તન જોવાથી સરળ ભાવે રામ એવું જ સમજે છે કે રાજ્યનો, અને પત્નીનો ભાર પુત્રને સોંપીને રાજા વનગમનની ઇચ્છા દર્શાવતા હશે અને માતા તેમાં સંમતિ નહિ આપતાં હોય ! (પૃ.૪૬).

ભરત મોસાળે ગયો હોવાથી સૂનાં પડેલાં દુઃખી કૈકેયી માતાનો બરાબર ખ્યાલ રામને છે. તેથી તેઓ રોજ સવારે કૈકેયી માતા પાસે મનોવિનોદ માટે જાય છે. વનપ્રયાણ વખતે પણ રામ પોતાની બંને માતાઓને તથા પિતાને 'મધ્યમામ્બા' કૈકેયી પ્રત્યે જરાય વૈમનસ્ય ન રાખવાની યાચના કરે છે. અયોધ્યાનું રાજ્ય સ્વીકારતી વખતે પણ કૌટુમ્બિક વૈમનસ્ય વિલીન કરવા માટે જ રામ ભરતને પોતાની માતા કૈકેયીને બોલાવવાનો અનુરોધ કરે છે (અં.૮). લક્ષ્મણ જ્યારે પિતા, કૈકેયી માતા તથા મંથરા પ્રત્યે રોષ પ્રગટ કરે છે ત્યારે મોટાભાઈ તરીકે રામ લક્ષ્મણને તેવી અયોગ્ય વાતો મનમાં ન રાખવા ટકોર કરે છે.[૬]

ભરત પ્રત્યેનો રામનો સ્નેહ અનન્ય છે. મોસાળે જતી વખતે ભરતે રામને કહેલી ઉક્તિ યાદ કરીને રામ ગદ્‌ગદ્ બની જાય છે, (પૃ. ૧૨ અને ૨૨). ભાઈઓ અને માતાઓ પ્રત્યેનો પ્રેમભાવ વાલ્મીકિ રામાયણમાં ભારોભાર આવે છે. એ જ વસ્તુ સોમેશ્વરે આ નાટકમાં જેવી નિરૂપી છે તેવા અન્ય નાટકોમાં ખાસ મળતી નથી. એ ચારેય ભાઈઓનો પરસ્પર પ્રેમ-ભાવ અને એકચિત્તતાનાં વખાણ રાજાના માળીથી પણ કર્યા વિના રહેવાયું નથી (પૃ. ૨૩) અને રામથી પણ તેમની પરસ્પરની ભ્રાતૃભાવના સુગ્રીવ-વિભીષણ સમક્ષ વ્યક્ત કર્યા વિના રહી શકાયું નથી (પૃ. ૧૨૭).

રામ-ભરત વચ્ચેની ભ્રાતૃભાવના, રામની ભરતમાતા કૈકેયી પ્રત્યેની માતૃભક્તિ આખા નાટકમાં સારું ધ્યાન ખેંચે છે. વા. રા.માં તો રામ ભરતનો પરસ્પરનો ભ્રાતૃપ્રેમ દર્શાવ્યો છે જ. પરંતુ સોમેશ્વરે આ નાટકમાં એમની ભ્રાતૃભાવના નિરૂપી છે તેવી અન્ય નાટકોમાં ખાસ મળતી નથી. વનગમન વખતે રામને ભરતને ન મળવાનો મનમાં વસવસો રહે છે. વનમાં ભરતની મનોદશા વર્ણવતો ભરદ્વાજ

ઋષિનો પત્ર વાંચીને વનમાં મળવા આવેલા ભરતને મળવા રામ સ્વયં સામે દોડીને મળવા જાય છે. તેમાં રામની કુટુંબવત્સલતા, નમ્રતા અને સરલ સ્વભાવ તરી આવે છે.

શરણાગત વિભીષણનો સ્વીકાર કરવા માટે રામ વાનરાધિપતિ સુગ્રીવ, લક્ષ્મણ તથા મુખ્ય વાનર સુભટોને સમજાવટપૂર્વક જણાવે છે.

રામ લક્ષ્મણ તથા ભરત તરફ હંમેશાં પ્રેમ તથા ક્ષમાની દૃષ્ટિએ જ જુએ છે. લક્ષ્મણે જ્યારે પિતા દશરથ રાજા, માતા કૈકેયી તથા મંથરા પ્રત્યેનો રોષ પ્રગટ કર્યો ત્યારે મોટાભાઈ તરીકે રામ તેને તે અયોગ્ય વાત મનમાં ન રાખવા ટકોર કરે છે.[૬૨]

પ્રિયા સીતાના અપહરણ પછી તેના વિના રાજ્યનો કે અયોધ્યા પાછા જવાનો વિચાર માંડી વાળતા અને રામના ચિત્તમાં ત્યાગ–વૈરાગ્યની ભાવના પ્રબળ થાય છે (પૃ. ૯૬) અને રામ લક્ષ્મણને અયોધ્યા પાછા જવાનું કહે છે. રામનું આવા પ્રકારનું વર્તન આ નાટક પૂરતું વિશેષ ગણાય. પોતાનાં વાણી તથા વર્તનથી રામની સંન્યસ્ત લેવાની ઇચ્છા સમજીને જ લક્ષ્મણ રામની આગળ પોતાનો તેમની સાથે રહેવાનો મક્કમ નિર્ધાર પ્રગટ કરે છે તેથી રામને તેમ કરતાં અટકવું પડે છે. લક્ષ્મણ પ્રત્યેનો પ્રેમ તેમને સ્પર્શે છે તેથી.

રાવણના શક્તિપ્રહારથી મૂર્છિત થયેલા લક્ષ્મણને લીધે રામ પોતાનું દુઃખ પ્રગટ કરે છે તે પ્રસંગે લક્ષ્મણ વિના પોતાને કલીબ, શૂન્ય, જીવિતશેષ માનીને અગ્નિમાં પ્રવેશ કરવાને તે ઉત્સુક બને છે એના વિના સીતા–માતા–પિતા, ભાઈઓ, સુગ્રીવ, વિભીષણ અને પોતાની જાત આખું જગત–કંઈ જ મહત્ત્વનું નથી એમ માને છે (અં. ૭, શ્લો. ૧૦, ૧૩). આટલી કરુણતા રામે જેવી અહીં પ્રગટ કરી છે તેવી ભાગ્યે જ બીજા નાટકોમાં ક્યાંય જોવા મળે. રામ પોતે રાજ્ય સ્વીકારતી વખતે પણ કૌટુંબિક વૈમનસ્ય વિલીન કરવા માટે જ ભરતને પોતાની માતા કૈકેયીને બોલાવવાનો અનુરોધ કરે છે.

રામ વનવાસના પ્રસંગે વા. રા.ના રામ કરતાં ઉ. રા.ના રામનું વિશિષ્ટ વ્યક્તિત્વ વિચારી શકાય. વા. રા.માં વનમાં પ્રયાણ કરતી વખતે રામ પોતાના દુઃખી માતા–પિતાની પ્રદક્ષિણા કરીને, પ્રણામ કરીને ચાલ્યા જાય છે એમ બતાવ્યું છે[૭] ભાસ કવિએ પણ રામ વનવાસનો પ્રસંગ યોજ્યો છે,[૮] તે પ્રસંગે રામે વનગમન વખતે પિતાને પોતાનો તટસ્થ અને પ્રતિજ્ઞાપાલનનો

વિચાર દર્શાવ્યો છે ખરો.[૯] અને પછી તેમનું વનગમન બતાવ્યું છે. આમ રામચરિતવિષયક અન્ય નાટકોમાં આ વિશિષ્ટ પ્રસંગ પરત્વે રામના વ્યક્તિત્ત્વ પર વિશેષ પ્રકાશ પડયો નથી, ઉ. રા.માં રામે પોતાનાં માતા-પિતા માટે પણ યથાયોગ્ય, ધર્મરૂપ પ્રાર્થના કરી છે અને પોતે તેં આજ્ઞા ખુશીથી સ્વીકારે છે તેવો ભાવ વ્યક્ત કર્યો છે તેમાં તેમની માતૃ-પિતૃ-ભક્તિ-પ્રેમ વિનય જણાય છે અને કુટુંબમાં જરા પણ કલુષિત વાતાવરણ ન ઉદ્ભવે તેની તકેદારીનું સૂચન કરે છે કે મધ્યમા માતા કૈકેયી પ્રત્યે કે તેના પુત્ર પ્રત્યે પણ બિલકુલ વૈમનસ્ય ન રાખવાનું ખાસ ધ્યાન ખેંચીને જણાવે છે.[૧૦] આવું અન્ય નાટકોમાં આવી નાટયાત્મક ચમત્કૃતિ રામની લાક્ષણિકતા ભાગ્યે જ જોવા મળે છે.

વા. રા. કરતાં ઉ. રા.માં રામનું પાત્ર કેટલેક અંશે જુદું અને ચડિયાતું નિરૂપાયું લાગે છે. વા. રા.માં રામ પોતાને વનવાસની આજ્ઞા તથા ભરતને રાજ્ય સોંપવાની બાબત જાણ્યા બાદ સીતાને તે સમાચાર જણાવવા તથા વનમાં જતી વખતે છેલ્લાં દર્શન (કરવા અને આપવા) માટે સીતા પાસે જાય છે ત્યારે રામ અત્યંત આનંદમાંથી અત્યંત શોકસંતપ્ત થઈ જવાથી કંપતા શરીરવાળા અને વિવર્ણ વદનવાળા-ખિન્ન મનવાળા બની ગયા હોવાનું જણાય છે.

વા. રા.માં (કૈકેયીના કહેવાથી પિતા પાસેથી મળેલી બે આજ્ઞાઓને લીધે ખિન્ન મનવાળા રામ સીતાને પોતાના માતા-પિતાની સેવા કરવાનું જણાવીને પોતાને ૧૪ વર્ષ દંડક વનમાં રહેવાનું છે અને ભરતને યૌવરાજ્ય સોંપાયું છે એવું જણાવે છે.). આમ એ સમાચાર કે હકીકત જ રામ દુઃખી હોવા છતાં સીતાને તટસ્થ રીતે જણાવતા હોય અને માતા-પિતા પ્રત્યેની પોતાની ફરજનું પાલન કરવાની નીતિ અને વિચારો પ્રગટ કરતા જણાય છે, પણ ત્યાં ઉ. રા.ના રામની જેમ ખુશીથી આજ્ઞાને માથે ચડાવીને પોતે વનપ્રયાણ કરવાનું સ્વીકારતા હોય તેવા પ્રકારના પ્રસન્ન અને સ્પષ્ટ ભાવની અભિવ્યક્તિ રામચંદ્રજીથી થઈ શકી નથી એમ લાગે છે.

આ જ બાબતમાં વા. રા. કરતાં સોમેશ્વરના રામ થોડા જુદા બલકે થોડી ઉમદા, ઉદાર અને ઉત્તમ સ્તર પર પહોંચી શકે તેવા નિરૂપાયા છે. વળી ઉ. રા.માં આગળ જતાં રામ પોતાની પરિસ્થિતિને અનુરૂપ પોતાના મનને તરત તૈયાર કરી લે છે અને આજ્ઞાની સ્વીકૃતિ કરીને વધાવી લે છે અને કહે છે કે વનવાસ મળ્યો તે સારું થયું, જેથી નવાં નવાં તીર્થોમાં અને અરણ્યમાં રહીને મુનિઓનાં સેવા-સત્સંગ કરીને પુણ્ય ભેગું કરી શકાશે.

वप्तुः सत्यं भवतु वचनं प्रीतिमाप्नोतु माता
भ्राताऽसौ मे भवतु भरतो भारमुर्वीतलस्य ।
रामः कामं नवनवमहातीर्थसेवाप्तपुण्यः
स्थित्वाऽरण्ये मुनिभिरनघैः सङ्गमङ्गीकरोतु ॥ ३–२०

અલબત્ત તે પહેલાં રામથી પોતે વિધિની પ્રબળતાની આગળ પોતાની લાચારી વ્યક્ત થઈ જ જાય છે ખરી (પૃ. ૫૨).

રામના ગંભીર, પ્રસન્ન સ્વભાવ, સત્યપ્રતિજ્ઞાપાલકત્વ તથા માતૃ-પિતૃભક્તિનો નીચેના શ્લોક પરથી ખ્યાલ આવે છે: સૂર્ય વંશમાં જન્મીને વસિષ્ઠ પાસે ભણીને શું કરું? પિતાને ખોટા પાડું કે માતાના મનોરથ ખોટા પાડું?

उत्पद्य वंशे तुहिनेतरांशोरधीत्य विद्याश्च गुरोर्वशिष्ठात् ।
किं तत् करिष्ये भविताऽद्य येन पिता स्तसत्योऽस्तमनोरथाऽम्बा?॥ ३–२१

તેમાં રામનાં કુલ, જન્મ તથા વિદ્યાનું ગૌરવ પણ પ્રગટ થાય છે. દુષ્યન્તની જેમ આ યુવાન રામે પ્રસન્ન હાસ્ય વિનોદનું વાતાવરણ સર્જ્યું છે–

"अहोमहदाश्चर्यं यन्नर–वानरयोः परस्परं विश्रम्भः" (पृ. २४)

અર્થાત્ મનુષ્ય અને વાનરને પરસ્પર વિશ્વાસ થાય તે બહુ નવાઈની વાત છે. તેમાં દુષ્યન્તે શકુન્તલાને લાંબા પરિચિત હરણ માટે પ્રેમની મશ્કરી કરતાં જેવું વર્તન કરેલું તેનું સ્મરણ થાય છે. સીતાના સૌંદર્યનું અને તેની અવસ્થાનું વર્ણન કરતી વખતે તથા સીતાના ભ્રમર-બાધા અનુમાન અલંકારના દૃષ્ટાંતમાં સીતાનું વર્ણન કરે છે તેમાં દુષ્યન્ત જેવા પ્રેમીનું સ્મરણ કરાવે, પરંતુ રામને તેનાથી વધુ ચઢિયાતા બનાવ્યા, કારણ કે રામ દક્ષિણ તથા એકપત્નીવ્રતધારી આદર્શ પ્રેમી નાયક છે. તે કંઈ દુષ્યન્તની જેમ ભ્રમરવૃત્તિ ધરાવતો પ્રણયી નથી. તેથી જ તો રામ વિરાધ રાક્ષસના ત્રાસ અને ભયથી કંપતાં સીતાને કેવું આશ્વાસન આપીને શાંત કરે છે! (૪/૪૭)

વાલ્મીકિના રામની જેમ કે કાલિદાસના પુરુરવાની જેમ ઉન્મત્ત થઈને પ્રાકૃતિક તત્ત્વોને સંબોધીને આ રામ કલ્પાંત કરતા નથી, પરંતુ દુઃખમાં પણ વિચારીને કાર્ય કરતા બનાવ્યા છે સીતાની અગ્નિપરીક્ષા વખતે રામનું સીતા પ્રત્યેનું વર્તન વા. રા.માં જે રીતે નિરૂપાયું છે તેનાથી ઉ.રા.માં થોડું જુદું અને

ચડિયાતું બનાવ્યું લાગે છે. બીજાં રામવિષયક નાટકોમાં આ વિશે વિશેષ ધ્યાન અપાયું લાગતું નથી. વા.શ.માં રામ સીતાને અત્યંત કઠોર વચનો સંભળાવે છે. એ પ્રસંગ તેમાં વિસ્તૃત રીતે નિરૂપાયો છે

આ નાટકમાં રામને સીતાના સૌંદર્યના અને તેમના યૌવનનાં વખાણ તો સામાન્ય રીતે નાટકના નાયકની જેમ કરતા બતાવ્યા છે. તે ઉપરાંત સીતાને આટલાં દુઃખમાં પાડી દેવામાં રામ પોતાને જવાબદાર ગણીને મનમાં ખેદ અનુભવે છે.[૧૧] સીતાના મૃત્યુના (ખોટા) સમાચારથી પણ પોતે જીવિત રહી શક્યા હોવાનું દુઃખ સીતા આગળ પ્રગટ કરતાં તેઓ અચકાય છે.[૧૨] તેઓ સીતા વિના પોતાને નિષ્પ્રાણ માને છે[૧૩] અને અયોધ્યા પાછા આવી રાજ્ય સંભાળવાને બદલે કે કોઈ પણ કર્મ કરવાને બદલે સંન્યત લઈને આત્મવિલોપન કરવાનો વિચાર કરે છે (પૃ. ૯૬). એવું રામનું વર્તન વા. શ.માં અન્ય નાટકોમાં ખાસ જાણવા મળતું નથી.

શત્રુ પક્ષે રહેલા સુભટના પરાક્રમપૂર્વકના પરિચયને તેઓ આદરપૂર્વક સાંભળીને સહન કરી શકે છે તેમાં ધીરોદાત્તત્વ સ્પષ્ટ છે. જેમકે, જાગેલા કુંભકર્ણ વિશે તેઓ જ્યારે જાણે છે ત્યારે રામની ઉક્તિ :

**अहो नीतिशक्तिसंपृक्ता कुम्भकर्णस्य भणितिः । पृ ११८**

તેમાં શત્રુપક્ષના કુંભકર્ણની વિવેકબુદ્ધિ અને નીતિમત્તાની રામ કદર કરે છે. "સુમિત્રા પુત્રની સાથે યુદ્ધ કરનાર રાવણપુત્ર ઇન્દ્રજિત્" એ રીતે વિભીષણ ઇન્દ્રજિતનો વિશેષ પરિચય રામને આપે છે ત્યારે તેનો આશય સમજીને રામ યથા-યોગ્ય અને સચોટ ઉત્તર આપે છે,

**यः किल मेघनादापरनामा मन्दोदरीनन्दनः श्रूयते । पृ. ११९**

આમ સ્રેણ વગેરેનો યથાયોગ્ય અભિપ્રાય સૂચવતી એક–બીજાના પક્ષને ઊતારી પાડવાની નીતિ અહીં બતાવાઈ છે(પૃ.૧૧૯).

વિભીષણ (શત્રુ–રાવણના) ગુણોનું દર્શન આદરપૂર્વક કરે છે, ત્યારે તેને રામ સારું અનુમોદન આપે છે.[૧૪] એકંદરે શત્રુપક્ષના સભ્યોનો પરિચય મેળવતી વખતે, રામે પોતાના વર્તનની સમતા અને વિવેક બરાબર જાળવ્યાં છે, છતાં પોતાને જરાપણ નિમ્ન કોટિમાં ન જવા દેતાં પોતે ગૌરવશીલ, બળવાન યોદ્ધા તથા કુશળ નેતા તરીકે રામનાં ધૈર્ય, શાંતિ અને સદાચરણનો પરિચય[૧૫] અને તે

સંપૂર્ણ સભાન હોવાનું સૂચવાયું છે. રામની શાંતિ સદાચરણનો અને નીતિજ્ઞતા અને વ્યવહાર કુશળતાનો ખ્યાલ[16] આવ્યા વિના રહેતો નથી.

રામે રાવણને અંગદ દ્વારા સંદેશો મોકલાવ્યો તેમાં સીતાને પાછાં સોંપવાના કહેણની સાથે વિભીષણને માનપૂર્વક પાછો બોલાવી લેવાનો પણ અનુરોધ કર્યો છે,[17] તેમાં તેમની વ્યવહાર કુશળતા તથા નીતિમત્તાનો પરિચય થાય છે.

શત્રુ કે મિત્ર ગમે તે હોય પણ પોતાને ઉપકારક વ્યક્તિની તેઓ કદર કર્યા વિના રહી શકતા નથી અને પ્રત્યેક પ્રસંગે ધર્મ અને વ્યવહારની સભાનતા જાળવે છે તે નોંધપાત્ર છે. જેમકે અં.૫માં પોતાને ખાતર માતા-પિતા, પત્ની વગેરેને છોડી દેનાર લક્ષ્મણ પ્રત્યે સહાનુભૂતિ વ્યક્ત કરે છે (અં. ૫). લક્ષ્મણને મૃત માનતાં પોતે અગ્નિ-પ્રવેશ કરવા ધારે છે (અં. ૭) ને સર્વ વાનરોને જીવાડનાર ઇન્દ્ર પ્રત્યે કૃતકૃત્યતા વ્યકત કરે છે. (પૃ. ૩૪) પોતાને ખાતર સુગ્રીવ-વિભીષણના કર્તવ્યની કદર કરે છે.[18] તે વિભીષણને લંકાધિપતિ ન બનાવી શક્યો તેનો ખેદ પોતાના દુઃખમાં પણ વ્યકત કરે છે[19] વાલિના પુત્ર અંગદને યુવરાજપદે સ્થાપીને રામ પોતાની ભૂલ સુધારવા માટે પ્રયત્ન કરે છે-તેથી તે માટે તે સુગ્રીવનું ધ્યાન ખેંચે છે.

રામભક્ત હનુમાનનાં અદ્‌ભુત પરાક્રમનાં શત્રુ પક્ષે વખાણ અને કદર થાય તો પછી અજાતશત્રુ રામના શત્રુ પક્ષે પણ અહોભાવ, ભક્તિ તથા પ્રેમપૂર્ણ વખાણ થાય તેમાં નવાઈ નથી ? દુઃખી છતાં સ્વમાની, શાંત, ગંભીર રામના સમગ્ર વ્યક્તિત્વનો ખ્યાલ શત્રુપક્ષના રાવણના મુખે આપ્યો છે[20] (અં.૬, શ્લો. ૧૦).

## ૨. સીતા

જનકતનયા વૈદેહીના વિદાય વેળાના પ્રસંગથી આ પાત્રનો પરિચય થાય છે. આ નાટકમાં નાયિકા સીતાનું પાત્ર વા.રા. તથા અન્ય નાટકોની દૃષ્ટિએ જોતાં વિશિષ્ટ રીતે રજૂ થયું છે.

જનકનું અત્યંત વાત્સલ્ય અને પ્રસન્નતા મેળવીને સીતા વિદાય થવા માટે તૈયાર થાય છે તે પ્રસંગે જનક તથા શતાનંદ તેમને યથયોગ્ય શિખામણ આપે છે તથા દાંપત્ય રહસ્ય સમજાવે છે. તે પરથી તેઓને સીતા પ્રત્યે કેટલાં વાત્સલ્ય, સદ્‌ભાવ અને ગૌરવ રહેલાં છે તેનો પરિચય થાય છે. વિરક્ત પિતા જનકને પણ પુત્રી પ્રત્યે અપાર હેત હોય ! સીતાના વ્યક્તિત્વની વિશિષ્ટતા કહી શકાય તેની વધુ ચોકસાઈ નીચેની લીટીથી સહેજે થાય છે.

**अधुना सीतया सार्द्धं गन्तुमिच्छति मे मनः । पृ.४**

સોમેશ્વરદેવે સીતાનો રામની સાથેનો સંબંધ અત્યંત ટૂંકમાં સંયમી કલમથી અને ભક્તિપૂર્ણ હૃદયથી નિરૂપ્યો છે. પતિ પ્રત્યેનો સીતાનો ઉત્તમ ભાવ આ નાટકમાં અં ૧, ૨, ૪ અને ૭માં રજૂ થયો છે. સીતાના આગમન પહેલાં રામે એમની યૌવન અને મુગ્ધતાની વચ્ચેની સ્થિતિનું વર્ણન કર્યું છે તે પરથી સીતાની માનસિક ભૂમિકા તથા સ્વાધીનપતીકા નાયિકાનો ખ્યાલ આવે છે.[૨૧] અને આગળ ભ્રમરના ત્રાસમાંથી છૂટવા માટે સીતા પોતાના પતિ રામની મદદ માગવા તેમની નજીક જાય છે. તે પ્રસંગના એમના વર્ણન પરથી તેમની ચકોર વિદગ્ધતા અને ઉત્તમ સૌંદર્યનો પરિચય થાય છે. સીતાના ઉજ્જવલ રૂપ-સૌંદર્યથી ચક્રવાકયુગલને અજવાળાની ભ્રાંતિ ન થાય તેથી તેમને રામ ચક્રવાકયુગલથી વિમુખ થઈ જવાનું કહે છે[૨૨] એટલો ઉલ્લેખ સીતાના મુખસૌંદર્યના વર્ણન માટે પૂરતો છે.

વિરાધ રાક્ષસના ત્રાસથી કંપતા અને રાક્ષસના સ્પર્શથી દુષિત થયેલાં, ગભરાયેલાં, સીતા પોતાને પવિત્ર બનાવાની ભાવના સેવે છે (પૃ. ૭૫). તેમાં સીતાના કામમૂલક પ્રેમને બદલે તેમની પવિત્ર અને દિવ્ય પ્રેમભાવના વ્યક્ત થાય છે. લાંબા સમયે પ્રિયમિલન થવા છતાં, સીતા પોતે રાક્ષસના ઘરમાં રહી હોવાથી પોતાના દોષ વિશે પોતાના આર્યપુત્ર રામની આશંકાના નિવારણ માટે પોતાની મેળે જ પોતાની અગ્નિકસોટીનો પ્રસ્તાવ રામ આગળ મૂકે છે, તે પરથી સીતાની સમજશક્તિ, ડહાપણ તથા પતિભક્તિનો ખ્યાલ આવે છે. તેને લીધે જ તેઓ જગદ્વંદ્યા સતી તરીકે સ્વીકારાયાં (૭/૨૯).

વા.રા.માં રામની સાથે વનમાં જવા માટે સીતા જે લાંબી ચર્ચા કરે છે તેનો નિર્દેશ સુદ્ધાં આ નાટકમાં કરાયો નથી. વનમાં જવાની અનુમતિ માગવા માટે સીતા પોતાના સ્થાને યોગ્ય મર્યાદા તથા મલાજો જાળવીને કાર્ય કરે છે. રામની સાથે વનમાં જવાની રાજાની અનુમતિ તે કંચુકી દ્વારા પરોક્ષ રીતે માગે છે. સસરા દશરથ પણ સીતાને તેમ ન કરવા સુમિત્રા દ્વારા અનુરોધ કરાવે છે. ત્યારે સીતા પોતાનાં સાસુ સુમિત્રા દ્વારા પતિના સહવાસનો મહિમા સમજાવીને સરળતાથી સંમતિ મેળવી લે છે. તેમાં તેમની પ્રસંગોચિત વ્યાવહારિક કુશળતાનો પરિચય થાય છે. આમ ઘૂંઘટમાં રહીને વૃદ્ધ વડીલજનોની આમન્યા સાચવનારી આ કુલવધૂ સાસુ સસરાનું પણ પ્રિય પાત્ર હતાં. મૃત્યુ બાદ દશરથ પોતાના પુત્ર રામને કુલવધૂ સીતા પવિત્ર હોવાની ખાતરી આપે છે(અં.૭).

સીતા પોતાની પવિત્રતા માટેના શપથ લક્ષ્મણ-મુખે જણાવે છે(અં. ૭). આમ કોઈ પણ વાત સીતા પ્રત્યક્ષ ન કહેતાં, પરોક્ષ રીતે કોઈક વ્યક્તિ મારફત જણાવે છે. એ પરથી તત્કાલીન કુલવધૂનો આમન્યામાં રહેવાના રિવાજને સીતા અનુસરતાં લાગે છે.

તપસ્વી વેશમાં રાવણના આગમન વખતે સીતા તેમનો પરિચય પૂછે છે. એ તેમની વિચક્ષણતા અને વિશિષ્ટતા સૂચવે છે. વા. રા.ની જેમ[23] તેઓ રાવણની આગળ પોતાનો બધો પરિચય તથા વનવાસનું પ્રયોજન જણાવતાં નથી; પણ રાવણને તેનું નામ તથા પરિચય પૂછે છે.[24] (પહેલાં તો સીતા રાવણનો સ્પષ્ટ આશય સમજી શકતાં નથી, તેનો દુષ્ટ આશય સમજતાં જ તેઓ તેને હિંમતપૂર્વક ધમકી આપી શકે છે. તેને ઉપાડીને નાસી જતી વખતે પણ તેનાથી છૂટવાના પ્રયત્નરૂપે પોતાના પરિચય સાથેના નામોલ્લેખથી બૂમો પાડે છે, તેમાં તથા અપહૃત થતી વખતે પોતાનો હાર પૃથ્વી પર નાખે છે, તે પરથી તેમની સમયસૂચકતા તથા વ્યવહારકુશળતાનો પરિચય થાય છે. રાક્ષસ વિભીષણ, ભલેને તે રામ પક્ષે હોય, પરંતુ તે રામને સીતા વિશેનો ખ્યાલ આપે છે. (રાક્ષસગૃહમાં રહેલી હોવાનો ઉલ્લેખ વા. રા.માં[25] તથા 'અભિષેક' માં આવે છે,[26] તેનું તો આ નાટકમાં માત્ર સૂચન જ કરવામાં આવ્યું છે. વા. રા.માં સીતાની જેમ અહીં સીતા રામની પાસે કોઈ પણ પ્રસંગે કાંઈ ચર્ચા કરતાં નથી, પછી તે વનમાં સાથે આવવા વિશે હોય, રાજ્યાભિષેક વિશે હોય કે અગ્નિ-કસોટી વિશે હોય.) જે પરથી સીતાને પોતાની અગ્નિ-કસોટીની સંમતિ સીતા સ્વયં રામની પાસેથી મેળવે છે. 'શાકુન્તલ'ની શકુન્તલાની જેમ અહીં સીતાને પુત્રવત્ મૃગને ઉછેરતાં, બકુલ છોડને લાડપૂર્વક ઉછેરતાં હોવાનો નિર્દેશ મળે છે. પોતે પાળેલા હરણને પોતાનાથી સહેજ પણ અળગું પડેલું કે તેને આવવામાં વિલંબ થાય ત્યારે સીતા પોતાનો પુત્ર હરાઈ ગયો હોય તેટલું દુઃખ અનુભવતાં. પ્રકૃતિ પરનો તેમનો આવો અદ્ભુત પ્રેમ! મશ્કરીમાં કોઈક વાર સંતાઈ જતાં હોવાનું પણ દુઃખના પ્રસંગે સંભારતા રામની ઉક્તિ પરથી સૂચવાયું છે.

આમ સ્ત્રી સહજ ઈર્ષ્યાથી મુક્ત તથા ખાનદાન-ઉચ્ચ સંસ્કારી નવવધૂ તરીકેનું ચિત્ર સીતાના પાત્ર પરથી સમજાય છે.

સીતાનું પડદામાં કે ઘૂંઘટમાં રહેલી વધૂ તરીકેનું વ્યક્તિત્વ આખા નાટક દરમ્યાન (પ્રત્યક્ષ કે પરોક્ષ) સતત વરતાય છે. કૌશલ્યાને સીતા પ્રત્યે માતૃવત્ વાત્સલ્ય હોવાનું આ નાટકમાં બતાવ્યું છે તેવું તો વા. રા.માં કે અન્યત્ર ભાગ્યે

જ જોવા મળે છે. પ્રથમ વાર સાસરે આવેલાં સીતાને કૌશલ્યા માતાએ લાડથી ખોળામાં લઈને હર્ષાશ્રુથી ભીંજવી દે છે અને આલિંગન દે છે[૨૭] રાજ્યાભિષેક પ્રસંગે સાસુ તેમની હડપચી પકડીને લાડથી "પટ્ટસામ્રાજ્ઞી" થવાનું જણાવે છે.[૨૮] દશરથ રાજાના મૃત્યુ બાદ શોકાવિષ્ટ કૌશલ્યા માતા અરુન્ધતીના એક માત્ર આશ્વાસનથી જીવતાં રહી શક્યાં કે પુત્રવધૂના આગમનથી સહુ સારાં વાનાં થઈ જશે એવી મનમાં આશા રાખે છે. આમ એ સમયે સાસુ પુત્રવધૂને જોઈને પોતાનું દુઃખ ભૂલી શકે–તેમાં સીતા પ્રત્યેનો સાસુના હૃદયમાં કેટલો બધો ઉત્કટ ભાવ ! (પૃ. ૬૩).

સીતાના શણગાર-પહેરવેશનો ખ્યાલ રાવણની તેમને માટેની ઉક્તિ પરથી (૫,૧૪) જણાય છે. કુમકુમનું તિલક અને ચંદનનો લેપ કરનારી સીતાની દેહકાંતિ સોના જેવી ચળકતી, તે આંખે અંજન આંજતી અધરોષ્ઠ ર અ તાની લાલ હતી, તેવી કોમલાંગી સીતાનું સ્વાભાવિક સૌન્દર્ય (અં ૫)ની, કાર્પટિકની ઉક્તિથી (અં. ૭/૩૧) વિચિત્ર રીતે નિરૂપાયું છે. અં. ૬માં વિહંગવેગની ઉક્તિથી સીતાનું દુઃખી, પવિત્ર અને પતિવ્રતા વિરહોત્કંઠિતા નાયિકાનું ચિત્ર રજૂ થયું છે.

લક્ષ્મણને સમયસર ન આવેલાં જોતાં, સીતા વ્યગ્ર બનીને રામને પણ મૂકીને તેના આવવાના માર્ગમાં લક્ષ્મણને શોધતાં. તે પરથી રામ કરતાં પણ તેને પોતાના દિયર માટે વધુ કાળજી અને વાત્સલ્ય હોવાનું રામની ઉક્તિ (૫/૫૫) પર સ્પષ્ટ થાય છે લક્ષ્મણને પણ સીતા પ્રત્યે સાક્ષાત્ પોતાનાં માતા રૂપે જ માન–પ્રેમ છે તે "જીવત્યપિ સ્વરિવ સા જનની ગતાઽદ્ય ..સત્યં વિદેહદુહિતા યદિ નાથ નાસ્તિ." (૫/૪૫) પરથી સમજાય છે. વળી લક્ષ્મણ (૫-૫૧, ૫૬) સીતાને શોધતી વખતે જે કલ્પાંત કરે છે તેમાં પણ તેનો આદર ભાવ, પ્રેમ અને દુઃખ વ્યક્ત થાય છે—"હે હૃદય ! સીતાને ન જોતાં ચીરાઈ કેમ જતું નથી ?"

સીતાની પવિત્રતાની ખાતરી સાક્ષાત્ અગ્નિ નારાયણ તેમને ખોળામાં લઈને રામને સોંપતી વખતે આપે છે, તે ઉપરાંત ઇન્દ્ર, દશરથ રાજા પણ સદેહે આવીને રામને સીતાના પવિત્રતા માટે ખાતરી આપીને તેમનો સ્વીકાર કરવાનો અનુરોધ કરે છે. સીતાની પવિત્રતા તથા સતીત્વ માટે જગતમા શ્રેષ્ઠત્વ માત્ર–મુખ્યત્વે સીતાને માટે જ આમ કહેવાયું છે. પતિ પ્રત્યેની સચ્ચાઈના તેઓ શપથ લે છે.

કવિએ યોજેલું સીતાનું રામની સાથેનું બીજું મિલન તેમની વિકાસશીલ, ઊર્ધ્વ મનોદશાનું સૂચન કરે છે. કોમલહૃદયા સીતા પોતાના કારણે રામને આટલાં કષ્ટ અને વ્યગ્રતામાં નાખ્યા તથા પોતાના પિતાને ચિંતા કરાવી તેથી બહુ દુઃખી થાય છે( અં. ૭-૮.).

વનમાં જતી વખતે સીતા રામની સાથે જવા માટે પોતાની વાત વ્યક્ત કરે છે. સામ્રાજ્ઞી થવાને બદલે વનવાસ પામ્યાના સમાચારથી તેઓ પોતાના ભાગ્યને દોષ દે છે, કોઈ પર ખોટો કોપ કરવાને બદલે સર્વ લોકો પર ભલી લાગણી જ રાખે છે. પોતાને ખાતર દુઃખી થનારને સીતાની આગળ રામ પોતાનો લાચારીનો ભાવ વ્યક્ત કરે છે ત્યારે ભાવોની ઉત્કૃષ્ટતા સૂચવવા માટે સીતા સંસ્કૃતમાં શ્લોક ઉચ્ચારે છે. આ નાટકમાં સીતા માત્ર એક જ વાર રામ આગળ જ સંસ્કૃતમાં શ્લોક બોલે છે. આમ સોમેશ્વર દેવે આલેખેલા સીતાના પાત્રમાં તેના સ્વજનવત્સલ, પરમ પવિત્ર, ધીરોદાત્ત વ્યક્તિત્વનો તેમજ સોમેશ્વરદેવના સમયના શિષ્ટ સમાજમાં વિનય-મર્યાદા જાળવતી કુલવધૂનો પરિચય થાય છે.

### ૩. દશરથ રાજા :

વા. રા. પરથી આ પાત્રને લગભગ યથાવત્ અહીં નિરૂપાયું લાગે છે. સોમેશ્વરની પહેલાં ભાસ, કાલિદાસ, મુરારિ વગેરેએ વા. રા. ઉપરથી આ પાત્ર પોતપોતાની રીતે આલેખ્યું છે, તેમાં સોમેશ્વરનું આ પાત્ર થોડી ક વિશિષ્ટતા ધરાવે છે. આ નાટકના બહુ જ ઓછા ભાગમાં આવતું આ પાત્ર સારી ઓળખાણ આપે છે( અં. ૨-૩ ). અં. ૧માં તેનો પરોક્ષ પરિચય થાય છે. જનક-શાતાનંદ તેમની વીરતાનાં વખાણ કરે છે. તેઓએ ઇન્દ્રને યુદ્ધમાં મદદ કરીને પ્રસન્નતા મેળવેલી[૨૯] તથા પોતાના રાજ્યમાં પડનારા સુદીર્ઘ સમયપર્યંતનો દુષ્કાળ અટકાવવા માટે શનિ સમક્ષ અલૌકિક અને અપૂર્વ પરાક્રમ દાખવીને રોહિણી-શકટ-ભેદ થતો અટકાવ્યો હતો. એ વાત આ નાટકમાંથી પ્રાપ્ત થઈ શકે છે.[૩૦] આથી આજે શનિને 'પંગુ' કહીને આગળી ચીંધાતી હશે? એમ જનકે તેમના પરાક્રમની શ્રેષ્ઠતાને મહત્ત્વ આપ્યું છે.[૩૧]

રાજા દશરથ પુત્ર રામના રાજ્યાભિષેક માટેનો નિર્ણય વા. રા.ની જેમ સભા ભરીને જણાવતા નથી, કે રામના યૌવરાજ્યાભિષેક માટે નગરજનોને આનંદ ઊજવવાનું ફરમાવતા નથી. આ નાટકમાં દશરથ રાજા રામના રાજ્યાભિષેકનું ખરું કારણ ગુપ્ત રાખીને રામના પરશુરામ પરના વિજયને બહાને નગરજનોને આનંદ ઊજવવાનું જણાવે છે. તેમાં તેમની રાજનીતિજ્ઞતાનો ખ્યાલ આવે છે. તેઓ સમય-

સૂચકતા વાપરીને રામના રાજ્યાભિષેકનું કાર્ય જલદીથી કરવા માટે વસિષ્ઠને બોલાવવા માટે દૂત મોકલે છે અને વિનયંધરને પુત્ર રામને બોલાવવા મોકલે છે.

રામ પરનો તેમનો અત્યંત વત્સલ્ય ભાવ દેખીતી રીતે જ તરી આવે છે. તેઓ રામને અત્યંત વાત્સલ્યપૂર્ણ ઊમ કાથી રાજ્યભાર સ્વીકારવાનું જણાવે છે. તેમાં કવિ રાજાનો રામ પ્રત્યેનો પ્રેમ તથા વર્ણાશ્રમધર્મ અનુસરતા બતાવે છે અને તેમની નીતિપરાયણતાનો પરિચય કરાવે છે. જાનૂકણ્ય પણ તેમની અવસ્થાનુરૂપ ચરિત્રને યોગ્ય વર્તનનાં વખાણ કરે છે.[૩૨] રામ પ્રત્યેના પક્ષપાતભર્યા પ્રેમને કારણે તેઓ માનીતી રાણી કૈકેયીને પગે પડીને અને કાલાવાલા કરીને ખૂબ મનાવે છે, સમજાવે છે, પણ તેમાં તેઓ નિષ્ફળ જવાથી મૂર્છિત થાય છે. રામને અચાનક અન્યાય થવાથી પુત્રની આગળ કે નગરજનો આગળ પોતનું મુખ બતાવવાની પણ તેમની તૈયારી નથી. તેઓ પોતાના ભાગ્યનો દોષ કાઢીને અત્યંત આઘાતને લીધે, પુત્રસ્નેહથી પરવશ બનીને મૂર્છિત થઈ જાય છે. દુઃખના આવેશમાં કૈકેયી માટે કટુ શબ્દો ઉચ્ચારતા રાજાનું વર્તન કોઈકવાર રઘુકુળના રાજાને છાજે તેવું નહિ પણ રાજાના પાત્રમાં ભજવતા નટને છાજે તેવું (પિતા યોગ્ય ?) બનવા પામે છે.[૩૩] વા. રા.માં રામના નિર્ગમન પ્રસંગે દશરથને પુત્ર સ્નેહથી પરવશ બનીને વારંવાર મૂર્છિત થતા નિરૂપ્યા છે.

રામના વિદાય થયા પછી તેઓ રામના છેલ્લા સમાચાર જાણવા ચંદ્રશાળામાં જાય છે ત્યારે વેવાઈ જનક રાજાના દુર્ભાગ્ય માટે દુઃખ પ્રગટ કરે છે. તેમના ઉમદા સ્વભાવની કદર તેમના મૃત્યુ પછી કનકચૂડના મુખે થઈ છે. (૪ ૨) કુમુદાંગદે રાજા માટે નીચેના શબ્દોમાં શોક પ્રગટ કર્યો છે : —

**हा महाभाग दशरथ! त्वया विना विनाथा खल्वीयं वसुमती, निराधारश्च धर्मव्यवहारः, विगत सहायकः सम्प्रति सुरनायकश्च ।**

**(पृ. ६२)**

સુમંત્ર પણ અત્યંત શોકગ્રસ્ત થઈને અહર્નિશ તેમને સંભાર્યા કરતો(૪/૫).

## વિદૂષક :

સંસ્કૃત નાટકો માટે વિદૂષકનું પાત્ર એક વિશિષ્ટ લક્ષણ ગણાય છે પાશ્ચાત્ય ક્લાસીકલ નાટકોમાં-શેક્સપીઅરનાં નાટકોમાં જેમ "ક્લાઉન"ના પાત્રનું સ્થાન માનવામાં આવે છે, તેમ સંસ્કૃત નાટકોમાં વિદૂષકનું પાત્ર નાટકના નાયકને નર્મ-સચિવ કે નર્મસુહૃદ તરીકે મદદ કરનાર ગણાય છે. વિદૂષક વેશભૂષા, વાતચીત અને

હાવભાવાદિ વર્તનથી પ્રેક્ષકોને હાસ્યરસ પીરસનાર અને નાયકના પ્રણય પ્રસંગોના મુખ્ય મદદનીશ તરીકે નાટકમાં કાર્ય કરતો હોય છે. વિદૂષકનાં લક્ષણો તેમજ એના વિશેનો ચોક્કસ ખ્યાલ નાટ્યશાસ્ત્ર વિષયક ગ્રંથમાંથી ઉપલબ્ધ થાય છે.[૩૪]

કવિએ આ નાટકમાં વિદૂષકને માત્ર બીજા અંકમાં જ સ્થાન આપ્યું છે. આ નાટકમાં આ પાત્રને અન્યત્ર ક્યાંય ગોઠવવા માટે અનુરૂપ પ્રસંગ કે વાતાવરણ ભાગ્યે જ સાંપડે છે. વિદૂષક અને માલાધરનાં પાત્રો કથાનકમાં અને ચાલુ પ્રસંગમાં હળવાશ લાવવા માટે યોજાયાં છે તે સ્પષ્ટ છે આ પાત્ર કથાનકના વિકાસમાં કોઈપણ રીતે ઉપયોગી થઈ પડે તે રીતે નથી મુકાયું, પણ જાણે કે અન્ય રૂપકોની પરંપરાને અનુસરવા માટે અને હાસ્યરસ નિરૂપવા માટે યોજવામા આવ્યું.

સામાન્ય રીતે વિદૂષકનું પાત્ર શૃંગારરસપ્રધાન રૂપકોમાં આવે છે, ગંભીર કે વીરરસપ્રધાન રૂપકોમાં આવતું નથી. આ અનુસાર ભાસ, ભવભૂતિ વગેરે કવિઓએ રચેલાં રામવિષયક રૂપકોમાં વિદૂષકનું પાત્ર દેખા દેતું નથી.[૩૫] આથી કીથ રામ નાટકોમાં વિદૂષકનું પાત્ર ન હોવાનો નિયમ તારવવા પ્રેરાયા લાગે છે.[૩૬] પરંતુ રામના ચરિત્રમાં યુદ્ધ અને દુઃખના પ્રસંગો ઘણું સ્થાન ધરાવતા હોવા છતાં એમનાં દાંપત્ય જીવનમાં, ખાસ કરીને વન-ગમન પહેલાંના દાંપત્યજીવનમાં શૃંગારપ્રધાન સુખાનુભૂતિના પ્રસંગનો સદંતર અભાવ હોય તે કેમ ચાલે? એને માટે તો તેવા સુખદ પ્રસંગોએ વિદૂષકનું પાત્ર એ વાતાવરણમાં સારી રીતે સહાયક નીવડે

આથી અગાઉના રામવિષયક રૂપકોની પરંપરાથી જુદા પડી સોમેશ્વરદેવે આ નાટકમાં એના અં. ૨ માં વિદૂષકનું પાત્ર રજૂ કર્યું છે તે આ કવિની આગવી સૂઝ ધરાવે છે. અગાઉ કવિ અશ્વઘોષે પોતાનાં બૌદ્ધ નાટકોમાં એક નાટકમાં આવો અપવાદ કરેલો અને પછીના કેટલાક ઉત્તરકાલીન રામવિષયક નાટકોમાં આ અપવાદ નજરે પડે છે[૩૭] આમ રામ નાટકોમાં વિદૂષકના પાત્રનું નિરૂપણ કરવાની પરંપરાના પગરણ સોમેશ્વરદેવે આ નાટકમાં કર્યાં જણાય છે. આ નાટકમાં રૂઢગત નામ ધરાવતા માંડવ્ય નામના વિદૂષકે પીળા રંગથી રંગાઈને વાનર જેવી વિચિત્ર વેશભૂષા કરી છે. તેથી હંસિકા વિદૂષકને વાનર સમજીને ગભરાઈ જાય છે. વાનર જેવી આકૃતિ બનાવેલા વિદૂષકની બીકથી હંસિકાએ તો પોતાના ખભે લટકાવેલી પાનની પેટી પણ બગીચામાં ફેંકી દીધેલી! અને વળી વિદૂષકના મંદાગ્નિની દવા માટે સીતા પાનની પેટી લઈ આવવાનું હંસિકાને કહે છે! આમ તેનો વાનરવેશ, ખાઉધરાપણું અને તેની મિથ્યા બડાઈના શબ્દોની તેની ઉક્તિઓમાં સારી રીતે વ્યક્ત થયાં છે.

સોમેશ્વરની પહેલાં કાલિદાસાદિ નાટકકારોએ પોતાની નાટ્યકૃતિઓમાં વિદૂષકના વાનરવેષનો ઉલ્લેખ કર્યો છે તે પરંપરાનું સોમેશ્વરદવે અહીં અનુસરણ કર્યું છે.[૩૮]

સીતા સમક્ષ જનક રાજાનો અતિથિ સત્કાર તથા પોતાની બ્રાહ્મણીના પુણ્ય પ્રભાવની વાતમાં તેનું બ્રાહ્મણત્વનું ગૌરવ તથા બ્રાહ્મણી પ્રત્યેનું માન સૂચવે છે. અને 'રામ બાણની વર્ષા વરસાવવામાં પાછી પાની કરે તો પોતે પણ મોદક ભક્ષણમાં પાછી પાની કરે' તે ઉક્તિમાં તે તેની મિથ્યા વીરત્વની બડાઈ મારે છે. પોતે રોગ કે રોગીનો જલદી વિનાશ કરનાર છે એવી બડાઈ વિદૂષકે મારનાર માલાધરને "બ્રહ્મકંટક" તરીકે સંબોધીને સારી રમૂજ કરી છે. વળી તે પરશુરામનો કોપાગ્નિ આ મહાબ્રાહ્મણના શાપોદકથી શાંત થયો હોવાનું જણાવે છે. તેમાં પોતાની મિથ્યા બડાઈ તથા પોતાના બ્રાહ્મણત્વનું ગૌરવ પ્રગટ કરે છે.

**રાવણ :**

તેના અપૂર્વ બળ-પરાક્રમને જનકના પુરોહિત શતાનંદની ઉક્તિઓથી નવાજવામાં આવ્યો છે.[૩૯]

ખલનાયક તરીકેના ગુણો જોતાં રાવણનું પાત્ર અહીં વિશેષતા ધરાવે છે. આ નાટકમાં પ્રત્યક્ષ રીતે બે જ અંકો (૫-૬) માં આ પાત્ર ભાગ ભજવે છે.

ખલનાયક તરીકે તેના બાહ્ય બિહામણા દેખાવનું વર્ણન તેની પોતાની જ ઉક્તિઓ પરથી પ્રાપ્ત થાય છે.[૪૦] પોતાના પરાક્રમ અને વીરત્વની બડાઈ પોતે સ્વમુખે સીતા આગળ[૪૧], જટાયુ આગળ[૪૨], શત્રુપક્ષના સુભટ અંગદ આગળ[૪૩], અને પછીથી ઉક્તિઓમાં તથા શત્રુઓના સુભટોનો પરિચય મેળવતી વખતે પોતાની પત્ની મંદોદરી, મંત્રી શુક તથા પ્રતીહારી કાદંબરી[૪૪], આગળ કરે છે. તે પરથી તેનું અભિમાન અને શત્રુ પ્રત્યેના કોપનું સૂચન પોતે જ કરી દે છે. નીતિજ્ઞતાનું સૂચન રાવણ પોતે જ કરી દે છે.[૪૫] પોતાના શત્રુ રામને બને તેટલો હલકો પાડવાનો પ્રયત્ન તેનાં વાણી-વર્તનમાં જણાયા વિના રહેતો નથી. શત્રુ પ્રત્યે કોપ પ્રગટ કરવાની, તેનું વેર લેવાની પોતાની મિથ્યા પ્રતિજ્ઞાને દૃઢતાપૂર્વક વળગી રહેવામાં આડે આવે તેને મોતને ઘાટ ઉતારવાના મક્કમ વિચારને પ્રકટ કરવાની એકકેય તક તેણે જતી કરી નથી.

**तत्र क्षत्रबटौ च सङ्कटयितुं निस्त्रिंशदण्डाशनिं ।**
**सज्जाः सम्प्रति बाहवो भवत हे ! लब्धक्षणो रावणः ॥ पृ. ८१**

એમ સીતાના અપહરણ-પ્રસંગની શરૂઆતમાં આવતા ઉપરોક્ત શ્લોકમાં જણાય છે તે રામ-લક્ષ્મણને "ક્ષત્રપટુ" કહે છે. સીતા આગળ પણ રામને "ક્ષુદ્રરૂપ", "ભીકરડારૂપ", "તપસ્વી", "ગરીબ-બિચારો" અને ત્રપુરૂપ[૪૬] ઇત્યાદિ ગાળો દઈને ઉતારી પાડે છે. શુક મંત્રી આગળ "કાકુત્સ્થડિમ્ભ"—રામ-લક્ષ્મણની અભિમાન ગ્રંથી પર કટાક્ષ કરતાં અને તેનાં પરાક્રમોને ઉતારી પાડતાં જણાવે છે કે 'રામે કંઈ જ અગત્યનું કાર્ય નથી કર્યું.' ખરી રીતે તો તેના મિત્રો તથા સેવકોએ જ કાર્ય કર્યું કહેવાય![૪૭] રાજનીતિજ્ઞ રાવણ રામપક્ષે થતી યુદ્ધની તૈયારીની બાતમી મેળવવા, કેટલાકને ફોડી લાવવા, અપમાન કરવા માટે શુક-સારણને મોકલે છે. સારણને સ્વામી રાવણ કરતાં રામ માટે તથા સૈન્ય માટે પોતાના મનમાં અત્યંત આદર હોવાને લીધે કોઈક વાર સારણથી વધુ વખાણ થઈ જાય ત્યારે રાવણ ક્રોધાવિષ્ટ થઈ જાય છે. શુક પોતાના ક્રોધી સ્વામીની પ્રકૃતિ જાણતો હોવાથી પહેલેથી જ તેની પાસેથી પોતાના માટે 'અભય વચન' માગી લે છે. રાવણની અત્યંત ધાકને લીધે શુક જેવો બાહોશ મંત્રી પણ ઘડીક મૂઢ બની જાય છે![૪૮] તેથી શુકને આગળ બોલવાનું સૂચન પ્રતીહારીને કરવું પડે છે! રાવણ અત્યંત કોપાવિષ્ટ થઈને પોતાનાં વાણી-વર્તન ઉપર પણ કાબૂ ગુમાવી બેસે છે.[૪૯] તે જેટલો ક્રોધી છે તટલો ઉદાર પ્રકૃતિનો હોય તેમ લાગે છે રાવણ જ્યારે કોપાવિષ્ટ થઈને વિપરીત વાણીનું ઉચ્ચારણ કરે છે ત્યારે શુક તેનું ધ્યાન ખેંચે છે કે 'આપનાથી "રાઘવ"ને બદલે "રાવણ" એમ વિપરીત બોલાઈ ગયું!' તેથી તે પોતાનું વાક્ય સુધારે છે. શુક હનુમાન વિશે આગળ બોલી શકતો નથી, ત્યારે રાવણ સ્વયં હ માન વિશેની સમસ્યાપૂર્તિ કરે છે.

તે આટલો બળવાન અને પરાક્રમી હોવા છતાં અંદરથી થોડો બીકણ છે. જટાયુ દશરથસ્નુષાને છોડાવવા માટે શત્રુને ભેદવામાં લંપટ એવા ("પ્રતિભટભિદાલંપટ") રાવણને તેના જન્મ, કુળ તથા તેના સ્વ-કર્તવ્યનું ભાન કરાવે છે, ત્યારે રાવણ મનમાં પ્રભાવિત થઈ જઈ સહેજ ગભરાઈ જાય છે(પૃ ૮૯). અંગદ રામનો સંદેશો લઈને આવે છે અને તેને ધમકીભર્યું જણાવે છે તે પછી રાવણને પોતાને મતિભ્રમ થતો હોવાનું જણાય છે.[૫૧] પોતાના બળ પરના અવિશ્વાસ અને ધમંડને લીધે જ અંગદની દરેક ઉક્તિના જવાબમાં એ ક્રોધથી ઉત્તેજિત થઈને બોલે છે તે તેની સાથે સંસર્ગમાં આવનાર દરેકની સાથે અત્યંત કડક, જોહૂકમીભર્યું અને પોતે વિદ્વાન, વીર અને પરાક્રમી હોવા છતાં રાક્ષસને શોભે તેવું વર્તન કરતો જણાય છે. તે પોતાની મહાનતાને ભૂલી જઈને અનેક ચટૂકિતઓથી મારીચને પોતાનું કાર્ય(-સીતાને પ્રાપ્ત કરવાનો ઉપાય યોજવાનું) સિદ્ધ કરવામાં બિલકુલ અચકાતો નથી. ઘોરાક્ષને અને મારીચને તેમના સ્વામી રાવણનું દેવસ્ત્રી સીતાને-પારકી

સ્ત્રીને–ચોરીછૂપીથી હરી લાવવાનું કાર્ય તથા વિના વિચારે રામ જેવા સમર્થ પક્ષ સામે વૈર બાંધવાનું કાર્ય જરા પણ પસંદ નથી. સીતાના અપહરણ પ્રસંગે તે ઉધ્ધત અને લંપટ વર્તન કરે છે. સીતાને ત્રાસ આપતો, બલાત્ અપહરણ કરવા માટે ખેંચતો, પરાણે પ્રેમ કરતો અને એના સ્પર્શસુખના આભાસથી આનંદ માણતો બતાવ્યો છે. આ નાટકમાં રામ-લક્ષ્મણની સાથે રાવણને પ્રત્યક્ષ પ્રસંગ પડેલો બતાવ્યો નથી. રાવણ પ્રત્યે તેના અનુચર વર્ગ કરતાં વધારે સદ્ભાવ તેના મિત્ર મથુરાનો રાજા લવણાસુર રાખે છે; અને તેનાથી પણ વધારે લવણાસુરનો ગુપ્તચર કાર્પટિક રાખતો જણાય છે.[૫૨]

રાવણને વિભીષણ પ્રત્યે નાનાભાઈ તરીકેનો ભાવ રાખતો હોવાનું 'અભિષેક'ની જેમ[૫૩] આ નાટકમાં નથી બતાવ્યો, કારણ કે અહીં તો તેને ગર્વાંધ અને મોહાંધ જ મુખ્યત્વે બતાવ્યો છે. તે સીતાના સુકોમળ સૌંદર્યનાં કલાત્મક વખાણ તેની આગળ કરી શકે છે (૫–૧૪,૧૬ અને ૧૭). સીતાનું નામ સાંભળતાં જ તે ભાન ભૂલી જાય છે. તેથી એકવાર તો તે પોતાનો નિશ્ચય જણાવતી વખતે અજાણતાં જ વિચિત્ર વાણી ઉચ્ચારે છે, તેથી–પોતાની જ ઉક્તિ પોતાને માટે કેવી સત્યમાં પરિણમતી જણાય છે ?[૫૪]

"जीवन् ददे न वैदेही सन्देहमिह मा कृथाः ।"

અને ખરેખર તે જીવતાં તો વૈદેહીને નથી જ સોંપતો ! શત્રુ રામના મુખે પણ રાવણના શૌર્યના મુક્તકંઠે વખાણ થાય તે તેની મહાનતા જ સૂચવે છે, તેમાં શંકા નથી.[૫૫]

देशे देशे ककुभि ककुभि । क्ष्माधरे क्ष्माधरे च ।
ग्रामे ग्रामे पुरि पुरि चिरं यस्य जागर्न्ति कीर्त्तिः ॥

**ભરત**

આખા નાટક દરમ્યાન ભરતને રામ પ્રત્યેના અત્યંત પ્રેમ–ભક્તિભાવ, અત્યંત આદર અને વફાદારી એટલાં બધાં પ્રબળ બતાવ્યાં છે કે જેનાથી વા. રા. તથા અન્ય રામ નાટકોથી અહીં તેની અનોખી વિશિષ્ટતા જણાય છે.

ભાસે ભરતને લક્ષ્મણનો નાનો ભાઈ કહ્યો છે[૫૫] જ્યારે સોમેશ્વરે વા. રા. ની જેમ ભરતને લક્ષ્મણનો મોટો ભાઈ હોવાનું જણાવ્યું છે (અં. ૪). ભરતનું પાત્ર વા. રા. તેમજ પ્રસિધ્ધ રામનાટકો કરતાં થોડુંક વિશિષ્ટ રીતે આ નાટકમાં નિરૂપાયું છે. અં. ૨ થી અં. ૮ સુધી આનો સીધો યા આડકતરો ઉલ્લેખ આવે છે ભરત–કૈકેયી પ્રત્યેના રામના પ્રેમ ભાવનો કેટલોક નિર્દેશ રામ-લક્ષ્મણના પાત્રાલેખનમાં ઉપર આવી ગયો છે.

સત્કર્મો જ કરનાર ભરત રામ-સીતાને પોતાના માતા-પિતા ગણે છે અને તેમને લીધે પોતાને સનાથ ગણે છે. તે રામને વિનંતી કરે છે કે 'મને તમારા હૃદયમાંથી કાઢી ન મૂકશો.'

અં. ૩ માં રામ વનગમન કરતી વખતે ભરતને આલિંગન ન થયું કે તેને પ્રજાપાલનકર્મનો ઉપદેશ ન અપાયો તેનો અફસોસ કરે છે[૫૮] તે પરથી અને વિભીષણ રામને રાજ્યભિષેકના અવસર નિમિત્તે રોકાવાનો આગ્રહ કરે છે તે વખતે રામ ભરતના તપને છોડાવવા માટે અયોધ્યા પાછા જવાની ઉતાવળ કરે છે[૫૯] તે પ્રસંગ પરથી રામના ભરત પ્રત્યેનાં પ્રેમ ભાવ અને લાગણી સહેજે સમજી શકાય તેમ છે

દશરથ રાજાના મૃત્યુ બાદ શોકજનક સમાચાર ભરતને નોંતા મળ્યા પરંતુ અયોધ્ય પહોંચ્યા પછી પિતાનું મૃત્યુ અને રામ-લક્ષ્મણ-સીતાના વનગમનના સમાચાર જાણ્યા પછી ભરત આત્મહત્યા કરવા તૈયાર થાય છે અને શત્રુઘ્ન તેને સમજાવે છે ( પૃ. ૬૬).

તેથી ભરત માતા-પિતા અને કૈકેયી પ્રત્યે વિવિધ ભાવો અનુભવે છે અને હૃદયોદ્વેગજનક કરુણ આક્રંદ કરે છે[૬૦] મોસાળથી અયોધ્યા પાછા ફરતાં દુઃસ્વપ્નથી ઉદ્વિગ્ન થયેલો ભરત પિતા દશરથના મૃત્યુનો તથા રામના વનવાસનો વૃત્તાંત જાણીને અત્યંત દુઃખી થાય છે.

રામના વનવાસના તથા પિતાના મૃત્યુના સમાચાર જાણીને ભરત દૂરથી જ અયોધ્યા ત્યજીને વનમાં ભાઈને મળવા જવા નીકળે છે. અત્યંત દુઃખી અને શોકનો માર્યો તે એકવાર આત્મઘાત કરવા જાય તેવો તે લાગણીવશ લાગે છે. તેવું તેનું વર્તન બીજે ક્યાંય જોવા મળતું નથી રામને મળવા જતી વખતે પણ તેની પોતાની હિંમત ભાગી પડે છે. તેથી વશિષ્ઠ ઋષિને તેના વિશેની મનોદશા શ્લોકોમાં પત્રમાં ઉતારવી પડે છે. તેના આગમન વિશે અને તેના ગરીબ અને લાચાર વર્તન વિશે મુનિએ શિષ્ય દ્વારા રામને લખી મોકલ્યું તેવું તેની મનોદશાનું વર્ણન અન્ય ક્યાંય નોંધાયેલું જોવા મળતું નથી.

ભરત રામને શોધવા માટે પોતાની દૃષ્ટિ બધે ફેરવે છે, પણ તેની દશા તો કંઠચામીકર ન્યાય જેવી થવા પામી છે. તેવા ભાવ ભારદ્વાજે ભરત માટે નીચેના બે શ્લોકોમાં આલેખ્યો છે. અર્થાત્ તે આકાશ, પૃથ્વી, દિશાઓમાં-સર્વત્ર રામને જુએ છે

उच्चैः पश्यति चेत् तदाऽन्वयगुरुर्देवोऽस्ति तत्रार्यमा,
नीचैर्यद्यवलोकते तदवनिः, सीता सवित्री पुरः ।
चक्षुर्न प्रददाति दिक्षु यदिमाः सत्पूरुषैः पूरिता,
ह्रीतो राम ! भवन्तमेव भरतश्चित्तस्थमन्विष्यति ॥३६॥

રામ વિના દુઃખી ભરતની શોકાવિષ્ટ અને મૂઢવત્ દશાનું ચિત્ર નીચેના શ્લોકમાં જણાવ્યું છે કે તે કંઈ ખાતો-પીતો નથી, મૂઢની જેમ બેસી રહે છે, કંઈ જોતો નથી, બોલતો નથી વગેરે.

नाश्नाति किञ्चन न केन सह ब्रवीति,
निद्राति न क्वचन किञ्चन वीक्षते न ।
कार्यान्तरादुपरतो भरतो मुहुस्त्वा
मध्येति निःश्वसति मुञ्चति चाश्रुपूरम् ॥३७॥

તેને મળવા રામ સ્વયં સામે દોડી આવે છે ત્યારે ભરત પોતાના નાના ભાઈ લક્ષ્મણ પ્રત્યે જે રીતે પોતાનો ભાવ પ્રગટ કરે છે તે વિશિષ્ટ છે.[૬૧] ભરત લક્ષ્મણને જણાવે છે કે હું "પાપી" છું. મારી પણ સામે ન જોશો જેથી તમારે પાપી ન બનવું પડે !" આર્ય રામની સેવા કરનાર લક્ષ્મણનું દર્શન કરીને પોતે પાવન થવાની ભાવના સેવે છે. આમ પોતાને પાપી કહીને નીચા ઉતારી નાખવાની બાબત ક્યાંય જોવા મળતી નથી. અહીં દુઃખાતિરેકમાં તથા પોતાની માતાના પાપી આચરણને પોતાનું ગણીને ભરતે એમ કહ્યું હશે. તેથી લક્ષ્મણ તેને 'સૂર્યવંશમાં જન્મેલા તમારા વિશે આ અનાર્ય કર્મ સંભવતું નથી' એમ કહે છે.[૬૨]

રામને અયોધ્યા પાછા આવીને રાજ્ય સંભાળવા માટે ભરત ખૂબ જ વિનંતી કરે છે- એ પ્રસંગનો ભાવ આ નાટકમાં સોમેશ્વરે થોડો ઘણો ઉતાર્યો છે ખરો, તે પણ કલાત્મક રીતે; છતાં વા. રા. માં વાલ્મીકિએ જેટલું મહત્વ આપીને લંબાણથી ભરતનો ભાવ રજૂ કર્યો છે, તેટલી તેના ભાવની પ્રબળતા અહીં ટૂંકમાં રજૂ કરવાનો પ્રયાસ થયો છે. વા. રા. માં તો ભરત ત્યાં રહીને ઉપવાસ ( અત્યારની ભાષામાં કહીએ તો સત્યાગ્રહ) કરીને પણ રામને સમજાવવામાં બાકી રાખતો નથી તે ઉપરાંત તેની માતાઓ, પુરોહિત, ભરદ્વાજ સુમંત્ર વગેરે પણ રામને બહુ જ સમજાવી જુએ છે, વગેરે વગેરે.

સોમેશ્વરે અહીં આ પ્રસંગ ઘણો સંક્ષેપમાં રજૂ કર્યો છે અને બંને ભાઈઓને સંતોષ થાય તેવી પરસ્પર વ્યવસ્થા પુરોહિત વસિષ્ઠે કરી આપી એમ જણાવીને આખો વૃતાંત ટૂંકમાં જણાવી દીધો છે. હા, ભાસ કવિએ ભરતની મક્કમતા વાલ્મીકિની જેમ ઊતારી છે (અં. ૩) તેવી ભાગ્યે જ અન્યત્ર જોવા મળે.

સુમંત્ર કાર્પટિકના સમાચારથી અશ્રુસારવા માંડે છે ત્યારે ભરત પોતે સ્વસ્થ થઈને ધૈર્ય ધારણ કરે છે તે માત્ર વિધિનો દોષ કાઢીને અને રડીને બેસી રહેવામાં માનતો નથી, 'આંસુ સાર્યે કંઈ નહિ થાય. માટે ધનુષ્ય લાવો' એ રીતે ધૈર્યની સાથે શરાસન ધારણ કરે છે, અને શત્રુઘ્નને અન્ય મિત્ર રાજાઓની સાથે યુદ્ધ માટે સજ્જ થવાનો સંદેશો સુમંત્ર મારફત મોકલે છે. સંકટ સમયે પણ નીતિજ્ઞ ભરત વ્યવસ્થા કરીને રસ્તો કાઢવાની શક્તિ ધરાવે છે. કાર્પટિકની કપટી અને વ્યથાજનક વાણી[૬૩] સાંભળીને ભરત અત્યંત દુઃખી થઈ જાય છે અને પોતાને મહાન પાપી ગણે છે (૪/૪૦ની જેમ). પોતાના અંતઃપુરના તથા નગરના લોકોની ગતિ પણ રામ લક્ષ્મણ જેવી થવાની એમ માને છે.[૬૪]

કાર્પટિક પાસેથી સીતાના અપહરણના સમાચાર સાંભળીને ભરત કોણપેન્દ્રની સાથે યુદ્ધ કરવા તૈયાર થઈ ગયો અને પડોશી મિત્ર અને આજ્ઞા માનનારા રાજાઓની મદદ માટે દૂતોને મોકલેલા તેથી તેઓ પણ યુદ્ધમાં મદદ કરવા માટે અયોધ્યાની આસપાસ ગોઠવાઈ ગયેલા છે (અં.૮).

એ ચિંતાજનક સમાચારથી ચિંતિત બનેલાં બંને માતાઓ સાકેતથી ભરત પાસે નંદિગ્રામ દોડી આવે છે. ભરત તેમને સાંત્વન આપીને પાછાં અયોધ્યા મોકલી દે છે (પૃ ૧૨૬). બીજી વાર કાર્પટિકે આપેલા દુઃખ અને આઘાતજનક સમાચારથી બન્ને માતાઓ સરયૂ તટે અગ્નિપ્રવેશ કરવાની તૈયારી કરે છે એવા સમાચાર એક પુરુષ ભરતને આપે છે ત્યારે ભરત અત્યંત દુઃખી થયો હોવા છતાં ધૈર્યપૂર્વક, યુદ્ધ માટે તૈયાર થવાનો નિશ્ચય કરે છે (૧૪૯).

ભરતને તેની માતા પર તેના કુકર્મને લીધે બહુ કોપ થયેલો. તેથી દુઃખથી અકળાયેલો ભરત ગુહ રાજા આગળ પોતાનું હૃદય ઠાલવે છે તેમાં માતા પ્રત્યેનો તેનો ક્રોધ સારી રીતે વ્યક્ત થયો છે (અં-૪, લો. ૨૭) તેમાં ભરત 'કૈકેયીનું મૃત્યુ પોતાને હાથે થઈ જાત, પણ તેને રામની બીક લાગે છે' તેના કહેવા પરથી લાગે છે કે તેને રામ માટે કેટલું માન છે! વા. રા. માં ભરત ભરદ્વાજ ઋષિ આગળ પણ પોતાની માતાનો 'ક્રોધના, કૃતપ્રજ્ઞા, દૃપ્તા, સુભગકામા, અનાર્યા' વગેરે શબ્દ પ્રયોગ કરી ઓળખાવે છે.[૬૫] માતા કૈકેયી માટે ભરત એટલી બધી અસહ્ય અને

કેટલીક વાર અયોગ્ય લાગે તેવી ગાળો દે છે કે એવું કડક આચરણ ભરતે આ નાટકમાં નથી કર્યું. વા. રા. માં ના ભરતના માતા પ્રત્યેના આટલા દુઃખપૂર્ણ ક્રોધપૂર્ણ વર્તનની બાબતમાં સોમેશ્વરે મૌન સેવ્યું છે.

આ નાટકનો ભરત અતિ નમ્ર સદાચારી, ધૈર્યશાલી, પરાક્રમી અને નીતિવાન હોવાનું જણાય છે, રામનો રાજ્યાભિષેક થાય છે ત્યાં સુધી ભરતે કૈકેયી માટે આદર પ્રેમ ભાવ નથી રાખ્યો તેવું છેવટ સુધી રહેત, રામના અનુરોધથી તે વૈમનસ્ય દૂર થાય છે.

## (૭) લક્ષ્મણ :

વા. રા.નો અને આ નાટકનો લક્ષ્મણ સ્વભાવે અમુક રીતે સરખા લાગે છે, પરંતુ સોમેશ્વરદેવે આલેખેલું એનું પાત્ર કેટલીક બાબતમાં અલગ પડે છે. (આ પાત્ર ખાસ કરીને અં.૩–૮માં આવે છે). ઉ. રા.માં રામવનવાસના સમાચાર જાણ્યા પછી લક્ષ્મણ કુપિત થઈને પોતાના માતા–પિતા તથા ભરત પ્રત્યેના જે ભાવો પ્રગટ કરે છે અને તેના વિશુદ્ધ મનની આશંકા સેવે છે અને વિધાતાની અચિન્ત્ય ગતિ માટે તટસ્થ ભાવ રજૂ કરે છે.[૬૬] વા. રા માં તે પ્રસંગે રામના દૈવની પ્રબળતા તથા પિતૃઆજ્ઞાપાલન પરત્વે લક્ષ્મણ સંપૂર્ણ અસંમતિ દર્શાવે છે; અને તે રામને માતા–પિતાની ઉપરવટ થઈને પણ રાજ્ય પોતાને હસ્તગત કરી લેવાનું સૂચવે છે, લક્ષ્મણ માને છે કે સ્ત્રીની અયોગ્ય સલાહને પંથે આદર્શ રાજા એવા પિતાજીની પણ ધર્મબુદ્ધિ નષ્ટ થઈ ગઈ છે તેથી જ તેઓ આવું અયોગ્ય વર્તન કરી રહ્યા છે. આગળ જતાં લક્ષ્મણ પ્રારબ્ધ અને પુરુષાર્થની ચર્ચા કરતા કોપાવિષ્ટ થઈને રામને કહે છે કે દૈવવશ ભાગ્યમાં રહેલું રાજ્ય છીનવાઈ જાય છે તેને પુરુષાર્થ–પરાક્રમથી રામના હાથમાંથી જતું અટકાવશે...કાયર લોકો જ દૈવને પૂજે છે...વગેરે[૬૭] ઉ. રા માં લક્ષ્મણ માતા–પિતા તથા ભરત માટે જે રોષ ઠાલવે છે તેમાં રામ તરફનો તેનો અનુરાગ જ કારણ છે. લક્ષ્મણ રામની સાથે વનમાં જવાનો પોતાનો મક્કમ નિર્ણય જણાવે છે લક્ષ્મણ રામની સાથે પ્રારબ્ધ–પુરુષાર્થની ચર્ચામાં પડતો નથી. જ્યારે વા. રા.માં રામ તે સમયે લક્ષ્મણને બહુ સમજાવે છે, છતાં લક્ષ્મણ તેમની સેવાથી કૃતાર્થ થઈ જવાની ભાવના વ્યક્ત કરીને રામને વિનવે છે અને રામની સંમતિ મેળવે.[૬૭અ] ઉ. રા.માં લક્ષ્મણના રામની સાથે વનમાં જવાના મક્કમ નિર્ણયથી માતા સુમિત્રા પણ પોતાનો કૃતાર્થ

થયેલાં માને છે. લક્ષ્મણની સાથે વનમાં આવવા તૈયાર થયેલાં ઊર્મિલા જાણે કે પોતાના સેવાકાર્યમાં વિઘ્નરૂપ હોય તેમ, તે આંખના ઇશારા માત્રથી તેને નિષેધ સૂચવી દે છે.[૬૮]

લક્ષ્મણે વનમાં સૈન્ય સાથે આવી રહેલા ભરતને જોઈને આક્રમક ધારી લીધેલો એવું વા. રા માં આવે છે. પરંતુ તે ભ્રમ દૂર થતાં, લક્ષ્મણ ભરત માટે કંઈ વિપરીત વાણી વ્યક્ત કરતો નથી, ઉ. રા માં એ ભરતને જોઈને વિપરીત કલ્પના કરતો નથી, પરંતુ એના આગમન પછી માનભરી દૃષ્ટિએ જોનાર, લાચાર અને દુ:ખી મોટાભાઈ ભરત પ્રત્યે લક્ષ્મણે રામની જેમ વર્તન કર્યું લાગે છે.

ઉગ્ર અને તેજસ્વી લક્ષ્મણ રામ-ભરતનો મેળાપ જોઈને એક બાજુએ ઊભો રહીને આંસુ સારે છે:—

"गाढोद्गारमुपाचकार सहजस्नेहोत्थितान्तर्व्यथं ।
भ्रातृद्वन्द्वदशावलोकनगलन्नेत्रः सुमित्रासुतः ।।" पृ. ७२

ભાઈઓ પ્રત્યેનો કેટલો ઊંડો પ્રેમ-ભાવ અહીં ચિત્રિત થયો છે! લક્ષ્મણનું તો કૈકેયી-ભરત પ્રત્યેનું વૈમનસ્ય જરા પણ ઓછું થતું બતાવ્યું નથી.[૬૯] ભરતની જેમ[૭૦] તે પણ રામ-સીતાને માતા-પિતા ગણીને તેઓથી પોતાને 'સનાથ' ગણે છે[૭૧]

લક્ષ્મણને સીતા માટે અત્યંત આદર હોવાનું સૂચવાયું છે. સીતાના અપહરણ બાદ સીતાને એકલાં મૂકવાનું કારણ રામ તેને પૂછે છે ત્યારે તે સીતાનાં અયોગ્ય વચનો અને વર્તન વિશે વા. રા માંના[૭૨] લક્ષ્મણની જેમ અહી રામને બધું જણાવી દેતો નથી, પણ આ નાટકમાં લક્ષ્મણ ન છૂટકે જ, સીતા પ્રાણ છોડવા તૈયાર થયાં...ત્યારે...એમ સીતા વિશેનું વર્તન છાવરીને, મોઘમ રીતે, ખાનદાનીપૂર્વકનું વર્તન કરે છે અને તે પોતાને ભૃત્યતુલ્ય-સેવક-સમજીને નમ્રતાથી રામને જવાબ આપે છે. વિયોગી, દુ ખી અને કંપતા રામની આગળ સીતાનાં વચનોનો સાચો યથાતથ ખ્યાલ તે આપી જ શકતો નથી. પરંતુ સીતાના વર્તન વિશે ૫/૩૫) "અસાધુમિવ" મોઘમ જણાવે છે. વિયોગી અને દુ:ખી મોટા ભાઈને એકલા વનમાં છોડીને દૂર સુધી સીતાને શોધવા જવાનું તેમને મન થતું નથી અને બીજી બાજુ સીતાને શોધવા માટે તેમને અધીરાઈ આવી જાય છે. આમ તેની દ્વિધા મનોદશામાં રામ-સીતા પ્રત્યેની સંપૂર્ણ તન્મયતા અને પ્રેમ વર્ણવાયાં છે.[૭૩] ઉ. રા.માં રામના પોતાના બળ માટે લક્ષ્મણને થોડો

અવિશ્વાસ હોય એમ લાગવાથી લક્ષ્મણ પ્રત્યે કુપિત થાય છે, પણ રામને લક્ષ્મણ માટે એટલો બધો સ્નેહ છે કે સીતાએ આ પવિત્ર સજ્જન લક્ષ્મણ માટે અધાર્મિક આશંકા કરી એથી એનું પરિણામ (શિક્ષા) તેને ભોગવવું પડશે એમ કહીને રામને સીતાના ફળ વિશેની અનિષ્ટ આશંકા કરતા બતાવ્યા છે[૭૪] લક્ષ્મણ પોતાને તેમનો સેવક કહે છે તે પણ રામને ગમતું નથી. આમ સીતાના અપહરણ પછી રામ-લક્ષ્મણનો પરિચય વા. રા. કરતાં જરા વિશિષ્ટ લાગે છે. ભટ્ટિ કવિએ તો[૭૫] સીતાના અયોગ્ય વાણી-વર્તનથી કુપિત થયેલો લક્ષ્મણ સીતાને શાપ આપે છે, એવું નિરૂપ્યું છે.

વા. રા.માં સીતાને શોધવા જતી વખતે દુઃખી અને નિરાશ બનેલો લક્ષ્મણ મૂર્છિત થઈ જાય છે. લક્ષ્મણનું તેવું સંવેદનશીલ વર્તન અન્યત્ર ક્યાંય ખાસ નોંધાયેલું નથી. ઉ. રા.માં રામ સીતા વિના પોતે સંન્યાસી થઈ જવાનું લક્ષ્મણને સૂચવે છે તેવું વા. રા.માં કે અન્યત્ર જોવા મળતું નથી. સીતા વિના મૃતપ્રાય બનેલા રામ અત્યંત નિરાશ બનીને જ આવું વર્તન લક્ષ્મણ આગળ કરે છે ત્યારે પણ લક્ષ્મણ રામના અનુયાયી રહેવાનો મક્કમ નિર્ધાર દર્શાવે છે,

મોટાભાઈ રામ જ્યારે નિરાશ બનીને મનમાં વૈરાગ્ય અંગીકાર કરવાનો વિચાર કરીને લક્ષ્મણને પાછા અયોધ્યા જવાનું કહે છે ત્યારે એ અત્યંત શોક અને નિરાશામાં આવી જઈને પોતાના માતા-પિતાને યાદ કરીને આક્રંદ કરીને અશ્રુ સારે છે અને કૈકેયી પ્રત્યે કટાક્ષ કરીને મૂર્છિત થઈ જાય છે ત્યારે તેને રામ સાંત્વન આપે છે, રામને વૈરાગ્યમાંથી પાછા વાળવામાં લક્ષ્મણનો સૌથી પ્રબળ પ્રેમ જ રોકી શકે છે. સીતાની શોધમાં નિરાશ થતાં મોટાભાઈ રામને દિલાસો આપીને, મક્કમ મન કરવાનું અને શોધ કરવાના ઉદ્યમમાં પ્રેરવાનું અગત્યનું કાર્ય લક્ષ્મણ કરે છે.

વૃદ્ધ-ઘાયલ પક્ષીરાજ જટાયુને સીતાનો ભક્ષક ધારે છે ત્યારે તે તેના સ્વભાવ પ્રમાણે ઉગ્ર બનીને તેનો વધ કરવા માટે બાણ તૈયાર કરે છે અને ક્રોધાવિષ્ટ વાણીથી તેને સંબોધે છે. તેનો આ ક્રોધ અને બીજી ચેષ્ટા તેના રામ પ્રત્યેના અતિશય પ્રેમને કારણે છે. વિભીષણ-ઇન્દ્રજિતની બોલાચાલીમાં વચ્ચે પડીને લક્ષ્મણ ઇન્દ્રજિત સાથે યુદ્ધ કરે છે અને રાવણના શક્તિ-પ્રહારથી મૂર્છિત થાય છે. તે પ્રસંગે રામે અત્યંત દુઃખદ હૃદયે લક્ષ્મણ પોતાની પ્રત્યે ભાવના વ્યક્ત કરી છે (અં. ૭). લક્ષ્મણ પ્રત્યેના અતિશય અનુરાગને લીધે રામ નિરાશ

બનાને અગ્નિ પ્રવેશ કરવાને તૈયાર થાય છે; કેવી બંનેની પરસ્પરને માટે મરી ફીટવાની ભ્રાતૃભાવના ! રાવણ પક્ષનો શુકે, લક્ષ્મણને બળ, પરાક્રમ અને રૂપમાં રામના જેટલા જ કક્ષાનો કહ્યો છે, માત્ર જન્મે જ નાનો છે.[૭૬]

## ૮. કૈકેયી :

આ નાટકમાં તેનો પરિચય રિસાયેલાં રાણી તરીકે શરૂ થાય છે. સોમેશ્વર-દેવે વાલ્મીકિની જેમ કૈકેયીને શરૂઆતમાં મંથરાનું કહ્યું ન માનનારી બતાવી છે ખરી, પણ વા. રા.માં પાછળથી તેને મંથરાની ભંભેરણીથી ભોળવાઈ જતી, દાસીનું કહ્યું ન માનનારી અને રામ પર પણ સ્નેહ રાખનારી બતાવી છે. જ્યારે ઉ. રા.માં તેને મંથરાના મોહનમંત્રવાળા પાનને લીધે મુગ્ધ બની જઈને અયોગ્ય કાર્ય માટે તૈયાર થતી બતાવી છે. એમ એ સ્વતઃ વધુ સારા ચારિત્ર્યવાળી હતી એમ કવિએ કૈકેયીનો થોડો બચાવ કર્યો છે.

વા. રા.માં કૈકેયીને તેના કઠોર વર્તન બદલ રાજા દશરથ, વસિષ્ઠ, સુમંત્ર, ભરત, લક્ષ્મણ તથા નગરજનો ખૂબ ઠપકો આપે છે અને તિરસ્કાર કરે છે. અહીં રાજા, ભરત, લક્ષ્મણ અને નગરજનોને તેને માટે ખિન્નતા તથા તિરસ્કાર હોવાનું પરોક્ષ રીતે જણાવ્યું છે. ર. શ.માં સોમેશ્વરે કૈકેયી માટે વર્ષા (શ્લો. ૪૪) તથા શુકલાષ્ટમીના ચંદ્ર (શ્લો. ૫૩) જેવી ગણી છે. કૈકેયીને આ રીતે બચાવી લેવાની યુક્તિ ભાસ અને તે પછીના નાટકકારોએ વધુ ઉચ્ચ સ્તર પર યથાયોગ્ય રીતે લાવવાને સક્રીય પ્રયત્ન કર્યો છે, તદનુસાર સોમેશ્વરદેવે પણ એને બચાવવાનો પ્રયાસ કર્યો છે. તે પોતાને પગે પડતા પતિને મનાવતી નથી કે સામુ પણ નથી જોતી, પણ પતિને મનાવવાનું અને સાંત્વન આપવાનું કાર્ય મંથરાને સોંપી દે છે (અં. ૩) રાજાની અત્યંત પ્રિય રાણી કૈકેયી રાજાના આટલા કાલાવાલાને ઠોકરે મારે તેવી નિષ્ઠુર થયેલી અહીં બતાવી છે. રામ માટે તેને એટલું જ વાત્સલ્ય હતું. તેથી જ તો તે રામને બોલાવવા સુમંત્રને મોકલે છે. છતાં રામની આગળથી પોતાનું મોં છુપાવવા રામના આવતા પહેલાં ત્યાંથી ચાલી જાય છે. તે કઠોર કાર્ય કરવાની અને કરુણ પ્રસંગ અનુભવવાની તેની નૈતિક તૈયારી જ ન હતી ! વા. રા.માં રાજાના વનગમન વખતે કૈકેયી સ્વયં રામને બે આજ્ઞાઓની બાબત જણાવે છે. ક્ષેમેન્દ્રે એ પ્રસંગે કૈકેયીને વધુ કઠોર અને વિચિત્ર કહી છે. તે સ્વયં રામને વનવાસની આજ્ઞા કરે છે અને ઉતાવળ પણ કરે છે,[૭૭] વિકલ્પો આપે છે જ્યારે સોમેશ્વરે પોતાની આ નાટયકૃતિમાં કૈકેયીની તો રામને તે બે આજ્ઞાઓ

સ્વમુખે જણાવવાની હિંમત ચાલતી નથી, પણ તે એ પ્રસંગે ઉપસ્થિત પણ રહી શકતી નથી (અં. ૩). રામને તો તેને માટે પહેલેથી જ માન–પ્રેમ છે તે કૈકેયી–ભરત પ્રત્યેના રામના ભાવમાં જણાવ્યુ છે. વા. રા. માં કૈકેયીને ભરતે અત્યંત કઠોર શબ્દોથી ગાળો આપી છે. વનમાં રામને મળવા જતી વખતે તે પણ બધાની સાથે જાય છે, પરંતુ એક અક્ષર પણ ક્યાંય બોલતાં નથી. રામના રાજ્યાભિષેક પ્રસંગે પણ તેને કોઈએ યાદ પણ કર્યાં નથી. વા. રા.ની જેમ અન્ય રામચરિત વિષયક નાટકોમાં પણ કૈકેયીને વનમાં કે રાજ્યાભિષેક પ્રસંગે નિરૂપી હોય તેમ જણાતું નથી. આ નાટકમાં તો સોમેશ્વરદેવે તેને વનગમન પ્રસંગે કે વનમાં ભરતની સાથે તે હોવાનો સ્પષ્ટ ઉલ્લેખ નથી આપ્યો, પણ રામના રાજ્યાભિષેક પ્રસંગે રામે જ તેને યાદ કરીને; તેને બોલાવવા ભરતને આજ્ઞા કરી છે. (પછી ભલે ને તે હાજર રહી હોય કે ન હોય!)

રામના વનવાસ દરમ્યાન ભરત તેનું મોં પણ નથી જોતો. તેથી તે અયોધ્યામાં રહી હોવાનું બતાવ્યું છે. રામ–લક્ષ્મણનાં ચિંતાજનક સમાચારથી કૈકેયી સિવાયની બંને માતાઓ ચિંતાતુર થઈને ભરત પાસે નંદિગ્રામ દોડી આવે છે, કાર્પટિકે આપેલા માઠા સમાચારથી તો તે બંને માતાઓ અગ્નિ–પ્રવેશ કરવાની તૈયારી કરતાં બતાવ્યાં છે. તે બાબતમાં કૈકયીને તો જાણે કે કંઈ લેવા કે દેવા તેનું આવું વિચિત્ર વર્તન હોવા છતાં રામ તેના પ્રત્યે કોઈ પણ વ્યક્તિ વૈમનસ્ય ન રાખે તેનું ખાસ ધ્યાન રાખે છે. કૌશલ્યા-સુમિત્રા રામ પ્રત્યેના કૈકયીના આવા આઘાતજનક સમાચાર–વર્તનથી પણ તેને વિશે એક પણ કટુ શબ્દ ઉચ્ચારતાં નથી. આમ સોમેશ્વરદેવે રામનું અન્યાય કરી બેઠેલી કૈકયીના પાત્ર તરફ પણ કંઈક સહાનુભૂતિ દર્શાવીને રઘુકુળની તે રાણીનું ગૌરવ જાળવ્યું છે.

## ૯. વિભીષણ :

વા. રા. તેમજ અન્ય રામના નાટકો કરતાં આ નાટકમાં આનું પાત્રાલેખન વિશિષ્ટ રીતે કર્યું વા. રા. તથા રા. મં. પ્રમાણે તેણે રાવણને પગે પડીને, સભામાં અને તેના મહેલમાં એમ અનેક રીતે ધર્મ્ય સલાહ આપીને સીતાને પાછાં સોંપવાનો આગ્રહ કરી જોયો, પરંતુ ગર્વાંધ મોટાભાઈથી અપમાનિત થઈને તેને ત્યાંથી ચાર રાક્ષસ સાથીદારો સહિત ચાલ્યા જવું પડયું.

આ નાટકમાં સોમેશ્વરે વિભીષણ તથા તેના સાથીદારોને આકાશ માર્ગે અવરજવરની દિવ્ય (અદ્ભુત) બાબતને ન મૂકીને વાસ્તવિક ભૂમિકા પર (આખી

બાબત) સ્થિર કરી છે. રામના શત્રુનો નાનોભાઈ વિભીષણ 'આપણો સહાકાર કરવા માટે આવ્યો' એવું વાનરો સમજે છે. તે ધર્મ્યપક્ષના શરણે આવેલો હોવાથી પાછળથી તેને રામ-પક્ષે સત્કાર-આશ્રય મળે છે.

વિભીષણનું પાત્ર જરા જુદી રીતે આપ્યું છે. રામપક્ષે શરણે જતી વખતે વિભીષણ સુગ્રીવને સંબોધીને પોતાના નામ સહિત ઓળખાણ આપતાં જણાવે છે, 'મોટાભાઈ રાવણને સીતા પાછાં સોંપવાની સલાહ આપી તેથી ત્યાંથી બધાથી અપમાનિત થઈને, રામના ગુણાનુરાગને લીધે રામને શરણે આવ્યો છું[૭૯] ઉ. રા. માં વિભીષણ વા. રા. કે રા. મં.ની જેમ નથી કહેતો. પણ 'હું બ્રહ્માના વંશના પોતાના બંધુ રાવણના અનુચિત કર્મોને લીધે, તેને છોડીને ધર્મ્ય પક્ષને શરણે આવ્યો છું.' એટલું ટૂંકમાં કહે છે;[૮૦] તેમાં મોટાભાઈને ઉતારી પાડવાની કે પોતાને કંઈક લાલચના ઇરાદાને લીધે નથી આવ્યો. તેટલી આ પાત્રની વિશિષ્ટતા રાવણે મોકલેલા શુક-સારણ દૂતોને વિભીષણ તરત ઓળખી લે છે.(પૃ.૩૧)

રાવણના શક્તિપ્રહારથી મૃતપ્રાય બનેલા લક્ષ્મણની પાછળ દુઃખથી મૂઢ બનીને રામ મૂર્છિત થાય છે ત્યારે વિભીષણ પણ વિલાપ કરે છે[૮૧] ત્યારે સુગ્રીવ તેને સાંત્વન આપે છે અને તેને રામ-વાનરો લઈને કિષ્કિંધા જવાનું કહે છે, પોતે હનુમાન સાથે લંકા-જઈને બધું કામ કરશે અને પાછળથી રામને બોલાવશે એમ સુગ્રીવ વિભીષણને જણાવે છે. (પૃ: ૩૩૨), આમ ત્યાં વિભીષણને સંવેદશીલ બતાવ્યો છે.

રાવણના સૈન્યનો રામને પરિચય આપતી વખતે વિભીષણ પોતાના ભાઈના કુળનું ગર્વપૂર્વક દર્શન કરાવે છે. રાવણને ભલેને તેને માટે મનમા "કુલાંગાર" તરીકેનો ભાવ હોય રાવણનું સૈન્ય અસ્ત્ર-શસ્ત્રથી સુસજ્જ, વ્યવસ્થિત વ્યૂહરચાવાળું યુદ્ધ માટેની એકાગ્રતાવાળું અને બહોળું હોવાનું રામનું ધ્યાન ખેંચે છે. તેમાં (પૃ. ૧૧૭) વિભીષણ પોતાના મોટાભાઈના સૈન્યનો તટસ્થ અને ગૌરવપૂર્ણ રીતે રામને ખ્યાલ આવે છે તે નોંધપાત્ર છે.

રામ-અંગદ દ્વારા સીતાને પાછી સોંપવાના પ્રસ્તાવની સાથે સાથે વિભીષણને પણ તે સન્માનપૂર્વક પાછો બોલાવી લેવાનું પણ કહેવડાવે છે. એમાં વિભીષણ પ્રત્યેની રામની લાગણીનો પરિચય થાય છે. લક્ષ્મણ મૂર્છિત થાય છે ત્યારે રામ વિભીષણને પાછા ચાલ્યા જવાનું કહે છે અને તેને લંકાનું રાજ્ય ન અપાવી શકાયું તેનો અફસોસ કરે છે; ત્યારે વિભીષણ રામ પ્રત્યે નીચેના શબ્દોમાં ભક્તિ-ભાવ દર્શાવે છે:

विश्वालङ्कार ! किं लंका राज्यसिंहासनेन मे ? ।
यदुन्नततरे प्राप्ता तव चित्तासने स्थितिः ॥ (पृ. १२४)

રામ-કાર્ય માટે પોતાના પ્રાણને પણ કંઈ હિસાબમાં નથી, એમ કહી સુગ્રીવ સાથે વિભીષણ રામ પ્રત્યેની નિત્યકાર્યતત્પરતા (૭/૧૧) અને રામ પ્રત્યેની પવિત્ર ભ્રાતૃભાવના (૭, ૧૨) વ્યક્ત કરે છે.

રામ પ્રત્યે અત્યંત ગાઢ મિત્રતા, પ્રેમ અને ભક્તિ હોવા છતાં વિભીષણને તેના મોટાભાઈ રાવણ પ્રત્યે મનમાં ઊંડું ઊંડું પણ માન-ગૌરવ તો છે. તે, તેને દુશ્મનની નજરે નથી જોઈ શકતો તેવું તે જ્યારે રામને રાક્ષસોનો પરિચય આપે તેમાં અને રાવણ વિશે જે રીતે પરિચય આપે છે તે પરથી જણાય છે. જ્યારે રામ બંને માતાઓ આગળ સુગ્રીવ–વિભીષણને સગા ભાઈઓ જેવા હોવાનો પરિચય આપે છે તેમાં રામનો તેના પ્રત્યેનો ભ્રાતૃભાવ તથા માતાઓનું તેમના પ્રત્યે વાત્સલ્ય સૂચવાયું છે.

## ૧૦. મારીચ :

આ પાત્ર વા. રા. ને અનુરૂપ છે. રાવણના સહાયક મારીચને અહીં રામનો ભક્ત હોય તે રીતે નિરૂપેલો છે તેને રામના પ્રભાવ અને પરાક્રમનો પહેલેથી સારો અનુભવ થઈ ચૂકેલો હતો. સીતાના અપહરણ માટેની યુક્તિ યોજવા માટે રાવણે મારીચને જણાવેલું ત્યારે મારીચે રાવણને તે અયોગ્ય કાર્યમાં પ્રવૃત્ત ન થવા માટે સમજાવવાનો ઘણો પ્રયત્ન કરેલો તે બાબત સોમેશ્વરે વા. રા. ને અનુરૂપ મૂકી છે. આ નાટકમાં મારીચ રામના હાથે થયેલાં પરાક્રમોની યાદી ગણાવીને તેમનો બલ–પરાક્રમનો યથાર્થ ખ્યાલ આપે છે[૮૩] રાવણે આદરેલું આ અનિષ્ટ કર્મ મારીચને જરા પણ પસંદ નથી. તે પોતાના સ્વામી રાવણના ભાવિ અનિષ્ટ માટે ગ્લાનિ અનુભવે છે. તેથી તે ઘોરાક્ષને પણ રાવણના ધર્મ વિરુદ્ધના આચરણ વિશે જણાવે છે. મારીચને પોતાના સ્વામીનું કાર્ય પાર પાડવામાં પણ શ્રદ્ધા તો હતી જ, પણ તેના આ કાર્યથી પોતાને જલદીથી દુર્લભ મુક્તિ ચોક્કસ મળવાની ખાતરી હતી. તેથી તેણે રાવણના અવિચારી અને અધાર્મિક પગલામાં સાથ આપવાનું સ્વીકાર્યું. રાવણની યોજના અનુસાર તેણે કાંચનરૂપ ધારણ કરીને સીતાને આકર્ષ્યાં અને રામને દૂર સુધી ખેંચી ગયો. તે પાછળ જોતાં જોતાં આગળ દોડે છે, રામબાણથી ઘવાયેલા માયાવી મારીચે મરતી વખતે રામની જ હોય તે રીતે લક્ષ્મણના નામની બૂમ પાડી અને યુક્તિપૂર્વક સીતાને એકલા પાડી સ્વામી રાવણને અનુકૂળ મોકો ઊભો કરી આપ્યો; અને પોતે રામના હાથથી

મૃત્યુ પામી દુર્લભ મુક્તિ મેળવી(અં. ૫). એ રાવણના પક્ષનો હોવા છતાં, શત્રુપક્ષના રામને આટલી બધી આવી પડેલી વિપત્તિઓને લીધે રામને માટે તે સહાનુભૂતિ પ્રગટ કરી શકે તેવા ઉદાર ભક્ત હૃદયનો, સારા-નરસા કાર્યનો વિવેક ધરાવનાર અને અસત્ કાર્યનો વિરોધ કરનાર અને તેમ છતાં સ્વામી રાવણ પ્રત્યે વફાદાર રહી એમની આજ્ઞાનું પાલન કરનાર હોવાની એક પ્રકારની છાપ પાડી શકે છે.

## ૧૦. (અ) માલ્યવાન્ :

વા. રા. ની સરખામણીએ ઉ. રા.માં આ પાત્રનું નિરૂપણ ઘણું અલ્પ પ્રમાણમાં થયું છે, પરંતુ સોમેશ્વરદેવે આ પાત્રના આલેખનમાં કેટલોક ફેરફાર કર્યો છે.

વા. રા.ની જેમ આ નાટકમાં સારણના માતામહ તરીકેનું રાવણના વફાદાર સગા તરીકેનું આ પાત્ર છે. ને સારી રીતે સૂચવાયું છે, જ્યારે ઉ. રા.માં રાવણનો અમાત્ય માલ્યવાન્ રાવણ પક્ષે રહીને પણ શત્રુપક્ષનો ઉદારતાથી વિચાર કરી શકે તેવો બતાવવામાં આવ્યો છે. અને રા.માં માલ્યવાન્ રામપક્ષની પ્રગતિના સારા સમાચાર સાંભળીને, રાવણના અનિષ્ટ વિશે અત્યંત ખેદ વ્યક્ત કરે છે, અને આગળ જતાં અત્યંત દુ:ખથી નિ:સાસા નાખતો પણ બતાવ્યો છે, જ્યારે આ નાટકમાંના માલ્યવાન્ સારણ ઉદારતાવાળા પાત્રો છે. તેઓ શત્રુપક્ષે હોવા છતાં અંજનીપુત્રના પરાક્રમથી અંજાઈને સ્તુતિ જ કરી શકે છે.[૮૪] ઉ. રા.માં કુંભકર્ણના મૃત્યુના સમાચારથી માલ્યવાન્‌ને ચારેબાજુ શોકસમુદ્ર છલકાતો લાગે છે, જ્યારે આ નાટકમાં વિભીષણને શત્રુપક્ષે ભળી ગયાના સમાચાર માલ્યવાન પાસથી સાંભળીને સારણને મનમાં ખેદ થાય છે. ખરો, પણ 'સામાન્ય રીતે સજ્જન લોકો કુટુંબ વિરોધને વૈરનું કારણ સમજતા હોય છે' એવું સામાન્ય કથન ઉચ્ચારીને, (પૃ. ૧૦ ) અને વિધિની પ્રબળતા માનીને મન મનાવે છે(પૃ. ૧૦૪). રામના દર્શનથી તેઓ બંને કૃતકૃત્ય થઈ ગયા એવો ભક્ત માનસનો પરિચય આ નાટકમાં કરાવ્યો છે, તેટલો આ પાત્રોમાં ફેર છે. લક્ષ્મણનો સંદેશો લઈને શુક રાવણ પાસે જાય છે. ત્યારે એ સંદેશાથી માલ્યવાન્ મુગ્ધ બને છે અને રામ-રાવણના યુદ્ધની નિશ્ચિતતા હોવાનું ધારે છે, પણ કોઈના વિજય માટે ચોક્કસ ધારી શકતો નથી (પૃ. ૧૦૫). આ નાટકના માલ્યવાનને અન. રા.ના માલ્યવાન્‌ની જેમ દીર્ઘ નિ:શ્વાસ નાખવા નથી પડતા, પણ તે શત્રુપક્ષની ચડતી સાંભળીને, તે શાંતિથી સહન કરીને તેનાં વખાણ કરવામાં અનુમોદન પણ આપી શકે તેવો ઉદાર બતાવ્યો છે.

## ૧૧. સુમંત્ર :

સુમંત્ર દશરથ રાજાનો સારથિ તથા મહામંત્રી છે. તે તેના નામ પ્રમાણે કુશળમંત્રી છે તે રામને રથમાં બેસાડીને રાજા પાસે લઈ જાય છે, ત્યારે દૂરથી જ રાજા-રાણીના હાવભાવ તથા ચેષ્ટાના નિરીક્ષણ માત્રથી કુમાર રામચંદ્રને પરિસ્થિતિનો યથાયોગ્ય ખ્યાલ આપે છે. કૈકેયીએ રાજા પાસેથી કંઈક અનિષ્ટ માગ્યું હશે, તે આપવાની રાજા આનાકાની કરતા તેને લાગે છે અને એ ભાવોની ઉત્કટતા જોઈને કંઈક અનિષ્ટની આગાહી પણ સુમંત કરી શકે છે, છતાં તે નીચેના શબ્દોમાં તટસ્થ રીતે સૂચવે છે—

**विप्रकृष्टप्रदेशतया न स्फुटा वयनोपलाब्धिः परमिलितैरपि वितर्क्यत ।**

**(पृ.४६)**

તેમાં તેની વિચક્ષણતા અને પરિસ્થિતિને યોગ્ય રીતે નિરૂપવાની શક્તિનો ખ્યાલ આવે છે, રાજા દશરથનું કૈકેયી આગળ થતું વિચિત્ર વર્તન જોઈને સુમંત્ર યથાર્થ અટકળ કરી શકે છે કે આવું વિચિત્ર બનવાથી વિધિ ચોક્કસ કંઈક જુદું જ કરવા માગે છે. તે પરથી તેની કુશળતાનો અને મનોવિજ્ઞાનની જાણકારીનો પરિચય આપે છે.

સંવેદનશીલ વૃદ્ધ સુમંત્ર કૌશલ્યા–સુમિત્રાના સુકોમળ હૃદયને પિછાનનારો છે. તેથી તે બંને માતાઓને વજ્રાઘાત સહન કરવા માટે હૃદયને મજબૂત બનાવવાની સૂચના આપે છે. રામવનવાસના દુઃખકર સમાચારથી મૂર્છિત થયેલાં માતાઓને સાંત્વન આપવાનું કઠણ કાર્ય પણ દુઃખી સુમંત્રને માથે આવી પડે છે રામ-વનવાસના દુઃખમાં મગ્ન હોવા છતાં તે પોતાની ફરજ કાર્યમાં જાગૃત છે તેથી તે વા રા ની જેમ રામને થોડે સુધી મૂકવા જવાને બદલે ભરતના રાજ્યાભિષેકની તૈયારી કરવા માટે અને ભરતને બોલાવવા જવા માટે કોઈકને મોકલવાની વ્યવસ્થામાં પડે છે તે વસ્તુ સુંદર કલાત્મક રીત રજૂ થઈ છે(પૃ. ૬૦).

હવે વા. રા. માં ન હોય તેવા આ નાટકમાં પાત્રોનો વિચાર કરીએ :—

## ૧૨. હંસિકા :

અન.રા.માં કલહંસિકા નામની પ્રૌઢ સખીને અનુભવી અને સીતા સાથે સંસ્કૃતમાં બોલનારી બતાવી છે, જ્યારે ઉ. રા. માં હંસિકા સીતાની આપ્તજન સમી, વિશ્વાસુ દાસી, પ્રિય સખી જેવી અને પ્રાકૃતમાં બોલનારી આલેખાઈ છે. અન.રા.માંના "કલહંસિકા" નામની સીતાની સખીના પાત્ર પરથી નામને ટુંકાવીને

આ નાટકમાં નિરૂપાઈ હોય તો નવાઈ નહિ ! રામના ધનુષ્યભંગને લીધે પ્રસન્ન થયેલાં સીતા તેને અંગુઠી ભેટ આપે છે તે વાત પોતે સીતાને યાદ દેવડાવે છે. રામને મળવા તે સીતાની સાથે જાય છે. દૂરથી વાનર આવતો જોઈને ગભરાઈને તે પોતાને ખભે લટકાવેલી પાનની પેટી પણ ફેંકીને દોડી જાય છે (અં. ૨). એટલી તે સ્ત્રી સહજ બીકણ છે, ખરી રીતે તો તે વાનર નહિ, પણ–વિદૂષક હોય છે। સીતાની સાથે બગીચામાં પ્રવેશની વખતે પાળેલા વાનરને જોઈને પણ ડરી જાય છે, અને તે વાનર પાસેથી આમ્રફળ લેવાની પણ હિંમત કરતી નથી, અને 'સીતાને માટે ભલે તે વાનર ફળપ્રદ બને એવું ફલદાયક કથન તેના મુખેથી અચાનક સારી પડે છે (અં. ૨). રામની નજીક આવી પહોંચ્યા બાદ ચતુર હંસિકા સીતાને એકલાં પાડવા માટે, પોતે ત્યાંથી ચાલ્યા જવાની યુક્તિ શોધવા માંડે છે, પણ સીતા તે સમજીને પણ તેને જતા રહેવાની સંમતિ આપતાં નથી. તે વિનયંધરના આગળના સમાચાર રામને જણાવે છે. આમ ઉદ્યાન વિહારના પ્રસંગે એ સીતાને સાથે બધો વખત ગાળે છે. એમાં તેમનો પરસ્પરનો નિકટ સંબંધ સૂચવાય છે (અં. ૨).

## ૧૩. સુબુદ્ધિકા અને મંથરા :

દશરથ રાજાની માનીતી દાસી એના નામ પ્રમાણેના ગુણ ધરાવે છે. તે કૈકેયીના માનાતી દાસી મંથરાના અવળી મતિવાળા વિચારોથી દુ:ખી થઈ જાય છે. તે મંથરાને તેના ખરાબ વિચાર–વર્તન બદ્દલ કટાક્ષ કરે છે. તે મંથરાને તેના અત્યંત આનંદનું કારણ પૂછે છે અને મહારાજ દશરથ પાસેથી બે વરદાનો માગવાની વાત મંથરાએ કૈકેયીને યાદ દેવડાવી છે એ બાબત તે મંથરા પાસેથી કાનમાં જાણી લે છે. આથી મંથરાની કાનભંભેરણી શબ્દ યથાર્થ લાગે છે. એ પછી તે મંથરાને એના કાર્ય માટે ઠપકો આપે છે અને દુસ્તર શોકમાં આવી પડનાર રઘુવંશને માટે દુ:ખ વ્યક્ત કરે છે. તે દશરથ–કૌશલ્યા અને રામ–જાનકીને માથે આવનાર દુ:ખ માટે જીવ બાળે છે અને રામના રાજ્યાભિષેકના આનંદનો ઉત્સવ ઉજવતી નગરની શોભા જોવામાં પણ તેનું મન ઊઠી જાય છે. એવી તે સાચા અને સારા વિચારો કરનારી, શુભેચ્છક અને સંવેદનશીલ ઉત્તમ દાસી છે (અંક ૩ ના પ્રવેશક). રઘુકુલના વ્યક્તિમાં કે અયોધ્યાવાસીઓમાં કોઈ કુબુદ્ધિવાળું ન મળવાથી વિધાતાએ બહારથી આવેલું તત્ત્વ-મંથરામાં કુબુદ્ધિ મૂકી એવો એક મત પ્રવર્તે છે.

## ૧૪. કનકચૂડ અને કુમુદાંગદ :

વા. રા.માં કે રામચરિતવિષયક અન્ય સંસ્કૃત નાટકોમાં આ નામના ગંધર્વોનાં પાત્રો મળતાં નથી. "ચૂડ" અને "અંગદ" નામાંતવાળાં ગંધર્વોનાં પાત્રો

મુરારિએ અન. રા માં તેમજ સુભટે "દૂતાંગદ"માં યોજ્યાં છે.[૮૫] આ નાટકમાં સોમેશ્વરદેવે પ્રકરી કથાનક સર્જાય તેટલું મહત્ત્વ આપીને આ પાત્રોનું આયોજન કર્યું છે (અં. ૪). વિરોધરૂપે રહેલા તુંબર ગંધર્વને કુમુદાંગદના મોટાભાઈ તરીકે સાંકળવાનુ કામ કવિ સોમેશ્વરની મૌલિક કલ્પનાશક્તિનું પરિણામ છે. વા. રા. તથા અધ્યાત્મ રામાયણમાં વિરાધ નામના ગંધર્વની વાતની પ્રેરણા મળી લાગે છે.

કનકચૂડ એ કુમુદાંગદનો પુત્ર છે. એ સંગીતશાસ્ત્રી ગંધર્વ ઇન્દ્રની સભામાં સ્થાન પામતો હોવાનું જણાય છે. એકવાર તે "સંગીતકાવસરવિચ્યુત" થવાથી ઇન્દ્રના શાપથી દશરથ રાજાના મહેલમાં ક્રીડાશુક બની જાય છે. પોતાના પિતા કુમુદાંગદની વિનંતીથી ઇન્દ્રે તેના શાપનો અવધિ દશરથ રાજાના મૃત્યુ સુધીનો કરી આપ્યો. ગંધર્વરાજ કુમુદાંગદની ઉક્તિ પરથી અયોધ્યાની શ્રેષ્ઠતા તથા સમૃદ્ધિનું અને દશરથ રાજાના મૃત્યુનું સૂચન થાય છે. તેના સંવેદનશીલ પુત્ર કનકચૂડની-ભાવભરી વાણીમાં દુઃખી અયોધ્યા નગરીની કરુણ દશા, શોકાવિષ્ટ સુમંત્રની દશા, ભરતનું અયોધ્યા તરફ આગમન, ભરતનું દુઃસ્વપ્ન, લંકાનગરીના ઘમંડ બાબત નગરીઓનો સંવાદ વગેરે 'છાયાનાટક'ની પદ્ધતિની જાણવા મળે છે. દશરથ રાજાના સહવાસથી ટેવાયેલા ગંધર્વ કનકચૂડને તો અયોધ્યા છોડવી ગમતી નથી! રાજા દશરથના મૃત્યુથી તે અત્યંત દુઃખી થાય છે અને લાંબા સમય બાદ મળેલા પોતાના પિતા આગળ આનંદને બદલે અયોધ્યાનો શોક પ્રગટ કરે છે. બંને પિતા-પુત્ર ભરતની દુઃખી દશા પ્રત્યે સહાનુભૂતિ પ્રગટ કરે છે. બંને ગંધર્વો પોતપોતાના ભાવો એવી વિશિષ્ટ અને વિચિત્ર રીતે વ્યક્ત કરે છે કે તેઓ જે પાત્ર વિશે વાત કરતા હોય તે સ્વયં **જાણે કે પ્રત્યક્ષ ન બોલતું હોય!** તેમ 'છાયાનાટક' રૂપે રજૂ થયા છે. બંનેનો રામ-પ્રત્યેનો ભક્તિભાવ સ્પષ્ટ છે. તેઓ વિમાન દ્વારા સ્વનગરી (સ્વર્ગે) એ પાછા જતી વખતે માર્ગમાં આવતા પવિત્ર યાત્રા-સ્થળો, અને ગંગા, કાલિન્દી વગેરે નદીઓનાં દર્શન કરીને કૃતકૃત્ય થાય છે. આમ કુમુદાંગદ દ્વારા સોમેશ્વરે ધાર્મિકયાત્રા પરત્વે ભક્તિમાનનું તથા પવિત્ર શ્રદ્ધા-ભાવનાનું સૂચન કરતું પાત્ર રજૂ કર્યું છે. પોતાના ભાઈ તુંબરને લાંબા સમય પછી પણ જોતાં જ તે તરત ઓળખી લે છે.

આ બંને ગંધર્વો વિમાનમાં થોડે સુધી આગળ પર્યટન કરીને ભરદ્વાજની આશ્રમભૂમિ આગળ અટકીને વિમાનમાંથી નીચે ઊતરે છે. ત્યાં આગળ તેઓ એક મુનિકુમાર પાસેથી ભરત મિલાપનો પ્રસંગ તથા રામે કરેલા વિરાધ-વધની બાબત જાણી લે છે. કનકચૂડને પોતાના કાકાનો પરિચય થાય છે. તુંબર વિશ્રવા કુબેરના શાપથી વિરાધ રાક્ષસ થઈ ગયેલો. તેઓ બંને રામ દર્શનથી લોકોત્તર પુણ્ય-સુકૃતની-કમાણી કરે છે.

## ૧૫. સુયજ્ઞ નામનો મુનિકુમાર

વા. રા. માં આવતા સુયજ્ઞથી આ નાટકનું આ પાત્ર ભિન્ન છે.[૮૬] વા.રા. માંથી માત્ર નામગ્રહણ અહીં થયું છે, પરંતુ વ્યક્તિતત્વ જુદું જ છે.

આ નાટકમાંનો સુયજ્ઞ ભરદ્વાજ ઋષિનો પ્રિય શિષ્ય છે. અને તેણે વિમાનમાંથી ભરદ્વાજના આશ્રમ આગળ આવેલા બે ગંધર્વોને રામ વિશે તથા ભરત–શત્રુઘ્ન વિશે સઘળો વૃતાંત વર્ણવ્યો અને તે બંનેની સાથેનો પરિચય મેળવ્યો તે વિરાધ રાક્ષસના વધના ખુશી ખબર વનમાં ઋષિઓને જણાવવા માટે અત્યંત ઉતાવળો થઈ જાય છે. આ નાટકમાં માત્ર ચોથા અંકના થોડા ભાગમાં આવી અવનવી રીતે આ પાત્રની રજૂઆત થઈ છે.

## ૧૬. ઘોરાક્ષ :

રાવણનો આ પ્રણિધિ વા. રા. માં કે અન્ય નાટકોમાં પણ ખાસ જોવા નથી મળતો. આ પ્રાકૃતભાષી અર્થાત્ સેવકનું પાત્ર પોતાના સ્વામી રાવણને વફાદાર છે. વા. રા. માં ઘોર નામના રાક્ષસ–પ્રમુખનો ઉલ્લેખ આવે છે ખરો[૮૭] તે મહારાજ રાવણનો સંદેશો મારીચને જણાવવાનું કાર્ય કરે છે. દશકંધરે સોંપેલું કાર્ય અસાધ્ય જણાવાથી વિષાદ કરતા મારીચને તેના કાર્યને વફાદારીથી પાર કરવા માટે ઘોરાક્ષ નીચેના શબ્દોમાં પ્રોત્સાહિત કરે છે—

**आर्य ! यदि युष्माकमपि ईदृश : सन्देहः, तत कार्यसिद्धिरपि तादृशी भवति (पृ. ७९).**

રાવણ મારીચની યુક્તિ પાર પાડવાની તથા સીતાનું અપહરણ કરવાની તકની રાહ જુએ છે એમ રાવણના–સમાચાર આપવા માટે ઘોરાક્ષનું પાત્ર યોજાયું છે. તે મારીચની યુક્તિ અને સીતા એકલાં કેવી રીતે પડયાં તે વાત વિગતવાર રાવણને જણાવે છે; અને સીતાને દૂરથી બતાવીને ઓળખાવે છે. રાવણની સીતાની સાથેની વાતચીત તથા સીતાના અપહરણનો આખો પ્રસંગ ઘોરાક્ષ બાજુએ છૂપાઈને નિહાળે છે. સીતાનું અદ્દ્ભુત સૌંદર્ય જોઈને તે પણ મુગ્ધ બની જાય છે; અને તેને વાગે છે કે પોતાના સ્વામી રાવણ તેનો મોહ કરે તે દેખીતું છે. અત્યંત મુગ્ધ અને આનંદિત થઈ જઈને પોતાના ભાવની ઉત્કટતા સંસ્કૃતનો આશ્રય લઈને વ્યકત કરે છે (પૃ, ૮૪). સોમેશ્વરે સુ. ઉ માં પાર્વતીના સૌંદર્યના વર્ણનનો જે શ્લોક શુંભાસુરના મુખમાં મૂકયો છે તે શ્લોક અહીં

ઘોરાક્ષના મુખમાં સીતાના સૌંદર્ય વર્ણન પ્રસંગે મૂકીને પ્રસંગૌચિત્ય જાળવ્યું છે. સીતાની બૂમો સાંભળીને જટાયુ દોડી આવે છે ત્યારે "રામપક્ષનું પક્ષી પણ પક્ષપાત કરે છે !" એમ કહીને ઘોરાક્ષને રામની મહત્તા કબૂલ કર્યા વિના ચાલતું નથી (પૃ. ૮૮). લક્ષ્મણને ઉદ્દેશીને મારીચે પાડેલી બૂમો વિશે વિચારતા રામને જોઈને ધનુર્ધારી રામથી થોડોક ડરીને, ચોરી છૂપીથી નાસી જાય છે. આમ આ પ્રાકૃતભાષી હલકું કાર્ય કરનાર, હલકું વિચારનાર અને હલકી કોટિનું પાત્ર યોજાયું છે.

## ૧૭. વિદ્યુજ્જિહ્વ :

આ નામનું પાત્ર વા. રા. માં છે, તેનાથી ઉ. રા. માં પરોક્ષ પણ જુદી રીતે સૂચવાયું છે. વા. રા. માં માયાવી રામનું છેદિત શિર બતાવનાર એક રાક્ષસના નામે અને બીજું વિદ્યુજ્જિહ્વ નામના રાક્ષસ તરીકે–એમ બે પાત્રો એકજ નામનાં આવતાં હોવાનું જણાય છે.[૮૮] જેમાંનું એકકેય પાત્ર ઉ. રા. ને અભિપ્રેત નથી. આ નામનું પાત્ર રાવણના ગુપ્તચર કે મંત્રી હોવાનું માલૂમ પડે છે, માત્ર અં. ૬ના વિષ્કંભકમાં માલ્યવાનની ઉક્તિ પરથી તેના વિશે પરોક્ષ રીતે કંઈક જાણવાનું મળે છે. તેણે ગુપ્તવેશે રહીને (રામની સુગ્રીવમૈત્રી, વાલિવધથી માંડીને વિભીષણની સાથેનો (રામનો) મેળાપ થયો ત્યાં સુધીના સમાચાર જાણી લીધેલા અને રામપક્ષ વિશેના તેણે બધા સમાચાર માલ્યવાનને જણાવેલા.

## ૧૮. વિહંગવેગ

વા. રા. માં કે રામચરિત વિષયક અન્ય નાટકોમાં આ નામનું પાત્ર ખાસ દેખા દેતું નથી. મૂળમાં એ રાવણપક્ષનો છે, પરંતુ વિભીષણનો પ્રિય હોવાથી એ વિભીષણના મિત્ર બનેલા રામને પણ ઉપયોગી નીવડે છે. રામના કહેવાથી તે નેપથ્યમાં જઈને કુંભકર્ણના જાગ્યાના સમાચાર રામપક્ષને આપે છે. વિભીષણની પત્ની સરમાના કહેવાથી તેણે રાવણપક્ષની યુદ્ધની થયેલી તૈયારીના સમાચાર વિભીષણને પહોંચાડયા હતા તેણે અશોક વાટિકામાં દુઃખી સીતાના કરુણાજનક અને અદ્દભુત સૌંદર્યનું નિરૂપણ શુક મંત્રી આગળ કરેલું (અં. ૬). આમ આ અવનવા પ્રકારના પાત્ર દ્વારા અવનવો વિચાર કવિની પ્રૌઢિનું પરિણામ ગણી શકાય.

## ૧૯. કર્પટિક :

સોમેશ્વરનું આ નવા પાત્રનું સર્જન એવા પ્રકારનું છે કે જે સમાજમાં સહેલાઈથી જોઈ શકાય. લવણસુરનો આ દૂત અં. ૭–૮ માં કથાનકને અસર કરે તેવો

સક્રિય ભાગ ભજવે છે. નામ પ્રમાણેના ગુણો ધરાવનાર એ રાવણના પક્ષનો વફાદાર હિમયતી છે. વૃકમુખ પાસેથી રામ-પક્ષના બધા સમાચાર તે જાણે છે ત્યારે તે રાવણ પ્રત્યેની સહાનુભૂતિ વ્યક્ત કરે છે. સીતાના રૂપનાં વખાણ કરતી વખતની તેની ઉક્તિથી તેના માનસની વિચિત્રતા છતી થાય છે[૧૯] તે સીતાની અગ્નિપરીક્ષાનો પ્રસંગ જોઈને દશરથનાં બંને પુત્રોને કનડવા અયોધ્યા જાય છે ત્યાં મુનિકુમારનો કપટવેષ ધારણ કરીને પ્રવેશે છે અને અયોધ્યાવાસીની સાથે નંદિગ્રમ જતી વખતે રસ્તામાં રઘુકુળનો સઘળો રાજવૃત્તાંત જાણી લે છે. તે પુરુષને જોઈને જ તેને તે "રાજકુલવ્યાપૃત" હોવાનો ખ્યાલ આવી જાય છે. તેટલો તે કુશળ ચારપુરૂષ છે. મુનિકુમાર ઉર્ફે કાર્પટિકની જલદીથી એકદમ લીધે પુરુષને પણ ઉતાવળથી ભરતને મુનિકુમારના આગમનના સમાચાર કહેવડાવવા પડે છે.

કવિએ ભરતને 'જાનૂકણ્ય' સાથેની વાતોમાં પણ ભરતને ચિંતિત બતાવ્યા છે તે વખતે જ કાર્પટિક ભરત પાસે જઈ પહોંચે છે. આમ નગરીની ચારે બાજુએ સૈન્ય તથા ચિંતાવિગ્ન ભરતને લીધે કાર્પટિકને પોતાની યુક્તિ માટે ઠીક ફાવતી ભૂમિકા મળી જાય છે! કાર્પટિક પોતે અગસ્ત્ય મુનિનો શિષ્ય હોવાનું ભરતને જણાવે છે. તે ભરતને સંદિગ્ધ બાબત કહીને વધુ વ્યગ્ર બનાવે છે. તેમાં તેણે "કોણપચક્રવર્તી" એમ રાવણ અને વિભીષણ ગમે તેને લાગુ પડે તેવા મોંઘમ શબ્દનો પ્રયોગ કર્યો. આથી ભરત યુદ્ધની સંપૂર્ણ તૈયારી કરવાનો નિશ્ચય કરે છે આ પરથી કાર્પટિકની યોજના સફળતા મેળવતી જાય છે. તે એવી ખૂબીથી કૃત્રિમ રીતે દુ:ખી થઈને ભાવપૂર્વક રામ-લક્ષ્મણ-સીતાના અનિષ્ટ સમાચાર ભરત-સુમંત્ર સમક્ષ વર્ણવે છે કે જેથી બધા બહુ વ્યથિત થઈ જાય છે. ત્યારબાદ પોતાના કપટયુક્ત ચરિત્રનો સારી રીતે અમલ થયો જાણીને, અને પોતાનું કાર્ય સિદ્ધ થયું એવી ખાતરી કરીને ચાલ્યો જાય છે. ઉપર વિમાનમાંથી લક્ષ્મણનું ધ્યાન તેના પર પડે છે તેમાં લક્ષ્મણના મુખે થયેલા તેના વર્ણનમાં (પૃ. ૧૪૪) કાર્પટિકના ગુન્હેગાર માનસનો સચોટ ખ્યાલ અપાયો છે. વિભીષણ દૂરથી જ તેને ઓળખી શકે છે અને તેના કપટનું કારણ પણ સમજી શકે છે. અને આથી તેની કાટજાળ આખરે કામિયાબ નીવડતી નથી. આથી આ કુશળ ગુપ્તચર, કાર્પટિક શત્રુપક્ષે જઈને સારૂં નાટક ભજવીને, વેષ પલટો કરીને પોતાના સ્વામીના પક્ષનું કાર્ય સફળતાપૂર્વક પાર પાડવા ઘણે અંશે શક્તિમાન નીવડી શક્યું છે. આમ આ ચતુર પાત્ર પ્રકરી કથાનકનું પાત્ર આ પરથી જગતના કપટી-કાર્પટિકોનો પણ પરોક્ષ નિર્દેશ થઈ ગયો લાગે છે. આમ સોમેશ્વરદેવે નાનો-મોટા બધા જ પાત્રનું વ્યક્તિત્વ ઠીક ખીલવ્યું છે.

## પાદટીપો

૧. ના. શા. Vol. II અ ૧૮, શ્લો. ૧૦ ક; Vol. III, અં. ૨૪, શ્લો. ૧૬; વિ. ધ. પુ. ખં ૩, અં ૧૭, શ્લો. ૮.

૨. ધનંજય, દ. રૂ. પ્ર.૨.શ્લો ૧–૨, પૃ. ૧૮૧; હેમચન્દ્ર, કા.અ., અ ૭, સૂ. ૧૫૫, પૃ. ૪૧૦

૩. ભરત નાયકોના ચાર પ્રકારો પાડે છે, અ. ૧૪, શ્લો. ૧૮ અને ૨૨; પૃ. ૨૫૧–૨૫૨., પૃ. ૧૪૭, ૨૧૬; હેમચન્દ્ર, કા.અ. અ ૭, સૂ. ૧૫૫ પૃ.૪૧૦; ના.દ., વિ ૧, સૂ. ૬, પૃ. ૨૬ ૪. ઉ. રા. ૨/૮-૯ ૫. ઉ. રા. ૩/૧૫

૬. અં ૩, શ્લો. ૨૪ અને ૩૨. ૭. અ. કા., અ. ૩૫ ૮. મ. ચ. અં. ૪

૯. ૪/૫૬ ૧૦. ઉ. રા., પૃ. ૫૬ ૧૧. ઉ. રા., ૭/૪૧–૪૨

૧૨. ૮/૮ ૧૩. ૫/૪૬–૪૭ ૧૪. ૬/૬૫–૬૬

૧૫. ૧/૫૫,૫૮,૨/૮૯, પૃ, ૧૧૮, ૬/૬૫–૬૬. વગેરે.

૧૬. ૧/૫૩, ૬/૯ (પૃ. ૧૦૪) ૬/૧૬, ૭/૨૪, પૃ. ૧૪૨ અને પૃ. ૧૫૪.

૧૭. ૬/૧૬ ૧૮. ૭/૧૦ ૧૯. ૭/૧૫ ૨૦. ૬/૧૦

૨૧. અં. ૨/૧૯–૨૦ ૨૨. ૨/૪૧ ૨૩. વા. રા. અ.કાં. ૪૪–૪૫

૨૪. ઉ. રા. ૫/૮૩–૮૪ ૨૫. યુ. કાં; અ. ૧૧૭; અં. ૬

૨૬. ૧/૩૭ ૨૭. અં. ૩, પૃ, ૪૯ ૨૮. ૪/૬

૨૯. ૧/૩૩ ૩૦. ૧/૩૪ ૩૧. ૧/૩૫

૩૨. ૨/૪૯–૫૦ ૩૩. ૩/૧૨ ૩૪. એ વિશેના ચોક્કસ લક્ષણોના વ્યવસ્થિત ઉદ્ધરણો માટે જુઓ શ્રી જે. ટી. પરીખ, 'વિદૂષક થીયરી એન્ડ પ્રેકટીસ' એપેન્ડીક્સ ૧, પૃ. ૪૧–૪૮.

૩૫. ઉપર્યુક્ત ૩૬. કીથકૃત સંસ્કૃત નાટક, પૃ. ૩૫૦

૩૭. ઉપયુક્ત, પૃ. ૨ ઉત્તરકાલીન રામવિષયક નાટકોમાં ઉ. રા.ની જેમ મહાદેવ કવિના 'અદ્દ્ભુત દર્પણ' નાટકમાં પણ વિદૂષકનું પાત્ર આવે છે.

૩૮. વિદૂષકના વાનરવેશનો પ્રચાર સંસ્કૃત નાટકોમાં ઠીક પ્રમાણમાં જોવા મળે છે. તેવી વાનરવેષની પરંપરા કાલિદાસે 'વિક્રમોવર્શીય'માં, હર્ષ કવિએ 'નાગાનન્દમાં ઇત્યાદિ નાટકોમાં કુશળ નાટકકારોએ સ્વીકારી છે. વિદૂષકના વાનરવેષ માટે જુઓ, ઉપર્યુક્ત, પૃ. ૨૩–૨૮.

૩૯. ૧/૨૨ ૪૦. ૬/૨૦,૨૫ ૪૧. ૫/૨૧

૪૨. ૫/૨૬ ૪૩. ૬/૧૭ ૪૪. ૬/૯–૧૫

૪૫. ૬/૨૨નો પૂર્વાર્ધ ૪૬. ૬/૧૮–૨૦ ૪૭. ૬/૧૩ ૪૭ અ. પૃ. ૧૧૦

૪૮. ૬/૪૦ ૪૯ ૬/૩૭,પૃ ૧૧૩ ૫૦. ૬/૨૭

૫૧. પૃ ૮૪,૧૧૭

૫૦ અ. ગુજરાતી સાહિત્યમાં શ્રીધર, શામળ ઇત્યાદિ કવિઓએ રચેલા "રાવણ–મંદોદરી સંવાદ" જાણીતાં છે. રાવણની મંદોદરી રાણી પ્રત્યેની ઉક્તિઓ પણ આવી થઈ શકે. (પૃ. ૧૧૦–૧૧૫.)

૫૨. વા. રા. માં લવણાસુરને મધુપુરીમાં રેહેતો બતાવ્યો છે રામની આજ્ઞાથી શત્રુઘ્ને તેનો વિનાશ કર્યો એવું નોંધાયુ છે, પણ તેમાં તેનો સંબંધ નિર્દિષ્ટ થયો નથી. ૫૩. ૩/પૃ.૩૨,૩૭–૩૯ ૫૪. ઉ રા. ૬/૩૯–૪૦ ૫૫ ૬/૬૪–૬૬

૫૬. પ્ર. ના. ૪/૯ ૫૭. ૨/૧૨ ૫૮ ૩૧૩૧

૫૯. ૭/૩૯ ૬૦. ૪/૧૪–૧૫ ૬૦ અં ૪/૩૯

૬૧. ૪/૪૦ ૬૨. પૃ–૧૪૭–૧૪૯ ૬૩. ૮/૩૫

૬૪. ૮/૩૬ ૬૫ અ.કાં. સર્ગ ૭૨–૭૪, ૮૮–૮૯ ઇત્યાદિ ૬૬. ૩/૨૩,૩૩

૬૭. વા. રા., અ. કાં. સર્ગ ૨૭; ઉ. રા. ૩/૨૩ માં તથા વ. રા., અં કાં., સર્ગ ૨૭/૯૩માં સરખા ભાવોની રજૂઆત થયેલી લાગે છે.

૬૮. વા. રા., અ.કાં., ૨૮, પૃ. ૧૭૯,૧૮૩ ૬૮. ઉ. રા., અં.ક.,રા.શ. શ્લો. ૪૭

૬૯. ૩/૨૩, ૪/૪૦, અં. પ. પૃ. ૯૬ ૭૦. ૨/૧૨ ૭૧. ૫/૪૩

૭૨. અં. કાં., ૫૭/૧૪–૧૮ ૭૩. ૫/૪૩–૪૪ ૭૪. રા., શ–શ્લો. ૬૫માં પણ

૭૫. 'ભટ્ટિકાવ્ય,' ૫/૬૦ ૭૬. ૬/૪૨–૪૩

૭૭. રા. મં. શ્લો. ૮૯૪, પૃ. ૭૨ ૭૮. ૬/૭ ૭૯. રા. મં. પૃ. ૩૦૩

૮૦. ઉ. રા., પૃ. ૧૦૩ ૮૧. પૃ. ૩૩૧–૩૩૨

૮૨. વા. રા., ૩–૩૭. ૧૦ (ગીતાપ્રેસ સંસ્કરણ)

૮૩. ઉ. રા., અં. ૫ વિષ્કંભકની શરૂઆતમાં

૮૪. પૃ. ૧૦૧–૧૦૨

૮૫. અન. રા., અં ૬, રત્નચૂડ અને હેમાંગદ; 'દૂતાંગદ'માં હેમાંગદ અને ચિત્રાંગદ

૮૬. વા. રા., બા. કાં; સર્ગ ૭, શ્લો. ૫; અ. કાં.સર્ગ ૨૧, શ્લો.૩૭; ૭–૧૬–૫૦; રામકુમાર રે, 'વાલ્મીકિ રામાયણ કોષ,' પૃ. ૪૦૨–૪૦૩

૮૭. વા. રા., કો. પૃ. ૧૦૭; વા. રા., ૫–૫૪–૧૩

૮૮. વા. રા. કો., પૃ. ૩૨૫ ૮૯. ૭/૩૧

## પ્રકરણ-૭

# વસ્તુ ગૂંથણી

અન. રા.[1] અને પ્ર. રા.[2]ની પ્રસ્તાવનામાં તે કવિયોગે રામકથાની પ્રસિદ્ધિનું અને લોકપ્રિયતાનું મુખ્ય કારણ જણાવીને રામકથા વિશે નાટ્યરચના કરવાનો ખુલાસો કર્યો છે[3] તેનાથી સોમેશ્વર કવિ સહેજ જુદો લાગે છે. તેણે વિષ્ણુરૂપ કે વિષ્ણુના અંશરૂપ જનકતનયાપતિ રાઘવના ઉદાર ચરિતગાનથી પોતાને કૃતાર્થ થવાનો હેતુ ભક્તિ-ભાવપૂર્વક રજૂ કર્યો છે. અને ચર્વિતચર્વણા ધીમેથી પ્રસિદ્ધ કથાનકની પસંદગી પરત્વે સોમેશ્વર સંપૂર્ણ સભાન છે તેનો તે મનોરમ ખુલાસો શ્લો. ૫માં અને નીચેના શબ્દોમાં કરે છે.

**श्री काकुत्स्थतीर्थे...न प्रवेशमुशन्ति के १, ६**

કવિએ અં. ૧માં સીતા વિદાયના પ્રસંગથી કથાનકની શરૂઆત કરી છે. અન્ય રામ-વિષયક નાટકોમાં રામજન્મના, વિશ્વામિત્રયજ્ઞરક્ષણ કે સીતાસ્વયંવર કે શિવધનુભંગ જેવા પ્રસંગથી શરૂઆત થયેલી જોવા મળે છે. આમ અહીં રામ-કથામાંથી અધવચનો સીતાવિદાયનો પ્રસંગ ઉપાડીને કથાનકનો નાટ્યાત્મક આરંભ થયો ગણાય. એ જ અંકના છેડે, બની ગયેલા અને પોતે બતાવેલા રામે કરેલા પરશુરામ વિજયના પ્રસંગને કંચુકીએ જનક-શતાનન્દ આગળ રજૂ કર્યો છે. તેમાં કંચુકી આબેહૂબ, જાણે કે જનકની સમક્ષ જ તે પ્રસંગ બનતો હોય તે રીતે પ્રસંગની રજૂઆત કરે છે. તેમાં કવિનું રચના-કૌશલ જણાય છે. એ પ્રસંગની અંદરથી જ કથાતંતુને લઈને બીજો અંક શરૂ કરવામાં આવ્યો છે. દશરથ રાજા અયોધ્યજનોને રામના પરશુરામ પરના વિજયના આનંદની ખુશાલી કરવાની આજ્ઞા આપે છે. "સારા કામમાં સો વિઘ્ન" એ ન્યાયે રાજાએ પુત્રના યૌવરાજ્યાભિષેકના આનંદનું કારણ ગુપ્ત રાખ્યું હોવાનું નવું સુચન કરવામાં કવિની નાટ્યાત્મક દષ્ટિએ જણાઈ આવે છે. રામના લગ્ન પછીનું સુખી દાંપત્ય-જીવન અલ્પકાલીન હોવાથી અન્ય કવિઓએ તેના નિર્દેષ કરવો પડતો મૂકયો હશે, પરંતુ આ કવિએ અં. રના વિષ્કંભકમાં કરેલા ઈશારા અનુસાર મુખ્ય અંકના દશ્યમાં રામ-સીતાનો લીલોદ્યાનવિહાર રજૂ કર્યો છે. તે પ્રસંગની દષ્ટિએ

સામાન્ય કક્ષાનો ગણાય તેવો છે, પરંતુ તેમાં નર-વાનરની મૈત્રી પરત્વેની રમૂજ કરીને અને હંસિકાની ઉક્તિમાં વાનરને સીતા માટે ફળપ્રદ નીવડવાની વાતમાં પતાકાસ્થાનકને સ્થાન આપીને એ પ્રસંગને રોચક બનાવવાનો સારો પ્રયત્ન કર્યો છે. એ અંકને છેડે વિનયધરે રામને આપેલા જાનૂકર્ણના પત્રવાચન દ્વારા દશરથે આદરેલા રામના યૌવ-રાજ્યાભિષેકના કાર્યમાં આવનારી વિપત્તિસૂચન રામના મુખે જ કરવામાં કવિએ અવનવી નાટ્યાત્મક રજૂઆત કરી છે, તેમાં તે બંને (રામ વિનયંધર) રાજા પાસે જતાં, રસ્તે ચાલતાં જ પત્ર વાંચતા હોય તેવી રીતે સરળ અને સહજ નિરૂપણ થયું છે તે પછી રાજા દશરથ રામચંદ્રને રાજ્યભાર સ્વીકારવાનો અનુરોધ કરે છે અને દશરથને જાનુકર્ણ તેમના નિર્ણય માટે વખાણે છે એ તદ્દન સામાન્ય પ્રસંગની રજૂઆત કથાનકની પ્રવાહિતા જાળવવા ખાતર જ કરી હોય તેમ લાગે છે. તેમ છતાં ય તે (અંકના અંતે નવા ચંદ્રને નિજતેજ આપતા સૂર્યાસ્તના વર્ણનમાં નાટ્યાત્મક વર્ણનમાં નાટ્યાત્મક સૂચન કરીને નવા રાજાના ઉદયનું સૂચન કર્યું છે (પૃ. ૩૮), કૈકેયીને મંથરા મળી ગયા બાદ કૈકેયીના બોલાવ્યાથી રાજાને તેની પાસે જવાનું છે. એમ સ્વાભાવિક રીતે એ અંકની સમાપ્તિ કરવામાં પણ કવિએ આગામી અંકની વસ્તુનું બીજ સહજ રીતે વાવી દીધું છે. અં. ૩ના પ્રવેશકની શરૂઆતમાં જ મંથરાના પ્રવેશ વિશેની નાટ્યસૂચનામાં જ કવિએ ખરેખર નાટ્યાત્મક રીતે ઘણું સૂચન કરી દીધું છે. એ વલ્કલો ખભે લટકાવીને, હાથમાં પત્ર લઈને, બહારથી ખુશખુશાલ દેખાતી મંથરાનો પ્રવેશ થાય છે (પૃ ૪૦), તેમાં તેનું કારણ કે સ્પષ્ટતા કંઈ કરાયાં નથી. મંથરાએ કરેલી કૈકેયી રાણીની કાનસંભેરણી વિશે સુબુદ્ધિકાને કાનમાં કહે છે. (પૃ. ૪૧) અને રઘુકુળમાં આવનાર કંઈક અનિષ્ટની આગાહી સુબુદ્ધિકાની ઉક્તિ પરથી થાય છે (પૃ. ૪૨). સુબુદ્ધિકા અને મંથરાની વાતોમાં સ્ત્રી સહજ સ્વભાવનું આછું સૂચન પણ સારું કરાયું છે. સુબુદ્ધિકા મંથરાને કંઈક કહેવા-સલાહ આપવા જાય છે ત્યારે મંથરા તે સાંભળવાની તૈયારી બતાવે છે. પરંતુ સુબુદ્ધિકાએ તેને તેના સ્વભાવને અનુરૂપ કર્યાનું કહ્યું ત્યારે છંછેડાઈ પોતાને મોડું થવાનું બહાનું કાઢીને મંથરા છટકી જાય છે (પૃ. ૪૨).

અં. ૩નું મુખ્ય દૃશ્ય કૌશલ્યા તથા રામને રથમાં બેસાડીને સુમંત્ર કૈકેયીના પ્રાસાદ તરફ જવા નીકળે છે ત્યારે રસ્તામાં રામરાજ્યભિષેકનો ઉત્સવ ઊજવતી નગરીનું વર્ણન સુમંત્ર ટૂંકમાં પણ વિગતપ્રચુર બને તે રીતે પ્રસંગોચિત રીતે કરે છે (પૃ. ૪૪). કૈકેયીના આવાસ આગળ જઈ પહોંચતાં જ, અને દૂરથી

જ રાજા-રાણીના વર્તનમાં કંઈક વિચિત્રતા લાગવાથી સુમંત્ર સહેજ અટકે છે. ત્યાંથી પાછી નાટયાત્મક રજૂઆત થાય છે. અહીંથી કવિએ બે વાર, એક સાથે બે સમાંતર દશ્યોનું સુંદર ચમત્કૃતિપૂર્ણ નિરૂપણ કર્યું છે. (૧) એક બાજુએ દૂરથી રાજા-રાણીને જોઈને અટકળ કરે છે અને તેમના હાવ-ભાવોનું વાચન કરીને રામ-સુમંત્ર સંવાદ કરે છે અને બીજી બાજુએ માનિતી અને કુપિત કૈકેયી રાણીને પગે પડીને મનાવતા રાજા દશરથ અને તેમની બાજુએ ઊભેલી કઠોર આચરણ કરનારી મંથરા ઊભી છે એવું દશ્ય આયોજાયું છે. રામચંદ્રના આગમ-નનો સમય થયો જાણીને કૈકેયી મંથરાને પોતાનું કાર્ય સોંપીને ચાલી જાય છે. (૨) ત્યારબાદ ફરી બે દશ્યો એક સાથે સમાંતર રીતે ભજવાતાં બતાવ્યાં છે. એક બાજુએ દુઃખાવિગ્ન, બેહાલ મૂર્છિત થતા દશરથ રાજાની "પ્રાણોપહરણ પ્રકરણ-પ્રસ્તાવના" રૂપ પ્રસંગની શરૂઆત થાય છે. તેમાં દુઃખી દશરથ, સુમંત્ર તથા રામનો સંવાદ અને મંથરાએ રામને આપેલા પત્રનું વાચત થાય છે તે સંવાદ ચાલે છે. અને બીજી બાજુએ રાજ્યાભિષેકના આનંદમાં મંગલ પ્રસંગે વધાવવા પુત્રવધૂ સીતાને લઈને બંને રાણીઓ પ્રવેશ કરતી વખતે આનંદભર્યો સંવાદ કરે છે. આમ દુઃખ-સુખની સાથે અનુભૂતિ થતી બતાવી છે. આમ પ્રસિદ્ધ પ્રસંગને બને તેટલો રોચક અને નાટયાત્મક સ્વરૂપ આપીને રજૂ થયો છે. દશરથ રાજાની બે આજ્ઞાઓ અથવા રાણીની બે ઇચ્છાઓની બાબત બતાવવામાં કૌતુહલ સારી રીતે જણાવ્યું છે. જે નાટયાત્મકતામાં સહજ સ્વાભાવિકતા જણાવાય તે માટે અત્યંત ઉપકારક અને આવકદાયક ગણાય. એ અંકને અંતે સુમંત્ર પાંજરા-માંના પક્ષીઓને છોડી મૂકવાનો આદેશ કરે છે. ક્રીડા પક્ષીઓને છોડી મૂકવાના આ આદેશથી આગામી ચતુર્થ અંકની શરૂઆતમાં પક્ષીઓરૂપે રહેલા ગંધર્વ કનકચૂડની શાપમુક્તિનું સૂચન થઈ જાય છે અને પરોક્ષ રીતે રાજાનું "પ્રાણ-પંખેરું" ઊડી જવાનો પણ એમાં આછો નિર્દેશ થઈ જતો લાગે છે. કવિએ આમ આગામી બાબતનું સૂચન સુંદર ભાવાત્મક અને કલાત્મક રીતે કર્યું છે. રામવનવાસના પ્રસંગ પછી દશરથ રાજાને રંગભૂમિ પર રજૂ કરવામાં આવતા નથી, સોમેશ્વરે વાલ્મીકિ કવિના કથાનકને અનુસરીને દશરથ રાજાના પાત્રને સીતાની અગ્નિ પરીક્ષાના પ્રસંગે અલૌકિક રીતે રંગભૂમિ પર રજૂ કર્યું છે.

બની ગયેલા પ્રસંગોનું નિરૂપણ વિષ્કંભક તથા પ્રવેશક ઉપરાંત સોમેશ્વરની વિશિષ્ટતા નજરે પડે છે, જેમકે અં. ૪માં કનકચૂડ અને કુમુદાંગદ પરસ્પર શ્રોતા

કે વક્તા બનીને જાણે કે પ્રસંગની ભાવાત્મક રજૂઆત કરતા હોય તેમ જણાય છે. એ જ રીતે અં. ૬માં માલ્યવાન્ અને સારણના સંવાદમાં તેમજ અં. ૭માં કાપટિક અને વામુખની વચ્ચેના સંવાદમાં એવી નાટયાત્મક પરિસ્થિતિ નાટકને અનુકૂળ વાતાવરણ સર્જે તે રીતે નિરૂપી છે. સામાન્ય રીતે ઘણાંખરાં નાટકમાં સાંભળનાર વ્યક્તિ "તતસ્તતઃ કે એવી જાતની જ ઉક્તિ મુખ્યત્વે બોલતી નજરે પડે છે; અથવા પ્રસંગ કે ભાવને સમર્થન આપે એવી ઉક્તિનું ઉચ્ચારણ થતું જણાય છે. એવી નીરસ પરિસ્થિતિ અહીં ઉપસ્થિત થવા પામી નથી. અહીં તો કવિએ વૃત્તાંત સાંભળનાર વ્યક્તિ – પછી તે કુમુદાંગદ, કાપટિક કે માલ્યવાન્ હોય – તેમને ભાવુક કે સંવેદનશીલ શ્રોતાને અનુરૂપ ઉદ્ગારો બોલી ઊઠે તેવી અસર જમાવવાનો સુંદર પ્રયત્ન થયો છે. આ દૃષ્ટિએ નાટકકારની આ તક-સિદ્ધિ ગણાય.

અં. ૫ ના છેડે આવેલો જટાયુ – લક્ષ્મણની ગેરસમજનો પ્રસંગ સુંદર નાટયાત્મકતા સર્જે છે. ઘવાયેલો અને મૃતપ્રાય બનેલા, લોહીથી ખરડાયેલા અને આંખો મીંચીને શાંત જ બેઠેલા જટાયુને જોઈને લક્ષ્મણ તેને સીતાજીનો ભક્ષક સમજી લે છે. ભ્રાતૃપ્રેમને લીધે અને ભાભીના ભક્ષકનો બદલો લેવા માટે લક્ષ્મણ પોતાના કોપાનલમાં તેને હોમવાનો નિશ્ચય કરે છે. લક્ષ્મણ તેને પડકારે છે, તેના જવાબમાં જટાયુ કુપિત થઈને લક્ષ્મણને રાક્ષસ સમજીને પડકારે છે. જટાયુની તે ઉક્તિમાં (પૃ-૯૮) સ્વાભાવિક રીતે દશરથ અને રામનું નામ રામના સાંભળ-વામાં આવે છે તેથી રામનું ધ્યાન ખેંચાય છે અને રામ લક્ષ્મણને બાણ મારતાં અટકાવે છે અને લક્ષ્મણને સમજાવે છે. ત્યાર બાદ તેઓ પરસ્પર પોતપોતાનો પરિચય આપે છે અને ગેરસમજ દૂર થાય છે.

આમ સીતા વિરહથી પ્રવર્તતા દુઃખના વાતાવરણમાં આવો ગેર-સમજવાળો પ્રસંગ યોજીને એકાએક ચાલુ પ્રસંગ અને ચાલુ રસમાં પલટો લાવીને કવિ નાટયચમત્કૃતિ સર્જે છે. અન્ય કૃતિમાં ચાલુ દુઃખના પ્રસંગમાં ઉત્સાહ, પ્રસન્નતા અર્પે તેવો પ્રસંગ ભાગ્યેજ જોવા મળી શકે તેમ છે. કવિએ એ પ્રસંગના અનુસંધાનમાં સીતાની શોધનો માર્ગ જટાયુના રાવણ જટાયુની ઝપાઝપી સૂચવીને એ અંક પૂરો કર્યો છે. કવિએ એકજ અંકમાં મારીચની યુક્તિ, સીતાનું અપ-હરણ, રામે – સીતાની શોધ કરી તે પ્રસંગ તથા જટાયુ લક્ષ્મણનો પ્રસંગ એટલા બધા પ્રસંગો કુશળતા અને પ્રવાહિતા જાળવીને અં. ૬ ના વિષ્કંભકમાં જેટલા

પ્રસંગો ગૂંથાયા છે, તેટલો જ કથાનકનો વિકાસ થાય છે, બાકી મુખ્ય સુદીર્ઘ અંકમાં રામ – રાવણના સૈન્યના પરિચય સિવાય કાંઈ નવીનતા દેખાતી નથી. રામાયણના વીર સપ્રધાન – કથાનકના નિરૂપણ માટે આ અંક મૂકવો કવિને માટે આવશ્યક થઈ પડયો હશે. તેમાં સુભટોના વર્ણન માટે વા. રા. તથા દે. ભા. માં આવતાં વર્ણનને કવિ અનુસર્યો લાગે છે. સોમેશ્વરે સુ. ઉ. માં રાક્ષસ – સભામાંના રાક્ષસોનો પરિચય આપતાં પ્રસંગની જેમ અહીં પણ આ અંકમાંના સુભટોના પરિચયમાં પ્રાસ અને પ્રાસાદિકતા સાધી છે, યુદ્ધ માટેનું ઉત્સાહભર્યું વાતાવરણ જમાવીને સોમેશ્વરે રામ – રાવણના રણપ્રકરણની પ્રસ્તાવનારૂપ અં. ૬ માં પૂરો કર્યો છે.

અં. ૭ અને ૮ માં આવતા પ્રસંગો કવિએ સીધા – સાદા સંવાદમાં નથી યોજ્યા પણ અવનવી ઢબે રજૂ કરીને રોચકતા યોજી છે. એ બંને અંકોમાં કાર્પટિકનું કપટ ગૂંથાયું છે; અને કાર્પટિક – વૃકમુખના સંવાદમાં બની ગયેલા વૃત્તાન્તરૂપે કથાનક અનોખી ઢબે ગૂંથ્યું છે. છે બંને અંકોમાં કથાનક વેગથી આગળ વધે છે.

સીતાનો અદ્ભુત સૌંદર્ય – દર્શનથી મુગ્ધ બનેલો કાર્પટિક પોતાના સ્વામિ-કાર્ય માટે ઉદ્યત બને છે. દશરથપુત્રોને હેરાન કરવા માટે તે પોતાની તરકીબ અજમાવે છે એ પોતાની યોજનાનો અમલ કરવા માટે અયોધ્યાની સામે આગળથી પોતાનું નામ તથા વેશ બદલે છે. રામનું પુષ્પક પ્રયાગ તરફ વળત જાય છે તેવામાં ઉપર વિમાનસ્થિત લક્ષ્મણની નજર નીચે પૃથ્વી પર દોડતા કાર્પટિક પર પડે છે એ પાછું વળી વળીને વારંવાર ઉપર રામ વગેરેને જોતો જોતો અયોધ્યા તરફ દોડતો હોય છે. વિભીષણ તેને તરત ઓળખી લે છે. અને તે લવણે કંઈક બાજી ગોઠવી હોવાનો તર્ક કરે છે[1]. (પૃ. ૧૪૪-૧૪૫) કવિએ આકાશનું અને પૃથ્વી-પરનું એમ બે દશ્યો સાથે સાથે રજૂ કર્યાં છે. આમ અં. ૭ માંની કાર્પટિકની ઉક્તિ (પૃ. ૧૩૨) ની સામે રામની વિમાનયાત્રાનો પ્રસંગ લક્ષ્મણ – વિભીષણના સંવાદની સાથે સાંકળી દેવામાં આવ્યો છે, અને એ મુજબ કાર્પટિક મુનિકુમાર નામ-વેષે અયોધ્યાની સીમમાં જઈ પહોંચે છે. ત્યાંથી નાટયાત્મક પરિસ્થિતિ શરૂ થાય છે અને કાર્પટિકના કપટનો પણ અમલ શરૂ થાય છે.

પક્ષિરાજ પાસેથી ભરતે રામ-રાવણના યુદ્ધના સમાચાર સાંભળ્યા તેથી ભરત પણ બીજા મિત્ર રાજાઓને મદદે બોલાવીને રાક્ષસેન્દ્ર રાવણ સાથે યુદ્ધ કરવા તૈયાર થયો છે. તેથી કાર્પટિક અયોધ્યાનગરીની ચારે બાજુએ મિત્ર રાજાઓને લશ્કર સાથે ઊભા રહેલા જુએ છે. દ્રોણાચલ લેવા જતી વખતે હનુમાન ભરતને રામ-લક્ષ્મણ-સીતા વિશેના સમાચાર જણાવેલા તેથી રઘુરાજનું આખું કુટુંબ ખૂબ ચિંતાગ્રસ્ત હોવાનું કાર્પટિક જાણી લે છે. એ રીતે પહેલેથી જ ચિંતાગ્રસ્ત અને ઉદ્વિગ્ન ભરતને અગસ્ત્ય ઋષિનો સંદેશો સાચો હોય તે રીતે જણાવવામાં કાર્પટિકને સારી અનુકૂળતા પ્રાપ્ત થાય છે. તેમાંય વળી વશિષ્ઠ-શિષ્ય જાનૂકર્ણ્ય પાસેથી ભરત બ્રહ્મર્ષિ પુરોહિતની સૂચના સાંભળે છે કે લંકા પર આક્રમણ કરતાં પહેલાં વશિષ્ઠના આગમનની રાહ જોવાની આજ્ઞા કરેલી છે. એ વાત ભરતને યુદ્ધ-વિરામ માટે ફરજ પાડે છે, અને બીજી બાજુએ કાર્પટિકની વાત પરથી ભરત યુદ્ધ માટે અત્યંત ઉત્સુક બની જાય તેવી પરિસ્થિતિ સર્જાવા પામે છે.

આ નાટકમાં સોમેશ્વર કવિની શૈલીની કેટલીક લાક્ષણિકતાઓ ઠીક ધ્યાન ખેંચે તેવી છે, જેનાથી તેને તે સમયના સંસ્કૃત નાટકકારોમાં અગ્રિમ સ્થાન આપી શકાય. જેનાથી નાટકમાં પ્રયોજાયેલી નાટ્યસૂચનાઓ, રસની સુખ-દુઃખાત્મક મિશ્ર અનુભૂતિ, નવાં પાત્રો, પ્રસંગો અને કથાનકનું સર્જન; ભાવશબલતા, ભાષાની પ્રાસાદિકતા, વ્યક્તિ અને પ્રસંગને અનુરૂપ વિશેષણો અને સંબોધનોનો પ્રયોગ, સૂક્તિઓ સામાન્ય કથનો, ખંડાત્મક શ્લોકોના પ્રયોગમાં પાત્રોનો સંવાદ, વિશિષ્ટ શબ્દ અને રૂઢ શબ્દપ્રયોગ, વ્યંગોક્તિઓ, નિરીક્ષણ અને નિરૂપણનું કૌશલ, કવિની સુંદર વર્ણનશક્તિ, કવિના રૂઢ વિચારો અને શુકન-અપશુકનની આગાહી વગેરે તેની સંક્ષિપ્ત ચર્ચા પ્રસંગોપાત્ત ઉપર આવી જાય છે અને અન્યત્ર પણ આ લેખિકાએ કરી હોવાથી તેનું વિશેષ વિષ્ટપેષણ અહીં કંટાળાજનક બને તેવો સંભવ છે તેથી અહીં એ ચર્ચા પડતી મૂકવામાં આવી છે.[૫]

## પાદટીપ

(૧) મુરારિ, અન. રા., પ્રસ્તાવના, પૃ. ૧૭ શ્લો. ૯.

(૨) જયદેવ, પ્ર. રા., પ્રસ્તાવના. શ્લો. ૧૨–૧૩; વી. રાઘવન, 'સમ ઓલ્ડ લોસ્ટ સમ પ્લેઝ', પ્રસ્તાવના. પૃ. ૯–૧૦.

(૩) રાજશેખરે મુચરિથ અન. રાંની પ્રસ્તાવના તથા નાટકની કેટલીક અન્ય બાબતોનું અનુકરણ કર્યું છે, જેમકે મુરારિએ પ્રસ્તાવનામાં પત્રવાચનની બાબતથી નાટકના વિષયનું નિરૂપણ કર્યું છે. તે જ રીતે રાજશેખરે પણ પ્રસ્તાવનામાં પત્રવાચન દ્વારા કથાનકનું સૂચન કર્યું છે.

(૪) ઉ. રા., પૃ. ૧૪૪–૧૪૫.

(૫) સો. કૃ., પૃ. ૫૨–૬૮.

# પ્રકરણ ૮

# પૂર્વકાલીન કવિઓની અસર

સંસ્કૃત સાહિત્યમાં રામકથાને લગતું વિપુલ સાહિત્ય–સ્તોત્ર, મહાકાવ્ય, નાટક, શતકકાવ્ય ઇત્યાદિ વિવિધ સાહિત્ય સ્વરૂપોમાં ખેડાયેલું છે. અને ઘણા બધા સાહિત્યનું પ્રેરણાસ્રોત વાલ્મીકિ રામાયણ છે. તે સુપ્રસિદ્ધ અને લોકપ્રિય મહાકાવ્ય અથવા મહાપુરાણ જેવા બૃહત્ગ્રંથને સંસ્કૃત પરથી લોકભોગ્ય-લોકપ્રિય ભાષામાં રામચરિતમાનસ, તુલસીદાસે રચી આપ્યું છે. સંસ્કૃત સાહિત્યમાં રામાયણ પછી, સદીઓ, પછીના કાલક્રમે, સોલંકી કાલમાં કોઈ કવિ રામકથા વિશેની પોતાની કૃતિ રચે ત્યારે એના સંવેદનશીલ મનોવ્યાપારમાં જાણ્યે–અજાણ્યે 'વાલ્મીકિ રામાયણ' ઉપરાંત એ પછીના પ્રાચીન કવિઓની તદ્‌વિષયક કૃતિઓ તેમ જ કેટલીક વાર સમાંતર પ્રસંગોવાળી અન્ય કૃતિઓની પણ અસર થતી હોય છે. એવું સોમેશ્વર-દેવને માટે પણ બન્યું છે, સોમેશ્વરદેવે પૂર્વકાલીન કવિઓની (રામાયણ ઉપરાંત) કેટલીક બીજી અસર ઝીલીને સીધી તથા કાંઈક નવા પરિવર્તન સાથે (ક્રમિકતા વગેરેમાં ફેરફાર કરીને અથવા બીજાં પરિવર્તન કરીને) પોતાની મૌલિક શૈલીમાં રામકથા રજૂ કરી છે. તેવું તેનું આ નાટક જોતાં જણાઈ આવે છે.

તેણે વાલ્મીકિ રામાયણ ઉપરાંત રામચરિત વિષયક અન્ય સંસ્કૃત કૃતિઓની કથા પોતાની નાટ્યકૃતિમાં કેવી રીતે ગૂંથી છે તેના પ્રેરણાસ્રોતની વિશદ ચર્ચા આ લેખિકાએ અન્યત્ર કરેલી છે.[1] રામકથાના કથાનક પાત્રો, પ્રસંગોની ગૂંથણીની કલાત્મકતા અને તેમના પ્રસંગોની રજૂઆતની મૌલિકતની વિવેચના ઉપર આપણે જોઈ.[2] અહીં ખાસ કરીને જે પાત્રો તથા પ્રસંગો મૂળ કથા પ્રમાણે હોય અને એના આલેખનમાં તેણે ઘણે અંશે પોતાની અનોખી શૈલી પ્રયોજી છે, તેનું આપણે કેટલુંક અવલોકન કરીશું; તો જણાશે કે સોમશ્વરદેવે કેટલાક આ વિચારો કે/અને પ્રસંગોનું છાયાનુકરણ તેની નાટ્યકૃતિમાં કર્યું છે.

તેમાં 'પ્રતિબિંબ કલ્પ'નું અતિ પ્રમાણ વરતાતું નથી. એણે એ બાબતોને પોતાની રીતે પોતાના શબ્દોમાં રજૂ કરી છે. આથી એમાં ક્યારેક 'આલેખ્ય–પ્રખ્ય' અને ક્યારેક 'તુલ્યદેહિતુલ્ય' પ્રકારનું છાયાનુકરણ દેખા દે છે. રાજ-શેખર તથા હેમચંદ્રાચાર્ય આ પ્રકારના છાયાનુકરણને અવકારે છે.[3]

વા. રા. પરથી તો સોમેશ્વરે કથાવસ્તુની પસંદગી કરી છે તેથી તેની છાયા કોઈક જગ્યાએ જાણ્યે-અજાણ્યે પણ ઉ. રા.માં આવે એ સહજ છે. તેમાંની થોડીક વાતો અહીં કરીએ. (૧) વા. રા.માં તેમજ ઉ. રા.માં દશરથ રાજાએ દુ:ખાવેશમાં પોતાની ભાર્યા કૈકેયીને સાપણ સાથે સરખાવી છે.[૪] (૨) વા. રા.માં તેમ જ રામચરિતમાનસમાં વિભિષણની રાવણ પ્રત્યેની ઉક્તિનો ભાવ ઉ. રા.માં પણ દેખા છે.[૫] (૩) વિભીષણને આશ્રય આપવા માટેની રામની ઉક્તિ વા. રા.માં તેમ જ ઉ. રા.માં સામ્ય ધરાવે છે.[૬] (૪) અંગ વિનાનો કુંભકર્ણ કુપિત થઈને રામસૈન્ય તરફ ધસે છે તેવો ભાવ વા. રા.માં. આવે છે, જ્યારે ઉ. રા.માં 'વ્યંગત્વ' પામેલો કુંભકર્ણ રામને ગળી જવા માટે મુખ પહોળું કરીને ધસે છે તેવું ચિત્ર નિરૂપાયું છે. તેમાં "વ્યંગત્વ"નો વિશિષ્ટ પ્રયોગ અને રૂ'ની પુનરાવૃત્તિ ધ્યાન ખેંચે છે.[૭] (૫) રાવણ સીતાને કોઈ પણ સંજોગોમાં પાછી નથી સોંપવાનો એવો તેનો મક્કમ નિર્ધાર શુક સમક્ષ જણાવે છે. એ બાબત વા. રા.માં તેમ જ આ નાટકમાં સરખા પ્રસંગે યોજાઈ છે.[૮] આમ વા. રા. પરથી આ નાટકમાં છૂટું-છવાયું સામ્ય અથવા છાયા જણાય છે.

ભાગવતમાં આવતા અંગ-કવચના ઉલ્લેખનું સ્મરણ ઉ. રા.નો બીજો નાન્દી શ્લોક વાંચતી વખતે થાય તેમ છે.[૯] ભર્તૃહરિના "તાનિન્દ્રિયાણિ સકલાનિ સમસ્તદેવ..." શ્લોકનું બરાબર પ્રતિબિંબ ઉ. રા.ના ૧/૨૭માં પડતું જણાય છે[૧૦]

વિભીષણ રાવણ આગળ પોતાને સેવક તરીકે ગણાવે છે, એ રાવણને ગમતું નથી એનું સ્મરણ ઉ, રા. (પૃ. ૯)માં લક્ષ્મણ રામની સમક્ષ પોતાને ભૃત્ય તરીકે રજૂ કરે છે તે રામને ગમતું નથી. આમ એણે ભાવની સમાનતા જુદા સંદર્ભમાં હોવા છતાં સ્પષ્ટ તરી આવે છે. ભાસ કવિએ સૂર્ય અને દિવસ જેવો રામ-લક્ષ્મણનો અવિનાભાવ સંબંધ વર્ણવ્યો છે તેવી જાતની ઉપમા રામ-લક્ષ્મણ માટે સોમેશ્વરે નાટકમાં પ્રયોજી છે.[૧૧]

કાલિદાસે 'અભિજ્ઞાન શાકુન્તલ'માં સીતા-વિદાયનો પ્રસંગ રજૂ કર્યો છે તેને સોમેશ્વરે પોતાની આ નાત્યકૃતિમાં સીતા વિદાયના પ્રસંગની રજૂઆત કરતી વખતે બરાબર ખ્યાલમાં રાખ્યો છે. આ અંગે ડૉ. સાંડેસરાએ થોડી ચર્ચા કરી છે.[૧૨] અ.શાનો ૪/૫ ને ભાવ ઉ. રા. ૧/૧૦માં જોવા મળે છે તે વાત ડૉ. સાંડેસરાની સાચી. પરંતુ અ.શા. ૪/૧૭નો ભાવ ઉ. રા.નો ૧/૨૫માં નહિ, પરંતુ અ. શા.ની કણ્વ ઋષિના ઉક્તિમાંના શ્લોકો ૪/૧૮-૨૨ શુશ્રૂષસ્વ...વગેરેના ભાવનું ઉ. રા.ના જનક-શતનન્દની શ્લોકો (અં. ૧) વાંચતાં ચોક્કસ સ્મરણ થાય તેમ છે. અ. શા.માં શકુન્તલાના દુર્ભાગ્યની આગાહી કણ્વ ઋષિને થાય છે.

બાબતની પ્રેરણા લઈને સોમેશ્વરે આ નાટકમાં રામના રાજ્યાભિષેકના કાર્યમાં આવનારી આપત્તિની આગાહી મહર્ષિ વશિષ્ઠને થાય છે એવી બાબત રજૂ કરી લાગે છે.[૧૩] પુત્રી વિદાયના ઇષ્ટની વિદાયના પ્રસંગથી થતી વ્યથાના ભાવો 'શાકુન્તલ' ઉપરથી પ્રેરણા લઈને ઉ.રા.મા રજૂ થયા લાગે છે, જેમકે અ.શાં. ૪/૬ અને ઉ. રા. ૧/૧૦; અ.શા. ૪/૧૭–૧૮ અને ઉ. રા. ૧/૨૧,૨૫–૨૬માં ભાવ-સામ્ય જણાય છે. અં. શા. ૪/૬ના ઉત્તરાર્ધમાં આવતું 'વૈક્લવ્ય' પદ સરખા જ સંદર્ભમાં ઉ. રા.માં યોજાયો છે તેવું જણાયા વિના ન રહે! આ પ્રસંગ માટે કાલિદાસે આપેલી કણ્વની ઉક્તિમાંના ઘણા–ખરા શ્લોકોનું ઉ. રા.માં સ્મરણ થાય છે. સોમેશ્વરે અહીં કાલિદાસની કલ્પનાનું 'આલેખ્ય પ્રખ્ય' પ્રકારનું છાયાનુકરણ કર્યું ગણાય, જે કાવ્યશાસ્ત્રીઓના મતે પ્રશસ્ત ગણાય છે.[૧૪] ભાસ કવિએ 'સ્વપ્નવાસવદત્તમ્'માં, કાલિદાસે અ. શા.માં ભ્રમરબાધાનો પ્રસંગ પ્રયોજ્યો છે તે પણાથી પ્રેરણા લઈને સોમેશ્વરે પોતાની આ નાટ્યકૃતિમાં એવો પ્રસંગ રામ–સીતાના લીલોદ્યાનમાં વિહારમાં યોજ્યો છે. તેમાં બંને કવિઓની વિશેષ બાબત પસંદ કરીને સોમેશ્વરે કથાનકમાંના એ પ્રસંગને યોગ્ય રીતે રજૂ કરી છે. તેમાં કવિની મૌલિક સૂઝ જણાઈ આવે છે. આ છાયાનુકરણ 'તુલ્યદેહિતુલ્ય' ગણાય, તેવું અનુકરણ સાહિત્યમાં આવકાર્ય ગણાય.[૧૫] કાલિદાસે "શૈશવેઽભ્યસ્ત વિદ્યાયામ્..." જીવનના ચાર આશ્રમોની વાત કરી છે. તે રીતે સોમેશ્વરે પણ ધર્મશાસ્ત્રના રિવાજ મુજબ પુત્રને રાજ્યભાર સોંપીને પિતાને વાનપ્રસ્થ જીવન વ્યતીત કરવાનો જાનૂકણ્ર્ય દશરથ રાજાને ઉપદેશ આપે છે તેમાં રજૂ કરી છે. બંને કૃતિઓમાં આ સરખી બાબતનું આ રીતે સ્મરણ થાય છે.[૧૬]

રામ સીતાને વનમાં શોધવા માટે લક્ષ્મણ સાથે વ્યથિત હૃદયે આક્રંદ કરતાં સર્વત્ર ફરે છે તે ચિત્ર સોમેશ્વરે વા. રા.માંથી લીધુ છે તે સ્પષ્ટ છે, પરંતુ તેને વધુ ઓપ આપીને રજૂ કરવા માટે કાલિદાસના 'મેઘદૂત'ના યક્ષને તથા 'વિક્રમોર્વશીય'ના પુરુરવાને આ કવિએ નજર સમક્ષ રાખ્યા હોય તો નવાઈ નહિ.[૧૭]

'શાકુન્તલ'માં શકુંતલાએ ઉછેરેલા વૃક્ષો, વેલીઓ તથા પુત્રવત્ ઉછેરેલા મૃગનું વર્ણન આવે છે. ઉ. રા. સીતાને શોધવા માટે રામ પર્ણકુટિ પાસે જાય છે ત્યારે રામ ઝૂપડીના આંગણે ઉછેરેલો બકુલનો છોડ અને પુત્રવત્ ઉછેરેલા મૃગ ઇત્યાદિને જોઈને પોતાની શૂન્યરૂપ બનેલી ચિત્તવૃત્તિ અનુસાર કરુણતાપૂર્વક વર્ણન કરે છે. તે વાંચતી 'શાકુંતલ'નું ઉપરોક્ત વર્ણન યાદ આવે તેમ છે.[૧૮] કાલિદાસે પાર્વતીના મનોભાવો "ન યયૌ ન તસ્થૌ"માં રજૂ કર્યા

છે તે પરથી સોમેશ્વરે પોતાની રીતે ઉ. રા.માં સીતાને શોધવા જવા માટે લક્ષ્મણને વનમાં જવું છે(યાતું) અને બીજી બાજુ સીતા વિરહથી ઝૂરતા મોટાભાઈ રામની પાસે રોકાવા (સ્થાતું) લક્ષ્મણ ઇચ્છે છે (૫/૪૪) તેવી રજૂઆત કરી છે તે પ્રશસ્ય છે. પાર્વતીને માટે કાલિદાસે યોજેલું "શિરીષપુષ્પાધિક સૌકુમાર્યા" પદ સીતાને માટે સોમેશ્વરે યોજેલા "શિરીષ કુસુમસુકુમારે"માં સ્મરણ થાય છે.[૧૯] કાલિદાસે અરુન્ધતીને સાક્ષાત્ તપની સિદ્ધિ જેવાં કહ્યાં છે તે જ રીતે સોમેશ્વરે પણ અરુન્ધતી માટે એવા જ શબ્દો પોતાની રીતે રજૂ કર્યા છે.[૨૦] અપહૃત થતાં સીતા દુ:ખાર્દ્ર થઈને કરુણ આક્રંદ કરવા લાગ્યાં ત્યારે વનનાં બધાં મિત્રો પણ દુ:ખી થયાં એવા વા. રા.ના વર્ણન પરથી કાલિદાસે તથા સોમેશ્વરદેવે પ્રેરણા લીધી હોય એ સ્વાભાવિક છે.[૨૧]

ક્ષેમેન્દ્રના રા.મં.માં રામ કૈકેયી પાસેથી બે વરદાનો વિશેની વાત જાણીને મનમાં એક જાતનો વસવસો અનુભવે છે કે રાજા-પિતાએ પોતે મને આ વાત કેમ ન કરી ?–

**एकैव महती चिन्ता ममेयं ज्वलते हृदि ।**
**यन्मां कृतागतमिव स्वयं नाभाषते नृपः ॥ (पृ. ६७)**

ઉ. રા.ના અં. ૩માં રામને એવો વસવસો માતા તરફથી થયેલો બતાવ્યો છે કે "માતાએ રૂબરૂમાં મને આવું કહ્યું હોત તો..." (પૃ ૪૮)

ઉ.રા. ચ.ના અં. ૨, શ્લો. ૨ની અસર નીચે ઉ.રા. અં ૫, શ્લો. ૪૬ રચાયેલ લાગે છે; ઉ.રા. ચ. અં. ૩, શ્લો ૩૧, પૃ. ૭૮ નો "दलति हृदयं गाढोद्वेगं द्विधा न तु विद्यते" એ ભાવ ઉ.રા. અં.૫, શ્લો. ૫૧ માં દેખા દે છે.

મુરારિકૃત "અનર્ઘરાઘવ"ના શીર્ષક પરથી સોમેશ્વર પોતાની નાટ્યકૃતિનું શીર્ષક "રાઘવ" શબ્દાંત અને અનુપ્રાસયુક્ત યોજવા માટે પ્રેરાયો હશે. મુરારિ કવિએ અન.રા.ના અં. ૨ માં મધ્યાહ્નના તાપનું વર્ણન કર્યું છે, તેવું ઉ.રા. ૨/૩૭ માં આવે છે. અન. રા.માં રામવનવાસ પછીના બનાવોનું નિરૂપણ જાંબવાન્‌ને શ્રવણા કરે છે. એ જ રીતે રામવનવાસ પછીના બની ગયેલો વૃત્તાંત બે ગંધર્વોના સંવાદમાં રજૂ થયો છે, (અ. ૪). અન.રા. (પૃ. ૨૬૭)માંની, સીતાની ઉક્તિ ઉ.રા.(પૃ. ૧૪૦)માંની સીતાની ઉક્તિ વાંચતાં યાદ આવે તેમ છે.

અન રા–પાદાંગુષ્ઠનખાગ્રદત્તનયના..." બા.રા., અં.૧૦,શ્લો. ૧૧ એવું જ ટૂંકમાં સોમેશ્વરે છાયાનાટકની સૂચનારૂપે વૃકમુખની ઉક્તિમાં બતાવી દીધું છે (પૃ. ૧૩૨); અન.રા. નો ૧૦,૭ શ્લો. ઉ.રા.નો ૭/૨૮મો શ્લોક વાંચતી વખતે યાદ આવે તેવો છે ઈત્યાદિ.

રાજશેખરકૃત બા.રા. (અં.૬, શ્લો ૧૮ પૂર્વાર્ધમાં) **तातादेशात् कियदि-दमहो...०||** એ વામદેવના મુખે મૂકેલી ઉક્તિનો ભાવ ઉ. રા. અં. ૩ શ્લો. ૨૦ના ઉત્તરાર્ધમાં રામે વ્યક્ત કરેલા ભાવને મળતો આવે છે.

બા.રા.માં રામના પરાક્રમને ઊતારી પાડતી ઉક્તિ (૭/૮૮, પૃ. ૨૧૨) પરથી સોમેશ્વર ઉ. રા. ૬/૧૩, (પૃ. ૧૦૫)માં રામને ઊતારી પાડતી ઉક્તિ યોજવા પ્રેરાયો હશે? બા. રા. ૭/૨૦ જેવો ભાવ ઉ. રા. (પૃ. ૫૧, ૫૭) તેમ જ રા.શ.માં જોવા મળે છે.

આમ આપણે જોયું કે સોમેશ્વરની આ કૃતિ પર વા.રા. ઉપરાંત ભાસ, કાલિદાસ, ભવભૂતિ મુરારિ, જયદેવ વગેરેનો પણ પ્રભાવ પડેલો છે. તેમાં ય રસાન્વિત, સરળ અને સરસ, વૈદર્ભી શૈલીમાં બીજા જ વિષયને લગતાં નાટકોના રચયિના કાલિદાસથી સોમેશ્વર વિશેષ પ્રભાવિત થયો લાગે છે તે તેની રજૂઆતની શૈલી પરથી જણાય છે. તેથી જ તો તેણે અનોખી ઢબે કાલિદાસને અંજલિ આપી છે.[૨૩]

સોમેશ્વરની શૈલીની કેટલીક લાક્ષણિકતાઓ-જેમકે ભાવશબલતા (અર્થાત્ વિવિધ ભાવોની એક સાથે રજૂઆત), ભાષાની પ્રાસાદિકતા, પાત્રને અને પ્રસંગને અનુરૂપ વિશેષણો અને સંબોધનોનો પ્રયોગ તથા તેમાં વિવિધતા, સૂક્તિઓ અને સામાન્ય ફલિતો, ખંડાત્મક શ્લોકો અથવા સમસ્યારૂપે પાત્રોનો સંવાદ, વ્યંગોક્તિઓ ઈત્યાદિનું વિવેચન અન્યત્ર આવી ગયું હોવાથી અને આ નાટકમાંથી કેટલીક ઊણપોનું વિવેચન આ લેખિકાએ ઉપર યથાયોગ્ય જગ્યાએ કર્યું હોવાથી અહીં તેનું વિશેષ વિવેચન આવશ્યક નથી. તેમ છતાં પહેલાના કોઈ કવિની અસર ઝીલીને પોતાની રીતે આ કવિ કોઈ પ્રસંગ કે નિરૂપણ કરવા જતાં કોઈક વાર તેને ધારી સરળતા અને સફળતા પ્રાપ્ત થતી નથી, પણ તેમાં કૃત્રિમતાનો વધારો થાય તે સ્વાભાવિક છે. જેમકે ભવભૂતિએ આપેલા 'અપિ ગ્રાવા રોદિત્યપિ (ઉ. રા.ચ. ૧/૨૮)નું અનુસરણ ઉ.રા. ૪-૪૪માં કરવા ગયો છે. અહીં અયોધ્યા જનોના કલ્પાંતનું અસરકારક વર્ણન કરવા માટે જ સોમેશ્વરને આવા કાલ્પનિક ભાવા-રોપણનો આશ્રય લેવો પડ્યો છે. તેમાં રામવિદાયથી અયોધ્યાના માર્ગો લોક-શોકાશ્રુથી કાદવવાળા થઈ ગયા એવો ભાવ રજૂ થયો છે(૩-૩૯).

આ નાટકમાંથી સામાજિક અને સાંસ્કૃતિક બાબતોનું વિવેચન ઉપર યોગ્ય પ્રસંગે સૂચવાઈ ગયું છે અને અન્યત્ર વિસ્તૃત રીતે આ લેખિકાએ રજૂ કર્યું છે.[૨૪]

## પાદટીપ

૧. સો. કૃ. પૃ. ૨૦–૫૧
૨. ઉપર પ્રકરણ ૭.
૩. રાજશેખર, 'કાવ્યમીમાંસા', અધ્યાય ૧૪; હેમચંદ્રાચાર્ય, કા.અ, અ.૧, સૂ. ૧૦, પૃ. ૧૮; રા.બ આથવલે, કા.અ. ગુજરાતી ટિપ્પણ, પૃ. ૨૨–૨૩
૪. વા.રા., અ.કાં. ૪૩–૧–૨; ઉ.રા., ૩/૧૨
૫. વા.રા., યુ.કાં, ૧૮–૨૭–૩૪ **धिक् करोषि तथाऽपि त्वां ज्येष्ठो भ्राता पितुः सम ।** વા.રા., યુ.કાં., સર્ગ ૧૬ અને ૧૯. **तुम पितु सरिस भले हि मोहि मारा । रामु भजे हित नाथ तुम्हारा ॥** તુલસીકૃત રામાયણ, સુંદરકાંડ, પૃ. ૭૨૨. અહીં તુલસીદાસે એ જ સંદર્ભમાં એવો જ ભાવ નિરૂપ્યો છે; ઉ.રા., અં. ૬નો વિષ્કંભક, શ્લો. ૬ અને ૯
૬. વા.રા., યુ.કાં., ૧૮–૨૪,૨૭–૩૪; ઉ.રા. ૬/૯
૭. વા.રા., યુ.કાં. સર્ગ ૬૭/૧૨૬–૧૨૭; ઉ.રા. ૭/૩
૮. **यदिमां प्रति युद्धेरन्देवगन्धर्वदानवः । नैव सीतां प्रदास्यामि स्वर्गलोगभयादपि ॥** વા.રા., યુ.કાં., સર્ગ ૨૫–૨૬; ઉ.રા., ૬–૩૯, પૃ.૧૧૩
૯. ભાગવત, ૧૦–૬/૧૯–૨૫
૧૦. ભો. જ. સાંડેસરા, મ.વ.સા.મં., પૃ.૧૬૧; ઉ.રા., ઇન્ટ્રોડકશન, પૃ. ૧૪
૧૧. પ્ર.ના., ૨/૭ **सूर्य इव गतो रामः दिवस इव लक्ष्मणोऽनुगतः ।** (**सूर्य**=રામ અને **दिवस**=લક્ષ્મણ.); ઉ.રા. ૩/૨૫
૧૨. ડૉ. સાંડેસરા, ઉપર્યુક્ત
૧૩. અ. શા., ૧/૧૩ વૈખાનસની ઉક્તિ અને તે પછી ૪/૬; ઉ.રા., પૃ. ૨૦ અને ૩૫.
૧૪. હેમચંદ્રાચાર્ય, કા.અ., ગુજરાતી ટિપ્પણ, પૃ. ૨૫ના આધારે.
૧૫. કા.અ., ગુજરાતી ટિપ્પણ, પૃ, ૨૬ના આધારે.
૧૬. 'રઘુવંશ', સર્ગ ૧, શ્લો. ૮
૧૭. વા.રા. અર.કાં. પૃ. ૨૧૦–૨૨૨ (ગોરખપુર પ્રેસ 'કલ્યાણ'ની હિન્દી આવૃત્તિ)
૧૮. અ.શા., અં. ૪ અને ઉ.રા. અં.૫
૧૯. કુ.સં., ૧–૪૧; ઉ.રા, પૃ. ૯૪

૨૦. કુ.સં., ૬/૧૧; ઉ.રા., પૃ. ૬૩

૨૧. વા.રા., અ.કાં, સર્ગ પૃ. ૨૧૦–૨૨૨ (ગોરખપુર 'કલ્યાણ'ની આવૃત્તિ) 'રઘુવંશ', સર્ગ ૪ "નૃત્ય મધુરા–"; ઉ.રા., અં. ૫

૨૧. સોમેશ્વરના ઉત્તરસમકાલીન કવિ બાલચંદ્રસૂરિએ વ.વિ-ના પ્રત્યેક સર્ગને અંગે વસ્તુપાલનો પ્રશસ્તિનો શ્લોક મૂકયો છે, પરંતુ એ કૃતિ વસ્તુપાલને લગતી જ છે

૨૩. સુ.ઉ., ૧/૩૫; કી.કૌ. ૧/૧૨ અને ૨૬.

૨૪. સો. કૃ., પ્રકરણ ૩ અને ૯.

## ઉપસંહાર

નાટકની પ્રસ્તાવનામાં જણાવ્યા મુજબ સોમેશ્વરદેવે આ નાટક રચવાનો મુખ્ય ઉદ્દેશ વિષ્ણુ ભગવાનના અવતારરૂપ રામચંદ્ર તરફનો પરમ ભક્તિભાવ વ્યકત કરી કૃતાર્થ થવાનો છે. કવિએ પોતાનું કથાનક મુખ્યત્વે વા.રા.માંથી લીધું છે, છતાં રામાયણના પ્રાસ્તાવિક અંશની સરખામણીએ જોતાં ઉ.રા.ની પ્રસ્તાવનામાં રજૂ થયેલો ભક્તિભાવ વિશિષ્ટ રીતે અને વિપુલ પ્રમાણમાં અનોખો તરી આવે છે. આવો અને આટલો ભક્તિભાવ પૂર્વકાલીન રામવિષયક નાટકોની પ્રસ્તાવનામાં પ્રસ્તુત થયો નથી

વળી સોમેશ્વર પ્રસ્તાવનામાં પોતાની કૃતિને બ્રાહ્મણવિદ્વાનોના સમાજની સમક્ષ રજૂ થનારી બ્રાહ્મણ કવિની નાટયકૃતિ તરીકે ઓળખાવે છે. એમાં એનું વર્ણાભિમાન દેખા દે છે. સૌવસ્તિક તરીકેની વૃત્તિને લીધે એણે કદાચ "ભૂદેવપ્રવર કવિ" તરીકે ગૌરવ લીધું છે. બીજું એ કે સોમેશ્વરે પોતાના જમાનામાં પ્રચલિત થવા લાગેલા 'છાયાનાટ્ય' તથા 'છાયાનાટક'નો નમૂનો ઉ.રા.માં સમાવિષ્ટ કરી હોવાથી એની આ નાટયકૃતિ એ કાલના નાટકોમાં અનોખી ભાત પાડે છે. આ બંને, પ્રયોગોનું વિસ્તૃત વિવેચન આ લેખિકાએ અન્યત્ર રજૂ કર્યું હોવાથી તેનું પુનરાવર્તન અત્રે આવશ્યક નથી.

ભવભૂતિએ 'મહાવીરચરિત'માં પરશુરામ સંઘર્ષ વિશેનો પ્રસંગ ત્રણ અંકોમાં વિસ્તાર્યો છે, જ્યારે સોમેશ્વર એ પ્રસંગને સંક્ષેપમાં અને પરોક્ષ રીતે પતાવી દે છે. ભગવાને વિષ્ણુના અવતાર ગણાતા એ બે મહાનુભાવો વચ્ચેનો સંઘર્ષ જાણે પ્રત્યક્ષ થતો હોય તેમ વિશિષ્ટ રીતે રજૂ કર્યો છે. અગાઉ જણાવ્યા મુજબ યુદ્ધવીર કરતાં ધર્મવીર રસ અહીં ઉદ્દિષ્ટ હોઈ સોમેશ્વરે એ સંઘર્ષનું પ્રત્યક્ષ અને વિસ્તૃત નિરૂપણ આવશ્યક ગણ્યું ન હોય. આમ, તેની કલમમાં સંયમ, વિવેક અને નાટયૌચિત્ય જળવાયું છે.

સમગ્ર દૃષ્ટિએ જોતાં ઉ.રા.માં સોમેશ્વરના જમાનાના કાવ્યસ્વરૂપોનાં લક્ષણોનું પ્રાધાન્ય રહેલું છે. તે છતાં એની અંદર વસ્તુ, પાત્ર અને રસ વચ્ચેનું પ્રમાણ જાળવવામાં કવિએ ઘણે અંશે કાળજી રાખી છે. એ જમાનાની કાવ્યકૃતિઓમાં (જેમાં રૂપકોનો પણ સમાવેશ થાય) રસ નિષ્પત્તિ તથા ભાવાભિવ્યક્તિ તેમ જ પદસુબોધતાની સરખામણીએ શબ્દચમકૃતિ તથા પદલાલિત્યને અધિક મહત્ત્વ આપવામાં આવતું હતું. એમાં અનુપ્રાસ તથા યમકો જેવા શબ્દાલંકારો તેમ જ દીર્ઘ સમાસોનું પ્રાચુર્ય પ્રવર્તતું. એ જમાનામાં રૂઢ નાટકોનો આ પ્રઘાત જોતાં સોમેશ્વરની આ નાટયકૃતિમાં એ કૃત્રિમતા અને પ્રચુર આલંકારિકતા, શબ્દરમતો વગેરે લક્ષણોના પ્રમાણમાં ઠીક ઠીક સંયમ નજરે પડે છે, આથી એમાં ઘણી જગ્યાએ માઘ, મુરારિ અને રાજશેખર જેવા કવિઓની શૈલીને અનુસરતો હોવા છતા એ કેટલીય વાર ભાસ તથા કાલિદાસ જેવા કવિની પ્રાસાદિકતા પણ સફળતાપૂર્વક દર્શાવી શકે છે.

કથાવસ્તુના પ્રસંગોની પસંદગીમાં પણ નાટયકલાને દીપાવે તેવા અને નાટયાત્મક પરિસ્થિતિ જમાવે તેવા પ્રસંગો યોજવા તેમ જ કથાવસ્તુના પ્રસંગોની ગૂંથણીમાં એ જમાનાના પુરોગામી કવિઓની સરખામણીએ આ કવિએ એકંદરે વધુ કુશળતા દાખવી છે. પ્રાકૃતિક તત્ત્વો અને માનવભાવોના નિરૂપણમાં અને ખાસ કરીને ભક્તિભાવ રજૂ કરવામાં તેની કલમ વિશેષે ખીલી ઊઠે છે. તેમ છતાં પોતાના વિદ્વત્સભા અને સાહિત્યજગતની માગને સંતોષવા માટે તે સમયના સાહિત્યિક ધોરણને તે અનુસર્યો છે.

આમ ભક્તિભાવ અને વર્ણાભિમાનના ગૌરવ સાથે સોમેશ્વરે નાટકકાર તરીકે પોતાના સમયમાં ગણનાપાત્ર અગ્રિમ સ્થાન પ્રાપ્ત કર્યું છે અને સંસ્કૃત નાટયકૃતિઓમાં અગત્યનું નોંધપાત્ર પ્રદાન કર્યું છે તે નિર્વિવાદ હકીકત છે.

આ રીતે લેખિકાની સોમેશ્વરને વસ્તુપાલ મંત્રીએ અંજલિ આપી છે તેના ભાવમાં જ કવિની યોગ્યતાનો અને તેની શ્રેષ્ઠ વિદ્વત્તાનો પરિચય થાય છે. જેના મુખકમળમાં વેદની ઋચાઓ નિવાસ કરે છે તે, સ્મૃતિઓ જ્ઞાતા છે, જેના ભવનમાં ત્રેતાનલ નિવાસ કરે છે, જેની વાણી સૂક્તામૃત સર્જે છે, ગુર્જર રાજાઓ જેના ચરણકમલને પૂજીને સમૃદ્ધિ મેળવે છે, તેવા સોમેશ્વરદેવની ગુણોને સ્તુતિ જગતમાં કોણ કરવા સમર્થ છે ? (ઉ. રા. પ્રસ્તાવના, શ્લો. ૮.)

भिः कुलकम्। मंत्री
त्तिहस्तिमदक्लेद
ण प्राकारेण च कास्ति
वल्लिः यत्रोन्नतस्य
या भाति न्नातचंद्रुनभ
दा मुखरं पुरं ॥८३॥ धं